Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્ય પાઠાવલી

6 ગ
93 ગ

ત્રીજી

પ્રાથમિક શ્રેણી સાતમી

સંપાદક
દેસાઇ અને બક્ષી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Karnatak Publishing House, Bombay.

-B.Puntholey-

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ..... ६६ ग / १३ ग

पंजिका संख्या २०१५६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वक प्रमाणीकरण १९८४-१९८५

LIBRARY,
GURUKULA KANGRI.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

LIBRARY,
GURUKULA KANGRI.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



[ચિત્રકાર] થાપણ [શ્રી સોમાલાલ શાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્ય પાઠાવલી

પુસ્તક ત્રીજું

: સંપાદક :

ઝીણાભાઈ રતનજી દેસાઈ,

પ્રિન્સીપાલ, શ્રી. શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર, અમદાવાદ

અર્ઘ્ય, ગાતા આસોપાલવ, તૂટેલા તાર, સ્વર્ગ અને પૃથ્વી આદિ પુસ્તકોના કર્તા

અને

છગનલાલ લાભશંકર બક્ષી, બી. એ., એલ. ટી.

સુપરીન્ટેન્ડન્ટ,

મ્યુનિસિપલ ગૂજરાતી બૉયઝ સ્કૂલ્સ, મુંબઈ

CHECKED 1973
Initial
LIBRARY
GURUKULA KANGRI

કર્નાટક પબ્લિશિંગ હાઉસ,

મુંબઈ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિંમત નવ આના

First Printed: 1937
Reprinted : 1940

Printed by M. N. KULKARNI at the KARNATAK PRINTING PRESS, Chira Bazar, Bombay, and published by him at the KARNATAK PUBLISHING HOUSE, Chira Bazar, Bombay 2.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

—*—

'સાહિત્યપાઠાવલી'ના પ્રથમ ભાગની યોજના કરતી વખતે જે યોજના અમે દૃષ્ટિ સમીપ રાખી હતી તે જ યોજના અનુસાર એ ત્રણે ભાગનું સંપાદન-કાર્ય અમે પાર પાડી શકયા છીએ અને એ સાથે 'પાઠાવલી'ને અંગેનું અમારું કાર્ય પૂરું થાય છે એ નોંધતાં અમને આનંદ થાય છે. વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ ખિલવવી, સ્વભાષા પ્રતિ તેમનામાં આદર અને પ્રેમ ઉત્પન્ન કરવા, અને આપણા સાહિત્યનાં સુન્દર તત્ત્વોથી તેમને પરિચિત કરવા એ આ 'પાઠાવલી'નો હેતુ છે. એ હેતુ કેટલે અંશે પાર પડ્યો છે તે તો એનો ઉપયોગ કરનાર જ કહી શકે.

આ 'પાઠાવલી'માં વિદ્યમાન અને પ્રમાણમાં યુવાન લેખકોનું પ્રતિનિધિત્વ વધુ પ્રમાણમાં દેખાશે. એ એક અકસ્માત નથી. 'પરિચિતમાંથી અપરિચિતમાં' એ શિક્ષણનું એક સર્વમાન્ય મહાન સૂત્ર છે. વિશાળ જગતમાં પ્રવેશ કરતું બાળક ક્ષિતિજની પારની દુનિયાને ઝટ નથી જોઈ શકતું. તેને તો પોતાની ક્ષિતિજમર્યાદાની અંદરની દુનિયા એવી અદ્‌ભુત લાગે છે, તેનું એક પ્રકારનું વૈવિધ્ય એવું સુન્દર લાગે છે કે તેની કુતૂહલવૃત્તિને તેમાંથી ખસેડી દૂર લઈ જવી એ એ બાળકની ખીલતી જિજ્ઞાસાવૃત્તિને જટિલ માર્ગે દોરી, કુંઠિત કરવા બરોબર છે. એથી બાળકનો વર્તમાન જોડે જીવન્ત સંબંધ બાંધી તેને ભૂત પ્રતિ લઈ જવાની અમે દૃષ્ટિ રાખી છે. વળી ખીલતું બાળક કુમળા છોડ જેવું છે: તેને પોતાનાં જ હવાપાણી અનુકૂળ આવે: પોતે જે યુગમાં રહે છે તે યુગના આદર્શ, ભાવના, ભાષાપ્રયોગો અને જીવનશાસ્ત્રની પરિભાષા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ એ બાળકની વિકસતી બુદ્ધિને માટે જીવનપોષક બળો છે; અને એ તેને વધુમાં વધુ પ્રમાણમાં વિદ્યમાન લેખકોનાં લખાણમાંથી જ મોટે ભાગે મળી રહે; માત્ર ભાષા જ નહિ પણ પ્રત્યેક વિષય શિખવતાં જો આ દૃષ્ટિ રાખવામાં આવે તો અમે માનીએ છીએ કે વિદ્યાર્થીઓ તે વિષયમાં વધુ ઉલ્લાસ અને આનંદપૂર્વક રસ લેતા થશે.

શિક્ષકની દૃષ્ટિએ આ 'પાઠાવલી'ના ઉપયોગ સંબંધી અમે પહેલા બે ભાગના નિવેદનમાં વિગતે ચર્ચા કરી છે. પુનરાવર્તન થાય તો પણ એક સિદ્ધાન્ત અમે ફરીથી અહીં રજૂ કરીએ છીએ. બાળકની ગ્રહણશક્તિ અથવા તો જેને આપણે સૂક્ષ્મ સાહિત્યદૃષ્ટિ કહીએ છીએ તે માટે આપણા મનમાં ઘણી શંકાઓ રહેતી હોય છે. આપણે માનીએ છીએ કે તેમનાથી અમુક વસ્તુ તો નહિ જ સમજાય. ખાસ કરીને કવિતાની બાબતમાં તો આપણે આવું વધુ મક્કમતાથી માનતા હોઈએ છીએ. પણ એ બરોબર નથી એવું કોઈ પણ કુશળ અને અનુભવી શિક્ષણશાસ્ત્રી કહેશે. સુન્દરતાની કદર કરવા માટે ખાસ તાલીમની જરૂર રહેતી નથી. ઇન્દ્રધનુના રંગોની કવિતા કોઈ બહુશ્રુત પંડિત કરતાં કોઈ એક અલ્પજ્ઞ બાળક ઓછા રસથી માણતું હોય છે એવું માનવાને કંઈ પણ કારણ નથી. આ ઉદાહરણ કવિતાની બાબતમાં અક્ષરશઃ લાગુ પાડવાનો અત્રે હેતુ નથી. અમે માત્ર એક જ વસ્તુ ઉપર ભાર મૂકવા ઉચ્છીએ છીએ કે કવિતા કોઈ વિજ્ઞાનશાસ્ત્રીની પ્રયોગશાળામાં પૃથક્કરણ અર્થે મુકાએલી વસ્તુ નથી. બાળક ભલે એનાં જુદાં જુદાં અંગોને, એની સુન્દરતાના વિશિષ્ટ પ્રકારને ન સમજે; તેના મનને જો તે આનંદ આપી શકશે તો બાળક આગળ તેને રજૂ કર્યાનું સાર્થક્ય લેખાશે. એથી બાળકો સમક્ષ કવિતા રજૂ કરનારના ઉપર ઘણી મોટી જવાબદારી રહે છે. કવિતા શિખવનાર શિક્ષકમાં જો સાચો કાવ્યપ્રેમ ન હોય તો તેની બીજી યોગ્યતા ભલે અનેક અને મહાન હો છતાં તેણે એ જવાબદારી સ્વીકારવી જોઈએ નહિ. વળી સામાન્ય રીતે સાહિત્ય અને મુખ્યત્વે કરીને કાવ્ય બાળકના ચારિત્ર્યઘડતરનું સબળ વાહન છે. આપણા હૃદયના સૂક્ષ્મતમ સાત્ત્વિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારોને જાગ્રત કરવાની, અને આપણી ભિન્ન ભિન્ન વૃત્તિઓમાં સાચો સંવાદ પ્રગટાવવાની એની શક્તિ અમર્યાદિત છે. એથી ભાષા શિખવનાર શિક્ષકને નામે ભલે પોતાના સ્વતંત્ર સર્જનની કોઈ નામાવલી ઊભી ન હોય પણ તેનામાં સાચા સર્જકની ઊર્મિ તો અવશ્ય હોવી જ જોઇએ. આપણી શાળાઓમાં, સામાન્ય રીતે, અત્યાર સુધી તો એથી ઊલટો જ વ્યવહાર થતો આવ્યો હતો. જે શિક્ષક બીજા કંઇને યોગ્ય ન માલમ પડે તેને આપણી ભાષાનો વિષય શિખવવા માટે સોંપાતો! જે વિષયને જીવન જોડે આટલો મહાન અને જીવન્ત સંબંધ છે, જે વિષય બાળકની સૌંદર્યદૃષ્ટિ, સુરુચિ અને ચારિત્ર્યના વિકાસ માટે સૌથી સબળ વાહન છે તે વિષય પ્રત્યેની આપણી અત્યાર સુધીની અક્ષમ્ય બેદરકારીનો કાંઈ જ બચાવ ન હોઈ શકે.

એટલે આ 'પાઠાવલી' જેવી વાચનમાળાઓ અત્યારે યોજી શકાતી હોય તો તે આપણી શાળાપાઠશાળાઓમાં સ્વભાષાને તેનું યોગ્ય સ્થાન આપવાની જે નવી ભાવના જાગી છે તેને આભારી છે. એથી અમે માનીએ છીએ કે શક્તિશાળી શિક્ષકોના હાથમાં જ આ પુસ્તક શિખવવા માટે મુકાશે. તેવા શિક્ષકો બાળકોની ગ્રહણશક્તિ વિશે શંકા નહિ જ કરે; એટલું જ નહિ પણ બાળકોને બને તેટલાં વહેલા વસ્તુના મૂળ સ્વરૂપ તરફ લઈ જવા તે પ્રયત્ન કરશે. બાળકોને સરસ્વતી દેવીના મંદિરમાં લઈ જવાં હોય તો તેને એ મંદિરમાં જવાના રસ્તાની ગલીકૂંચીઓમાં રોકવાનો કંઈ અર્થ નથી. તેમને સીધાં તે મંદિર પ્રતિ જ લઈ જવાં જોઇએ. 'પાઠાવલી'ના પ્રત્યેક પાઠની યોજનામાં અમે આ દૃષ્ટિ રાખી છે. જે ઉમ્મરનાં બાળકો માટે એ યોજાઈ છે તે ઉમ્મરે બાળકોની બુદ્ધિ ખિલવાની શરૂઆત થઈ હોય છે. તે વખતે જે સંસ્કારો પડે છે તે ચિરસ્થાયી નીવડે છે. એ ઉમ્મર બાળકના જીવનની ઇમારતનો પાયો છે, અને એ વખત જે મૂળભૂત સિદ્ધાન્તો બાળકો ગ્રહણ કરે છે તે ઉપર જ મુખ્યત્વે કરીને તેના ભાવિ જ્ઞાનનો પાયો રહેલો હોય છે. 'પાઠાવલી'ની પ્રત્યેક વિગત પાછળ આ દૃષ્ટિ રહેલી છે તે જો એને શિખવતાં ધ્યાનમાં રહેશે તો પહેલી નજરે એમાં જે ભાગ કઠિન જેવા લાગે છે તે તેવા નહિ લાગે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્તમાં આ 'પાઠાવલી'ની યોજનામાં અમને જેમનો પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર મળ્યો છે તે સહુનો આભાર માની, આ 'પાઠાવલી' ગૂજરાતી ભાષા અને સાહિત્ય પ્રતિ ઊગતી પ્રજામાં પ્રેમ, મમતા અને આદર ઉત્પન્ન કરવા શક્તિમાન થાય એવી પ્રાર્થના સહ વિરમીએ છીએ.

વિલેપારલે,
તા. ૧૧ : ૬ : ૩૭

ઝી. ર. દેસાઈ
છ. લા. બક્ષી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્યપાઠાવલી

અનુક્રમ

			પૃષ્ઠ
૧	એક જ દે ચિનગારી (કવિતા) .	હરિહર ભટ્ટ . .	૧
૨	જંગલનો સાદ . . .	'ધૂમકેતુ' . .	૩
૩	હરિનો મારગ (કવિતા) . .	પ્રીતમ . .	૧૧
૪	ગ્રામસેવક મધ . . .	"બુદ્ધલીલાસારસંગ્રહ"	૧૩
૫	દુખિયારી બહેન (કવિતા) .	લોકગીત . .	૨૨
૬	ઇશુનું બલિદાન . . .	સ્વામી આનંદ . .	૨૬
૭	સાબરનો ગોઠિયો (કવિતા) .	ઉમાશંકર જોષી .	૩૭
૮	યુંગ ક્રાઉ	શાન્તાબહેન ત્રિવેદી .	૪૧
૯	યુંગ ક્રાઉ	,, ,, .	૪૫
૧૦	રૂડકી (કવિતા) . . .	'સુન્દરમ્' . .	૫૩
૧૧	ભીમ અને હનુમાન . .	"પાંચાલીપ્રસન્નાખ્યાન"	૫૭
૧૨	બાલમજૂર (કવિતા) . .	સ્નેહરશ્મિ . .	૬૭
૧૩	રંગોળી	રવિશંકર રાવળ .	૭૧
૧૪	રણભૂમિ પર કુંભકર્ણ (કવિતા) .	પ્રેમાનંદ . .	૭૭
૧૫	સનાતન ઘડિયાળ . . .	કાકાસાહેબ કાલેલકર .	૮૨
૧૬	ઝારાનું મયદાને જંગ (કવિતા) .	દુલેરાય લાખાભાઈ કરાણી	૮૭
૧૭	આચાર્ય પ્રફુલ્લચંદ્ર રોય . .	યશવંત નાયક . .	૯૧
૧૮	શ્રેષ્ઠ દાન (કવિતા) . .	પ્રહ્લાદ પારેખ . .	૯૭
૧૯	નવ કરશો કોઈ શોક (કવિતા) .	નર્મદાશંકર . .	૧૦૦
૨૦	નવલરામની અન્તિમ પળો .	ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી .	૧૦૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

			પૃષ્ઠ
૨૧	બે ગદ્ય-કાવ્યો . . .	મુરલી ઠાકુર . .	૧૦૬
૨૨	એકલો (કવિતા), . .	ઝવેરચંદ મેઘાણી .	૧૧૧
૨૩	કસોટી	ગાંધીજી. . .	૧૧૩
૨૪	આગગાડી . . .	વિજયા દેસાઈ . .	૧૧૯
૨૫	પૌત્રી (કવિતા) . . .	... . .	૧૨૩
૨૬	અબ્બૂખાંની બકરી . .	કીકુભાઈ દેસાઈ .	૧૨૫
૨૭	ખેતી (કવિતા) . . .	ચંદ્રવદન મહેતા .	૧૩૫
૨૮	આર્કિમિડિઝ . . .	" પિપાસુ " . .	૧૩૮
૨૯	વાઘની માશી . . .	કાકાસાહેબ કાલેલકર .	૧૪૮
૩૦	જનની (કવિતા) . .	દામોદર ખુશાલદાસ ઓટાદકર .	૧૫૪
૩૧	કલાની કદર . . .	રમણલાલ દેસાઈ .	૧૫૬
૩૨	એક સવાર (કવિતા) . .	પૂજાલાલ . .	૧૬૧
૩૩	થાપણ	રામનારાયણ વિ. પાઠક .	૧૬૩
૩૪	'અહો ! અહીં ધમાલ શી ?' (કવિતા)	'મિત્રાવરુણૌ' . .	૧૬૬
૩૫	ગામડી નિશાળો . . .	ડાહ્યાભાઈ દેરાસરી .	૧૬૯
૩૬	કેમ્બ્રિજની એક શાળા . .	લાલભાઈ દેસાઈ . .	૧૭૫
૩૭	દેડકાં હસતાં હતાં . .	'સુન્દરમ્' . .	૧૮૨
૩૮	પરાજય. . . .	યશવંત પંડ્યા . .	૧૮૪
૩૯	ધન્ય સૌરાષ્ટ્ર ધરણી . .	ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ	૧૯૬
૪૦	કલાદર્શન . . .	ઉમાશંકર જોષી . .	૧૯૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જ દે ચિનગારી



[ભૈરવી]

એક જ દે ચિનગારી,
મહાનલ ! એક જ દે ચિનગારી.

ચકમક લોઢું ઘસતાં ઘસતાં,
ખરચી જિંદગી સારી;
જામગરીમાં તણખો ન પડ્યો,
ન ફળી મહેનત મારી !
મહાનલ ! એક જ દે ચિનગારી.

ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો,
સળગી આભ-અટારી;
ના સળગી એક સગડી મારી,
વાત વિપતની ભારી !
મહાનલ ! એક જ દે ચિનગારી.

ઠંડીમાં મુજ કાયા થથરે,
ખૂટી ધીરજ મારી;
વિશ્વાનલ ! હું અધિક ન માગું-
માગું એક ચિનગારી !
મહાનલ ! એક જ દે ચિનગારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિચય

શ્રી હરિહર ભટ્ટનું આ કાવ્ય આપણા સાહિત્યનું એક ઘણું જાણીતું કાવ્ય છે. ઈશ્વરપ્રાર્થનાનાં કાવ્યનો જ એ એક પ્રકાર છે, પણ સામાન્ય રીતે ઈશ્વરપ્રાર્થનાનાં જે કાવ્યો લખાય છે તેનાથી એ એક રીતે જુદું પડી આવે છે. ઈશ્વરપ્રાર્થનાનાં કાવ્યમાં સામાન્ય રીતે ધન, બળ, બુદ્ધિ, વિદ્યા વગેરેનાં ઈશ્વર પાસે દાન યાચવામાં આવે છે; આ કાવ્યમાં તેવું નથી. અહીં તો કવિ કહે છે કે 'મારી જિંદગી ઠરી ગઈ છે. એને જાગ્રત કરવા, એનાં થંભેલાં નીર વહેતાં કરવા, હે પ્રભુ! તું એક ચિનગારી, બસ! માત્ર એક જ ચિનગારી દે. તેં સહુ કોઇને સળગાવ્યા છે–ચેતનવન્ત, પ્રાણવાન બનાવ્યા છે. તેં ચાંદો સળગાવ્યો, સૂરજ સળગાવ્યો, આભ-અટારી સળગાવી: એક મારી જ જીવનસગડી તેં ઠંડી રાખી છે! એની જામગરીમાં એક જ તણખો, માત્ર એક ચિનગારી નાખ! અને તું તો અગ્નિરૂપ છે તો તને ચિનગારીની ક્યાં ખોટ છે?' આ પ્રાર્થના વ્યક્તિ, સમાજ, દેશ કે આખું જગત કરી શકે એવા પ્રકારની છે. જેમ માણસના જીવનમાંથી ચેતન ઓસરે અને તેને તેની જરૂર પડે છે તેવું જ કોઈ પ્રજા, રાષ્ટ્ર કે દુનિયાના જીવનમાં પણ બને, અને ત્યારે આવી પ્રાર્થના ઘરઘરની અને વ્યક્તિ વ્યક્તિની નિત્યપ્રાર્થના થઈ પડે. શ્રી હરિહર ભટ્ટે ઘણાં કાવ્યો નથી લખ્યાં, પણ જેટલાં લખ્યાં છે તેમાંથી ઘણાં ઊંચી કક્ષાનાં છે. તેમની 'ગામડી ગીતા' તો તમે સાંભળી પણ હશે. ન સાંભળી હોય તો સાંભળજો–વાંચજો.

– સ્વાધ્યાય –

૧. 'ચિનગારી' શબ્દ આ કવિતામાં કયા અર્થમાં વપરાયો છે?

૨. 'મહાનલ' અને 'વિશ્વાનલ' કોણ?

૩. આ કાવ્યનો ભાવાર્થ આપો.

૪. આ કાવ્યને કંઠાગ્રે કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

જંગલનો સાદ

[' ટૂંકી વાર્તા'ના લેખક તરીકે જેમણે ગૂજરાતી સાહિત્યની ખૂબ ઊંચી સેવા બજાવી છે એવા શ્રી 'ધૂમકેતુ' (ગૌરીશંકર જોષી) ની આ વાત, તમને તેમની શૈલી અને વાર્તામાં રસ જમાવવાની શક્તિનો સારો એવો પરિચય આપશે. એ વાર્તાની ભાષાનો તમે કાળજીપૂર્વક અભ્યાસ કરજો; એના પ્રસંગોની ગૂંથણી પણ બરોબર તપાસજો; અને એમ કરતાં વાર્તા લખવાની કળા એટલે શું એ તમે આપોઆપ સમજી શકશો. શ્રી ધૂમકેતુના પુસ્તકોમાં ' તણખા, ' ' પ્રદીપ, ' રજકણ ' ' જળબિંદુ ' વગેરે ખૂબ જાણીતાં છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈરાનના શાહ અબ્બાસનું અંતર અંદરના આનંદથી ડોલે તેમ ડોલી ઊઠ્યું.

આજે પહેલવહેલું એને લાગ્યું કે એણે મહેલોની દીવાલો વચ્ચે સૌન્દર્યને મેળવવા નાહક પ્રયત્ન કર્યો હતો. હજારો, લાખોની કીમતીમાં કીમતી ઈરાની–તુર્કી શેતરંજીઓ જેની પાસે કુછ વિસાતમાં નહિ એવો, નજર પહોંચે ત્યાં સુધી પથરાયેલો નીલમબાગ જેવો લીલોછમ હરિયાળો પ્રદેશ જોઈને એનું અંતર ઠરી ગયું. જ્યાં જુઓ ત્યાં સાદાં સુંદર ઝરણાં વહી રહ્યાં છે; નાની નાની ટેકરીઓ ઉપર સારસ રમણીય શબ્દો બોલી રહ્યાં છે; ઠેકાણે ઠેકાણે શરુના લાંબા પડછાયા પાસે હરણ બેસી ગયાં છે; દૂર પર્વતો ઉપર રબારીઓ ઢોર ચારે છે; પાસે ઘેટાં-બકરાં ફરે છે; એક ઠેકાણે ગજબની વાંસળી વગાડતો ભરવાડનો એક છોકરો બેઠો છે; અંતર ઊઘડ્યાં હોય તેવાં કેસૂડાંનાં અનેક ફૂલો એની પછવાડે વૃક્ષ ઉપર શોભી રહ્યાં છે. શાહ અબ્બાસનું અંતર ડોલી ઊઠ્યું; એને લાગ્યું કે એની દીવાલોમાં ઘેરાયલી હજારો ચીજો નકામો સૌન્દર્યનો કૃત્રિમ ડોળ કરે છે.

અહીં એકેએક ચીજ–ઝરણ, છોડ, પાણી, છાયા, હરણ, રબારી, વાંસળી–એકેએક ચીજમાં સૌન્દર્ય હતું. અને દરેકે દરેક ચીજ બીજાને વધુ સુંદર બનાવી રહી હતી; બીજાને લીધે પોતે પણ સુંદર બની રહી હતી. વિશાળ ખંડમાં ખડકાયેલ હજારો ને લાખ્ખોની કીમતી ચીજો જે કૃત્રિમતા ઉત્પન્ન કરે–ખોટી મોટાઈને લીધે જે અસંગત વાતાવરણ ઘડે–એવું કાંઈ અહીં ન મળે. નજર નાખતાં થાકો એટલી લાંબી દિશા નીલા મેદાનથી ભરેલી. અને એમાં અનેક આકર્ષણો ઠેર ઠેર વેરાયલાં. દરેકનું વ્યક્તિત્વ જુદું અને છતાં સમગ્ર અસરમાં હરેકનો ફાળો. કોઈ સુંદર રસગીતમાં સપ્રમાણ વણાઈ ગયેલા શબ્દોની માફક સઘળું કુદરતને અનુરૂપ બની ગયું હતું. શાહ અબ્બાસ આ જોઈને છક્ક થઈ ગયો.

અને એ સઘળાં સ્વરૂપોને જાણે ચેતનથી ભરી દેતો હોય તેવો પેલો મોહક બંસીનો સ્વર આવી રહ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાહ અબ્બાસ ધીમે પગલે તેની પાસે ગયો. 'આ તું શું કરે છે, છોકરા?' તેણે પૂછ્યું.

પોતાના જ તાનમાં મસ્ત છોકરો વાંસળી વગાડતો જ રહ્યો.

અને જેમ જેમ એ આગળ વધ્યો તેમ તેમ કુદરત જાણે આળસ મરડીને બેઠી થતી સ્વપ્નસ્થ સુંદરીની માફક ચેતનમય બનતી ગઈ. ગાયોએ કાન માંડ્યાં; હરણાં બેઠાં થઈ આ દિશા તરફ ચાલી નીકળ્યાં; ધીમો મંદ પવન વૃક્ષોને આલિંગી રહ્યો; સારસ બેલડી હલકે હલેસે એકબીજાને મળવા જાણે ચાલી નીકળી; શરુના પડછાયા ચાલતા હતા; ઝરણાંનાં જળ વધારે વેગથી વહેતાં હતાં; પર્વતો પડઘા દઈ રહ્યા હતા; ડુંગરમાળા શબ્દ કરતી હતી. કુદરત જાણે અંગેઅંગમાં ચેતનમય બની ગઈ હતી. પોતાના આયુષકાળમાં પહેલી જ વખત આવી પરમ શાંતિ જોઇને શાહ અબ્બાસનું હૃદય આનંદથી ભરપૂર બની ગયું.

તેણે રબારીના છોકરાને પૂછ્યું: 'તને આવી મોહક વાંસળી કોણે શિખવાડી?'

છોકરાએ જવાબ વાળ્યો: 'નામદાર! એમાં શિખવાડવાનું હોતું નથી; શીખવાનું હોય છે. એની મેળે જ એ આવડે છે. વગડો અને વાંસળી એ બન્ને માતાએ અમને દૂધમાં આપ્યાં છે!'

'તારી મા શું કરે છે?'

'મારી મા? એ પણ એ જ. અંધારી રાતે વાતો કહે; અજવાળી રાતે ગીતો.'

'અને દિવસે?'

'દિવસે? નામદાર! અમારે મન દિવસ જેવું કાંઈ નથી. અમારું કામ ખૂટે ત્યારે દિવસ ખૂટે.'

શાહ અબ્બાસને લાગ્યું કે આ છોકરો બડો હોશિયાર છે. એને બરાબર જ્ઞાન આપવામાં આવે તો એ રાજને અજવાળે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તો બાદશાહે એને પોતાની પાસે રાખી ધીમે ધીમે ભણાવી રાજકાજમાં પ્રવીણ કર્યો, અને ઘણું જ વિશ્વાસપાત્ર ગણાતું જામદારખાનું તેને સોંપ્યું.

અલીબેએ પણ એકનિષ્ઠાથી શાહની સેવા કરી, અને પોતાનું ખજાનચીનું કર્તવ્ય બરાબર કર્યું.

* * * *

પરંતુ શાહ અબ્બાસના મરણ પછી અલીબેના ઉત્કર્ષ સામે પ્રચંડ કાવતરું જન્મ્યું. શાહ અબ્બાસના પુત્ર પાસે–નવા બાદશાહ પાસે–ચર્ચા શરૂ થઈ.

લક્ષ્મીની છોળમાં વિવેકબુદ્ધિ ઘણી વખત આવું ન આવું કર્યા જ કરે છે. એણે પોતાનાં ભક્તોનાં દિલમાં માદરા જેવી માદક મોહિની મૂકી છે.

કોઈએ કહ્યું: 'નામદાર! અલીબે સર્વસ્વ લઈ જાય છે.'

બીજાએ કહ્યું: 'લઈ ગયો છે!'

ત્રીજો બોલ્યો: 'એ તો બીજાની તકલીફ બચાવે છે!'

જુવાનીને શબ્દો બહુ ગમે છે; અર્થો ઓછા. શાહ અબ્બાસના પુત્રે પણ કહ્યું: 'અને એક રત્નજડિત શાહી તલવારનો પણ પત્તો નથી.'

'તલવાર હશે; માત્ર રત્નો જ નહિ હોય!'

અને અલીબેની જડતી શરૂ થઈ. રત્નજડિત તલવારનાં રત્નો શાહ અબ્બાસે બીજા કામમાં વાપર્યાં હતાં એમ નીકળ્યું.

પણ શાહજાદો જુવાન હતો, અવિવેકી હતો.

એવાને હાર્યો દાવ ગમતો નથી, એવે વખતે બુદ્ધિ છાની રહે છે; શબ્દો બોલ્યા કરે છે.

'અલીબે! તમારું જામદારખાનું એક મહિનામાં વ્યવસ્થિત કરી સોંપી દો!'

કેવળ વગડાનો જ બાળક આપી શકે એવો જવાબ અલીબેએ આપ્યો: 'નામદાર! મહિના પછી શા માટે? અત્યારે જ પાઈએ પાઈનો હિસાબ ચોખ્ખો છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તપાસ શરૂ થઈ. દરેકે દરેક ચીજ બરાબર હતી. સરદારો નરમ પડ્યા. બાદશાહ શરમિંદો બન્યો. જામદારખાનામાંથી પાછા ફરતાં જૂની જેવી એક બંધ કોટડી એની નજરે ચડી.

'અલીબે! આમાં શું છે?'

'નામદાર! એ તો નકામી કોટડી છે.'

રત્નજડિત તલવારની ધૂન મગજ પર સવાર હતી. સૌને શંકા પડી કે તલવાર એમાં જ હશે.

'એ કોટડી ઉઘાડો.'

'નામદાર! એમાં મારી ઘરવખરી છે, બીજું કાંઈ નથી.'

હવે શંકા દૃઢ થઈ. સૌએ કોટડી જોવા આગ્રહ કર્યો.

અલીબેએ ધ્રૂજતે હાથે તાળું ખોલી કોટડીનું બારણું ઉઘાડી નાખ્યું.

સૌ દિઙ્મૂઢ જેવા બનીને કોટડીમાં જોઈ જ રહ્યા.

ગરીબમાં ગરીબ ઘરમાં હોય એવી એક તૂટેલ ગોદડી, એક બંદગીની તસ્બી, એક વાંસળીનો કકડો અને પાણી પીવાનું એક માટલું: આખી કોટડી ગરીબ-સ્વચ્છ-સાદી હતી.

બીજું કાંઈ ન મળે. પવન ખાવાનો પંખો પણ નહિ—એક સારું પાથરણું પણ નહિ.

બાદશાહ આશ્ચર્ય પામ્યો. 'અલીબે! આ શું? તમે આમાં રહો છો?'

'નામદાર! એ મારું રહેરાનું છે. જેણે મને આટલી સત્તા આપી તેને સંભારવા માટે આ શાંત સ્થળ છે. એક તસ્બી છે, બાળપણના સંગાથી જેવી પેલી વાંસળી ત્યાં પડી છે, અને રાત્રે સૂવા માટે આ ગોદડી!'

બાદશાહ દિઙ્મૂઢ બની ગયો. અલીબેની કોટડીની ગરીબાઈ એને રત્નજડિત તલવાર કરતાં પણ બહુમૂલ જણાઈ. તેણે ત્વરાથી અલીબેને કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હું તમને આ જગો પર કાયમ કરું છું. ને તમારો દરમાયો પણ વધારું છું'

'નામદાર!' અલીબેએ જવાબ વાળ્યો. 'આપની નજર શુદ્ધ બની એ જ મારે મન ઘણું છે. પણ હું રબારી છું. પેલી મારી બાળપણની સંગાથી વાંસળી હવે મને ઠપકો આપી રહી છે. એ ઘણા દિવસ મૂગી રહી. મને તો, ભૂલા પડેલા બાળકને મા બોલાવે તેમ, મારાં જંગલ સાદ કરીને બોલાવી રહ્યાં છે; કહી રહ્યાં છે: 'બેટા! પાછો આવતો રહે, પાછો આવતો રહે! તું અમને ભૂલી ગયો પણ હજી અમે તને ભૂલ્યાં નથી' એટલે હું હવે આજથી આપની રજા માગી લઉ છું.'

તેણે પોતાની તૂટેલ ગોદડી ને જૂની વાંસળી લઈ લીધાં. એક હાથમાં તરબી ઉપાડી લીધી. એક હાથમાં માટલું લીધું, સલામ કરતો ને માફી માગતો તે ત્યાંથી ચાલી નીકળ્યો.

* * *

બાદશાહી કંઠના હીરાના હારનું ફિક્કું તેજ જામદારખાનાની દીવાલો ઉપર પથરાતું હતું.

– સ્વાધ્યાય –

૧. શ્રી ધૂમકેતુએ આ પાઠમાં કુદરતને ઘણી મોટી મહત્તા આપી છે એવું તમને એ પાઠ વાંચતાં જ્યાં જ્યાં લાગ્યું હોય તે દરેક પ્રસંગ કે સ્થળનો ઉલ્લેખ કરો.

૨. નીચેનાં વાક્યોનો અભ્યાસ કરો:—

(ક) અન્તર ઊઘડ્યાં હોય તેવાં કેસૂડાંનાં અનેક ફૂલો એની પછવાડે વૃક્ષ ઉપર શોભી રહ્યાં છે.

(ખ) એની દીવાલોમાં ઘેરાયલી હજારો ચીજો નકામો સૌન્દર્યનો કૃત્રિમ ઢોળ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ગ) દરેકે દરેક ચીજ, બીજાને વધુ સુન્દર બનાવી રહી હતી; બીજાને લીધે પોતે પણ સુન્દર બની રહી હતી.

(ઘ) અનેક આકર્ષણો ઠેર ઠેર વેરાયલાં.

(ઙ) દરેકનું વ્યક્તિત્વ જુદું—અને છતાં સમગ્ર અસરમાં હરેકનો ફાળો.

(ચ) કોઈ સુન્દર રસગીતમાં સપ્રમાણ વણાઈ ગયેલા શબ્દોની માફક સઘળું કુદરતને અનુરૂપ બની ગયું હતું.

(છ) કુદરત જાણે આળસ મરડીને બેઠી થતી સ્વપ્નસ્થ સુન્દરીની માફક ચેતનમય બનતી ગઈ.

(જ) લક્ષ્મીની છોળમાં, ઘણા વખત, વિવેકબુદ્ધિ આવું ન આવું કર્યા કરે છે.

(ઝ) જુવાનીને શબ્દો બહુ ગમે છે; અર્થો ઓછા.

૩. સંગીતની કુદરત ઉપર કંઈ અસર થતી તમે અનુભવી છે? આ પાઠમાં એવી અસરનો કંઈ ઉલ્લેખ છે? ક્યાં?

૪. રબારીનો છોકરો 'બડો હોશિયાર' છે એ શાહ અબ્બાસને શાથી લાગ્યું? એની વાંસળી ઉપરથી કે તેની વાત કરવાની છટા ઉપરથી?

૫. તમે તમારા ઘરનું અવલોકન કર્યું છે? ખીંટી ઉપર વસ્ત્રો લટકતાં જોયાં છે? ખીંટી ન હોય તો વસ્ત્રો કેમ રહી શકે? ઘરમાં જેમ ખીંટી હોય છે તેમ વાર્તામાં પણ એવી ખીંટી હોય છે. એ ખીંટી કોઈ પ્રસંગ હોય કે કોઈ વિચાર—અને તે પ્રસંગ કે વિચાર ઉપર વાર્તાની અંદરના સમગ્ર વસ્તુને ટીંગાડવામાં આવે છે. આ વાર્તામાં તમને એવો પ્રસંગ કે વિચાર કોઈ દેખાય છે? કયો પ્રસંગ ન હોય તો આ વાર્તા કદાચ વાર્તા તરીકે જ મટી જાય?

૬. આ વાર્તામાંની કઈ ઘટનાની તમારા મન પર સૌથી ઊંડી છાપ પડી?

૭. 'જંગલનો સાદ' એવું આ વાર્તાનું મથાળું બરોબર છે એમ બતાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

હરિનો મારગ

[આપણે આપણા યુગના ઘણા કવિઓનાં કાવ્યો વાંચ્યાં. જૂના કવિઓમાં ભાલણ, નરસિંહ મહેતો, પ્રેમાનંદ વગેરેનાં પણ થોડાંક કાવ્યો આપણે આ પહેલાં શીખી ગયાં. આ કાવ્ય પણ આપણા એવા એક જૂના કવિનું છે. એ કવિ તે પ્રીતમ. પ્રેમાનંદ પછીના જમાનામાં એ થઈ ગયો. તેના અતિ પ્રખ્યાત કાવ્યમાંનું આ એક છે. એમાં જે ભાવ છે તે એ કવિતા તમે વારંવાર વાંચશો અને કંઠાગ્રે કરશો તો તમને સારી રીતે સમજાશે, અને તમને તેથી આનંદ પણ ખૂબ થશે. કોઈ પણ મહાન વસ્તુ સિદ્ધ કરવી હોય તો તે મહાન વસ્તુ જેવો જ મહાન ભોગ આપવાની આપણી તત્પરતા હોવી જોઈએ એવો આ કાવ્યનો મુખ્ય ભાવ છે. 'પ્રેમપંથ પાવકની જ્વાળા' થી શરૂ થતી બે પંક્તિઓમાં એ ભાવ એની પૂરેપૂરી કળાએ ખીલ્યો છે તે તમે એ પંક્તિઓનું અને એના ભાવનું વારંવાર ગુંજન કરતાં જોઈ શકશો. 'ઈશુનું બલિદાન.' 'ગ્રામસેવક મંડ' અને 'કસોટી' બરોબર સમજીને વાંચશો તો આ કાવ્યનો ભાવ અને એની મહત્તા તમને સારી રીતે સમજાશે.]

* * *

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને,
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.
સૂત વિત દારા શીશ સમર્પે, તે પામે રસ પીવા જોને,
સિન્ધુ મધ્યે મોતી લેવા, માંહીં પડ્યા મરજીવા જોને.
મરણ આગમે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે જોને,
તીરે ઊભા જુવે તમાશો, તે કોડી નવ પામે જોને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમ-પંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને,
માંહીં પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને.
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને,
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.
રામ અમલમાં રાતામાતા, પૂરા પ્રેમી પરખે જોને,
પ્રીતમના સ્વામીની લીલા, તે રજની દંન નીરખે જોને.

– સ્વાધ્યાય –

૧. 'હરિનો મારગ' શબ્દોની જગ્યાએ 'રણનો મારગ' શબ્દો હોત તો કવિતાના અર્થમાં કંઈ ફેર પડત ખરો?

૨. 'માંહીં પડ્યા તે મહાસુખ માણે.' આ પંક્તિનો અર્થ સમજાવો. આવા ભાવનાં કોઈ જૂનાં ગૂજરાતી કે હિન્દી ભજનો તમે સાંભળ્યાં છે? 'શિર દિયા ફિર રોના કયા?' એવી પંક્તિ તમે કોઈ વખતે સાંભળી છે? ન સાંભળી હોય તો એ ભજન મેળવી કંઠાગ્રે કરજો. આવી ઊંચી કક્ષાનાં આપણે ત્યાં કેટલાં બધાં ભજનો છે તેનો તમને એથી ખ્યાલ આવશે.

૩. 'માથા સાટે મોંઘી વસ્તુ સાંપડવી નહિ સહેલ જોને.' એવું પ્રીતમ કહે છે. તમને તે સાચું લાગે છે? તમે મોંઘી વસ્તુઓ તરીકે કઈ કઈ વસ્તુઓ લેખો? હિમાલયના ગૌરીશંકર શિખરે પહોંચવું એ એવી 'મોંઘી વસ્તુ' લેખાય? પાંજરામાં પડેલો સિંહ પાંજરું તોડી જે સ્વાતંત્ર્ય મેળવે તે એવી 'મોંઘી વસ્તુ' લેખાય? ગૌરીશંકર શિખરે પહોંચવા કે પાંજરું તોડવા જે પ્રયત્નો થાય તે 'માથા સાટે' થયા છે એમ કહેવાય? આ ઉપરથી હવે આ પંક્તિના ભાવને બરોબર સમજાવવા માટે ઉદાહરણો આપી દસબાર લીટીમાં લખો.

૪. આપણા જૂના મોટા કવિઓના નામની એક યાદી કરો, અને બને તો દરેકનું એક એક કાવ્ય તમારી સ્વાધ્યાય પોથીમાં ઉતારો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

ગ્રામસેવક મઘ

[" બુદ્ધલીલા સારસંગ્રહ " નામના એક ગ્રંથમાં બુદ્ધના પૂર્વજન્મોની અનેક વાતો સંગ્રહાયેલી છે તેમાંથી એક વાત અહીં ઉતારી છે. એ વાત વાંચી જગતના બીજા મહાપુરુષોના જીવન જોડે તમે એને સરખાવજો. જે માણસે દુનિયાની સેવા કરવી હોય તેણે કેવાં અપમાનો અને કેવાં દુઃખો વેઠવાની તૈયારી કરવી જોઇએ; તેણે કેવું કઠોર તપ કરવું જોઇએ એનો તમને આથી ખ્યાલ આવશે. આ પાઠ 'ઈશુનું બલિદાન' અને 'કસોટી' સાથે સરખાવી તમે વાંચજો. બુદ્ધ અને ઈશુને થઈ ગયાને સેંકડો વર્ષ થયાં છે, છતાં પણ દુનિયામાં હજુ ગ્રામભોજકોની સંખ્યા ઘટી નથી એ બતાવે છે કે બુદ્ધ અને ક્રાઇસ્ટના જીવનસંદેશને જગતે હજુ નથી ઝીલ્યા.]

* * *

હજારો વર્ષ પૂર્વે બોધિસત્ત્વ મગધ દેશમાં મચલ નામના એક ગામડામાં એક ખેડૂતના કુટુંબમાં જન્મ્યા. તેનું નામ તેનાં માતાપિતાએ મઘ એવું રાખ્યું હતું. મઘ જ્યારે ઉંમરલાયક થયો ત્યારે પોતાના ગામના લોકોનું સ્વાર્થીપણું જોઈ મનમાં ખૂબ ખિન્ન થયો. તે પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામના રસ્તા સાફ કરવાનું, ગંદવાડ લઈ જઈ બહાર નાખવાનું, પીવાના પાણીમાં ગંદું પાણી જાય નહિ માટે કૂવાને પાળ બાંધવાનું વગેરે એવાં જ બીજાં લોકોપયોગી કામો કરતો. પરંતુ તેના આ કામથી રાજી થવાને બદલે લોકો તેને દોષ દેતા. તેઓ ચબૂતરા પર કે દારૂના પીઠા પર ભેગા થઈ કહેતા: "અરે, આ પેલો ગાંડિયો મઘ! પોતાના ઘરનું કામ છોડીને ચાલ્યો નકામી માથાફોડ કરવાને! એકલાથી તે કદી આખા ગામનું હિત થયું છે? આપણે ભલા ને આપણું કામ ભલું. આ તો ગામનું ભલું કરવા નીકળ્યો છે! શું કરવું છે આપણે આખા ગામને? મઘને પોતાની મૂર્ખાઈ સારુ કોઇક દિવસ પશ્ચાત્તાપ કરવો પડશે."

મઘની છચોક નિંદા થતી, એટલું જ નહિ પણ તેનાં સગાંઓ પણ તેની વિરુદ્ધ હતાં, તો પણ તેણે પોતાનું કર્તવ્ય છોડી દીધું નહિ. મઘ એક દિવસ એકાદ રસ્તો સાફ કરે અને બીજે દિવસે આસપાસનાં ઘરમાંથી સ્ત્રીઓ કચરો નાખે. કોઈ વૃદ્ધ કહે: "આ ગંદવાડ શું કામ કરો છો?" તો તેઓ કહેતી: "તમારે શું? પેલો મઘ મૂઓ છે ને? એ આવશે અને કરશે સાફ."

મઘ ફરી બેચાર દિવસે પાછો તે ને તે જગ્યાએ જાય અને સાફ કરી નાખે. મઘના આ આત્મસંયમનું પરિણામ જૂના જમાનાના લોકો ઉપર તો કંઈ પણ થયું નહિ, પરંતુ, મઘનો આ માર્ગ સારો કેમ ન હોય એવા એક બે તરુણોને વિચાર આવવા લાગ્યા. મઘ પોતાના કામમાં કંઈ પણ અડચણ આવવા દેતો નહિ. ઘરનું તથા ખેતીનું કામ આટોપી લઈ ફાજલ વખત તે જનસેવામાં ગાળતો. ગામના બીજા લોકો ફુરસદને વખતે દારૂનાં પીઠાં પર અથવા ચૌટામાં ભેગા થઈ ગપ્પાં મારવામાં પોતાનો વખત ગાળતા, એટલું જ નહિ, પણ દારૂના વ્યસનથી તેમનું ઘરકામ પણ ઠીક થતું નહિ. તે ઉપરાંત મારામારીમાં અને ટંટાફિસાદમાં તેમના વખતનો અપવ્યય થતો તે તો જુદો જ.

ઉપર કહી ગયા તેવા બે તરુણોમાં એક દિવસ આવો સંવાદ થયો. પહેલો તરુણ બોલ્યો: "કેમ રે, ગામમાંના બધા લોક તો આ મઘનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોષ કાઢે છે પરંતુ મને લાગે છે કે આપણા ગામમાં જો કોઈ સારો માણસ હોય તો તે મધ જ છે. મધને મેં કદી દારૂને પીઠે કે ચાવડી પર તો જોયો જ નથી; કદી કોઈ સાથે તે ટંટાબખેડા કરતો નથી; તેના ઘરમાં તો મૂર્તિમંત શાંતિ વાસ કરે છે. આવા માણસને આપણા લોક મૂર્ખ ગણે છે એ આશ્ચર્ય નથી શું? મને લાગે છે કે આપણે ગુરુ કરવા હોય તો તપોવનમાં ગુરુ શોધવા ન જતાં આને ગુરુ કરવો એ સારું."

બીજાએ કહ્યું: "ચાલ, અબઘડી આપણે મધ પાસે જઇએ. તે આ વખતે કંઈ પણ લોકસેવાનું જ કામ કરતો હશે."

આ પ્રમાણે વાતચીત થયા પછી તે બન્ને તરુણ, મધ જ્યાં કામ કરતો હતો ત્યાં ગયા અને મધને કહ્યું: "આજ સુધી અમે તારી ઉપેક્ષા કરી, એ માટે અમને અત્યંત દુઃખ થાય છે. અભાગીને પોતાને ઘેર પડેલી થાપણની જેમ ખબર ન હોય તેમ જ તારા સદ્ગુણની, તું અમારી પાસે હોવા છતાં, અમને ખબર પડી નહિ. આજથી અમે તારા શિષ્ય થઈ તારું અનુકરણ કરી સત્કૃત્યમાં કાળ ગાળવાનો નિશ્ચય કર્યો છે."

મધ બોલ્યો: "મિત્રો, સદાચરણમાં કાળનો સદ્વ્યય કરવાની તમારી ઇચ્છા વખાણવા જોગ છે, પરંતુ આ માટે મારું શિષ્યત્વ સ્વીકારવાની આવશ્યકતા નથી. મારા જેવા તો મર્ત્ય, નાશવંત છે, એ તમે જાણો જ છો. માટે આવા ક્ષણભંગુર પ્રાણીનું શિષ્યત્વ ન સ્વીકારતાં, આપણે બધા ધર્મનું શિષ્યત્વ સ્વીકારીએ એ સારું. કારણ ધર્મ શાશ્વત છે, તે અનાદિ છે; તેને આપણી પાસેથી કોઈ પણ દૂર કરી શકે એમ નથી."

તે તરુણ બોલ્યા: "પણ ધર્મનું જ્ઞાન તમારા જેવા સંત વિના અમ જેવા સંસારીજનોને કેમ થાય?"

મધ બોલ્યો: "ધર્મ ગહન વસ્તુ છે. તેનું સંપૂર્ણ જ્ઞાન થવું આપણા જેવા સંસારીજનોને શક્ય નથી. તો પણ એક વાત ખરી છે કે ધર્મની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાપના શીલના પાયા પર થયેલી છે. અર્થાત્ શીલ વિના ધર્મપ્રાપ્તિ થવાની નહિ."

તરુણે પૂછ્યું: "શીલ એટલે શું?"

"કુમાર્ગથી નિવૃત્તિ અને સત્કર્મમાં પ્રવૃત્તિ એને સાધુલોક 'શીલ' કહે છે. પ્રાણીનો ઘાત ન કરવો, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, અસત્ય ભાષણ ન કરવું અને માદક પદાર્થોનું સેવન ન કરવું, એ પાંચ નિયમ એકનિષ્ઠાથી પાળીએ તો આપણે કુકર્મથી બચી જઇએ અને પરોપકારાદિ સત્કૃત્યમાં આપણા કાળનો ઉપયોગ કરી શકીએ."

તરુણ બોલ્યા: "આજથી આ પાંચ નિયમ અમે બરાબર શ્રદ્ધાપૂર્વક પાળીશું, અને ઘરકામથી બચેલો કાળ સત્કર્મમાં ગાળીશું."

આમ ધીરે ધીરે મઘને ત્રીસ અનુયાયી મળ્યા. તે સૌએ મળી રોગી લોકો માટે અને અનાથ અપંગ લોકો માટે એક ધર્મશાળાની સ્થાપના કરી, આસપાસના ગામના રસ્તા સાફ કર્યા, નાના નાના પૂલો બાંધ્યા, તળાવ ખોદ્યાં અને બીજાં લોકોપયોગી કામ કર્યાં. આ ઉપરાંત તેઓ પોતાના પરગણાના લોકોને પંચશીલનો ઉપદેશ કરતા. તેમના આ કૃત્યનું આખા પરગણા ઉપર એવું પરિણામ થયું કે થોડા અપવાદ બાદ કરતાં ત્યાંના બધા લોક સદાચારી બન્યા. દારૂના પીઠાવાળાને પોતાની દુકાનો બંધ કરવી પડી, અને ત્યાંના ગ્રામભોજક (ન્યાય અને વસૂલી કામદાર) ને દંડના રૂપમાં ઘણી જ મોટી પ્રાપ્તિ થતી, તે નહિ જેવી થઈ ગઈ.

આ પરગણાના લોકોમાં પહેલાં એટલા ટંટા થતા કે તેનો નિકાલ કરતાં ગ્રામભોજકને જમવાને સુદ્ધાં ફુરસદ મળતી નહિ; પણ હવે ગ્રામભોજકે આખો દિવસ તકિયાને અઢેલી વાતો કરતાં બેસવું, અને કચેરીનો વખત પૂરો થતાં ઘેર જવું એવો પ્રકાર શરૂ થયો. પોતાના પરગણામાં સ્થિતિ આવી કેમ પલટાઈ ગઈ એની ચોકસી કરતાં, મઘ અને તેના ત્રીસ અનુયાયીઓએ આ બધી ક્રાંતિ કર્યાનું ગ્રામભોજકને જણાયું. આ ત્રીસેને આ પ્રદેશમાંથી ઊંચકી લીધા સિવાય લોકો પહે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાના જેવી સ્થિતિમાં આવશે નહિ એમ વિચારી, કાંઈ જરૂરી કામ માટે પોતે મગધ દેશના રાજાને મળવા જાય છે એમ પોતાના હાથ નીચેના લોકોને જણાવી તેણે રાજધાનીનો રસ્તો પકડ્યો.

મગધ દેશનો તે કાળનો રાજા ઘણો વિલાસી હતો. તેનો મેળાપ થવો મહા કઠણ કામ હતું. તો પણ ગ્રામભોજકે પોતાની સાથે આણેલું મોટું નજરાણું રાજાને ભેટ કરી મહાપ્રયત્ને એક મુલાકાતનો જોગ સાધ્યો. રાજાએ ગ્રામભોજકના આગમનનું કારણ પૂછતાં તે બોલ્યો: "મહારાજ, શું કહેવું? અમારા દેશમાં ત્રીસ તોફાનીઓ અને તેમના નાયકે ઘણો જ ઉત્પાદ મચાવી મૂક્યો છે. બધા લોક ગામ છોડી ભાગે છે અને આ હરામખોરોના ડરથી અમારા પ્રદેશમાં બીજા લોક આવતા નથી. આ પ્રમાણે ખેતી, વેપારરોજગાર બધું બંધ પડી ગયું છે. હવે આપને અમારા પરગણામાં જ નહિ, પણ આસપાસના સહુ પ્રાન્તમાં પણ કર વસૂલ કરવો અશક્ય થઈ પડશે."

રાજા અતિશય સંતાપ પામી બોલ્યો: "આ વાત તમે મને જણાવી એ બહુ સારું થયું. તમારી સાથે હું નાની ફોજ આપું છું. તેની સહાયતાથી તમે એ તોફાનીઓને પકડી લાવો."

ગ્રામભોજકે પોતાના પરગણામાં જઈ મઘ અને તેના સાથીઓને પકડ્યા. તેઓએ ગ્રામભોજકનો કંઇ પણ વિરોધ કર્યો નહિ. "તમને પકડવા માટે રાજાનો હુકમ છે." એમ કહેતાંની સાથે જ તેઓ પોતાની મેળે સ્વાધીન થયા. ગ્રામભોજકે તેમના હાથપગમાં બેડીઓ ઘાલી દીધી અને તેમને પકડી આણ્યાની વર્દી રાજાને આપી. તે વખતે રાજા અંતઃપુરમાં હતો. આ દરોડાખોરોને જોવાની તેને ફુરસદ નહોતી. તેણે ત્યાંથી જ હુકમ છોડ્યો કે "તોફાનીઓને મહેલના આંગણમાં સુવાડી તેમના શરીર પરથી હાથી ચલાવો."

રાજાના હુકમ પ્રમાણે મઘ અને તેના સાથીઓને મુસ્કેટાટ બાંધીને સુવાડવામાં આવ્યા. પછી હસ્તિશાળામાંથી એક મદોન્મત્ત હાથી તેમના પર છોડવાને સજ્જ કરવામાં આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધે પોતાના અનુયાયીઓને કહ્યું: "ભાઇઓ, આજ સુધી આપણે સદાચારમાં કાળ ગાળ્યો છે. હવે આપણામાંના કોઇકને એમ લાગવાનો સંભવ છે કે સદાચરણથી મનુષ્ય સુખી જ થાય છે એમ નથી. અમે અમારું જીવન સત્કર્મમાં જ ગાળ્યું છે છતાં અમારા પર આ સંકટ કેમ આવ્યું? પણ મિત્રો, આ સમયે એવા વિચારનો સ્પર્શ પણ તમારા દિલને થવા દેશો નહિ. આ લોકમાં ન્યાયયુક્ત વહેવાર નહિ હોય, છતાં પરલોકમાં આપણાં કર્મોનું ફળ આપણને મળવાનું છે. આ લોકમાં કોઈ લુચ્ચો માણસ પુષ્કળ સંપત્તિ મેળવે છે અને કોઈ સત્પુરુષ દારિદ્રમાં દબાય છે. એટલે આ લોકમાં તો માણસને ન્યાય મળતો નથી એ ઉઘાડું છે. પરંતુ આપણાં કર્મોથી આપણે એટલાં બધાં બંધનોમાં આવી જઈએ છીએ કે તેને લીધે પરલોકમાં આપણો છુટકારો થવો અત્યંત અશક્ય થઈ પડે છે. માટે આપણાં કર્મો જ આપણા રક્ષક અને આપણાં કર્મો જ આપણા ન્યાયાધીશ થશે એ પક્કું ધ્યાનમાં રાખો. વળી તમારા મનને ખોટું લાગતું હોય તે વખતે જો તમારું મરણ થશે, તો તેનું પરિણામ અત્યંત અનિષ્ટ આવવાનું; કેમકે મનુષ્યનું મન અસ્થિર હોય તેવે વખતે જો તેનું મરણ થાય તો પુનર્જન્મમાં તે હીન યોનિમાં જન્મે છે, એવાં ઋષિમુનિઓનાં વચન છે. તેથી આ પ્રસંગે તમારી મૈત્રીભાવના દૃઢ કરો. જેવો તમારો લોક પર પ્રેમ હતો તેવો જ તમારી ફરિયાદ કરનાર ગ્રામભોજક પર, તમને મારવાનો હુકમ કરનાર રાજા પર અને તમને મારવાને પ્રવૃત્ત થયેલા આ હાથી પર તમારો પ્રેમ થવા દો. શત્રુ, મિત્ર, તટસ્થ અને હું એવા ભેદો મનમાંથી કાઢી નાખી સર્વની ઉપર સરખી મૈત્રી થવા દો. એક દેહનાં જેમ ભિન્ન ભિન્ન અંગો હોય છે તેમ જ આપણે એક વિશ્વનાં અંગ છીએ, એ સમજ ઢીલી પડવા દેશો નહિ. આજ પર્યંત કરેલાં સત્કૃત્યોનું તમે આ સમે ચિંતન કરો."

મધનાં વચન પ્રમાણે તે સર્વેએ તે હાથી પર, રાજા પર અને ગ્રામભોજક પર મૈત્રીભાવના કરી. જો કે તે પ્રાણીઓ તેમના દેહને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપાય કરનારાં હતાં, તો પણ તેમના અંતઃકરણને તો હિતકર્તા જ લાગ્યાં. 'આ ગ્રામભોજક, આ રાજા અને આ હાથી આપણને આ નશ્વર જગતમાંથી મુક્ત કરે છે, તો પછી તેમને આપણા શત્રુ કેમ ગણીએ?' એમ તેઓ કહેવા લાગ્યા.



હાથી મહાબુદ્ધિમાન પ્રાણી છે. માણસ કરતાં પણ બીજાં પ્રાણીનું મન ઓળખતાં તેને વધારે આવડે છે. જ્યારે મઘ અને તેના સાથીઓને મારવા માટે મહાવતે હાથીને આગળ આણ્યો ત્યારે તે મોટેથી કિકિયારી પાડી એકદમ પાછળ હઠ્યો! કેમે કર્યો તે તેમના શરીર પર ડગ દે જ નહિ! ફરી બીજો, ત્રીજો, એમ બેચાર હાથી આણ્યા. પરંતુ તે સર્વ મહાવતના અંકુશના મારની દરકાર ન કરતાં કિકિયારી કરી પાછળ હઠ્યા. એકે હાથીએ મઘને અને તેના સાથીઓને ઉપદ્રવ કર્યો નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સમાચાર રાજાને મળતાં જ તે બોલ્યો: "આ લોકો હાથીનો મંત્ર જાણતા હોવા જોઇએ અથવા તેમની પાસે કંઈ ઔષધ હોવું જોઇએ, જેના યોગે હાથી તેમની પાસે જવાની હિંમત કરતો નથી."

રાજાની આજ્ઞા થતાં બોધિસત્ત્વને અને તેના સાથીઓને સિપાઈઓએ રાજા સમક્ષ લઈ જઈ ઊભા કર્યા. રાજાએ તેમની પાસે ઔષધ છે કે કેમ એ જોવા માટે તેમની જડતી લેવડાવી. પણ કશું મળ્યું નહિ ત્યારે રાજાએ તેમને પૂછયું: "તમને હાથીનો મંત્ર આવડતો હોવો જોઈએ, નહિ તો હાથી તમારાં શરીર પરથી ચાલવાને ના પાડે એ બને જ કેમ?"

બોધિસત્ત્વ બોલ્યો: "મહારાજ! અમારો મંત્ર તે આજ સુધી અમે એકનિષ્ઠાથી શીલનું પાલન કરતા આવ્યા છીએ તે છે. જાણીબૂજીને અમે કોઈ પણ પ્રાણીનો ઘાત કર્યો નથી; પરસ્ત્રીને અમે મા સમાન માનીએ છીએ; અસત્ય ભાષણ અમે કદીયે કર્યું નથી; અને મદ્યાદિ માદક પદાર્થોથી અમે અલિપ્ત રહ્યા છીએ. આ સિવાય આપની પ્રજાની સેવા યથામતિ કરતા આવ્યા છીએ. અમારા પર એકાએક જ્યારે આ પ્રસંગ આવ્યો ત્યારે મેં મારા મિત્રોને હિંમતથી કહ્યું કે, 'આપણને પકડનાર ગ્રામભોજક પર, મારવાનો હુકમ આપનાર મહારાજ પર અને મારનારા હાથી પર આપણે બધાએ મૈત્રીની ભાવના રાખવી; કોઈ પણ પ્રકારે દ્વેષનો સ્પર્શ આપણાં મનને થવા ન દેવો.' અમારા આ શીલનો અને મૈત્રીનો પ્રભાવ એ જ અમારો મંત્ર છે."

રાજાએ પોતાના દૂત મોકલીને મઘના ગામની અને આસપાસના ગામની ખરી સ્થિતિ શી છે એની ચોકસી કરી ત્યારે તેને જણાયું કે બોધિસત્ત્વ અને એના સાથીઓએ તે પ્રાંતની ઉત્તમ સુધારણા કરી છે; ત્યાંના લોક સુખી હોઈ પરસ્પર અત્યંત પ્રેમથી વર્તે છે; ચોરી, મારામારી, ટંટાફિસાદ વગેરે વસ્તુઓ તે પ્રાંતમાં નામશેષ થઈ છે. આ જાણીને રાજાએ ખોટી ફરિયાદ કરનારા પેલા ગ્રામભોજકને પકડીને એકદમ ફાંસી દેવાનો હુકમ આપ્યો અને તેની જગાએ મઘને નીમવામાં આવ્યો. બોધિસત્ત્વે આ જાણ્યું ત્યારે તે રાજા પાસે ગયો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

66 ગ/93 ગ 2-1-56
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રામભોજકને માફી આપવાની વિનતિ કરી: "મહારાજ, ગ્રામભોજક ન હોત તો અમને આપનાં દર્શનનો યોગ ન મળ્યો હોત. અમારા શીલને અને મૈત્રીને કસોટીએ ચડાવી જોવાની સંધિ એણે મેળવી આપી તેથી તે અમને પ્રિય છે. માટે મહારાજે એને જીવતદાન આપવું એવી અમારી નમ્ર વિનતિ છે."

બોધિસત્ત્વની વિનતિને માન આપી રાજાએ ગ્રામભોજકને છોડી મૂક્યો.

– સ્વાધ્યાય –

૧. તમને મધના જેવા થવું ગમે છે? જો મધના જેવા થવું ગમતું હોય તો શા માટે, તે વિસ્તારથી જણાવો.

૨. મધ ગામલોકોની સેવા કરી રહ્યો હતો છતાં તેના તરફ ગામલોકો તિરસ્કારભરી નજરે જોતા હતા તેનું શું કારણ? ગામલોકોનું કહેવું તમને સત્ય લાગે છે?

૩. મધ વિશે તરુણોનું વલણ કેવું હતું? તેમણે મધના શિષ્યો બનવાનું કેમ પસંદ કર્યું? મધે તેમના ગુરુ બનવાની કેમ ના પાડી?

૪. 'ધર્મની સ્થાપના શીલના પાયા પર થયેલી છે.' આ વાક્યનો અર્થ સમજાવી મધના શીલ વિશેના વિચારો તમારા શબ્દોમાં જણાવો.

૫. મધની સેવાની તેના પ્રદેશમાં શી અસર થઈ? એને અને એના ત્રીસ અનુયાયીઓને મગધ દેશના રાજા પાસે શા માટે લઈ જવામાં આવ્યા હતા?

૬. રાજાએ મધ અને તેના અનુયાયીઓ પર હાથી ચલાવવાનો હુકમ ફરમાવ્યો ત્યારે મધે તેના સાથીઓને આપેલા ઉપદેશમાંથી તમને શું શીખવાનું મળે છે?

૭. હાથીઓ જ તેમના પર ન ચાલ્યા ને પરિણામે તેઓ બધા બચી ગયા એ તમે જોયું. આવા જ પ્રકારની બીજી કોઈ ચમત્કારિક ઘટના વિશે તમે કંઈ જાણો છો કે જેમાં રાજાએ ફરમાવેલી ભારે સજામાંથી કુદરત આવી રીતે મદદે આવતાં સજા પામેલ વ્યક્તિ કે વ્યક્તિઓ બચી જાય છે?

૮. ગ્રામભોજકનું પાત્ર તમને કેવું લાગ્યું તે ટૂંકમાં જણાવો.

LIBRARY GURUKULA KANGRI
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

દુખિયારી બહેન

[વડની નીચે બળદ છોડીને વીરો વિસામો કરે છે ને ગામને કૂવે ચાર-પાંચ સહિયરો પાણી ભરવા આવી છે. એમાંની વચલી પાણિયારીએ પોતાના ભાઇને ઓળખી કાઢ્યો. શી રીતે ? ભાઈની આંખો, માડીની આંખોની યાદ આપતી હતી. અને વડ નીચે બળદને ડચકારતાં કે કોઈ બીજા આવતાજતા માણસ જોડે ગપાટા હાંકતાં એનો અવાજ આવતો હતો તે બરોબર બાપના અવાજને મળતો હતો. પછી બેનીનું હૃદય રાહ જોવા રહે ? એણે વીરાને જઇને કહ્યું કે બેનને ઘેર જઇને ઉતારા કરો, વડ નીચે ઉતારા ન હોય. પોતે દુઃખણી છે પણ પોતાના ભાઈનું (અને બળદનું સુદ્ધાં) કેવું ભારે સ્વાગત કરશે તે એના શબ્દો પરથી આપણે જોઈ શકીએ છીએ. સાંજે આરામને વખતે ભાઈ, બેનને એના સુખદુઃખની વાત પૂછે છે, કેમ કે ઘેર જાય ત્યારે માડી પૂછે તો જવાબ આપવા થાય. બેન કહે છે કે એને તો ખાવામાં ખોરી જાર અને સૂવામાં ઘાસપરાળનો સાથરો છે. ભાઈ, બેનને પોતાનો દેશ છોડી એની સાથે જવા કહે છે. પણ બેન કહે છે કે પિયરમાં ઘણું ઘણું તો છ મહિના સુધી સહુ બેન બેન કરશે, છેવટે તો બેનને સાસરે જ જવું પડશે... પોતાના દુઃખનો અંત લાવવા બેન ભાદરના પૂરમાં તણાઈ ગઈ અને સામસામે કાંઠે ભાઈ ને માડી રોતાં રહી ગયાં.

આટલી કથાને કવિતામાં ગૂંથી છે. આવા કાવ્યને કથાકાવ્ય કે કથાગીત કહે છે. અને એ લોકગીતનાં સાહિત્યમાંથી મળે છે એવાં અત્યારનાં સાહિત્યમાંથી ઓછાં મળે છે. લોકગીતો તે એમની સરસતાને લીધે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોને કંઠે સચવાઈ રહેલાં ગીતો છે. લોકગીતો એટલાં બધાં મીઠાં, લાગણીમય, અને હૃદયમાં સોંસરાં ઊતરી જાય એવાં સરળ હોય છે કે તે લોકોની જીભને ટેરવે પેઢી દર પેઢી જળવાઈ રહ્યાં છે. તમને નવાઈ થશે કે આવાં સુંદર ગીતોના લખનારાઓનાં નામ પણ આપણે જાણતા નથી!

* * * *

વેલ્યું છૂટિયું રે વીરા! વાડીના વડ હેઠ,
ઘોળીડા બાંધ્યા રે વડને વાંકીએ.
ચારપાંચ સૈયરું રે વીરા! પાણીડાની હાર્ય,
વચલી પાણીઆરે વીરાને ઓળખ્યો.
ઓળખ્યો ઓળખ્યો રે માની આંખ્યુંની અણુસાર,
બાપની બોલાશે વીરને ઓળખ્યો.
વીરા ચાલો રે દુઃખણી બેનીને ઘેર,
ઉતારા દેશું ઊંચા ઓરડા.
વેલ્યું છોડજો રે વીરા! લીલા લીંબડ હેઠ,
ઘોળીડા બાંધજો રે વચલે ઓરડે.
નીરીશ નીરીશ રે વીરા! લીલી નાગરવેલ્ય,
ઉપર નીરીશ રાતી શેરડી.
રાંધીશ રાંધીશ રે વીરા! કમોદુંના ફૂર,
પાશેર રાંધીશ કાજુ ખીચડી.
પાપડ શેકીશ રે વીરા! પૂનમ કેરો ચંદ,
ઉપર આદુ ને ગરમર આથણાં.
જમશે જમશે રે મારો માડીજાયો વીર,
ભેળી બેસશે રે એક જ બેનડી.
ઊંચી મેડી રે વીરા ઊગમણે દરબાર,
તિયાં રે ઢળાવું તારા ઢોલીઆ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોઢશે પોઢશે રે મારો માડીજાયો વીર,
પાસે બેસે રે એક જ બેનડી.

કરજે કરજે રે બેની સુખદુઃખની વાત,
ઘેરે જાશું તો માતા પૂછશે.

ખાવી ખાવી રે વીરા! ખોરૂડી જાર,
સૂવું રે માડીના જાયા સાથરે.

બાર બાર વરસે રે વીરા! માથડિયાં ઓળ્યાં,
તેર વરસે રે તેલ નાખિયાં.

મેલો મેલો રે બેની! તમારલા દેશ,
મેલો રે બેની તમારાં સાસરાં.

વીરા વીરા રે બેની માસ છ માસ,
આખર જાવું રે બેનને સાસરે.

ભરવાં ભરવાં રે વીરા! ભાદરુંનાં પાણી,
ભાદરની રેલે બેની તણાઈ ગયાં.

આ ને કાંઠે રે વીરો રહ રહ રૂવે,
ઓલ્યે કાંઠે રૂવે એની માવડી.

– સ્વાધ્યાય –

૧. આ કાવ્યનું કથાવસ્તુ ટૂંકમાં કહો.

૨. આ કવિતામાંથી તમને જે જે ભાગો ગમ્યા હોય તેનો ઉલ્લેખ કરો.

૩. બહેન ભાઈને કઈ રીતે ઓળખે છે? શા માટે તે ભાઈની સાથે જવાની ના પાડે છે?

૪. આ કવિતા વાંચતાં તમારા મન પર કેવી અસર થઈ? આવી બીજી કોઈ કવિતાઓ તમે વાંચી કે સાંભળી છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. આ કવિતા શા માટે લોકગીત કહેવાય છે? આ પહેલાં તમે જો કોઈ લોકગીત શીખી ગયાં હો તો તેનો ઉલ્લેખ કરો.

૬. આ સાથે 'કવળાં સાસરિયાં' નામનું લોકગીત મેળવીને વાંચજો. તેની શરૂઆત 'ગામમાં સાસરું ને ગામમાં પિયરિયું' નામની પંક્તિથી થાય છે. આવાં અનેક લોકગીતોના સંગ્રહ શ્રી મેઘાણી અને સ્વ. રણજિતરામ વાવાભાઈએ કરેલા છે. તમારી શાળાના પુસ્તકાલયમાંથી મેળવીને તે વાંચજો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

ઈશુનું બલિદાન

[તમે અનેક વાતો કે નવલકથાઓ વાંચી હશે; તેમાંના અદ્‌ભુત પ્રસંગોની તમારા મન પર ઊંડી અસર પણ થઈ હશે; પણ મોટામાં મોટી નવલકથાઓને પણ ભુલાવે એવાં દુનિયાના કેટલાક મહાન પુરુષોનાં જીવન છે. બુદ્ધ, સૉક્રેટિસ અને જિસસ ક્રાઈસ્ટથી માંડી ગેલિલિયો અને ગાંધીજી જેવા વિશ્વવંદ્ય મહાપુરુષોનાં જીવનો એટલાં તો અદ્‌ભુત છે કે તેમાંથી અનેક નવલકથાઓ લખી શકાય. જિસસ ક્રાઈસ્ટના જીવનમાંથી અહીં એક અદ્‌ભુત ઘટના ઉતારી છે. નજરોનજર જોયેલી વાત ઈશુનો કોઈ શિષ્ય કહેતો હોય એવી શૈલીમાં એ ઘટના આલેખાઈ છે. સ્વામી આનંદે એ લખી છે. 'ઈશુનું બલિદાન' નામના સ્વામી આનંદના એક નાનકડા પુસ્તકમાંથી એ પ્રસંગ લીધો છે. એ હૃદયદ્રાવક પ્રસંગ વાંચતાં કઠોર હૃદયો પણ પીગળે; અને છતાં આશ્ચર્ય તો એ છે કે જે માનવજાતને વેરઝેર ભુલાવવા, જે માનવજાતને અહિંસાનો પેગામ પહોંચાડવા ઈશુએ વધસ્તંભ ઉપર પોતાના દેહનું બલિદાન આપ્યું હતું તે માનવજાત હજુ પણ તેટલી જ જંગલી છે—હજી પણ તેટલી જ વેરઝેરમાં ડૂબેલી છે! અને ઈશુને વધસ્તંભ પર ચઢાવનારાઓએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો તેના દેહને માર્યો હતો; તેઓ તેને ઓળખતા ન હતા, તેની મહત્તા જાણતા ન હતા, પણ આજ તો ઈશુની પૂજા કરતાં કરતાં માનવજાત જે ઘોર આચરણ કરી રહી છે તેથી તો ઈશુના આત્માને પણ તેણે વધસ્તંભપર લટકાવી દીધો છે! ઈશુ જો આજે દુનિયા પર પાછો આવે તો ઝેરી ગેસ, વિમાન અને સબમરિનો દ્વારા માનવજાત એક-બીજાનો જે સંહાર કરી રહી છે તે જોઈ તેને શું થાય?]

૧

રાત્રી પડી ગઈ હતી. હું આસપાસના અવાજો સાંભળતો પર્વતશિલાની ઓથે જ બેસી રહ્યો. મેદાનની આસપાસ વિચિત્રવર્ણી ઘુવડો આમતેમ ઊડી રહ્યાં હતાં, અને તારાઓ એક પછી એક દૃષ્ટિગોચર થવા માંડ્યા હતા. આકાશ તારાઓના ઝગઝગાટથી શોભી રહ્યું હતું. હું ઊંઘી જ ગયો હોઈશ, કારણ કે અચાનક હું ચમક્યો અને ઊભો થઈ ગયો. મને લાગ્યું કે વખત બહુ વહી ગયો હતો અને હવે જરૂર કાંઈ નવાજૂની બનશે.

ઘુવડો જતાં રહ્યાં હતાં અને સર્વત્ર શાન્તિ વ્યાપી રહી હતી. દૂર દૂર ખીણની પેલી પાર મુખ્ય મંદિરનો કિલ્લો દેખાતો હતો. ત્યાં નજર જતાં સળગતી મશાલોને મેં આમથી તેમ હાલતી જોઈ. મશાલો ઘડીવાર દેખાઈ અને ઘડીમાં અદૃશ્ય થઈ અને પાછી કિલ્લાની ભીંત પાછળ દેખાઈ. થોડી વારમાં લોકો દરવાજા બહાર નીકળતા દેખાયા.

મારી પાછળ ખખડાટ સંભળાયો અને પાછો ફરી જોઉં છું તો અંધારામાં લાંબો દેખાતો ઈશુ મેં મારી સમીપ દીઠો.

'જો!' તેણે કહ્યું; 'તેઓ મને પકડવા આવે છે. ચાલો આપણે જઈએ.' અને પછી 'આ આપણો છેલ્લો મેળાપ છે,' એમ કહી તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને હૈયાસરસો ચાંપ્યો અને પર્વત ઉપરથી ઊતરવા માંડ્યું. હું ગભરાયેલો તેની પાછળ પાછળ ચાલ્યો.

પહાડની તળેટી આગળના એક બગીચામાં પીટર, જેમ્સ અને જૉન ઊંઘતા હતા. ઈશુ તેમને જોઈ રહ્યો અને બોલ્યો:

"હું બહુ ઇચ્છું છું કે તમે આરામપૂર્વક ઊંઘ્યાં જ કરો. પણ સમય ભરાઈ ગયો છે, અને જ્યુડા તદ્દન નજીકમાં છે."

અને તેણે તેમને ઉઠાડ્યા.

ઊંડી ખીણમાંથી હથિયારબંધ આદમીઓનો અવાજ આવવા માંડ્યો અને કેદરાંના ઝરણ આગળના નીચાણમાં દીવાઓ ઘડીક ઢંકાઈ ગયા. ઈશુ સાંકડી કેડી ઉપર થઈને ઊતરવા લાગ્યો અને અમે તેની પાછળ પાછળ ચાલ્યા. ઓલ્યુની ઝાડી આછી થઈ જાય છે ત્યાં તે થોભ્યો અને અમે તેની આસપાસ વીંટળાઇને ઊભા.

ઘડીમાં સામે આવતા માણસોને પગથિયાં બતાવવા ઊંચી ધરેલી મશાલો ફરીથી દેખાઈ. મશાલોના અજવાળામાં સૌથી આગળ ચાલનાર સ્પષ્ટ ઓળખાતો હતો. તે મુખ્ય મંદિરોનો કોઈ ધર્માધિકારી હોય એમ લાગતું હતું. તેની પાછળ જ જ્યુડા ઇસ્કેરિયટ હતો.

અમે તેની રાહ જોતા શાન્તિથી ઊભા હતા એ જોઈને તે અધિકારી જરાક વિસ્મયપૂર્વક થંભ્યો અને પછી જેમ્સ તરફ આવવા લાગ્યો; પણ જ્યુડા તેના કાનમાં ગણગણ્યો: 'નહિ, તેને નહિ' અને પોતે જ ઈશુની આગળ આવ્યો અને ભેટવા માગતો હોય એમ ઈશુનો હાથ પકડ્યો. ઈશુએ પોતાનો હાથ તેના હાથ ઉપર મૂક્યો અને તેની સામે એકીટશે જોઈ રહ્યો. પછી જરાક નીચા વળી તેણે જ્યુડાને ચુંબન લીધું.

'ભાઈ,' તેણે કહ્યું; 'તું જે કામ માટે આવ્યો છે તે ખુશીથી કર.'

આટલું થતામાં તો ધર્માધિકારીના લોકોનું ટોળું તેમને વીંટી વળ્યું અને તેમણે ઈશુનો કબજો લઈ તેને મજબૂત પકડ્યો. આ જોઈ પીટરની આંખ ફરી અને મોટી તલવાર કાઢી નિમેષ માત્રમાં ટોળા વચ્ચે માર્ગ કરી તે સામે આવી ઊભો. ઈશુનું મોં લેવાઈ ગયું. બળ કરીને તેણે કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પીટર, તલવાર મ્યાન કર. મેં તને નથી કહ્યું કે જે તલવારનો આશ્રય લેશે તે તલવારથી જ મરશે?'

પીટર ઝંખવાણો પડ્યો અને સ્તબ્ધ થઈ ગયો. ઈશુએ ધર્માધિકારી તરફ વળીને કહ્યું :

'કોઈ ચોરલૂંટારાને પકડવો હોય તેમ આ બધું ધાડું લઈને શા સારુ આવ્યા છો? અને આ તલવારો શી? આ ભાલાં શાં? શું હું મુખ્ય મંદિરમાં રોજ ખુલ્લી રીતે ઉપદેશ કરતો નથી? ત્યાં આટલા દિવસ મને કાં ન પકડ્યો?'

કોઈ કશો જવાબ આપી શક્યું નહિ. ઈશુ પણ કશું વધારે ન બોલતાં તેઓ સાથે પર્વત ઉપરથી નીચે ઉતરવા લાગ્યો. હું તથા પીટર ઈશુની પાછળ પાછળ ચાલ્યા. માત્ર જ્યુડા ઓલુની તળેટીના બગીચામાં પાછળ રહી ગયો.

૨

આંટણિયાના ચોગાનમાં રોમનોએ ઈશુને કોરડા મારવાનો વિધિ કરેલો. ઈશુ કિલ્લાનાં પગથિયાં ચડ્યો ત્યારે દિવસ હજી બહુ ચડ્યો નહોતો. એના અંગ ઉપર હેરડે પહેરાવેલો ઝભ્ભો એમનો એમ હતો અને એની મુદ્રા અતિ ત્રાસથી ત્રાસેલી છતાં જેવી ને તેવી શાંત હતી.

ચોગાનમાં આવી લાગતાં જ નાયક, ઈશુને સિપાઈઓના હાથમાં મૂકી આગળની તૈયારીને સારુ ગયો, કારણ કેદીની ગુનાપાટી અને ક્રૂસના થાંભલાં હજી તૈયાર કરવાના હતા. વળી બીજા પણ ગુનેગારોને ઈશુની સાથે જ ક્રૂસ ઉપર ચડાવવાના હતા એવી વાત હતી.

ઈશુને લાવનાર ટુકડી કિલ્લામાં આવીને થોભી તે સાથે જ બરાકોમાંના સિપાઇઓ ચોમેરથી તેમની આસપાસ ફરી વળ્યા અને પોતાના સોબતીઓને શહેરમાંની ધાંધલના સમાચાર પૂછવા લાગ્યા :

'કંઈ જબરી ગરબડ છે શું? આ યહૂદ્દડાંઓ રોજ રોજ કંઈ ને કંઈ તૂત ઊભું કરે છે. આ વખતે પોતાનો રાજા ઊભો કર્યો છે કેમ? પકડી પકડીને ક્રૂસ ઉપર ચડાવવા માંડો ને!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખા જ્યુડિયામાં પાઇલેટ પાસે ફક્ત બે વર્ણસંકર પલટનો હતી. સિપાહીઓમાં એક કોમ જેવું કશું જ નહોતું, પણ પોતાના તાબાના મુલકના લોકો પ્રત્યેનો તિરસ્કાર તેમનામાં એકસરખો હતો.

ઈશુ તેમના ટોળા વચ્ચે એકલોઅટૂલો ઊભો હતો. એકાએક એક પહાડી જેવા કદાવર સિપાહીએ તેને બાવડું ઝાલીને હડદોળ્યો :

'આ ભાઈસાબ જ બધી ધાંધળનું મૂળ છે ને? ખશકૂલાં લોકનો ખશકૂલો રાજા! એના દેદાર તો જુઓ મલોખાંની સાંઢણી જેવાં!' એક સિપાહીના અંગ ઉપરથી તેણે લાલ લશ્કરી ડગલો ખેંચ્યો ને તે ઈશુ ફરતો વીંટાળી ખડખડાટ હસ્યો :

'ભલી બની! હવે ખાસ્સો રાજા બન્યો ખરો!'

સૌ ખડખડાટ હસવા લાગ્યા. એટલામાં બીજો એક બોલી ઊઠ્યો :

'પણ એનું સિંહાસન ક્યાં છે?'

નજીકની દીવાલ આગળ એક મોટા સંગેમરમરના થાંભલાનો ભાંગેલ ટુકડો પડ્યો હતો. તે પર નજર પડતાં થોડા જણ ધસ્યા ને એને રોડવીને આગળ લઈ આવ્યા. પછી એને એક છેડા ઉપર ઊભો કરી તેમણે ઈશુને તે પર બેસવા કહ્યું.

પેલો પહાડી, મનમાં કંઈ આવ્યું હોય તેમ વળી દોડ્યો અને નજીકના રસોડા આગળ દેવતા સળગાવવા સારુ ઝાંખરાનો ભારો પડ્યો હતો તેની બે હાથ ભરીને ભારી લઈ આવ્યો. જોતજોતામાં એ તીણાં કાંટાવાળાં ઝાંખરાંનો એણે મુગટ બનાવ્યો અને ઈશુના માથા ઉપર ભાર દઈને બેસાડ્યો. પછી એ પશુની સરદારી હેઠળ બધા સિપાહીઓ ઘૂંટણિયે પડી ઈશુને જૂઠી કુર્નિશ બજાવવા લાગ્યા :

'નિગાહ રખ્ખીએ યહૂદીઓના અધિરાજ!'

ઈશુ ખામોશ હતો. માથા પર ઠેકઠેકાણે કાંટા ભોંકાયા હતા ત્યાંથી લોહી ચાલ્યું અને ગાલ, કપાળ અને ડોક પર તેના રેલા ઊતર્યા; પણ એણે ઊંકારો સરખો ન કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં પેલો નાયક આ રસ્તે નીકળ્યો. એની સાથે હાથમાં લાંબો લાકડાનો ગજ લીધેલો સુતાર હતો. તેઓ થાંભલાઓનાં માપ લઈ રહ્યા હતા. બાપ છોકરાઓની રમતને નિહાળી રહે તેમ નાયક આ લોકની રમત સામું ઘડીવાર જોઈ રહ્યો અને બોલ્યો:

'રાજદંડ વિના તમારી રમત અધૂરી છે.'

આટલું કહી સુતારના હાથમાંનો ગજ લઈને એણે ઈશુના હાથમાં ગોઠવી દીધો. ઈશુએ માથું નમાવ્યું અને તેનો ઉપકાર માન્યો. પેલો આભો બન્યો અને પાછો પડ્યો અને સિપાહીઓ પણ તેમની જંગલી રમતમાં અટક્યા. લશ્કરી ડગલામાં વીંટાયલો ઈશુ ચોમેર નજર ફેરવતો ટટ્ટાર બેસી રહ્યો હતો. એની ત્રાસેલી છતાં વીર મુદ્રામાં એવી તો નિખાલસતા વરસી રહી હતી કે આ રીઢા સિપાહીઓનાં અંતઃકરણ પણ ભેદાયાં ને તેઓ રસ્તો ભૂલ્યા હોય તેમ ચૂપ થઈ ગયા. નાયક પણ વધુ મશ્કરીમાં ન ઊતરતાં બોલ્યો:

'બસ એટલું, છોકરાઓ! હવે કોરડાનું કરો. પેલા બીજાઓને પણ હું છોડું છું. પતાવીએ જલદી.'

આમ કહી તે ગયો, અને ઈશુના હવાલદારોએ તેના પરથી લાલ ડગલો ઉતારી લીધો. પછી તેમણે ઈશુનાં કપડાં ઉતારી થાંભલાં પર મૂક્યાં અને માત્ર એક લંગોટીભેર ઊભો રાખ્યો. એટલામાં નાયક પેલા બીજા બે કેદીઓ જોડે આવી પહોંચ્યો. તેમાંનો એક ખૂબ તોફાન કરી રહ્યો હતો અને સામો થતો હતો. સિપાઈઓને તેને ઘસડવો પડતો હતો. તેનાં કપડાં ઉતારવા માંડ્યાં ત્યારે પણ તેણે બચકાં ભરવા માંડ્યાં અને ઘણાએ મળીને તેને ઝાલી રાખવો પડ્યો. બીજો હતો તે ગરીબ જણાયો. કંઈ પણ બોલ્યા વગર તે ઈશુની બાજુએ પોતાની જગાએ જઈને ઊભો રહ્યો અને કશા ધમપછાડા વગર પોતાનાં કપડાં ઉતારવા દીધાં. એનાં ચીંથરાં સિપાહીઓએ ઉતાર્યાં ત્યારે તેનું ભૂખથી તવાઈ ગયેલું શરીર ઉઘાડું પડ્યું. એની એકેએક પાંસળી બહાર આવી હતી. અંતે ઠપકાભરી આંખે સિપાહીઓને ઉદ્દેશીને તે અચાનક બોલી ઊઠ્યો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ભૂખના માર્યો મેં ચોરી કરી એટલા ગુના સારુ શું તમે મને ક્રૂસ ઉપર ચડાવશો?'

સિપાઈઓ ઝંખવાણા પડી ગયા. અંતે એક જણ ભવાં સંકોચીને બોલ્યો:

'અમે શું કરીએ? અમારે તો હુકમ થાય તે પાળવો રહ્યો.'

કેદી ચૂપ રહ્યો; પણ જ્યારે સામેના બરાકમાંથી એક સિપાહીને લાંબો ચામડાની વાઘરીઓનો ગૂંથેલો અને દરેક શેડમાં જસતના કાંટા જડેલો કોરડો લઈને આવતો જોયો ત્યારે તેની આંખના મોતિયા મરી ગયા અને એનું નર્યું હાડપિંજર શરીર ડરથી કોકડું વળી ગયું.

'ઓ બાપ રે, આ મારાથી નહિ ખમાય, નહિ ખમાય!' એ બોલી ઊઠ્યો.

ઈશુએ હળવે રહી તેના ખભા પર હાથ મૂક્યો અને કહ્યું:

'ભાઈ, બધી દુનિયાનાં દુઃખની આ વાનગી છે; મન મજબૂત રાખીને આપણે ભોગવી લેવી રહી, પ્રભુને નામે.'

પેલા માણસે આ મધુર અવાજ સાંભળ્યો અને વિસ્મયપૂર્વક પાછળ ફરીને જોયું તો ઈશુનો અતિ થાકેલો, લોહીલોહાણ ચહેરો.

તેની આંખમાં તત્ક્ષણ આંસુ ઊભરાયાં અને તે બોલ્યો:

'તારે માથે પણ ઘણી વીતી લાગે છે, ભાઈ.'

પણ પેલો બીજો તો ઈશુ સામો તાડૂકી ઊઠ્યો:

'તું મોટો ચમરબંધી થઈને આવ્યો છે ને? મોટો રાજા થવા નીકળેલો તે તું જ કે ની? તને તો જરૂર ક્રૂસ ઉપર ચડાવવો જોઈએ, પણ અમે શાં રાજ લૂંટી લીધાં છે?'

આ બધી ગડબડથી નાયક છેડાયો અને પેલાને એકદમ જીભડી બંધ કરવા ફરમાવી, કેદીઓને તાબડતોબ અંદરના વાડામાં લઈ જઈ કોરડા મારવાનું કામ પૂરું કરવા સિપાહીઓને હુકમ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

મારું હૈયું બહેર મારી ગયું હતું તે એકાએક સચેત થયું અને જાણે મને ફરી ભાન આવ્યું. એક દિવસમાં શા શા ચમત્કાર! થોડા જ કલાકમાં ઈશુ ક્રૂસ ઉપર પ્રાણ આપશે અને જ્યુડા પણ મરણનું ભાતું બાંધી રહ્યો હતો!

પણ મારો આત્મા એક જ પોકાર કરી ઊઠ્યો: 'ઈશુ ક્યાં છે?' અને હું વળી પાછો કિલ્લાનાં પગથિયાં ચડીને આંટણિયાના ચોગાન તરફ દોડ્યો.

સિપાહીઓને મેં ઈશુને અંદરના વાડામાંથી બહાર આણતા જોયા. તેમણે એનાં કપડાં પાછાં પહેરાવ્યાં હતાં અને બે જણે એને બાવડેથી ઝાલી રાખ્યો હતો. મુશ્કેલીથી એનાથી ચાલી શકાતું હતું. એના ગળામાં ગુનાપાટી લટકાવવામાં આવી હતી અને તેમાં મોટામોટા અક્ષરે લખ્યું હતું: '**નાઝરથનો ઈશુ: યહૂદીઓનો રાજા.**'

પાછળ પેલા બે ચોરને લાવવામાં આવ્યા. તેમને માર કાંઈક હળવો પડ્યો હશે, કારણ તેઓ પોતાની મેળે ચાલી શકતા હતા. એમનાં ગળામાં પણ ગુનાપાટીઓ લટકતી હતી. તેમાં તેમનાં નામ ગેમા તેમજ દીમા અને તેમના ગુના લખ્યા હતા. ચોગાન વચ્ચે સુતાર ખીલા, હથોડી અને એક નિસરણી સાથે તૈયાર ઊભો હતો. ત્રણ તોલદાર લાકડાના થાંભલા જમીન પર પડ્યા હતા. એક બાજુએ થોડાક ગામડિયા જેવા લોક ઊભા રહ્યા હતા. નાયકે પેલા ચોરોના થાંભલા ઉપાડનાર 'કોઈ સગુંવહાલું છે?' એવી બૂમ પાડતાં તેમાંથી બે જણ આગળ આવ્યા અને ગેમા અને દીમાના ક્રૂસ તેમણે ઉપાડી પીઠ પર લીધા. ઈશુનો ક્રૂસ ઉપાડનાર કોઈ ન હતું. મને ઉપાડવા દેવા નાયક તૈયાર ન હતો, કારણ હું અમીર કુળનો અને એણે મને પાઈ-લેટની જોડે ભાળેલો. તેથી ઈશુએ એક સિપાહીનો ટેકો લઈ પોતાના પગ ઠેરવ્યા અને બીજાઓએ એની પીઠ પર, જ્યાં એની કોરડાથી ફાટેલી ચામડી કપડાં તળે ઢંકાયેલી હતી ત્યાં ક્રૂસનો વજનદાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાંભલો ગોઠવ્યો. પછી સિપાહીઓની ટુકડી કેદીઓની આગળપાછળ વહેંચાઈ ગઈ; સુતાર પણ પોતાની નિસરણી તથા ખીલા લઈ પાછળ ચાલ્યો; અને એમ આખું સરઘસ કિલ્લા નીચે ઊતરી ગલગોથાની ટેકરીને રસ્તે ચાલ્યું.

કિલ્લા નીચે ઊભેલા તમાશગીરોનું ટોળું પણ નજીક આવ્યું અને પાછળપાછળ ચાલ્યું. બુરખા ઓઢેલી થોડીક સ્ત્રીઓ પણ પાછળ ચાલી. તોફાની ગેમા સૌથી આગળ હતો અને પોતે મરણથી બિલકુલ ડરતો નથી એવી લવારી કરતો જતો હતો, પણ દીમા, જે ઈશુની પાછળ સૌ છેલ્લો ચાલતો હતો, તે કશું બોલતો ન હતો. એની આંખ એકસરખી ઈશુ પર ઠરી રહી હતી. સૂર્યનારાયણ સોળે કળાએ તપી રહ્યા હતા. ઈશુના મોં પર પરસેવાની નીકો ચાલી અને ક્રૂસના ભાર નીચે ઘડી ઘડી એનું શરીર લથડતું હતું. સિપાહીઓ પણ ત્રાસેલા જણાતા હતા અને ફરજિયાત રીતે નાખુશીથી જતા હોય તેમ મૂગે મોઢે ચાલતા હતા.

ટોળું થોડે દૂર ગયું નહિ હોય એટલામાં ઈશુ ઠોકર ખાઈને લથડ્યો અને જેમતેમ બચ્યો. દીમા વ્યાકુળ સ્વરે પોકારી ઊઠ્યો: 'એનાથી ક્યાં ઊપડે છે?' કોઈએ એને ઠપકો આપ્યો નહિ. પણ નાયકે ટુકડી ઊભી રાખી અને જાતે થાંભલો ઈશુની પીઠ પર બરાબર ગોઠવ્યો. ઈશુએ એનો આભાર માન્યો ને ટોળું વળી આગળ ચાલ્યું.

પણ થોડાંક કદમ જ સૌ આગળ ગયા હશે એટલામાં ઈશુ તમ્મર ખાઈને પડ્યો.

વળી દીમા રડી ઊઠ્યો: 'અરે! એનામાં કાંઈ જ રહ્યું નથી એટલું પણ તમે લોક ભાળતા નથી?' આ ફેરે પણ કોઈએ એને વદ્યું નહિ, પણ સિપાહીઓ આપોઆપ અટક્યા અને નાયક તથા એક સિપાહીએ મળીને ઈશુના શરીર પરથી તોલદાર થાંભલો ખસેડ્યો ને એને બેઠો કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળ આવનારી સ્ત્રીઓ રડતી હતી. તેમાંની એકે પોતાનો બુરખો કાઢ્યો અને એક ભિસ્તી બાજુ પર જોતો ઊભો રહ્યો હતો તેની મસકના મોં આગળ ધર્યો. એ ભીના બુરખાથી તેણે ઈશુનો પરસેવાથી રેબ-ઝેબ થઈ રહેલો સુકાયેલા લોહીવાળો ચહેરો લૂછ્યો અને પોતાના પાલવ વડે પવન નાખવા લાગી. થોડી વારે ઈશુએ આંખ ઉઘાડી અને એના શાંત કરુણ ચહેરા પર આભારનું સ્મિત ફરક્યું. આ દેખાવ જોઈ સ્ત્રીઓ હૈયાફાટ રડી ઊઠી અને ડૂસકાં મૂકીમૂકી છાતી કૂટવા લાગી.

ઈશુએ નાયક સામું જોઈ કહ્યું: 'મારો આત્મા રાજી છે, પણ આ માટીનો દેહ દુર્બળ છે.' પછી સ્ત્રીઓ તરફ ફર્યો અને બોલ્યો: 'હે જેરુસલેમની સ્ત્રીઓ, મારે સારુ રડો મા; તમારા પોતાના સારુ રડો ને તમારી ઓલાદને સારુ રડો. એક એવો પણ જમાનો આવશે, જ્યારે જે વાંઝિયાં હશે ને જેને ઓલાદ નહિ હોય તે જ સુખી ગણાશે. દુનિયાની જે નાસ્તિકતા આજે મારો જીવ લઈ રહી છે તેનો તમારા ઉપર પણ પંજો પડશે. જેઓ તલવારના જોર પર દુનિયાનું રાજ કરવા નીકળ્યા છે તેઓ સ્ત્રીઓની ને બાળકોની પણ દયા આણવાના નથી.'

એ લથડતે પગે બળ કરીને ઊભો થયો અને નાયકે મદદને સારુ ચૉમેર નજર ફેરવી.

મારી જોડે જ બે શાકના ટોપલા લીધેલો પહાડ જેવો એક હબસી ઊભો હતો. એના રુશનાઈ જેવા ચહેરા પર અને લાલચોળ આંખોમાં દયા ઊભરાતી હતી. નાયકે તેની સામું જોતાં જ તે રાજી થઈને એકદમ આગળ આવ્યો. પણ બીજી જ ક્ષણે એની ટોપલીઓ યાદ આવતાં કંઈક સંકોચભરી દૃષ્ટિથી તે મારી સામું જોઈ રહ્યો.

તરત જ મેં તેના શાકના ટોપલા લીધા એને એણે આગળ જઈ રમકડાની પેઠે ઈશુનો ક્રૂસ ઊંચકી લીધો ને અમે સૌ જેરુસલેમની સાંકડી ગલીઓમાં થઈ દમાસ્કસ દરવાજે થઈને શહેર બહાર નીકળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– સ્વાધ્યાય –

૧. આ પાઠ વાંચ્યાની તારીખ તમારી સ્વાધ્યાયપોથીમાં લખો. અને શિક્ષકને પૂછો કે ઈશુને મરી ગયે ચોકકસ કેટલો સમય થયો.

૨. ઈશુને પયગંબર કહે છે. શા માટે ? બીજા પયગંબરોનાં નામ આપો. બધા જ પયગંબરો એશિયામાં પ્રગટ્યા છે એની ખાતરી કરો.

૩. બલિદાનનાં બીજાં જાણીતાં દષ્ટાંતો દેશપરદેશના ઇતિહાસ કે પુરાણમાંથી શોધી કાઢો.

૪. ચાલુ બનાવોમાં 'જયુડા' અને 'કાંટાળો તાજ' એ શબ્દપ્રયોગો કેવી પરિસ્થિતિમાં થાય છે એ જાણી લો.

૫. 'જે તલવારનો આશ્રય લેશે તે તલવારથી જ મરશે' ઈશુના આ ઉપદેશ જેવો ઉપદેશ બીજા કયા મહાપુરુષોએ કર્યો છે અથવા કરે છે ?

૬. ઈશુનો ધર્મ પાળનાર દેશોની યાદી કરો.

૭. ખ્રિસ્તીધર્મીઓ ઈશુના ઉપદેશને પાળતા હોય એમ છેલ્લા ઓગણીસ સૈકાના એમના ઇતિહાસ પરથી લાગે છે ? ૧૯૧૪નું મહાયુદ્ધ કોની કોની વચ્ચે થયું હતું ?

૮. સિપાહીઓએ ઈશુનું રાજ્યારોહણ ઊજવ્યું એ પ્રસંગ થોડા મિત્રો ભેળા થઈ ભજવો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

સાબરનો ગોઠિયો

[શ્રી. ઉમાશંકર જોષીની આ કવિતા છે એવું જો કોઈ તમને ન કહે તો તમે જરૂર માનો કે એ કોઈ લોકગીત છે. લોકગીતની ઢબે આટલી સચોટતાથી અસર ઉપજાવી શકે એવાં કાવ્યો આપણા કવિઓએ બહુ ઓછાં લખ્યાં છે. આ કવિતામાં ઊંચા પ્રકારનું કાવ્ય છે, અને એની ખાસ ખૂબી તો એ છે કે અજાણ લોકોથી માંડી ભણેલા વિદ્વાનો સુધી દરેકને માટે એ ઊંચા પ્રકારનો રસ નિપજાવી શકે છે, અને દરેકના હૃદયના તારને હલાવી શકે છે.

આ કવિતાનું કથાવસ્તુ બહુ સાદું છે. સાબરમતી નદીને કિનારે રહેતો ગામડાનો કોઈ ભોળો જુવાન દુકાળ પડવાની નદીથી ભેખડે ભેખડે ચાલતો નોકરીની શોધમાં રખડતો રખડતો અમદાવાદ આવી પહોંચે છે. અમદાવાદ જેવા શહેરમાં તો લહેરલહેર હશે એમ એણે કલ્પ્યું હશે. પણ અહીં આવ્યા પછી નોકરીની તલાશમાં જે રખડપટ્ટી કરવી પડી તે વસમી હતી. કંટાળી થાકીને કોઈ પીઠા પર જઈ ને પોતાના માથાના ફાળિયાના સાટામાં એકાદ પ્યાલી દારૂ ચઢાવ્યો ત્યારે કંઈક ભાન આવ્યું અને નવો ઉત્સાહ પ્રગટ્યો. કયાંક નોકરી પણ મળી આવી ને દૂરદૂરના ડુંગરાનો માણસ શહેરનાં યંત્ર પર કામે જોતરાઈ ગયો. યંત્રના ચલાવનારાઓએ શું કર્યું ? એની માલિકીનાં એનાં હાડચામને નીચોવી લીધાં, દારૂની બદીમાં ડુબાડ્યો અને કંઈ કામનો ન રહ્યો એટલે નોકરીમાંથી કાઢી નાખ્યો. એની પાસે હવે રહ્યું હતું શું ? જીવવું શેની ઉપર ? પાસે એક ગળા પરનું માદળિયું હતું. એટલું યે વેચીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લાં બે ટીપાં દારૂનાં પી લીધાં. અને ક્યાંઈ કશો આધાર ન રહ્યો એટલે ઠેઠ બચપણથી જેની જોડે દોસ્તી હતી અને જેને આધારે આધારે અહીં આવ્યો હતો તે સાબર સાંભરી આવી. સાબરનાં ચડતાં પાણીને એણે પોતાના ડુંગરા માટે સંદેશો આપ્યો કે 'ડુંગરા, એવું તો પાણી મોકલજો, કુવેલડી (કાયલ), એવું તો રોજો કે આ ભૂંગળાંની ટોચો ડૂબી જાય.' એટલું કહીને પાણીમાં ખંખોળિયું ખાધું અને બહાર નીકળ્યો જ નહિ...સાબર તો જરીક સવળાટ કરીને જાણે કંઈ જ બન્યું ન હોય એમ એને રસ્તે ચાલી ગઈ. ઓછી જ એનો સંદેશો આપવા પાછી જવાની હતી?]

* * *

મારી સાબરને કાંઠડે રમતો રાજ, વનરા તે વનનો વણઝારો.
કાંઈ ઊંચેરી ભેખડનો મોરલો રાજ, વનરા તે વનનો વણઝારો.
એને ડુંગરડે રમણે જાતો રાજ, વનરા તે વનનો વણઝારો.
કાંઈ કાળી કુવેલડી પજવે રાજ, વનરા તે વનનો વણઝારો.
બબે પાવા બજાવતો ડોલે રાજ, વનરા તે વનનો વણઝારો.
છોડી સાબરનો છોટેરો ગોઠિયો રાજ, વનરા તે વનનો વણઝારો.

એક ઉનાળે મેવલિયો રૂઠ્યો રાજ, વનરા તે વનનો વણઝારો.
કાંઈ સાબરનાં ધાવણ સૂકાયાં રાજ, વનરા તે વનનો વણઝારો.
ઊંચા ડુંગરને કીધી સલામો રાજ, વનરા તે વનનો વણઝારો.
એક ટહુકો લીધો ને દીધો રાજ, વનરા તે વનનો વણઝારો.

કાંઈ નદીએ નદીએ ઊતર્યો રાજ, વનરા તે વનનો વણઝારો.
કાંઈ ગામડે ને કસબે રખડ્યો રાજ, વનરા તે વનનો વણઝારો.
ક્યાંઈ સાબરનો પાલવ ના મેલ્યો રાજ, વનરા તે વનનો વણઝારો.
ઠેઠ અમદા તે વાદ જઈ થંભ્યો રાજ, વનરા તે વનનો વણઝારો.

આંહીં શહેરની તે લ્હેર્યો શી કહેવી રાજ, વનરા તે વનનો વણઝારો.
કાંઈ ગલીએ ગલીએ ઘૂમ્યો રાજ, વનરા તે વનનો વણઝારો.
કાંઈ શેરીએ ને ડેરીએ રવડ્યો રાજ, વનરા તે વનનો વણઝારો.
કાંઈ ભૂંગળે ભૂંગળે ભટક્યો રાજ, વનરા તે વનનો વણઝારો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યાંક પ્રહેર્યાની પાઘડી આલી રાજ, વનરા તે વનનો વણઝારો.
કાંઈ વીરા કલાલી એક પ્યાલી હો રાજ, વનરા તે વનનો વણઝારો.
પૂર સાબરનાં બાવડે દોડ્યાં રાજ, વનરા તે વનનો વણઝારો.
ક્યાંક જંતરમાં જીવ જોતરાણો રાજ, વનરા તે વનનો વણઝારો.

એનાં ઓઢ્યાનાં હાડચામ દોહ્યાં રાજ, વનરા તે વનનો વણઝારો.
એને ચીપિયે ચીપિયે ચૂંટ્યો રાજ, વનરા તે વનનો વણઝારો,
એને નાની શી પ્યાલીમાં ડૂબાવ્યો રાજ, વનરા તે વનનો વણઝારો.
એને નીચોવી બા'રો ફગવિયો રાજ, વનરા તે વનનો વણઝારો.

ફરી હાટડિયે વાટડિયે રખડ્યો રાજ, વનરા તે વનનો વણઝારો.
કાંઈ ગલીએ બંગલીએ ઘૂમ્યો રાજ, વનરા તે વનનો વણઝારો.
બધી શેરીએ ને ડેરીએ રવડ્યો રાજ, વનરા તે વનનો વણઝારો.
કાંઈ ભૂંગળે ભૂંગળે ભટક્યો રાજ, વનરા તે વનનો વણઝારો.

ક્યાંક કોટનું માદળિયું આલ્યું રાજ, વનરા તે વનનો વણઝારો.
એક છેવાડું પાવળું ઢીંચ્યું રાજ, વનરા તે વનનો વણઝારો.
જઈ સાબરને વીનવી કીધું રાજ, વનરા તે વનનો વણઝારો.
એક છોરુની આટલીક અરજી રાજ, વનરા તે વનનો વણઝારો.

મારા ડુંગરને એટલું કહેજો રાજ, વનરા તે વનનો વણઝારો.
મારા ડુંગરડા એવું તો દૂઝો રાજ, વનરા તે વનનો વણઝારો.
મારી કુવેલડી એવું તે રોજો રાજ, વનરા તે વનનો વણઝારો.
ભૂંડાં ભૂંગળાંની ડૂબે ટોચો રાજ, વનરા તે વનનો વણઝારો.
માડી સાબર સદાય તારે ખોળે રાજ, વનરા તે વનનો વણઝારો.
એમ કહીને ખંખોળિયું ખાધું રાજ, વનરા તે વનનો વણઝારો.

જરી સાબર સવળીને વળી દોડી રાજ, વનરા તે વનનો વણઝારો.
ભૂંડા, નદીઓ વળતી તે હશે પાછી શે રાજ, વનરા તે વનનો વણઝારો.
કાંઈ છેટા છેટા રહ્યા ડુંગરા રાજ, વનરા તે વનનો વણઝારો.
છેટી છેટી કુવેલડી રે ગૈ રાજ, વનરા તે વનનો વણઝારો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– સ્વાધ્યાય –

૧. 'સાબરનો ગોઠિયો' નાનપણમાં કેવો હતો ને શું કરતો હતો? છેવટ એની શી દશા થઈ?

૨. અમદાવાદ પહોંચતાં પહેલાં એને શહેર વિશે શો ખ્યાલ હશે? પહોંચ્યા પછી શું થયું?

૩. શહેરમાં મજૂરી કર્યા પછી એના શા હાલ થયા?

૪. પોતાના ગોઠિયાની વાત જાણે સાબરમતી નદી તમને કહેતી હોય એ રીતે લખો.

૫. આવી બીજી વાતો સાંભળી હોય કે વાંચી હોય તો ટૂંકમાં લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

યુંગ ફ્રાઉ–૧

['યુંગ ફ્રાઉ'નો અર્થ કિશોરી કે નવયૌવના થાય છે. એ નામ આલ્પ્સના એક અતિ સુન્દર શિખરને કેવું સરસ રીતે શોભે છે તે એ શિખરના પ્રકૃતિ-સૌન્દર્ય જેવી નાજુકતાથી લખાયેલ શ્રીમતી શાન્તા-બહેન ત્રિવેદીના આ લેખ ઉપરથી તમે જોઈ શકશો. શ્રીમતી શાન્તા-બહેનનાં અપ્રકટ લખાણમાંથી એ લીધો છે. એ વાંચતાં શ્રી કાકા-સાહેબ કાલેલકરનાં પ્રવાસવર્ણનો અને પંડિત જવાહર નેહરુની આત્મ-કથામાંથી 'હિમાલયમાં એક સાહસ' જે તમે અગાઉ વાંચી ગયાં છો તે જરૂર તમને યાદ આવશે.]

* * *

પૅરિસથી રાતની ટ્રેનમાં નીકળી બીજે દિવસે સવારે લગભગ દસ વાગે અમે લ્યુસર્ન પહોંચ્યાં. સ્ટેશનમાંથી બહાર નીકળતાં જ મારી નજર દૂર દૂર દેખાતાં આલ્પ્સનાં બરફથી છવાયેલાં શિખરો પર પડી. એ જોતાં હું તો ઠરી જ ગઈ. એ ગૌરવભર્યાં, સૌમ્ય, અને દૂધ જેવાં ધોળાં 'સ્નો'–(હિમ) થી છવાયેલાં શિખરોએ એવી જ પવિત્ર અને અગમ્ય એવી શાન્તિની લાગણી મારામાં જગાડી. પણ યુગોથી જાણે સમાધિમાં બેઠા હોય એવા એ હિમથરોના સૌંદર્યથી મુગ્ધ બની મારાથી થોડું જ ત્યાં તેમની જેમ ઠરી જઈ ચિરકાળ સુધી ઊભા રહેવાનું હતું? અમે આગળ ચાલ્યાં. થોડેક દૂર ગયાં હઈશું ત્યાં ટૅક્સી આવી પહોંચતાં અમે સૌ તેમાં બેઠાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટૅક્સીનો પંખો ઘુર્‌ર્‌ર્‌ અવાજ કરતો શરૂ થયો, અને ક્ષણ પહેલાં જે દૈવી શાન્તિ હું માણી રહી હતી તેના રંગમાં ભંગ પડ્યો ત્યારે મને થયું કે વૈજ્ઞાનિક શોધખોળને પરિણામે ઊપજેલાં કહેવાતા સુખ માટેનાં મોટર, ટ્રામ, બસ, રેલ્વે, ઍરોપ્લેન આદિ સાધનો પીંજણથી જેમ રૂ પીંજાય છે તેમ માણસના મનની શાન્તિને પીંજી નાંખે છે? પણ ના, મારી આ ઊપમા સાચી ન હતી. પીંજાયેલા રૂનો તો સદુપયોગ થાય છે; તેમાંથી તો પૂણી બને, સૂતર બને, વસ્ત્રો બને; પણ આ યંત્રોરૂપી પીંજણે માણસની શાન્તિને પીંજી નાખી તેને જે રીતે વિરૂપ કરી છે તેમાંથી તો કશું યે નહિ થઈ શકે.

પણ મારી આ વિચારસરણી પૂરી થાય તે પહેલાં તો અમે અમારી હૉટેલ 'પેન્શન ફાલ્સર્ગ' જઈ પહોંચ્યાં. લગભગ સાઠથી સિત્તેર ફૂટની ઊંચાઈએ એ હૉટેલ હતી. તેમાં અમને જે રૂમો મળી હતી તે દમામભરેલી હતી; પણ એથી યે ભવ્ય હતો રૂમની પાછળ અટારીએથી દેખાતો દેખાવ. કારણ અમારી હૉટેલથી લગભગ ૧૦૦–૧૨૫ ફૂટ દૂર લ્યુસર્નનું ભૂરા પાણીવાળું ને હરિયાળા કિનારાવાળું સરોવર હતું. આ તળાવની પેલી બાજુએ વનશ્રીથી ભરચક્ક નાના નાના ડુંગરાઓ ને પર્વતોની પાછળ દૂર ધોળા સ્નોથી છવાયેલાં 'જલધિ-જલના અગણિત તરંગ' જેવાં આલ્પ્સનાં ઊંચાંનીચાં રીગી વગેરે શિખરો સ્થિતપ્રજ્ઞ માનવીની જેમ સોહી રહ્યાં હતાં. ઘડીભર આવે સ્થળે—આવી વિવિધતા, સૌંદર્ય અને સર્જકતાના ભંડારરૂપ ખોળે—જેનામાં કવિતા ન હોય એટલું જ નાહ પણ જે સાવ શુષ્ક અને અરસિક હોય તેનામાં પણ કવિતા જન્મે, અને તેને પણ કવિઓને જે અપૂર્વ આનંદ તેમની કલ્પનાસૃષ્ટિમાંથી મળતો હશે તે મળે છે.

મને એ જોઈને એક જ વિચાર આવ્યા કરતો હતો: કેવી રીતે દોડીને પેલાં આલ્પ્સનાં શિખરોએ પહોંચી જાઉં! હિમના ગોળા કરી ચૉમેર મન ફાવે તેમ ફેંકું! ત્યાં પડી પડી દુનિયાને ઘડીભર ભૂલી જાઉં અને અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થે 'ડેફોડિલ્સ'ની કવિતામાં લખ્યું હતું તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્યમનસ્ક કે વિચારમગ્ન સ્થિતિમાં ત્યાં પડી જ રહું! આમ ને આમ વિચારમાં ઘડીભર તો મને એમ પણ થયું કે મને જાણે કે પાંખો જેવા પગ ઊગવા માંડ્યા છે પણ ત્યાં તો હૉટેલના જે ઉતારુઓ ફરીને પાછા ગેલ કરતા આવતા હતા તેમની વાતોના તડાકા અને ઠઠ્ઠા-વિનોદથી ભાનમાં આવી કે આ તો એક દિવાસ્વપ્ન જ હતું! પછી ઈશ્વર પર ખૂબ ચિડાઈ: થયું કે ઈશ્વરે એક મહાન અન્યાય માનવ-જાત પર કર્યો છે; નહિ તો માણસ જેમ જમીન પર એક પછી એક પગ મૂકી ચાલી શકે છે તેમ હવામાં પણ કેમ ન ચાલે? જ્યારે એણે આલ્પ્સ ને હિમાલય જેવા મહાન પર્વતો કર્યા ત્યારે વિચાર કર્યો જ હશે ને કે એ ચઢવા માટે વ્યવસ્થા કરું!

વાતવાતમાં આમ આઠ દિવસ તો પસાર પણ થઈ ગયા, અને તે કેમ અને ક્યારે ગયા તેની ખબરે ય ન પડી! અને જ્યારે સલામ-વાલેકુમ કરવાની ઘડી આવી પહોંચી ત્યારે માતા પાસેથી ઝૂંટવી લેવાતાં બાળકના જેવી મારી સ્થિતિ થઈ. એ સ્નેહાળ પ્રકૃતિમાતાનો પાલવ મારે છોડવો ન હતો, પણ આ દુનિયામાં આપણું ધારેલું હંમેશ થોડું જ થાય છે?

ત્યાંથી નીકળી અમે 'ઈન્ટર લાકન' ગયાં. સ્વિટ્ઝર્લાંડનું સુન્દર ગણાતું એ એક બીજું સ્થળ હતું. અમારી હૉટેલનું નામ 'લ્યુ પોં' હતું. નામમાં જેવી પહોળા ઉચ્ચારથી વિચિત્ર લાગણી અનુભવાય છે, તેવી જ ઘરમાં પેસતાં અનુભવી. એકનો એક વિચાર જ મનમાં ઘોળાયા કર્યો કે ક્યાં લ્યુસર્ન સરોવર ને આલ્પ્સનાં હિમાચ્છાદિત ભવ્ય શિખરો ને ક્યાં આ આડુંઅવળું નાનુંસૂનું કોટડી જેવું શહેર ને તેનાં કાળાં વહેંતિયાં મકાનો! એ વિચારે મને અશાન્ત બનાવી મૂકી. ફરીથી એ દૈવી મિત્રોની હૂંફમાં દોડી જવા જાણે મને ઝનૂન ચઢી રહ્યું હોય એવો મારા પ્રાણમાં તરવરાટ થઈ રહ્યો! એટલામાં રીત પ્રમાણે વેઈટર અમારી રૂમની ચાવીઓ ને લગેજ મૂકી ગયો. રૂમ નાની પણ સ્વચ્છ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સુઘડ હતી. એક બારી હજી બંધ હતી, એ બારી મેં ઉઘાડી ને સામે જોઉં છું તો આલ્પ્સનાં જ યુંગ ફ્રાઉ વગેરે હિમરૂપી ધોળાં વસ્ત્રોથી સજ્જ એવાં શિખરો સામાન્ય પહાડો વચ્ચેથી ડોકિયાં કરી જાણે કે કોઈ શૂચિ સુન્દર કુમારિકા સ્નેહભર્યું મંગળ સ્વાગત કરી રહી હોય એવાં અને મને તે ભૂલ્યાં નથી એવું જાણે સાન્ત્વન આપતાં હોય એમ નજરે પડ્યાં.

પછી તો થાકી ગયેલાં હોવાથી ચાપાણી પી જરા આરામ લઈ જમવાનો ઘંટ સાંભળતાં અમે જમવા ગયાં. જમીને આરામથી સ્મોકીંગ રૂમમાં બેઠાં ત્યાં થોમસ કૂકની કંપનીનો માણસ, જે આવા પરદેશોમાં ટુરીસ્ટો(મુસાફરો)ને જોવાલાયક સ્થળોએ જરૂરી સગવડ કરી આપે છે તે આવ્યો. તેણે કહ્યું કે આલ્પ્સનું એક યુંગ ફ્રાઉ નામનું શિખર જે લગભગ ૧૧૦૦૦ ફૂટ ઊંચું છે ત્યાં માઉન્ટન ઇલેક્ટ્રીક રેલ્વેમાં જઈ શકાય છે. બધાંને તો આ ખોટા મહિમારૂપ લાગ્યું ને મને પણ સાંભળતાં હોંસ થઈ કે હાશ! લ્યુસર્નની આશા ફળીભૂત થશે ! પણ એટલામાં પેલી ઇલેક્ટ્રીક રેલ્વે મન સમક્ષ ખડી થઈને ઘડીભર નિશ્વાસ નંખાઈ ગયો કે અરેરે ! છેવટે કુદરતને ખોળે યાંત્રિક વસ્તુમાં જવું ! પણ મન મનાવ્યું કે કંઈ નહિ—હિમાલય ચઢીએ ત્યારની વાત ત્યારે—અત્યારે તો આ તક ન જ ગુમાવવી.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

યુંગ ક્રાઉ–ર

અમારા ગાઇડ (ભોમિયા) પાસેથી યુંગ ક્રાઉ જવાને લગતી ઘણી-ખરી વિગતો અમે જાણી લીધી. સવારે આઠ વાગે નીકળી રાતે આઠ વાગે પાછા વળવાનું હતું. એક સાથે લગભગ પંચોતેર માણસની પાર્ટી જવાની હતી. જવાનું ભાડું માણસદીઠ ૪૧ સ્વીસ ફ્રાંક હતું.

જે પાર્ટી જવાની હતી તેમાં અમે પણ ભળ્યાં. જે માઉન્ટન રેલ્વે દ્વારા અમે ઉપર જવાનાં હતાં તેને બાંધતાં લાખો માણસોએ ત્રીસ વર્ષ સુધી દિવસ–રાત કામ કર્યું હતું અને અબજો રૂપિયાનો ખરચ થયો હતો. અમારી ટ્રેનને ત્રણ ડબ્બા હતા. માથેરાન જતાં જેવી નાની સીટોવાળી ટ્રેન હોય છે તેવી જ તે લાકડાંની હતી. ધીરે ધીરે ગાડીએ માંડ્યું ચઢવા, ને આસપાસની દુનિયા જાણે જવા માંડી નીચે ને નીચે. ઘડીમાં આમ જોઈએ, ને ઘડીમાં તેમ જોઈએ, ઉપર જોઈએ ને નીચે જોઈએ. નીચેનાં ઝાડો નાનાં ને નાનાં થતાં જાય, ને ઉપરનાં નજીક ને નજીક આવતાં જાય. નીચે વનનાં જાનવરો નાનાં નાનાં કુરકુરિયાં જેવાં દેખાતાં હતાં તે જોતાં ખૂબ મઝા પડી. દૂરથી પણ અવાજ સાંભળી શકે તેવા તેમના કાન સરવા હોય છે એમ ગાઇડે કહ્યું એટલે અમે પછી શાનાં છાનાં બેસીએ? દમ ભીડીને અમે અમારા ગળાની શક્તિની હરીફાઈ શરૂ કરી દીધી અને બૂમાબૂમ મચાવી મૂકી. ને કોણ જાણે પવનના અવાજથી કે કોણ જાણે કેમ—ખરેખર! એમાંનું એક ખસ્યું કે દોડ્યું એટલે અમે તો અમારા અવાજના જોર ઉપર આફરીન થઈ જઈ મનમાં ને મનમાં ખૂબ ફુલાયાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ કરતાં કરતાં છેક શિખર પર જઈ પહોંચ્યાં. ત્યાંનું અલૌકિક દૃશ્ય ! ત્યાંનું અપૂર્વ સૌંદર્ય ! ત્યાંનું અદ્‌ભુત વાતાવરણ ! અને એ બધાંથી થતો પરમ આનંદ ! દુનિયાના મોટામાં મોટા કવિ અને મોટામાં મોટા ચિત્રકાર પણ તેને પોતાની લેખિની કે પીંછી વડે વર્ણવી કે ચીતરી શકે ખરા ? અમૃતના ઘૂંટડા પીનાર અમૃતનું ગમે તેટલું સુન્દર વર્ણન કરે તો પણ જેણે અમૃત નથી પીધું તેને તેનો સ્વાદ સમજાય ખરો ? ઈશ્વર જેવા મહાન કલાધર અને કવીશ્વરનું એ અપૂર્વ ચિત્ર અને અદ્‌ભુત જીવન્ત કાવ્ય જોઈ હું તો જાણે મંત્રમુગ્ધ બની કોઈ પૂતળાંની જેમ ત્યાં ઠરી જ ગઈ. નાની હતી ત્યારે બાએ કોક વખત કહ્યું હશે કે સ્વર્ગ આકાશમાં, પૃથ્વીથી ઊંચે ઊંચે કશેક અધ્ધર હોય છે, તે મને સાંભર્યું ને એમ જ થયું કે આ જ તે સ્વર્ગ નહિ હોય ?

જે યંત્રો ઉપર થોડા વખત પહેલાં મને અણગમો થયો હતો તે જ યંત્રોને પ્રતાપે આ સ્વર્ગીય આનંદ આજ તો હું માણી રહી હતી એ વિચારે એ યંત્રોની કર્કશતા મારા મનમાંથી ક્ષણભર સરી પડી અને આપણા જીવનમાંનું એનું વ્યાપક સ્વરૂપ એક સળંગ ચિત્રની જેમ મારા મન સમક્ષ દોરાઈ રહ્યું. અહીં સુધી તો હું ટ્રેનમાં આવી પણ હજુ પણ ઉપર જઈ શકાય એમ હતું, જ્યાં એ ટ્રેન કામ આવે એમ ન હતી. તો તેવા સંજોગોને પહોંચી વળવામાં પણ મનુષ્ય-શક્તિ ક્યાં કમ પડે એમ હતી ? ટ્રેન ન ચાલી શકે તો તેણે લિફ્ટ બનાવ્યાં ! આ અદ્‌ભુત દૃશ્ય જોવા જતાં એ બરફની ભાઈબંધીમાં આપણે હંમેશને માટે ત્યાં ઠરી ન જઇએ તેથી તેણે ત્યાંની હવાની સામે રક્ષણ મળે એવાં કપડાં અને બરફમાં પગ ઠરી ન જાય માટે જુદીજુદી જાતના જોડા યોજ્યાં. માણસે સુખસાધનની દૃષ્ટિએ ઝીણામાં ઝીણી વિગતોમાં પણ યંત્રોનો પ્રવેશ કરાવી દીધો છે. તેણે જંગલમાં પણ મંગળ કર્યું છે. જુઓને આ ઇલેક્ટ્રીક ટ્રેન ને આ લિફ્ટ, સૂર્યના તેજના અંબારથી પામર આંખો મૂર્છિત ન થાય તે માટેનાં આ કાળાં ચશ્માં, ને છેક શિખર પર પણ કોઈને જરાય અગવડ ભોગવવાની ન રહે અને જાણે કોઈ મોટા શહેરની જ બધી સગવડ આપણને આપવા તત્પર હોય એવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રેસ્ટોરાં, ને દૂર દૂર ઊંચાં શિખરો ઉપર પોતાનાં અતુલ સાહસનો પરચો કરાવતા સાહસિક વીરોને દૂરથી જોવા માટે અને માઇલો સુધીના વિસ્તારના સૌંદર્યને ઠેઠ પોતાની આંખ સમક્ષ લાવવા માટે ગોઠવવામાં આવેલાં આ દૂરબીનો—યંત્રોએ ભલે માનવજાતનું બીજું ગમે તે અહિત કર્યું હોય તો પણ—માનવશકિતના ગૌરવભર્યા ચમત્કારરૂપ મને લાગ્યાં, અને માનવજાતે કરેલી પ્રગતિ માટે મને અભિમાન થયું.

લિફ્ટમાં બેસી અમે સૌ ઉપર ગયાં ને પછી તો પૂછવું જ શું? બસ! જ્યાં જુઓ ત્યાં સ્નો જ સ્નો! આગળ જુઓ તો સ્નો, પાછળ જુઓ તો સ્નો; ઉપર જુઓ તો સ્નો; નીચે જુઓ તો સ્નો—સર્વત્ર સ્નો જ સ્નો! ને સૂરજ પણ જાણે એ સ્નો ઉપર—એ દૂધના ઊજળા ક્ષીર-સાગર પર પોઢેલા સૌન્દર્યરૂપી લક્ષ્મીનારાયણ પર ભક્તિભાવથી ઘેલો બની દેવને ચરણે પોતાનું સર્વસ્વ ધરતા ભક્તની જેમ પોતાનું બધું તેજ ત્યાં ન વેરી રહ્યો હોય એવો મને ઘડીભર ભાસ થયો. કારણ કે હિમ પર તડકો પડવાથી જ્યાં જુઓ ત્યાં તેજનો અંબાર ને પ્રકાશની જ લીલા ફેલી રહી હતી.

અમારી સાથે એડીનબરોની ત્રણ બહેનો હતી. તેમની સાથે અમને નીચે સ્ટેશન પરથી જ ઓળખાણ થયેલી. વાંદરનાં બચ્ચાં કોઈક વાર ખૂબ ગેલમાં હોય ને કૂદાકૂદ કરી મૂકે તેમ અમે ચારે જણાંએ તો આ નન્દનવનની શોભા જોતાં ગાંડાંતૂર બની નાચવા ને કૂદવા માંડ્યું. આમ કલાક દોઢ કલાક સુધી નાચતાં નાચતાં લોથપોથ થઈ ગયાં ત્યારે જ અમારી ઘેલછા કંઈક શમી, પણ એ સુન્દરતાની ભૂખ તો તેવી ને તેવી જ રહી; અને તેથી થાકેલાં હોવા છતાં પણ દબાવી રાખેલા દડાની જેમ વચ્ચે વચ્ચે અમે બમણાં જોરથી કૂદતાં ને ગેલ કરતાં. પેલો થોમસ કૂકનો ગાઇડ પણ અચ્છો માણસ હતો. કંઈ કેટકેટલી વાર તે અહીં આવી ગયો હશે, છતાં તેને એ સૌંદર્યનો જરા પણ થાક લાગ્યો હોય એમ દેખાતું ન હતું. સારામાં સારી વસ્તુ માટે પણ લાંબા સહવાસથી કોઈ વખતે કંટાળો આવે, પણ આ સુન્દરતાનો કદી પણ અણગમો ન થાય. અને અમારો એ ગાઇડ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધું ભૂલી જઈ ગાંડોતૂર બની કૂદાકૂદ કરી રહ્યો હતો. અમે બધાં તો સૌંદર્ય માણવા આવ્યાં હતાં જ્યારે તે તો ધંધાદારી તરીકે આવ્યો હતો, પણ સૂર્યે જેમ હિમકણોને ઓગાળી નાખ્યા હતા તેમ આ પ્રકૃતિ-સૌંદર્યે તે ભોમિયો હતો એ વાતને ઘડીભર તેના મનમાંથી ઓગાળી નાખી. તેણે ચઢાવ્યા જોડા—લગભગ ત્રણ ફૂટ લાંબા ને ચાર ઇંચ પહોળા—મારવાડી જોડા કે મેજડીની જેમ આગળથી વળેલી ચાંચ-વાળા! ને બે હાથમાં લીધી સીધા દાંડાવાળી ને નીચેથી લગભગ એક વેંત ઊંચે એક ઇંઢોણી જેવડી ગોળ રીંગવાળી જસતની બે લાકડીઓ ને માંડ્યો સરકવા—સ ર ર ર ર સ ર ર ર ર. અમે બધાંએ એક ઠેકાણે બેસી જોવા પ્રયત્ન કર્યો પણ જેવાં ચઢવા જઇએ કે હિમમાં પગ ખૂંપવા માંડે. મને સ્નોમાં ખૂંપતી જોતાં પેલી મારી એડીનબરોવાળી બહેનપણી હસતી હસતી મને કહેવા લાગી: "તારું વજન બહુ છે એટલે આમ થાય છે." એટલે મેં કહ્યું: "મારા કરતાં તો તું જાડી છે; એટલે વજન તો તારું વધારે." એટલે તે કહે: "ચાલ, પૂછીએ લીસાને." ને અમે બન્ને જરાક ચાલવા ગયાં ત્યાં તો બન્ને ઘરર ધપ્પ કરતાં બરફમાં—અને પછી હસાહસનું તો પૂછવું જ શું? માંડ-માંડ એક ઠેકાણે પોચે પોચે પગે ચડીને બેઠાં ને પેલાને 'શીઇંગ' કરતો જોતાં હતાં ત્યાં તો તે જ જાણે અમારા ઉપર નહિ પડતો હોય તેમ સરરર આવ્યો ઊંચેથી સરકતો અમારા પગ પાસે—ને અમારાથી તો અજાણતાં ચીસ પણ પડાઈ ગઈ, પણ તે તો હસતો હસતો અમને કહેવા લાગ્યો "કે, ચાલો, એક જણ આવો મારા ખભા પર." અમને તો ખબરે ન પડી કે એ શું કહેવા માગતો હતો. પણ જાણે નાનાં બાળ-કને સમજાવીપટાવી લઈ જતો હોય તેમ એક બહેનને તે પોતાના ખભા પર લઈ ગયો ને પછી સરરર સરક્યો. અડધેક ગયો કે બન્ને જણ ધબ્બ! પણ ત્યાં પડીએ તો યે વાગવાની તો વાત જ ક્યાં હતી! રેશમના જબરદસ્ત ઢગ ઉપર પછડાઓ તો કદાચ વાગે પણ ખરું પણ આ સ્નો તો જાણે મૃદુતાનો જ અવતાર! તે બન્ને જણ જ્યારે ઉપર આવ્યાં ત્યારે પેલીને મેં પૂછ્યું: "તમે સરક્યાં ત્યારે તને શું થયું હતું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે તે કહે કે "જાણે અગાધ ઊંડી ખીણમાં અધ્ધર આકાશમાંથી ફેંકાયા હઇએ એવો રોમાંચ મેં અનુભવ્યો." જ્યારે મારો વારો આવ્યો ત્યારે મારાથી તો બૂમ પડાઈ ગઈ. પણ આંખ મીંચીને ઉઘાડું ત્યાં તો નીચે. પછી પેલા ગાઇડે અમને એના શીઇંગના જોડા કાઢી એક પછી એકને પહેરાવવા માંડ્યા, કંઈ ઑપરેશન કરાવવાનું હોય ને જેવી ગભરામણ થાય તેવી ગભરામણ પહેલા જે માણસે એ જોડા પહેર્યા તેના મુખ પર સ્પષ્ટ દેખાતી હતી. અમારી પણ એ જ વલે થવાની હતી તે ભૂલી અમે એ ભાઇસાહેબનો તમાશો જોવા ઉત્કંઠ થઈ રહ્યાં; એટલામાં તો પોતાનામાં જે કંઈ હિમ્મત હશે તે બધી ભેગી કરી એ સદ્‌ગૃહસ્થે પોતાની ક્વીક માર્ચ શરૂ કરી અને પડ્યા વિના લગભગ આઠદસ ફૂટ સરક્યા, એટલે તો હવે બીજાઓને કંઈક વિશ્વાસ બેઠો ને એક પછી એક શીઇંગ માટે તૈયાર થવા માંડ્યા. પણ વચમાં એક ભાઇએ પોતાની નાહિમ્મતનું પ્રદર્શન કર્યું જ, રૉફમાં ને રૉફમાં જોડા તો ચઢાવ્યા પણ સરકવાનું આવતાં ભાઇસાહેબની હિમ્મત છૂટી ગઈ, છતાં હવે પીછેહટ કર્યે આખરુ જાય એમ હતું એટલે લથડતે પગલે આગલ તો ચાલ્યા પણ એક ડગલું ચાલે ને ધબાક, ને વળી ઊઠીને ઊભા થાય કે ધબાક ! છેવટે નાઇલાજે તેણે જ્યારે જોડા છોડ્યા ત્યારે જાણે અત્યારે જ ફાંસીની સજામાંથી ઊગરી આવ્યા હોય એવો તેના મુખ ઉપર છુટકારાનો ભાવ ચીતરાઈ રહ્યો : ને ત્યારે જ તેમના જીવમાં જીવ પણ આવ્યો. એ પછી એક બહેનનો વારો આવ્યો પણ તેમણે તો પહેલેથી જ બે બાજુએ બે જણનો ટેકો લીધો હતો તેમને તે છોડે જ શાનાં કે આગળ સરકે ને અમને 'ધબાક'ની મઝા માણવાની મળે ! એમ કરતાં કરતાં બેપાંચ જણ એવા નીકળ્યા કે આઠદસ ફૂટ તે થોડી મહેનતે અને પડ્યા વિના સરક્યા.

એ બાજુ જ્યારે આ મઝા ઊડી રહી હતી ત્યારે બીજી બાજુ અમારામાંનાં કેટલાંક સ્લેજીંગની મઝા માણી રહ્યાં હતાં. શિકારી કૂતરાથીયે મોટા, એવા લગભગ પાંચેક કૂતરાઓ સ્લેજને જોડેલા હોય છે. સ્લેજને પૈડાં ચાર હોય છે, અને બેઠક નાની હોય છે. બે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસો એકના ખોળામાં બીજું અઢેલીને બેસે ત્યારે બેસી શકાય તેવી એ ગાડી ચાલે ત્યારે ત્યાં જગ્યા એટલી સાંકડી હતી કે ખસી જવું પડે; ને ખસતાં પહેલાં પેલા હાંફતા હાંફતા ધસી આવતા કૂતરાઓ જોતાં તેની અડફટમાં આવી જવાશે તે બીક તો બાજુએ રહી પણ કરડશે તો નહિ એવી ફાળથી દોડાદોડી જ થઈ રહેતી. મનુષ્યે બનાવેલા ડામરના કઠણ રસ્તા પર પગ મૂકતાં જે સામે ધકકો અનુભવવો પડે છે અને જેનો આપણને સામાન્ય રીતે ખ્યાલ હોતો નથી, તે ધકકો કેટલો કઠોર છે તેનો ખ્યાલ સ્લેજમાં બેઠાં બેઠાં સ્નો જેવા પોચા પદાર્થના રસ્તાની મૃદુતાનો અનુભવ કરતાં આવ્યો.

શીઇંગ અને સ્લેજીંગની મઝા માણી વીજળીના બળથી બનાવવામાં આવેલી એક હિમગુફામાં (કે હિમમહેલમાં ?) ગયાં ! સાચે જ તે હિમમહેલ જ હતો. અને ત્યાં 'સ્કેટીંગ' માટેની બધી સગવડો સુન્દર રીતે રાખવામાં આવી હતી. નાની હતી ત્યારે અનેક પરીકથાઓમાં પાતાળમહેલ અને હવાઈમહેલ અને જળમહેલ ને એવા એવા મહેલોની વાતો વાંચેલી ત્યારે એવા મહેલો સાચેસાચ હોતા હશે એવો ખ્યાલ ભાગ્યે જ હતો; પણ આજ તો મારી કલ્પનાને પણ આ હિમમહેલ જોતાં હાર સ્વીકારવી પડી. તેમાં હિમનાં પગથિયાં, ને હિમનાં થાંભલા ને હિમની દીવાલ, બધું જ હિમનું ! પગથિયાં ઊતરી અંદર પેઠાં એટલે એક લાંબો વિશાળ માર્ગ નજરે પડ્યો. માર્ગ રંગબેરંગી સુશોભિત ઇલેકિટ્રક લાઇટથી સોહી રહ્યો હતો. ત્યાંથી આગળ જતાં એક વિશાળ ખંડ આવ્યો. તેમાં વચ્ચે વચ્ચે મોટા જાડા થાંભલા. સ્કેટીંગ કરતાં પડી જતાં બચવા માટે તેમાં ઠેકઠેકાણે દોરીઓ લટકતી હતી. અમારામાંથી જેમને સ્કેટીંગ આવડતું હતું તે બધાં તો નીચે નાની ગરેડીવાળાં સ્કેટીંગ શુઝ પહેરી ઢીંગલાઢીંગલીની જેમ સરકવા મંડ્યાં. જેમને સ્કેટીંગ આવડતું ન હતું તેમને નિરાશ થવું પડે તો તો પછી થઈ જ રહ્યું ને ? તેમને આગળ ખેંચવા માટે દોરી બાંધેલી લીસાં પૈડાની ગાડી હતી. અમારા ગાઇડે અમારામાંથી જેમને સ્કેટીંગ આવડતું ન હતું તે બધાંને ત્રારાફરતી તેમાં બેસાડી ઘુમરીઓ ખવડાવવા માંડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં તો તે ધીરે ધીરે ગાડીને આમતેમ ફેરવતો, ને પછી ચાક પર ચઢાવે અને એવા જોરથી ઘુમરડી ખવડાવે કે ગાડી ગોળગોળ ચક્કરચક્કર ફરતી જોરથી દોડાદોડી કરી મૂકે ને અંદર બેસનારને તો ફાળ જ પડે કે ક્યારે એ ક્યાંક અથડાઈ પડશે અને હાડકાંના કકડા થઈ જશે કે તેનો સાવ રોટલો જ કુટાઈ જશે !

આખો દિવસ આમ એ નન્દનવનમાં કે પરીઓના દેશમાં મઝા કરી, અને જ્યારે ખ્યાલ આવ્યો કે આટલા ઊંચા ચઢી અન્તે નસીબમાં તો પાછું ઊતરવાનું જ લખાયું છે ત્યારે ખરેખર વેદના થઈ ! ત્યારે તો મને આલ્પ્સના એ હિમથરોની પણ અદેખાઈ આવી ! તે કેવા નસીબદાર કે હંમેશ માટે તેમને સુન્દરતાના જ શ્વાસ લેવાના ! પણ તે બધાં તો દિવ્ય તત્ત્વો ને આપણે ક્ષણજીવી મનુષ્યો ! ક્યાં આપણે, ક્યાં તે ! એવા અસંતોષ સાથે સાંજે પાંચ વાગે અમે સૌ ગાડીમાં પુરાયાં; ને સાડાસાતે પાછાં નીચે ! દુનિયાના માનવી દુનિયા પર ! બીજું કોણ તેને સંઘરે ? અને હોટેલમાં આવી સવારનું એમનું એમ અડધું વાળી મૂકેલું છાપું જ્યારે પાછું હાથમાં લીધું ત્યારે તો એમ જ થયું કે ક્યાં ગયાં હતાં, તો ક્યાં ય નહિ !

– સ્વાધ્યાય –

૧. આ પાઠનું મથાળું 'યુંગ ક્રાઉ' શાથી રાખ્યું હશે ? તમે બીજાં કોઈ મથાળાં સૂચવી શકશો ?

૨. આ લેખનાં લેખિકા એક જગ્યાએ યંત્રો તરફ પોતાનો અસંતોષ વ્યક્ત કરે છે તે સાથે તમે કેટલે અંશે સમ્મત થાઓ છો ? તમને યંત્રો ગમે છે કે નહિ તે કારણો સાથે દર્શાવો.

૩. 'યુંગ ક્રાઉ' પરથી પોતે જે જોયું હતું તેને શ્રી શાન્તાબહેન 'ઈશ્વર જેવા મહાન કલાધર કે કવીશ્વરના એક અપૂર્વ ચિત્ર કે જીવન્ત કાવ્યરૂપ વર્ણવે છે' એ ઉપરથી તમે શું સમજ્યાં ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. નીચેના શબ્દોનો પરિચય આપો:
ગાઈડ, વેઈટર, શીઇંગ, સ્લેજીંગ, સ્કેટીંગ.

૫. 'સૌંદર્યનો જરા પણ થાક લાગ્યો ન હતો' એવું આ પાઠમાં એક જગ્યાએ આવે છે. તમને એ વાક્યનું રહસ્ય સમજાય છે? સૌંદર્યથી થાક કેવી રીતે લાગે? સંગીત સાંભળતાં કે રંગોની સતત હેલી વરસતી જોતાં કાન કે આંખને કોઈ વખત થાક લાગે ખરો?

૬. 'કયાં ગયાં હતાં, તો કયાં ય નહિ–' એમ લેખિકા શા માટે કહે છે?

૭. 'યુંગ ફ્રાઉ' જેવાં સુન્દર દશ્યો આપણા દેશમાં કયાં ય જોવાનાં મળે ખરાં? તો કયાં?

૮. તમે જોયેલા કોઇ સુન્દર પ્રદેશનું વર્ણન લખો.

૯. તમે વાંચેલાં પ્રવાસવર્ણનોની તે તે લેખના લેખકોના નામ સાથેની યાદી કરો.

૧૦. હિન્દુસ્તાનનાં મુખ્ય મુખ્ય સૌંદર્યધામોની યાદી કરી હિન્દનો નકશો ચીતરી તેમાં તે બતાવો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂડકી

['રંગ રંગ વાદળિયાં' કવિતા તમે ભૂલ્યાં તો ન જ હો; અને એ કવિતાના કવિ સુન્દરમ (ત્રિભુવન લુહાર) ને પણ તમે ઓળખો છો. 'રૂડકી' તેમની કવિતા છે—'રંગ રંગ વાદળિયાં'થી તદ્દન જુદા જ પ્રકારની. 'રંગ રંગ વાદળિયાં'ની મીઠી નાજુક કલ્પના આમાં નથી, તેના રંગોની કવિતા આમાં નથી—અને છતાં તેની જ હારમાં મૂકી શકાય એવી આ કવિતા છે. તમે એ કવિતા વાંચશો એટલે તમને કદાચ થશે 'અરે! આ તો અમે પણ લખી શકત!' છતાં અત્યાર સુધી આવા વિષય ઉપર જવલ્લે જ કવિતા લખાઈ છે એ નવાઈ-ભર્યું નથી? આ કવિતાની મહત્તા ખાસ કરીને આ ઘટનામાં રહેલી છે. રોજ જોવાં છતાં જેની સામે આપણે આંખ મીચી રાખીએ છીએ તેને કવિ સુંદરમ બરોબર આપણી પાંપણ નીચે મૂકી દે છે, એટલે આંખ બંધ કરીએ તો પણ તે દેખાય જ. એ શું? આ કવિતા વાંચી તમે શોધી કાઢો.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાઘરીવાડની રૂડકી એના લટિયે લટિયે લીંખ,
અંગે અંગે ઓઘરાળા એના લૂગડાં પીંખાપીંખ.
ભૂડીભઠ્ઠ રૂડકી રે.
એક કાખે એક છોકરું બીજું હાથે ટિંગાતું જાય,
માથે મેલ્યા ટોપલા ઉપર માંખો બણબણ થાય.
ભૂંડીભઠ્ઠ રૂડકી રે.
રૂડકીને ઘેર બોરની વાડી, વાઘરી જવાન જોધ,
વાઘરી લાવ્યો વહુ બીજી ને રૂડકી રોવે ધોધ.
ભૂંડીભઠ્ઠ રૂડકી રે.
રૂડકી લેતી ટોપલો માથે, નાનડાં લેતી બાળ,
હાથે પગે એ હાલી નીકળે, રામ માથે રખવાળ.
ભૂંડીભઠ્ઠ રૂડકી રે.
રૂડકી વેચે કાંસકીસોયા દામમાં રોટલા છાશ,
છાશનું દોણું કાંસકીસોયા એ જ એના ઘરવાસ.
ભૂંડીભઠ્ઠ રૂડકી રે.
કોઇનો ઓટલો ચૉતરો ચૌટું રાત પડે એના વાસ,
દિન આખો તે શેરીએ શેરીએ ભમતી રોટલા આશ.
ભૂંડીભઠ્ઠ રૂડકી રે.
નાગરવાડે નાત મળી ને ગૌરી ગીતો ગાય,
ધીડડ વાગે ઢોલ પિપૂડી ગામ આખું લહેરાય.
ભૂખી ડાંસ રૂડકી રે.
ધાવણી છોડીને તાવ ચઢ્યો ને નાનકી ભૂખી થાય,
છોકરાં લઇને રૂડકી બંને નાગરવાડે જાય.
ભૂખી ડાંસ રૂડકી રે.
શેરીમાં બેસી નાત જમે ને ચૂરમાં-ઘી પીરસાય,
શેરીનાકે ભંગિયા, ઢેડાં, વાઘરાં ભેગાં થાય.
ભૂખી ડાંસ રૂડકી રે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂડકી ઊભે એક ખૂણામાં છોકરાં બઝાડી હાથ,
વાઘરાંકેરા થાય કોલાહલ ખોલકાં ભૂંકે સાથ.
ભૂખી ડાંસ રૂડકી રે.

નાત જમી ત્યાં ઊઠે આખી, પાનસોપારી વહેંચાય,
વાઘરાં તૂટ્યાં પતરાળાં પર એઠું ઉપાડી ખાય.
ભૂખી ડાંસ રૂડકી રે.

રૂડકી દોડે વાઘરાં ભેગી, લૂંટલૂંટા થાય,
અર્ધી ખાધેલ પતરાળી એક, હાથ આવી હરખાય.
ભૂખી ડાંસ રૂડકી રે.

ચોર્યું ફેંદ્યું ચૂરમું શાક, ને ધૂળ ભરેલી દાળ,
રૂડકી કોળિયા છોકરાંને દે, ઉપરથી દે ગાળ.
ભૂખી ડાંસ રૂડકી રે.

નાતના વાળંદ લાકડી લૈને મારવા સૌને ધાય,
એ ધમાલમાં રૂડકીના થાળ કૂતરાં તાણી જાય.
ભૂખી ડાંસ રૂડકી રે.

પાનબીડાં લઈ નાત ઊઠે ને રૂડકી ખંખેરે હાથ,
દુનિયાકેરી દોરંગી લીલા દેખે દીનનો નાથ.
ભૂખી ડાંસ રૂડકી રે.

– સ્વાધ્યાય –

૧. તમે ચિત્રકાર હો તો આ કવિતાને ચિત્રમાં સરસ રીતે અને સંપૂર્ણપણે બતાવવા કયા કયા પ્રસંગોનાં ચિત્ર દોરશો, અને તે ચિત્રોમાં શું શું બતાવશો તે જણાવો; અને તમારાથી બને તો તે બધાં ચિત્રો દોરો.

૨. 'માથે મેલ્યા ટોપલા ઉપર માંખો' શા માટે 'બણબણ' થતી હતી ?

૩. રૂડકી ઘરથી 'હાથે પગે' શા માટે હાલી નીકળી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. રૂડકીએ પોતાના ભરણપોષણ માટે શું કર્યું? રહેવાના ઘર માટે શું કર્યું?

૫. નાગરવાડે મળેલી નાતનું વર્ણન કરો.

૬. તમે કોઈ 'નાતના જમણવાર'માં ગયાં છો? તે વખતે દૂર કોઇને 'તમે ક્યારે ઊઠો ને પતરાળાં પર તૂટી પડીએ' એવી આતુરતાથી ઊભેલાં જોયાં છે? કોને કોને? તે જોતાં તમારા મનમાં કંઈ વિચારો આવ્યા હતા? શા?

૭. 'રૂડકી'ને ખાવા માટે શું મળ્યું?

૮. 'રૂડકી ખંખેરે હાથ' વાંચતાં તમારા મનમાં શી લાગણીઓ થઈ?

૯. દુનિયાની લીલાને 'દોરંગી' શા માટે કવિએ કહી છે?

૧૦. આ કવિતાની સમગ્ર રીતે તમારા પર શી અસર થઈ?

૧૧. 'રૂડકી'નું આ કાવ્યચિત્ર દોરવામાં કવિનો કંઈ આશય હશે ખરો? શો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

ભીમ અને હનુમાન



['પાંચાલીપ્રસન્નાખ્યાન' નામના નાટકમાંથી આ પ્રસંગ લેવામાં આવ્યો છે. એ નાટકના કર્તા સંબંધી વિદ્વાનોમાં મતભેદ છે. એક પક્ષ એ નાટકને આપણા મહાકવિ પ્રેમાનંદનું લખેલું જણાવે છે, જ્યારે બીજો પક્ષ એનો પ્રતિકાર કરી એ નાટકને આપણા જમાનામાં લખાયેલું માને છે. આપણે એથી એ ઝગડામાં અત્યારે નહિ ઊતરતાં આ પ્રસંગ પાંચાલીપ્રસન્નાખ્યાન નાટકમાંથી લેવાયો છે એમ માની સંતોષ લઇશું. તમે આ પહેલાં જે નાટકો શીખ્યા છો, અને આ 'પાઠાવલી'માં બીજાં જે નાટકો છે તેની શૈલી સાથે આ પાઠની શૈલી સરખાવી, તમને કંઈ નોંધવા જેવું લાગે તેની નોંધ કરી, તમારા શિક્ષકને બતાવી તેમની સાથે વિશેષ ચર્ચા કરજો.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[દ્રૌપદીની પ્રાર્થનાથી ભીમ કુબેરની તલાવડીમાં સહસ્ર પાંખડીવાળાં કમળ લેવા જાય છે. માર્ગમાં ભૂત, પ્રેત, પિશાચ આદિ વિઘ્નોને દૂર કરતો, હિંસક પશુઓને નહિ ગણકારતો, મોટાં મોટાં વૃક્ષોને જડમૂળથી ઊખેડી નાખતો મદોન્મત્ત ભીમ આગળ વધે છે. વનદેવતાઓ એને અટકાવે છે, પણ ગદાપ્રહારના ભયથી અલોપ થઈ જાય છે. વનદેવતા હવે શું કરવું તેના વિચારમાં પડે છે.]

[બે દેવતાઓ પ્રવેશ કરે છે.]

વકુલવલ્લિ (સખેદ): સખી નવમલ્લિ! મને આ અવસરે આ આવાસાદિ કિંચિત માત્ર પણ સુખકર ભાસતાં નથી, તેમ મારા મનની સ્થિતિ પણ તોફાની સાગર મધ્યેની નૌકા જેવી થઈ રહી છે. એક તો દેવ થઈ નરથી હારી નાસવું પડ્યું તે, અને બીજું જો તે ધનદની તલાવડીમાં જઈ કમળો તોડશે, તો તેના શાપનું કષ્ટ ન સહન થાય તેવું સહેવું પડશે! પ્રભુ કરે તે માથા પર! પડ્ય પડ્ય, તો કે સદાવડી!!

નવમલ્લિ (આશ્વાસનપૂર્વક): સખી, એમ સંતાપ કર્યાથી શું? મારા વનના જટાસૂરને એણે જે માર્યો, તે ઘા મને હજીયે રુઝાયો નથી. સખી! મારા સુખ અગાડી તારું સુખ તો સોમા ભાગનું ય નથી. વનબલિ કરી એ દાનવ મને જે ભોજન અર્પતો હતો, તેવા ભોજનનું તને સ્વપ્ન પણ નહિ આવ્યું હોય! કિન્તુ, કેમ કરીએ? "अशक्तिमान् भवेत् साधुः" ॥

વકુલવલ્લિ: શું સખી! જટાસૂરને મારનારો એ જ કે! હાય! હાય! ઠીક થયું કે આપણે નાસી છૂટિયું. પણ બહેની? એ સુવો કમળ લેવા ન જાય, તેમ તો ગમે તેમ કરી કરવું જોઈએ હોં! જો તું મને કંઈએ ઉપાય નહિ બતાવે, તો પછી યક્ષરાજના શાપાગ્નિથી દગ્ધ ન થતાં એ વિકરાળ વ્યાઘ્રના જ મુખમાં જઈ પડીશ!

નવમલ્લિ (વિચાર કરી): સખી! એ તલાવડી ભણી જવાનો માર્ગ જ બંધ કરી દીધો હોય તો કેમ? આખું વિશ્વ પથે પળનારું છે, એટલે જો પથ જ પૂરી દઇએ, તો પછી એ કેમ કરી જઈ શકે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વક્કવલ્લિ (સાંભરી આવ્યા જેવો અભિનય કરી) : હાં હાં, હલા ! ઠીક ! એ તો મુવો જેમ પાણી પાણીનો પથ કરે તેમ કરે તેવો છે; પણ તલાવડી ભણી વળતાં બે માર્ગ આવે છે એટલે જો તલાવડીનો માર્ગ બંધ કર્યો હોય, તો સીધે રસ્તે ચાલ્યો જાય, અને જો (તાળી આપી) એ પથે પળે તો પૂરો જ થઈ જાય. સખી ! ટાઢે પાણીએ ખસ જવાની. તેં સહેલો સટ ઉપાય શોધી કાઢ્યો ! ધન્ય છે ! પ્રિય-સખી, ધન્ય છે !

નવમલ્લિ : તું જ્યારે જીવ પર આદરી બેઠી, ત્યારે મારે ખરો ઉપાય બતાવવો પડ્યો. સખી ! ક્યાં કેળ ને ક્યાં કૌંચ ? તારાથી તે એના સામું શી રીતે ઊભી શકાય ?

[એવે ઉતાવળે દોડતી અનુચરી પ્રવેશ કરે છે.]

અનુચરી (નમન કરી) : અહો માતા ! ક્રૂર માનવે આપણા આખા કદલીવનનો નિમિષમાત્રમાં નાશ કરી નાખ્યો. અરે યક્ષેશ્વર ! રક્ષણ કરો ! રક્ષણ કરો !

વક્કવલ્લિ (નિઃશ્વાસ નાખી) : શું કદલીવન ? મારું પ્રિય કદલીવન ! તેનો નાશ !! હા દૈવ ! (એટલું બોલી બેશુદ્ધ થઈ જાય છે.)

નવમલ્લિ (આશ્વાસન કરી) : સખી ! આ સમય શોક કરી સૂઈ રહેવાનો નથી. જો વાર થઈ, તો ધારેલી ધારણા ધૂળ થશે; પાણીના પૂરનો વેગ એ મુવાના વેગને પહોંચી શકે તેવો નથી.

વક્કવલ્લિ (સત્વર સાવધ થઈ) : સખી, તારું કહેવું યથાર્થ છે. માટે ચાલ્ય; હવે લૂંટાયા પછી શો ભય છે ?

અનુચરી : જેવી દેવીની આજ્ઞા. (માર્ગ બતાવી) એ માર્ગ કરતાં આ માર્ગે સહેલો પડશે.

[અનુચરીએ બતાવેલે માર્ગે સર્વે ચાલ્યા જાય છે. ગાઢ ગિરિકરાડમાં બેઠેલા હનુમાન તથા વાયુદેવ દેખાય છે.]

વાયુદેવ : વત્સ વાનરવર્ય ! તારે મને પ્રસન્ન કરવા એટલું કાર્ય અવશ્ય કરવું. અધુના એ આ માર્ગે જવા આવશે. જોજે હોં ! જો અલ્પ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસાવધપણું રાખીશ, તો તે નિશ્ચે આ નાકપથના નાકાને વટાવી જશે! મેં શું કહ્યું, અને એને કેમ અટકાવવો, એ સર્વ તું સારી પેઠે સમજ્યો કની?

હનુમાન (નમન કરી): હા, પિતાશ્રી, સમજ્યો; હવે તમે એ કાર્યની ચિંતાથી નિવૃત્ત થશો તો પણ નભશે.

વાયુદેવ: વત્સ! તારું કલ્યાણ થાવ! એ આવી પહોંચે ત્યાર પહેલાં મારે અહીંથી જવું જોઇએ; માટે હું આ કાર્યનો સર્વ ભાર તારે શિર મૂકી જાઉં છું.

[એવે વિયતને વિદારી નાખે એવો ભીમનો સિંહનાદ સંભળાય છે, અને વાયુદેવ તે નજીક આવ્યો એમ હનુમાનને બતાવી ત્યાંથી આકાશમાં ગતિ કરે છે.]

હનુમાન: આજ મારો હર્ષઉદધિ અંતરમાં શી રીતે સમાઈ શકશે?

(માલિની)

અનુજ લઘુવયીને આજ હું ભેટું ભાવે,
અમળ કમળ લેવા માનવી ધન્ય આવે;
પ્રિય સુખકર જેને હોય સંબંધી ભાઈ,
પ્રબળ જગત માને ધન્ય તેની કમાઈ.

[એમ કહી હુપકાર શબ્દ સાથે પૃથ્વી પર પુચ્છપ્રહાર કરે છે. ભીમ તે શબ્દ કરનારને શોધતો આમતેમ ફરે છે.]

હનુમાન (મંદ્રસ્વરે): અહો મહાકાય! તારું શું ખોવાઈ ગયું છે? તું શું શોધે છે? આવ્ય, હું તારું દુઃખ દૂર કરીશ, અને તારું જે ખોવાયું હશે, તે ખોળી આપીશ; તું એટલું નથી જાણતો, કે ઘરડાં જ ગાડાં વાળે કે ઘરડાં વિના ગાડાં ન જ વળે.

ભીમ (સાશ્ચર્ય): અરે, તું કોણ છે? શું વાનર! અને તેને વાચા!! અહો શાખામૃગ! કહે, કહે, આવા વર્ણનીય સ્વરૂપવાળો તું કોણ છે? કોણ છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ચામરવૃત્ત)

સાથીઆ સમાન ભુજ બે મહાન ગોઠવી,
તે પરે રહ્યો છ પ્હોળું, ન્હાનું મુખ ઓંઠવી;
સ્કંધ, દીર્ઘ ને હૃદે વિશાળ ત્હારું વાનરા!
રક્તવકત્ર કોણ છે, તું કોણ? શેં પડ્યો ધરા?

[આ પ્રકારે તેને પૂછવા છતાં જ્યારે તેણે કાંઈ ઉત્તર ન આપ્યો, કે આંખ સરખીએ ન ઉઘાડી, ત્યારે ભીમે એકદમ કોપાવેશમાં આવી દીર્ઘ સિંહનાદ કર્યો; જેથી અનેક પશુપક્ષી તરફડી પૃથ્વી પર પડવા લાગ્યાં. તે જોઈ હનુમાને પોતાની પીળા રંગની બે આંખો કિંચિત્ ઉઘાડી, તેના પર ક્રૂર દૃષ્ટિ કરી.]

હનુમાન : અરે ભલા માણસ! તું કોણ છે? હું મારી વેદનાથી વ્યાકુલ થઈ હવડાં જરા સૂઈ રહ્યો, તો મને તેં શા કાજે જગાડ્યો? શું તું માનવ છે? માનવો તો સર્વ પ્રાણી પર દયાવાન હોય છે. તે આમ બૂમો પાડી નિરપરાધી પ્રાણીઓનો ઘાત કેમ કરે? અમે પશુજાતિ કદાપિ ધર્મને ન જાણીએ, કિંતુ તારા સમાન મહાન મતિમાન મનુષ્ય આવું દૂષિત ને પુણ્યને હરનાર ક્રૂર કર્મ કેમ આચરે? હાં હાં ઠીક, જે કરવાનું તે તેં કર્યું જ નથી; શ્રવણ કર્ય, શ્રવણ કર્ય!

(વસંતતિલકા)

વૃદ્ધોતણી નવ કરી નર, સેવના ત્હેં,
ધર્મો ન ધ્યાન ધરિયાં મતિના વના ત્હેં,
ગર્વિષ્ઠ શિષ્ટ થઈ ત્હેં મૃગ આદિ માર્યા,
પાપિષ્ઠ! ઈષ્ટ મળીઉં! વધ અર્થ સાર્યા?

(અપિચ)—કહે કેમ માનવના વનમાં તું આવ્યો?
આ દેવલોકપથ શેં મનમાં તું લાવ્યો?
નિશ્ચે મરે, ન ઊગરે, ખરી વાત મ્હારી,
વિશ્વાસ રાખ્ય, વળી જા મનમાં વિચારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે કહે, તારે કંઈ ભક્ષણ કરવું છે? જો એમ હોય, તો હું તને સ્વાદિષ્ટ ફળ આપું; તે ભક્ષણ કરી ચાલ્યો જા. મૃત્યુને વશ મા થા! મા થા! અરે દીન માનવ! મને તારી દયા આવે છે! કહે તું કોણ છે? કોણ છે?

ભીમ (સકોપ): બેસ ધર્મિષ્ટના દીકરા! કહે, તું કોણ છે? શા કારણથી વાનરનું સ્વરૂપ ધારી મોટો ધર્મવેત્તા થઈ બેઠો છે? હું કોણ છું તે તારે જાણવાની જિજ્ઞાસા હોય, તો શ્રવણ કર્ય: શ્રવણ કર્ય:

(ઉપજાતિ)

ક્ષત્રિય જાતિ, કુરુકુલ મ્હારું,
છું ચંદ્રવંશી, વીરહાક મ્હારું;
વાયુ પિતા, માત જ કુંતિ વારુ,
કહે વાનરા! કેમ મુને તું વારું?

હનુમાન: (ગીતિ)

વીરા! ત્હારે વેણે કંપે કાયા કહું ખરું તુજને;
શક્તિહીન થયો છું, માટ ખસેડી ભલે પળો મુજને.

ભીમ (સકોપ): શું ત્યારે તું તારી પોતાની મેળે નહિ જ ખસે એમ તારું કહેવું છે? હું તારું આ લાંગૂલ પકડી તને ખસેડી ચાલ્યો જાઉં? પ્રાણીને નિપજાવનાર પરમેષ્ટિ જેટલા માનપત્ર મનાય છે, તેટલા જ કે તેથી વધારે પ્રાણીનો સંહાર કરનાર શંકરદેવ પણ મનાય છે.

[ઈત્યાદિ બોલી તે વાનરને નિર્બંધ ધારી નાશ કરવાના હેતુથી ડાબે હાથે તેનું પૂછડું પકડી ખેંચવા માંડ્યું, પરંતુ તે લેશમાત્ર હાલ્યું નહિ.]

હનુમાન: અહો મહાવીર! રણધીર! શૂરવીર! જરા સાચવીને મને ખસેડજે! હું ઘણો જ શક્તિહીન થયો છું! ભાઈ, તું કાંપે છે કેમ? શું લાંગૂલ તારાથી નથી ઊંચકાતું? ના, ના, એમ હોય નહિ!! આ કાળમાં તારા જેવો યોદ્ધો અમે સાંભળ્યો નથી! તેનું બળ આટલું કેમ હોય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીમ (ભ્રૂકુટી આદિ ચઢાવી અત્યંત કોપ કરી): મૂઢ મર્કટ, ઉપહાસ કરી લે, અને જેનું ધ્યાન ધરવું હોય તેનું ધરી લે.

[એટલું બોલી, બે હાથેથી તેનું પૂછડું પકડી, અત્યંત બળવડે ખેંચવાનો પ્રયત્ન કરે છે, અને તે જ્યારે રજમાત્ર પણ હાલતું નથી, ત્યારે નિશ્વાસ નાખી તે વાનરની પ્રશંસા કરે છે.]

અહો ધીરવીર! તું સાક્ષાત્ શંકર બ્રહ્મા કે વિષ્ણુ પણ નથી! ઇંદ્રાદિ દેવોનો પરાભવ તો અમે કરેલો જ છે, એટલે તું તે છે એમ પણ મારાથી કહેવાતું નથી. (નમન કરી) મારું માનમર્દન કરે એવો માત્ર મારો ભ્રાતા કપિરાજ કહેવાએલો છે, માટે શું તમે સાક્ષાત્ તે જ છો? જો એમ હોય, તો મારે ખેદ કરવાનું કાંઈ પણ કારણ નથી.

હનુમાન (અત્યંત પ્રસન્નતાથી ઊઠી ઊભો થઈ): ભીમ! ધન્ય છે! ધન્ય છે!! તેં મને ભલો ઓળખ્યો! (આલિંગન દઈ) ભ્રાતા, આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્ગે જનાર માનવમાત્રનું મૃત્યુ થાય તેવું હોવાથી મેં તારું માનમર્દન કરી, જતાં અટકાવ્યો. હું તારા પર ઘણો જ પ્રસન્ન થયો છું; તારી ઇચ્છામાં આવે તેટલાં વરદાન મારી પાસે તું સત્વર માગી લે, માગી લે!

ભીમ (બે કર જોડી નમન કરી): પ્રથમ તો મને એ જ કહો, કે તમે ચિરંજીવ શાથી થયા? તમારા ઇષ્ટદેવની અયોધ્યાપુરી તજી અહીં આવી વસવાનું કારણ કિયું?

હનુમાન (પ્રસન્ન થઈ): વત્સ! રાજિવલોચને દશકંધર મારી અયોધ્યામાં આવી રાજ્યાસને બેઠા પછી મને વરદાન માગવા કહ્યું; ત્યારે મેં અત્યાગ્રહે માત્ર એટલું જ માગી લીધું, કે જ્યાં સુધી જગતમાં રામગુણ ગવાય, ત્યાં લગણ હું નાશ ન પામું, અને અહોરાત્ર રામગુણ શ્રવણ કર્યા કરું, એટલું જ જો પ્રભુ પ્રસન્ન થયા હો તો આપો. એ મારી મનિષા પ્રભુએ પૂરી કરી જેથી મારી ઇચ્છામાં આવે ત્યાં હું નિવાસ કરી રહું છું; છતાં અહીં અપ્સરાદિ આવી નિરંતર રામગુણગાન કર્યા કરે છે, એટલે મારે સર્વ ભૂમિ સમાન માનવાને બાધ જેવું નથી.

ભીમ (ખાતરીપૂર્વક પોતાના ભાઈ હનુમાન છે એમ જાણી તેના પગમાં માથું મૂકી): હે ભ્રાતા, હું મને પોતાને ધન્ય માનું છું, કે આજ હું આપનું અલૌકિક દર્શન કરી શકયો! હર્ષ વડે સર્વ હૃદય ભરાઈ ગયું છે, એટલે વરદાન માગવાની જગા બાકી રહી નથી! માત્ર મારી કમળ લેવાની પ્રતિજ્ઞા સિદ્ધ થાય, એટલું જો પ્રભુને રુચે તો કૃપા કરશો.

હનુમાન (તેને માથે હાથ મૂકી): વત્સ! હું તને પ્રસન્ન થઈ વરદાન આપું છું, કે તું જ્યારે સિંહનાદ કરીશ, ત્યારે હું તેની સાથે મહાશબ્દ સંયુક્ત કરીશ, જેથી સર્વ શૂરવીરોના તેજનો ક્ષય થશે. જો તારી ઇચ્છા હોય, તો દિવ્ય કમળ તને હું જ લાવી આપું.

ભીમ (નમન કરી): જ્યેષ્ઠ ભ્રાતા! જેમ તમે મને વરદાન આપી પ્રસન્ન કર્યો, તેમ જ પાર્થને એકવાર દર્શન દઈ તેને સ્વેચ્છિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરદાન આપવા કૃપા કરશો; અને દિવ્યકમળ કિંકર જ પ્રાપ્ત કરી શકે, એવા ઉપાયની યોજના કરો.

હનુમાન : સમય આવ્યે હું અર્જુનને મળી તે જેમ પ્રસન્ન થશે તેમ કરીશ. જો તારે દિવ્યકમળ સ્વપરાક્રમથી જ લેવાં હોય, તો જટાસૂર કે જેને તેં હણ્યો છે, તેનો ભાઈ ઘટાસૂર વનદેવતાઓની શિખવણીથી કમળવનમાં જવાનો માર્ગ બંધ કરી બેસી રહ્યો છે, તેનો નાશ કરી, ઉત્તરમાં અવળો વળી, કુબેરના અનુચરોનો પરાભવ કરી કમળ લઈ જજે ! કિંતુ ભ્રાતા ! તને ગમે તે કષ્ટ કરે, તથાપિ વનદેવતાઓ, જે સ્ત્રીજાતિ મનાય છે, તેમનો તું નાશ કરીશ નહિ.

ભીમ (નમન કરી) : હું આપના કહેવા પ્રમાણે સર્વ કરીશ.

હનુમાન (ભીમને વનદેવતાઓએ પૂરી દીધેલો માર્ગ બતાવી) : વત્સ ! એ માર્ગે થઈ જવાશે.

[એટલું કહી હનુમાન અંતર્ધાન થઈ જાય છે.]

ભીમ (સાશ્ચર્ય) : અહાહા ! મારા જેવો આ ભૂમિમાં કોણ ભાગ્યશાળી છે ? (રૂંધી રાખેલો માર્ગ જોઈ) હાં ઠીક; મારે આ જ સ્થળે માર્ગ પાડી જવાનું છે.

[એમ વિચાર કરી વૃક્ષાદિને તોડીફોડી જવા જેટલો માર્ગ કરતો ચાલ્યો જાય છે.]

– સ્વાધ્યાય –

૧. આ પાઠમાં ભીમ અને હનુમાન પરસ્પરને મળે છે અને ઓળખાણ કાઢી ગોષ્ટી કરે છે. હનુમાન રામાયણકાળમાં અને ભીમ મહાભારત-કાળમાં થઈ ગયા હતા એ વાત તો તમે જાણતાં જ હશો. તો જુદા જુદા કાળમાં થઈ ગયેલી બીજી બે વ્યક્તિઓની મુલાકાતના પ્રસંગનો સંવાદ તમે ક્યાં ય વાંચ્યો હોય તો તે, અથવા એવી જુદા જુદા કાળની કોઈ બે વ્યક્તિઓ વચ્ચેની મુલાકાત કલ્પી તેની વચ્ચેનો સંવાદ યોજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. 'અશક્તિમાન ભવેત્ સાધુઃ' એટલે શું ?

૩. વક્રવલ્લિ ભીમના આગમનથી શા માટે ત્રાસ અનુભવે છે ?

૪. વક્રવલ્લિ અને નવમલ્લિ ભીમસેનને કેવો કલ્પે છે તે ટૂંકમાં જણાવો.

૫. ભીમસેન સૌને ત્રાસ આપતો ક્યાં પરવરી રહ્યો છે ? એ માર્ગમાં કોને ભેટે છે ?

૬. ભીમને પોતા તરફ આવતો જોઈને હનુમાનના હૃદયમાં કેવા ભાવો ઉત્પન્ન થાય છે ?

૭. હનુમાનને ન ઓળખી શકતો ભીમ હનુમાનને માર્ગમાં બેઠેલા જોઈ શું કહે છે ?

૮. હનુમાન ભીમસેનનો મદ કેવી રીતે ઉતારે છે તે પ્રસંગનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

૯. ભીમ હનુમાનને કેવી રીતે ઓળખી પાડે છે ! હનુમાનને ઓળખ્યા પછી બંને એક બીજાને શું કહે છે ?

૧૦. નીચેના શબ્દો ઉપરથી તમે તમારા પોતાનાં વાક્યો બનાવો :—
શાપાગ્નિ, બેશુદ્ધ, ગિરિકરાડ, સિંહનાદ, લાંગૂલપ્રહાર, માનમર્દન, ઇષ્ટદેવ અને આલિંગન.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

બાલમજૂર

[આખી દુનિયા મીઠી નીંદરમાં લપાઈ ગઈ છે ને પેલા તારાઓ ય સુખનાં સ્વપ્નાંમાં જાણે કે સૂઈ ગયા છે. પણ બાળમજૂરને ઊંઘ કેવી ? બિચારો એ તો સૂતેલો પણ ભૂખે પેટે. અરધીપરધી ઊંઘ આવી ન આવી ત્યાં મિલનું ભૂંગળું વાગ્યું, માએ સાંભળ્યું અને એનો જીવ કપાઈ ગયો. પણ બેટાને ઉઠાડીને કામે જવા તૈયાર કર્યા વગર પણ છૂટકો નહિ. સુખી માતાઓ સુખી છોકરાંને ઊંઘાડવા માટે મીઠાંમધૂર હાલરડાં ગાય છે એ તો આપણે જાણીએ છીએ. પણ આ હાલરડું તો જુદી જ જાતનું છે. એક બાલમજૂરની દુખણી માને પોતાના નાજુક બાળકોને ઊંઘાડી દેવા નહિ પણ વહેલી પરોડે ઊંઘમાંથી જગાડી દેવા માટે ગાવું પડે છે. કેમકે છોકરો જાગે નહિ તો દિવસભરની મજૂરીનો બોજો બીજું કોણ વહે ? મિલોમાં કામ કરનાર નાના નાના છોકરાઓને નસીબે આવાં જ હાલરડાં સાંભળવાનું હોય છે.]

* * *

નીંદરે ધરતી સૂતી ડોલે,
બેબાકળી બાવરી માતા બોલે.

ભૂખમાં તારી રાત નો ખૂટી,
નેણ ઘેરાયાં લાલ;
પરાણે બેટા ઝોકું આવતાં
વાગી સીટી કરાળ !

મારા જાગને નાજુક બાળ !
તારે માથે વ્હેવો કાળ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનકડા પેલા તારા સૂતા,
નીંદર કેરી ગોદ;
સુખનાં તેને સપનાં આવે,
આંહીં બોલ નખ્ખોદ !
મારા જાગને નાજુક બાળ !
તારે માથે વ્હેવો કાળ !

જગત બધું સપને સૂતું,
સુખ પસારે પાંખ;
તારે સપને ભૂંગળાં કાળાં
લાલ ભયાનક આંખ !
મારા જાગને નાજુક બાળ !
તારે માથે વ્હેવો કાળ !

આભમાં પેલી ખેલે ઉષા,
ખેલવું તારે મિલ;
રંગ પૂરે તે ફૂલમાં, તારે
ભરવાં મોતનાં રીલ !
મારા જાગને નાજુક બાળ !
તારે માથે વ્હેવો કાળ !

તેજ ભરેલો સૂરજ ઊગશે,
તારે ઘૂમના ગોટ;
ખ્હાર હવાના સાગર છલકે
તારે તેની ખોટ !
મારા જાગને નાજુક બાળ !
તારે માથે વ્હેવો કાળ !

શ્રીમંતોનાં બાળક જાગી
કરશે દૂધનું પાન;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોરો રોટલો દેતાં મુકાદમ,
તોડશે તારા કાન!
મારા જાગને નાજુક બાળ!
તારે માથે વ્હેવો કાળ!

ફૂલ-હિંડોળે ઝૂલતાં બાળને,
લોક લડાવે લાડ;
મીઠા બે બોલનો મારા બેટાને,
કોઈ ન કરે પાડ!
મારા જાગને નાજુક બાળ!
તારે માથે વ્હેવો કાળ!

સુખી ઘરની માતા ઊડશે,
કરતી બાળ શું લાડ;
અભાગણી આ માના ફૂખે,
તારે દુઃખના પ્હાડ!
મારા જાગને નાજુક બાળ!
તારે માથે વ્હેવો કાળ!

ગફલતમાં નો રેતો બેટા,
સામે ચાક કરાળ!
પાછળ ઊભો જોબર પેલો,
જાણે કાળો કાળ!
મારા જાગને નાજુક બાળ!
તારે માથે વ્હેવો કાળ!

થાક લાગે તો વિસામો દેવા,
કોઈ ન હશે પાસ;
હાડકાં કળશે બેટા! તારા,
તાળવે ચઢશે શ્વાસ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા જાગને નાજુક બાળ !
તારે માથે વ્હેવો કાળ !
કોલસા વ્હેતાં બેટા તારું,
તૂટશે તાવે શિર;
લેતો જાજે દુઃખી માતાનાં
નેણનાં છેલ્લાં નીર !—
મારા જાગને નાજુક બાળ !
તારે માથે વ્હેવો કાળ !
કુમળું મારું ફૂલ આ સ્હેશે,
કેમ કરી એ લાહ્ય ?
છુપાઇને ક્યાં દેવ ! તું ઊંઘે,
અવળો તોળી ન્યાય ?
મારા જાગને નાજુક બાળ !
તારે માથે વ્હેવો કાળ !
નીંદરે ધરતી સૂતી ડોલે,
કારમું ભૂંગળું મિલનું બોલે !

– સ્વાધ્યાય –

૧. આ કાવ્ય વાંચતાં મજૂરોના જીવનનો તમને કેવો ખ્યાલ આવે છે ?
૨. રૂડકી અને સાબરનો ગોઠિયો સાથે આ કવિતાને સરખાવીને વાંચો. એ ત્રણે કવિતાની તમારા મન પર કેવી અસર થઈ ? ત્રણેની કહેવાની રીતમાં કંઈ ફેર છે ? કયો ?
૩. 'બાલમજૂર'ની માનાં ધ્યાનમાં નથી એવી કઈ ભયંકર આફત સાબરના ગોઠિયાને માથે ઊતરી ? બાલમજૂર પણ તેનો ભોગ થઈ પડે કે નહિ ?
૪. 'નેણનાં છેલ્લાં નીર' શાં માટે ? ઈશ્વરે અવળો ન્યાય તોળ્યો છે એવું બાલમજૂરની મા કહે છે, તમારી એ સંબંધમાં શી માન્યતા છે ?
૫. આ કવિતામાં વપરાયેલા પ્રાસનાં જોડકાં કરો, અને તે દરેક જોડકાં સાથે પ્રાસ મળે એવો એક નવો શબ્દ ઉમેરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



["કુમાર"ના તંત્રી શ્રી રવિશંકર રાવળ ગૂજરાતના એક જાણીતા ચિત્રકાર અને કલાકોવિદ છે. તેમણે અનેક કલાકારોની કલા ખીલવી છે. તેમનાં લખાણો અર્થપૂર્ણ અને સચોટ હોય છે. "રંગોળી" તેમની શૈલીનું સુન્દર ઉદાહરણ છે. "કુમાર" માસિકમાંથી એ અહીં ઉતાર્યું છે.]

જૂના કાળથી જ ચિત્રકળા હિન્દુસ્તાનના લોકોના જીવનમાં રોજના વહેવારમાં ગૂંથાઈ ગઈ છે. ચિત્રકળા એટલે નિશાળામાં એકાદ પાનું પેનસિલના લીટાથી ભરી મૂકવું, અથવા એકબે જેવાંતેવાં ફૂલપાન ચીતરી બેસી રહેવું એ નહિ.

કોઈ પણ ભાવ, કોઈ પણ આકાર કે કોઈ પણ વસ્તુ સુંદર અને મનોહરરૂપમાં રજૂ કરવાની કળા એ ચિત્રકળા છે. આ કળા બતાવવાની સારામાં સારી જગા ઘર અથવા દેવસ્થાન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘર કે દેવસ્થાન માણસોએ ઊભાં કરેલાં પથ્થરનાં ખોખાં નથી. જેમ કીડો કોશેટો બનાવે છે, પંખીઓ સુંદર માળા બાંધે છે, દરિયાનાં જીવડાં છીપોલીઓ કે શંખ રચે છે, તેમ જ માણસ પોતાનાં કપડાંની રચના કરે છે, અને રહેવાને માટે ઘર બાંધે છે. એ ઘર માણસની ઇચ્છાઓ, જરૂરિયાતો, શૌખ અને સગવડોથી ભરેલું હોવું જોઈએ; તેનું રૂપ અંદર રહેનાર માણસનું જીવન બતાવી આપે એવું હોવું જોઈએ.

ઘર એ કઈં સંચામાંથી બનાવી કાઢેલું બાકસ ન હોય. એ પણ એક જીવતીજાગતી વસ્તુ હોવી જોઇએ. બારણું એ ઘરનું મુખ હોય, બારણા ઉપરનો ભાગ એ ઘરનું કપાળ, અને બારીઓ એની આંખો.

માણસના દેહને જેટલી સુઘડતા અને શણગારો હોય તેટલા ઘરને પણ જોઇએ. આથી જ ઘરનું બારણું અને બારસાખ માણસો અનેક નકશી અને તોરણો વડે શણગારવા મહેનત લે છે. દુનિયાના સૌ દેશોમાં આ ભાવ એકસરખો છે.

ઘરના મુખ્ય બારણાની આગળનો ભાગ તે આંગણું. બારણામાં ઊભેલો માણસ આંગણાંમાં પહેલી નજર કરે છે. ઘેર મળવા આવનાર લોકો પ્રથમ આંગણામાં ઠરે છે, આંગણામાં જ તેમનો સત્કાર થાય છે. આથી આંગણું એ બારણા જેટલો જ જરૂરનો ભાગ ગણાય છે અને તેની શોભા પણ લોકો તેટલા જ ઊંચા ભાવથી કરે છે.

દરેક જણ પોતાનું આંગણું સ્વચ્છ અને રમણીય કરવાની મહેનત લે છે. આંગણાંની બન્ને બાજુ ઝાડ રોપે છે, સ્તંભો ખોડે છે, ફૂલપાનનાં ફૂંડાં ગોઠવે છે.

પણ બારણાની સામેનો રસ્તો તો ચાલવાને ખુલ્લો જ રાખવો પડે; એટલે તેના ઉપર બીજી કઈ શોભા થઈ શકે? ગરીબ કે તવંગર સૌને લાગ્યું તો ખરું જ કે એ જગ્યાએ પણ કંઈક શોભા તો કરવી જ. એટલે કોઈ પાણી છાંટે; કોઈ ગાયના છાણ વડે લીંપે; કોઈ આરસની તક્તીઓ જડાવે અને પ્રસંગે ત્યાં ગાલીચા પણ પાથરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે એટલું તો નક્કી કે પોતાને આંગણે આવતાંજતાંને આકર્ષણ થાય અને ઘરમાંથી નીકળતાં માણસોને આનંદ થાય એટલા માટે આંગણું સ્વચ્છ અને સુંદર તો હોવું જ જોઈએ.

આપણા આર્ય લોકો પહેલેથી જ ધર્મ અને કળાના તો ઉપાસક. એટલે તેમણે દરેક ઠેકાણે મંગળ અને સુંદર ભાવનાચિહ્નો કે મૂર્તિઓ ગોઠવ્યાં છે. ઘરની બારસાક ઉપર ગણેશની મૂર્તિ અને મંગળ તોરણ

રચ્યાં; દેવસ્થાનમાં મંદિરનાં દ્વાર સામે જ જમીન પર સુંદર ફૂલવેલ, ગરુડસ્તંભ અને કાચબા કોર્યા. થાંભલાઓ ઉપર ખીલેલાં કમલફૂલ અને અમૃતકળશ ગોઠવ્યા.

પણ ઘરનાં આંગણાંમાં કંઈ આવું બધું ન બની શકે. એટલે નિત્ય આંગણાં સ્વચ્છ કરી, ઉપર છાણમાટીનું સુંદર લીંપણ કરી, તે ઉપર ચાક, ચૂના કે રંગબેરંગી માટી વડે સાથીઆઓ અને મંગળ આકૃતિઓ પાડવાનો રિવાજ ચલાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રિવાજ આખા હિન્દુસ્તાનમાં હતો, એમ સંસ્કૃત કાળની કથાઓ અને કાવ્યો ઉપરથી જણાય છે. પણ પાછળથી જેમ જેમ પરદેશના લોકોના હુમલા આપણા દેશ પર થતા ગયા અને આપણા મુલકો દબાવતા ગયા, તેમ તેમ એ રિવાજનો નાશ થઈ ગયો.

ઘરના અને આંગણાનાં શોભા–શણગાર સ્ત્રીઓ જ કરતી. પણ મુસલમાનોના વખતમાં સ્ત્રીઓને ઓઝલમાં રહેવું પડતું, તેથી એ રિવાજ નાબૂદ થઈ ગયો. છતાં યે જે જે દેશ એવા પરદેશી હુમલાઓથી બચી શક્યા, ત્યાં ત્યાં હજી પણ આંગણાં શણગારવાની આ સુંદર કળા જુદાં જુદાં રૂપ સજે છે.

હાલમાં રંગોળી અથવા 'રંગવલ્લી' પૂરવાની રીત સૌથી વધારે મદ્રાસ તરફના મુલકમાં, દક્ષિણમાં અને બંગાળામાં તથા પારસી લોકોમાં ખૂબ ચાલુ છે. આપણા ગૂજરાતમાં તો માત્ર દિવાળીના તહેવારોમાં જ આંગણે રંગોળી પુરાય છે. પણ તેમાં યે ખાસ સુંદર સંસ્કારવાળું ભાગ્યે જ હોય છે.

મહારાષ્ટ્રમાં તો દક્ષિણી સ્ત્રીઓ અને કન્યાઓ સવારના પહોરમાં વહેલાં ઊઠી, ઘર વાળીઝાડી, આંગણું સ્વચ્છ કરી, બારણાની આગળનો ભાગ લીંપે છે, અને તે પર એકાદ માથીઓ કે કમળનું મંગળ ચિહ્ન અથવા બીજી જાત જાતની આકૃતિઓ કરે છે. સફેદ રંગ માટે ચીરોડીનો ભૂકો કે ચોખાનો લોટ લે છે, પીળા રંગ માટે હળદર વાપરે છે, લાલ રંગ માટે કંકુ કે ગુલાલ વાપરે છે.

નાનપણથી જ તેઓ આ કામમાં બરોબર લક્ષ આપી, તે શીખી લે છે, અને ટેવાઈ જાય છે એટલે તો પછી તેમના હાથમાંથી ચોકખી રેખાઓ સપાટાબંધ ફૂટતી આવે છે. મહારાષ્ટ્રની રંગોળીમાં મોટે ભાગે ભૂમિતિબંધ રચનાઓ છે, એટલે તેમાં ચોરસને હિસાબે કેટલાંક બિન્દુ મૂકીને તે પ્રમાણે આકૃતિઓ મુકાય છે.

મદ્રાસ તરફની રંગોળી વધારે કળાપૂર્ણ હોય છે. તેમાં વધારે વળાંક, વેલો અને વિવિધ આકૃતિઓ રચાય છે. એટલી આલેખનશક્તિ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાંની સ્ત્રીઓમાં સહજ હોય છે. મનમાંથી અવનવા આકાર ઉપજાવવાની તથા ચીતરવાની એમની શક્તિ જોઇને એમની કલ્પના અને કુશળતા માટે આપણને માન તથા આશ્ચર્ય થાય છે.

આ સ્ત્રીઓ કાંઈ નિશાળમાં શીખેલી હોતી નથી; પણ નાનપણથી જ ઘરમાં શીખીને, તથા આસપાસના સંસારમાંથી જોઇને સંસ્કાર પામીને ચતુરાઈથી પોતે મેળવે છે.

આવી ઘેર ઘેર પુરાતી રંગોળીઓ ઉપરાંત રંગોળી પૂરનારા બીજા ખાસ ઉસ્તાદો પણ હોય છે. તેઓને દેવસ્થાનોમાં કે શ્રીમંત લોકોને ત્યાં ઉત્સવોમાં રંગોળીઓ પૂરવા બોલાવવામાં આવે છે; કોલસાનો બારીક ભૂકો ભરી, જમીનને સાવ કાળી કરી નાખી તે પર કાગળમાં કોરેલી જુદા જુદા આકારની જાળીઓ વડે તેઓ રંગો ભરે છે. એમાં કુશળતાભર્યા ગાલીચા ઊપજાવે છે; રંગોની પરસ્પર મિલાવટ કરી અટપટી આકૃતિઓ બનાવે છે; અને કોઈ કોઈ વાર પુરાણ કે ઇતિહાસના પ્રસંગો આલેખે છે.

કાળી ભોંય પર એ રંગો અજબ તેજભર્યા લાગે છે; આવતાં જતાં લોકો બે ઘડી ત્યાં ઠરીને આંખો તૃપ્ત કરી લે છે. કોઇનું ગાયન સાંભળીને જેવો આનંદ થાય તેવો આનંદ રંગોના આ ગાયનમાંથી આપણને આંખો દ્વારા મળે છે.

સ્ત્રીઓની આ કળાથી નગરજનો આંગણે આંગણે નિત્ય નવી નવી આકૃતિઓ જુએ, રોજ નવાં નવાં સર્જન થાય ને વળી નવી કળા રચાય તેમાંથી નવું ચેતન પ્રગટે એ શું ઓછું સુભાગ્ય? અને આવી આકૃતિઓ સરજનારી સ્ત્રીઓ ઘરકામમાં કેટલી ચતુર હોય?

ગરીબ કે તવંગર સૌને જેમાંથી કળાની પ્રસાદી એકસરખી મળે છે એવી રંગોળીની આ પ્રથા ગૂજરાતમાં કેમ ન પ્રસરે? કેળવાયેલી બાળાઓ તો જો ધારે તો આ વિચાર ઉપાડી લઈ માતાપિતાને ઘેર કે સાસરવાસમાં આ મંગળકાર્ય ચાલુ કરે અને શરૂ રાખે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– સ્વાધ્યાય –

૧ "ઘરનું રૂપ અંદર રહેનાર માણસનું જીવન બતાવી આપે એવું હોવું જોઇએ." આ વાક્યમાં રહેલો ભાવ ઉદાહરણો આપી સ્પષ્ટ કરો.

૨. "ઘર કે દેવસ્થાન માણસોએ ઊભાં કરેલાં..." થી શરૂ કરી... "પ્રસંગે ત્યાં ગાલીચા પણ પાથરે." સુધીનો ભાગ તમારી સુલેખન પોથીમાં ઉતારી ફરીથી ને ફરીથી ધ્યાનપૂર્વક વાંચી તેનું રહસ્ય બરોબર સમજો.

૩. કોઈ એક મંદિર, દેરું, મસ્જિદ કે દેવળનું વર્ણન કરો.

૪. શ્રી રાવળે ચિત્રકળા માટે કેવી વ્યાખ્યા બાંધી છે તે આ પાઠમાંથી શોધી કાઢી તમે તે ઉપરથી શું સમજ્યા છો તે જણાવો.

૫. રંગોળીનો રિવાજ આગાઉ વધુ પ્રમાણમાં ચાલુ હતો, પણ પાછળથી તે ઓછો થઈ ગયો તેનું કારણ શું ?

૬. મહારાષ્ટ્ર અને મદ્રાસની રંગોળીનો પરિચય આપો.

૭. નીચેના શબ્દોનો અભ્યાસ કરી તેવા બીજા શબ્દો બનાવો :
દેવસ્થાન, સભાસ્થાન, પૂજાસ્થાન, મંગળચિહ્ન, ભાવનાચિહ્ન, વિરામ-ચિહ્ન, પાદચિહ્ન, ભૂમિતિબંધ, ગરુડસ્તંભ, કીર્તિસ્તંભ, શિલાસ્તંભ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

રણભૂમિ પર કુંભકર્ણ



[પ્રેમાનંદના રણયજ્ઞમાંથી આ કવિતા ઉતારી છે. કુંભકર્ણનો થોડોક પરિચય પ્રેમાનંદની જ વાણીમાં તમને 'સાહિત્યપાઠાવલી'ના પહેલા ભાગમાં 'વામનજીના દેશમાં' ઉપરના સ્વાધ્યાયમાં થયો હતો. આ વર્ણન વાંચતા કદાચ તમને ત્રાસ છૂટશે; પણ એ ઉપરથી પ્રેમાનંદની કલ્પનાશક્તિનો તમને સહેજે ખ્યાલ આવશે. શ્રી સોમાલાલ શાહે આ વર્ણન ઉપરથી કુંભકર્ણનું જે ચિત્ર દોર્યું છે તે ઉપરથી તમને આ કાવ્યની ઘણી ઘણી વિગતો સમજાશે. રણભૂમિનું આ વર્ણન આપણાં સંસ્કૃત મહાકાવ્યોમાં જે રીતે વર્ણનો થતાં તે પ્રકારનું છે. તમારા આ પાઠ્ય પુસ્તકમાં રણભૂમિના વર્ણનનાં જે એવાં બીજાં કાવ્યો છે તે કાવ્યો સાથે સરખાવીને આ કાવ્ય વાંચતાં તમને નવું જાણવાનું ઘણું મળશે, અને યુદ્ધ કરવાની જૂની અને નવી રીતનો પણ ખ્યાલ આવશે, તે ઉપરાંત આપણી જૂની અને નવી કવિતાના સ્વરૂપ વિશે પણ તમે કંઈક જાણશો.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાવણનું દાઝ્યું અંતઃકરણ, તે જોઈ જુદ્ધે આવ્યો કુંભકરણ !
જેમ રાહુ તારા માંહે જાય, તેમ કુંભકરણ ગયો કપિમાંય.
ભયાનક ભાસે તે વિકરાળ, શું અઢાર પદ્મનો આવ્યો કાળ;
સેં પોંચસેંને કરમાં સાહે, કુંભકરણ મૂકે મુખ માંહે.
કરડે મરડે ભચરડે ભૂર, શત સહસ્ર કીધા વાનર ચૂર;
તાડે પછાડે ઉડાડે ગ્રહી, કરમાં આવ્યો તે છૂટે નહિ.
રુએ વાનરા પાડે રીર, તેના કાળજ કાઢી પીએ રુધિર;
કોને કક્ષાપટમાં ગ્રહી રાખે, કોને સમુદ્રમાં ઉછાળી નાખે.
વાટે દાટે ચરણે કરી, બહુ હંસ હરિના લીધા હરી,
માર્યા વાનર મર્કટ રીંછ, પડ્યા ઊગર્યાની ન પડે પ્રીછ.
વાનરની કાઢે નસ જાળ, ગળે ઘાલે આંતરડાની માળ;
ચૂસે કંઠ ને ઘૂંટડા ભરે, મુખે રુધિર ઓઘરાળા ઊતરે.
એમ સેનાનો વાળતે દાટ, જોઈ રામચંદ્રને થયો ઉચાટ;
દૃષ્ટ ઓળખી રાઘવ તણી, સુગ્રીવ ધાયે રાક્ષસ ભણી.
ત્યારે કુંભકરણ અકળાયો ઘણું, બળ વાધ્યું રાય સુગ્રીવ તણું;
માર્યો સારથી મહાપ્રચંડ, પાડ્યું છત્ર ભાંગ્યો ધ્વજદંડ.
કુંભકરણ કીધો વિરથ, જય પામ્યો સુગ્રીવ સમર્થ;
વાનરમાં થયો જેજેકાર; કુંભકરણ કોપ્યો છે અપાર.
ધાયો રાક્ષસ પાળો પાયે, સહસ્ર કપિ મૂક્યા મુખ માંહે;
પેટમાં વાનર ફેરા ફરે, ઊછળે કૂદે હોંકારા કરે.
જઠરાગ્નિની પીડા હોય, ન પામે નીસરવા કોય;
કપિનું દુઃખ જાણી હનુમાન, પાપીને હાથે ચઢ્યા બળવાન.
ગાજ્યો કુંભકરણ રાજન, મુખ માંહે મૂક્યા હનુમાન.
થયો સેનામાં હાહાકાર, ગ્રસ્યો દેખી પવનકુમાર.
રાક્ષસ-સાથ ગાજીને હસ્યો, ભાઈ વાડીવાળો રાયે ગ્રસ્યો;
વાલ્મીકજી વાણી ઓચરે, હનુમાનવીર શું પ્રાક્રમ કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંભકરણની કુખ મોઝાર, આવી પડ્યા પવનકુમાર
માંહોમાંહે વાનર અકળાય, નામઠામ પૂછે કપિરાય.
દુર્ગંધ વાસના મોટું પેટ, સેવાળ ભર્યો શું સાગરવેટ;
કૂખ જાળ આંતરડાં તણી, વીંટાય વાનરને પાયે ઘણી.
બીજા કપિને ગળતો જાય, ઉદરમાં ભીડ ઘણેરી થાય;
ટાળવા કપિવરનું સહુ દુઃખ, નખે હનુમાને ફાડી કૂખ.
ઉદર માંહે અજવાળું થયું, નદીપેં શોણિત અદકું વહ્યું;
જ્યમ મોટા ઘરને બારી છજું, ત્યમ કૂખે પાપીને છિદ્ર જ ભજ્યું.
તે વાટે વાનર નીસરી જાય, તે નથી જાણતો રાક્ષસરાય;
અંતે નીસર્યો પવન કુમાર, થયો વાનરમાં જેજેકાર.
કુંભકરણ ધાયો રણમાંય, જુધ કરતાં સાહ્યો સુગ્રીવ ત્યાંય;
જ્યમ કુંજર ને સાહે કેસરી, ત્યમ રાક્ષસ ચાલ્યો પાછો ફરી.
સહુ વાનર સેના પૂઠે થઈ, પડે માર પણ મૂકે નહીં;
પછે લઘુલાઘવી વિદ્યા કરી, સુગ્રીવરાય નાઠો નીસરી.
બેઠો મસ્તક ઉપર દેઈ હાક, કુંભકર્ણનું કરડયું નાક;
હાથે કરીને ખૂંટે બેઉ કાન, નાઠો વાનરપતિ બળવાન.
કરૂપો રાજાને કપિએ કર્યો, તે લજ્જા પામીને પાછો ફર્યો;
રુધિર-ધારા ખળકે અતિ, જાણે ધાતુ ઝરતો ગિરિપતિ.
ઘણા કપિ મૂક્યા મુખમાંય તે કાન નાકેથી નીસરી જાય;
દશ લક્ષ કપિ કીધા નિપાત, પછે સન્મુખ આવ્યા રઘુનાથ.
ઘણું જુધ કીધું શ્રીહરિ, પદબંધ કરું સંખેપે કરી;
કુંભકરણનો જોઈ અહમેવ, ગુપ્ત રામને સ્તવે સહુ દેવ.
પ્રલ્લે રૂપ કીધું રઘુનાથ, કુંભકરણના છેદ્યા હાથ;
પાટુ મારવા ધાયો રાય, ત્યારે રામે છેદ્યા બેઉ પાય.
છેદ્યું મસ્તક મેલી બાણ, રાક્ષસ માંહે પડ્યું ભંગાણ;
મસ્તક પડતાં કંપી ધરા, લંકા કોટના પડ્યા કાંગરા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંપત અતિકંપત બેઉ બળવંત, હનુમાને તેહનો આણ્યો અંત;
લક્ષ્મણે માર્યો ત્યાં અતિકાય, મહોદર માર્યો મંત્રીરાય.

વલણ

મહોદર મંત્રી પડ્યો, થયો રાવણ વિગ્રે ચિત્ત રે;
ભટ પ્રેમાનંદ કહે કથા, હવે જુધે ચડ્યો ઇંદ્રજીત રે.

– સ્વાધ્યાય –

૧. આ યુદ્ધનું વર્ણન તમને ગમ્યું ?

૨. કુંભકરણ શસ્ત્ર વિના જ સંગ્રામ ખેલે છે તો એની શક્તિ વિષે તમે શો ખ્યાલ બાંધશો ?

૩. કુંભકરણ ને હનુમાનમાંથી તમને કોણ ગમે ? શા માટે ?

૪. કુંભકરણના પેટમાં વાનર પુરાયા તેનું તમારા જ શબ્દોમાં વર્ણન કરો.

૫. આ પ્રાચીન કાળના યુદ્ધનું વર્ણન છે; ક્ષત્રિવટનાં યુદ્ધ ને આધુનિક યુદ્ધ વિષે તમે જે જાણતાં હો તેને આ વર્ણન સાથે સરખાવો.

૬. મહાકવિ પ્રેમાનન્દનો પરિચય આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

સનાતન ઘડિયાળ

(શ્રી કાકાસાહેબ કાલેલકર)

કેટલા વાગ્યા છે એ જાણવા માટે આપણે ગજવામાં ઘડિયાળ રાખીએ છીએ પણ ઈશ્વરે આપણને બધાને એક એવું મોટું ઘડિયાળ આપ્યું છે જેના ગજવામાં આપણે બધા, આપણા બાપદાદાઓ અને આપણી રહેવાની પૃથ્વી, બધાં જ રહે છે. આપણા ઘડિયાળને ફરી ફરી ચાવી આપવી પડે છે. પેલા ઘડિયાળને ઈશ્વરે ક્યારે ચાવી આપી કોણ જાણે! પણ તે બરાબર ચાલતું આવ્યું છે. આપણા ઘડિયાળને સેકન્ડ, મિનિટ, કલાક અને બહુ બહુ તો વાર અને તારીખ હોય છે. ઈશ્વરના ઘડિયાળમાં મિનિટ, કલાક, દિવસ, પખવાડિયાં, મહિના, વર્ષ ઉપરાંત સૈકાઓ, યુગો અને કલ્પો સુધ્ધાં હોય છે.

એ મોટું ઘડિયાળ તે સૂર્ય-ચંદ્ર અને તારાઓથી અંકિત એવું અનંત આકાશ છે. એ ઘડિયાળ જો બરાબર વાંચતા આવડે તો રાત્રે આકાશમાં જોતાં વેત કયો મહિનો ચાલે છે, કેટલામી તિથિ છે, રાત્રે કેટલા વાગ્યા છે અને કેટલી મિનિટ થઈ છે એ બધું લગભગ બરાબર કહી શકાય છે, ફેર પડી પડીને પાંચદસ મિનિટથી વધારે ફેર નથી પડતો. આ મોટું ઘડિયાળ આપણી પૃથ્વી અથવા સૂરજ કરતાં અનંત ગણું મોટું હોય છે. એમાં અનંત કોટી હીરાઓ બેસાડ્યા છે. એ વજનમાં ભારેમાં ભારે હોવા છતાં ઊંચકવાની તકલીફ નહિ અને કિંમતમાં અણમૂલું હોવા છતાં એ ખરીદવાનું હોતું નથી. એને કોઈ ચોરીને લઈ ન જાય અને ચોરે તો એ જાય ક્યાં? એ બગડતું નથી એટલે એને સમું કરવાપણું હોતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઘડિયાળ મફતનું મળે છે પણ એ વાપરતાં શીખવું પડે છે અને એ રોજ રોજ જોવાની ટેવ રાખીએ તો જ એ કામ આવે એમ છે. એના થોડાક નિયમો આપણે જોઈશું.

પૃથ્વી પોતાની ધરીની આસપાસ લગભગ ચોવીસ કલાકમાં એક ફેરો ફરે છે તેથી આકાશના તારાઓ ચોવીસ કલાકમાં એક ફેરો પૂરો કરે છે એવો ભાસ થાય છે. પૃથ્વી, આકાશમાં એક વરસની અંદર સૂરજની આસપાસ એક ફેરો પૂરો કરે છે તેથી રાત્રે જુદા જુદા તારાઓ દેખાય છે.

પૃથ્વી આકાશમાં ગમે તેમ અને ગમે ત્યાં ફરે તો પણ એ પોતાની ધરી આકાશના ધ્રુવ નક્ષત્ર તરફ તાકીને જ રાખે છે, તેથી ધ્રુવ નક્ષત્ર સ્થિર જેવું લાગે છે અને બાકીના બધા તારાઓ ધ્રુવની આસપાસ ફરતા હોય એવો ભાસ થાય છે.

જેમ પૃથ્વી સૂરજની આસપાસ ફરે છે તેમ ચંદ્ર પૃથ્વીની આસપાસ ફેરો ફરે છે. ચંદ્રને પૃથ્વીની આસપાસ ફરતા ખરું જોતાં ૨૭ દિવસ જોઈએ છે; પણ એટલામાં પૃથ્વી ક્યાં સ્થિર ઊભી રહે છે? એ સૂરજની આસપાસ પ્રદક્ષિણા કરવા માટે દોડતી હોવાથી એનો પણ હિસાબ રાખી વર્તુળ પૂરું કરવા માટે ચંદ્રને અઢી દિવસ વધારે દોડવું પડે છે. તેથી જ અમાસ અમાસ વચ્ચે અને પૂનમ પૂનમ વચ્ચે એક મહિનાનું એટલે કે સાડા ઓગણત્રીસ દિવસનું અંતર રહે છે. ચંદ્રના આવા બાર મહિનાથી પૃથ્વીનું સૂર્યની આસપાસનું એક વર્તુળ નથી પૂરું થતું. ચંદ્રના બાર મહિના મળીને લગભગ ૩૫૪ દિવસો થાય છે. જ્યારે સૂરજના વર્ષમાં લગભગ ૩૬૫ દિવસ હોય છે.

તારાઓના ગણિતમાં જ્યાં ત્યાં "લગભગ" શબ્દ વાપરવો પડે છે તેનો ઈલાજ નથી. વર્તુળના વ્યાસ અને પરીઘનું પ્રમાણ પણ ક્યાં સરળ હોય છે? ત્રણગણું કહીએ તોયે બરાબર નથી. સાત અને બાવીસનું પ્રમાણ કહીએ તો પણ એ શુદ્ધ ન કહેવાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોજ સાંજે એને એ જ તારાઓ એને એ જ વખતે ઊગતા દેખાય છે. પણ જો ખૂબ ધ્યાનપૂર્વક તપાસીએ તો આજના કરતાં આવતી કાલે એ તારાઓ લગભગ ચાર મિનિટ વહેલા ઊગેલા દેખાશે.

હવે જો રોજ તારાઓ જોવાની ટેવ પાડી હોય અને આજે રાત્રે ચિત્રા કે શ્રવણ કે એવો જ કોઈક તારો આઠ વાગે ઊગ્યો હોય તો આવતી કાલે એને એ જ ઠેકાણે ઊગતો જોઈ કહી શકીએ છીએ કે આઠમાં ચાર મિનિટ બાકી છે અને પછી એ જેટલો ઉપર આવે એ પ્રમાણે હિસાબ કરી લઈએ. અથવા કલાકે કલાકે ક્યા તારાઓ ઊગે છે એનો હિસાબ એક વાર કરી રાખ્યો હોય તોયે ચાલે એમ છે. એક વરસને અંતે એને એ જ તારાઓ બરાબર એને એ જ વખતે ઊગતા દેખાશે. રોજ ચાર મિનિટનો ફેર પડે તો ૨૪ કલાકનો ફેર પડતાં ૩૬૦ દિવસ જોઈએ છે એ દેખીતી વાત છે. પણ ચોવીસ કલાક તો ૩૬૫ દિવસ અમુક કલાક, અમુક મિનિટ અને અમુક સેકન્ડો વચ્ચે વેંચવાનાં હોય છે એટલે હિસાબ ચાર મિનિટ કરતાં ઓછો આવે છે તેથી ત્યાં લગભગ શબ્દ વાપરવો પડે છે.

ચંદ્ર ઉપરથી પણ રાત્રે કેટલા વાગ્યા છે એનો હિસાબ કાઢી શકાય છે. પણ તે આપતાં પહેલાં ચંદ્ર ઉપરથી તિથિ અને મહિનો કેમ કાઢી શકાય છે એ આપણે જોઈશું.

તિથિને ચારથી ગુણીએ અને પાંચથી ભાગીએ એટલે સાંજ પછી કેટલે કલાકે કૃષ્ણપક્ષમાં ચાંદ ઊગશે તે આપણને મળે છે.

અને શુક્લ પક્ષમાં એ જ હિસાબ સાંજ પછી કેટલા કલાક સુધી આકાશમાં ચાંદ ટકશે એ બતાવે છે. સૂર્યાસ્ત વખતે જ્યારે આકાશમાં ચાંદ હોય છે અને પૂર્વ રાત્ર અજવાળી હોય છે ત્યારે એને શુક્લપક્ષ કહે છે. જ્યારે સૂર્યાસ્ત પછી જો ચાંદો ન હોય પણ મોડો ઊગતો હોય અને ઊગ્યા પછી સૂર્યોદય સુધી પહોંચતો હોય ત્યારે તેને કૃષ્ણપક્ષ કહે છે.

હવે મહિનો અને તિથિઓ ઓળખવા માટે આકાશનાં નક્ષત્રો ઓળખવા જોઈએ. આકાશમાં જે રસ્તે સૂરજ અને ચાંદો મુસાફરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે એ ધોરી રસ્તો ચાળીસ ડિગ્રી પોહોળો હોય છે. એને 'ક્રાંતિવૃત્ત' કહે છે. આ વૃત્તના સત્તાવીસ ભાગ પાડીને દરેક ભાગને નક્ષત્રનું નામ આપ્યું છે. ગણિત પ્રમાણે આ સત્તાવીસ વિભાગ સરખા અંતરના હોવા જોઇએ. પણ આકાશનાં નક્ષત્રો કાંઈ આપણી ઈચ્છા પ્રમાણે સરખે અંતરે ગોઠવાયાં નથી. છતાં આપણા લોકોએ ક્રાંતિવૃત્તમાં સારાંસારાં નક્ષત્રો જોઈ, એમને ક્રમશઃ સત્તાવીસ નામો આપ્યાં છે. દરેક હિંદુને એ નામ યાદ હોવાં જ જોઇએ અને આકાશમાં એ નક્ષત્રો ઓળખતાં પણ આવડવું જ જોઇએ.

અશ્વિની, ભરણી, કૃત્તિકા, રોહિણી, મૃગ, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, આશ્લેષા, મઘા, પૂર્વા ફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂળ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, શ્રવણ, ધનિષ્ટા, શતતારકા, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા, રેવતી.

ચંદ્ર રોજ એક એક નક્ષત્રના ઘરમાં રહેવા જાય છે. અને પૂર્ણિમાની રાતે જે નક્ષત્ર પાસે ચંદ્ર હોય એ નક્ષત્રનું નામ આખા મહિનાને અપાય છે.

કૃત્તિકા ઉપરથી કાર્તિક, મૃગશીર્ષ ઉપરથી માર્ગશીર્ષ, પુષ્ય ઉપરથી પૌષ, મઘા ઉપરથી માઘ, ફાલ્ગુની ઉપરથી ફાલ્ગુન, ચિત્રા ઉપરથી ચૈત્ર, વિશાખા ઉપરથી વૈશાખ, જ્યેષ્ઠા ઉપરથી જ્યેષ્ઠ, આષાઢા ઉપરથી આષાઢ શ્રવણ ઉપરથી શ્રાવણ, ભાદ્રપદા ઉપરથી ભાદ્રપદ, અને અશ્વિની ઉપરથી આશ્વિન.

હવે પછીનો વિચાર ખાસ ધ્યાનમાં લેવા લાયક છે. આકાશમાં પૂર્ણિમાને દિવસે ચંદ્ર થાળી જેવડો ગોળ હોય છે. જ્યારે અષ્ટમીને દિવસે એ બરાબર અરધો કપાયલો હોય છે, અમાસ પછીને બીજે દિવસે ઘણેભાગે એ દેખાતો જ નથી. આટલી માહિતી ઉપરથી ચંદ્રની આકૃતિ જોઈ એની તિથિ નક્કી કરી શકાય. અને એ ક્યા નક્ષત્ર પાસે છે એ જોઈ પૂર્ણિમાને દિવસે એ ક્યા નક્ષત્ર પાસે હશે એ જાણી લેવાય. પછી તો તરત મહિનો મળી જ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્યાન દઇને આકાશદર્શન કરનારને આવી રીતે કાલજ્ઞાન સરસ થઈ શકે એમ છે. આળસુ લોકોએ દહાડે અને રાતે ઊંઘવાનું જ પસંદ કરવું જોઈએ. કુંભકર્ણના આશિષ એમના ઉપર વરસશે.

– સ્વાધ્યાય –

૧. 'સનાતન ઘડિયાળ' એટલે શું? આ લેખનું નામ 'સનાતન ઘડિયાળ' કેમ રાખવામાં આવ્યું છે?

૨. સૂર્ય સ્થિર છે અને પૃથ્વી તેની આસપાસ ફરે છે એ તમે તમારા અવલોકન પરથી એક દૃષ્ટાંત આપી સમજાવો.

૩. સનાતન ઘડિયાળ અને બજારમાંથી વેચાતાં મળતાં ઘડિયાળ વચ્ચે શો ભેદ રહ્યો છે?

૪. ચંદ્ર પૃથ્વીની આસપાસ કેટલા દિવસમાં ફરી રહે છે? પૃથ્વી સ્થિર નથી તેથી ચંદ્રને તેની આસપાસ ફરી રહેતાં કેટલો વધુ સમય જાય છે?

૫. આપણા મહિનાનાં નામો શા ઉપરથી પડ્યાં છે?

૬. નક્ષત્રો કેટલાં છે ને તે ક્યાં ક્યાં?

૭. તારાઓ પરથી કેટલાં વાગ્યા એ શી રીતે કહી શકાય?

૮. ગામડાંના લોકો પાસે ઘડિયાળ નથી હોતું છતાં તેઓ ઘણી વેળા આપણને સાચો વખત કહી શકે છે તે શી રીતે?

૯. તમારા પાઠમાં ચંદ્રને બદલે ક્યા ક્યા શબ્દો વાપરવામાં આવ્યા છે? એ સિવાયના બીજા શબ્દો તમે જાણતા હો તો કહો.

૧૦. કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષ એટલે શું? તમને ક્યો પક્ષ ગમે? શાથી?

૧૧. તારાઓનું બારીક નિરીક્ષણ ક્યા પક્ષમાં થઈ શકે તે સકારણ જણાવો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

— ૧૬ —

ઝારાનું મયદાને જંગ

[સમય–૧૮૧૯ ના માગશર શુદ ૧૦ શુક્રવાર (કચ્છના રા. ગોડજીના સમયમાં–૧૮૧૭). રાવસાહેબ સામે પૂંજો દીવાન ગુલામશાહ કલોડાના લશ્કરને લઈ આવ્યો. કર્ણ ને માધવની વાર્તા સ્મરણમાં આવે છે? તેવી જ આ વાર્તા હતી. પણ આ વાર્તામાં પૂંજો વધુ પાતકી હોય એમ લાગે છે.

ઝારાની ઊંચી ધાર કચ્છની ઉત્તર સરહદ નજીક છે. વિંઝાણ ગામ ચપડાસા તાલુકામાં છે, નરાગામ સિન્ધ અને કચ્છ વચ્ચેના રણને કાંઠે છે. નરાના ઠાકોર સતાજીના વંશના હોઈ સતાણીઓ કહેવાય છે. આ યુદ્ધપ્રસંગે નરાનો ટિલાયત ભીમજી સતાણી હતો. તેણે ઝારાના યુદ્ધમાં અદ્‌ભુત પરાક્રમ બતાવેલું હતું; અને એ વીરપુરુષ વિષેની રોમાંચક કાફીઓ કચ્છમાં હજી સુધી ગવાય છે. ઝારાનું યુદ્ધ કચ્છમાં અત્યંત ઘોર મનાય છે. 'ઝારો માર્યાનો કેર,' 'ઝારાના જંગની આણ,' વગેરે વેણ હજુ પણ બોલાય છે.

ભુજનો કિલ્લો પાટનગર ભુજ પાસે છે. તે ખંડેર ઘણા સમયથી એક મહાભુજંગનું મથક મનાય છે. દર નાગપંચમીએ રાવસાહેબની સવારી ત્યાં આવે છે અને એ કહેવાતા રાફડામાં દૂધના તાવડાં રેડી આવે છે. આ કવિતા શ્રી દુલેરાય લાખાભાઈ કરાણીએ લખી છે. શબ્દોની અને સ્વરની સુન્દર રચનાથી આખી કવિતા એ યુદ્ધના એક સુન્દર ચિત્ર જેવી બની છે. 'રુદ્રજટામાં કંપે ગંગા' જેવી પંક્તિઓ તો લાંબા વખત સુધી મનમાં ગુંજ્યા કરે એવી પ્રાણવાન છે. આવી કવિતાઓ શ્રી અરદેશર ફરામજી ખબરદારના કાવ્યસંગ્રહોમાંથી તમને વધુ પ્રમાણમાં મળશે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધમ ધમ ધરણીનો પટ ધ્રૂજે, કળીકાળ ધ્રૂજે વિકરાળ,
શેષનાગ પર સૃષ્ટિ ધ્રૂજે, ધ્રૂજે દિશા તણા દિક્પાળ,
પૃથ્વીનો પલટાતો રંગ! ઝારાનું મયદાને જંગ! ૧

કચ્છ તખ્ત પર રાવ ગોડજી, અડગ શૌર્યમૂર્તિ સાક્ષાત,
જીવણ શેઠ દીવાનપદે ને સદી ઓગણિસની શરુઆત:
સળગી રણસંગ્રામ-સુરંગ!—ઝારાનું૦ ૨

દીવાનપદ ન મળ્યાની ઝાળે જળતો લોહજ પૂંજો શેઠ,
ઈર્ષાનો પાવક તરપતવા, અઘટિત કાજે બાંધી ભેઠ:
બન્યો અવર માધવ મનભંગ!—ઝારાનું૦ ૩

વાયુવેગે સિન્ધ સંચર્યો, શોધ્યો ગુલામશાહ સરદાર,
સાયર સમ લશ્કરમાં લાવ્યો, સિન્ધી માડૂ સાત હજાર;
માતા મદઝરતા માતંગ!—ઝારાનું૦ ૪

જુધ્ધતણાં આમંત્રણ ઝીલી, ઠેક્યા જાડેજા જુડધાર,
કક્કલ છચ્છરના વંશજ ને કચ્છ ભોમના જાગીરદાર:
રાજભક્ત ભાયોતો સંગ!—ઝારાનું૦ ૫

વિંઝાણ ટીલે વીર લખાજી, મીંઢળબાંધ્યા જેના હાથ
ભીમ સમો ભડવીર ભીમજી, જેને શિર છે ભોળાનાથ,
નરા તણો ઠાકોર અઠંગ!—ઝારાનું૦ ૬

ફૂંકાયા રણશિંગ કેરા ઉર રણઝણતા કૈ રણકાર,
જાડેજી કુલદેવી કેરા ગગન ગાજતા જયજયકાર,
આઈ આશાપુરા અભંગ!—ઝારાનું૦ ૭

વંકા કચ્છ તણા વીરો ને વંકા થનગનતા તોખાર,
વંકા વાંકડિયા શિરપેચો, મૂછો પણ વંકી વળદાર
વંકી કચ્છધરા પણ વ્યંગ!—ઝારાનું૦ ૮

ઊંટો પર જંજાલો ચાલી, ચાલી બન્દૂકો ને તોપ,
રણે ચઢ્યા બહાદૂર બખતરિયા મસ્તક ધારી ધીંગા ટોપ
ભડક્યો ભુજિયા તણો ભુજંગ!—ઝારાનું૦ ૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંજ સમે સિન્ધી સેના અંનજળ વણુ થાકે થઈ હેરાન,
કચ્છી વીર મહારથીઓનાં, આરા ડુંગર પણુ મેલાણુ;
ચમક્યા કાનન તણાં કુરંગ!—આરાનું૦ ૧૦

વિશ્વાસુ કચ્છી પર તોડી કૉલ ઊલટ્યા દગ્ગલબાજ,
આકળમાં ભાંભળકે લડતાં 'નિજ' 'પર' ભેદ ગયો સહસા જ—
અસિ ચાલી ત્યાં એક સળંગ!-આરાનું૦ ૧૧

ચડાવનોકે માંડેલી તે, પ્રથમ ભડાકે ફાટી તોપ;
મચી રહ્યો ભય ને કોલાહલ,—કિસમતનો આ કેવો કોપ,
પલમાં પલટી ગયો પ્રસંગ!—આરાનું૦ ૧૨

શિર પડતાં ય સતાણી શૂરે સિન્ધીમાં વર્તાવ્યો કેર,
મસ્તક પણુ મદમસ્ત ઘૂમે ને ધડ ઘૂમે અવની ચૉમેર!
આરાનો રણવીર અભંગ!—આરાનું૦ ૧૩

કૈંક પડ્યાં ધડ ચરણુ ધરણી પર, કૈંક કપાતાં ઊડતા હાથ,
કૈક રવડતાં મુંડ તુમ્બડાં, ફરફરતા મોવાળા સાથ!
વ્યોમે વર્ષે અંગપ્રત્યંગ!—આરાનું૦ ૧૪

ચંડી નાચે, કાલી રાચે, રુંઢમાળ શિવની ઊભરાય!
શિયાળ સમડી ગીધ તણી પણુ, હા! હા! શી ઊજાણી થાય!
રુદ્રજટામાં કમ્પે ગંગ!—આરાનું૦ ૧૫

શોણિતની છોળો ઊછળે ને મરદોના ઢગલા ખડકાય,
ભૈરવ કાળો હસે ભયાનક, ખપ્પર જોગણીનાં છલકાય,
રુદ્રજટામાં કમ્પે ગંગ!—આરાનું૦ ૧૬

મીર પડ્યા રણુધીર પડ્યા કૈં આશાવન્ત અમીર પડ્યા,
પીઠી ચોળેલે અંગે સુરાંગના લગને ઉપડ્યા
ચડ્યા તજી જે નવલ પલંગ!—આરાનું૦ ૧૭

પ્હાડ પડ્યા દાતાર પડ્યા કો શૂરાના સરદાર પડ્યા,
સમરાંગણુ મખકુંડ પાવકે લક્ષ માડુ બલિદાન ચડ્યા,
દીપકમાં જેમ પડે પતંગ!—આરાનું૦ ૧૮

૩૬૪-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝારા કેરા યુદ્ધ ઘોરનો, અસ્ત થયો એ રીતે શોર,
માણસ માત્ર નિમિત્ત બને ને, કુદરત પડદે ખેંચે દોર,
કચ્છી વીર્યનો ફટકયો રંગ !—ઝારાનું૦ ૧૯

– સ્વાધ્યાય –

૧. આ કાવ્યમાં વર્ણવેલો પ્રસંગ તમે ઇતિહાસમાં વાંચ્યો છે ?

૨. આ યુદ્ધ કોની કોની વચ્ચે થયું હતું ?

૩. આ ગીત વાંચતાં તમને રણભૂમિનો ખ્યાલ આવે છે ? આને તમે કેવું કાવ્ય કહો ?

૪. આ પાઠ્ય-પુસ્તકમાં આવું બીજું કોઈ ગીત છે ?

૫. આ કાવ્યમાં યુદ્ધનાં દેવદેવીઓ તરીકે કોનો કોનો ઉલ્લેખ થયો છે ?

૬. આ કાવ્ય વાંચ્યા પછી કચ્છ વિષે તમે શો ખ્યાલ બાંધ્યો ?

૭. આ ગીતમાં વર્ણવેલી યુદ્ધભૂમિ ને આ જમાનામાં ખેલાતા સંગ્રામની ભૂમિનું દશ્ય સરખાવો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

આચાર્ય પ્રફુલ્લચંદ્ર રૉય

[શ્રી યશવંત નાયકે લખેલું આચાર્ય રૉયનું આ નાનકડું રેખાચિત્ર તમને એ મહાન વિજ્ઞાનશાસ્ત્રીના જીવનનો કંઈક પરિચય કરાવશે. આ રેખાચિત્ર ઉપરથી તમે જોઈ શકશો કે આચાર્ય રૉય જેટલા મોટા વિજ્ઞાનશાસ્ત્રી છે તેટલા જ મોટા એક મનુષ્ય પણ છે. એટલે કે એક વિષયમાં એક માણસ મોટો હોય તે માણસ મનુષ્ય તરીકે પણ મોટો જ હોય એવું નથી, અને એથી જ્યારે પોતાના વિષયમાં મોટો હોય અને મનુષ્ય તરીકે પણ માણસ મોટો હોય ત્યારે આપણે તેને મહાન કહીએ છીએ. દાખલા તરીકે એક માણસ ખૂબ બુદ્ધિશાળી હોય તો આપણે તેને વિદ્વાન કહીએ; પણ જો તેનામાં લાગણી ન હોય, ઉદારતા ન હોય અથવા તો તેનું જીવન બીજા કોઈને ય કામ આવતું ન હોય તો તે માણસ વિદ્વાન તરીકે ભલે ઓળખાય, પણ એક મનુષ્ય તરીકે તો તેની જરા ય કિમ્મત નહિ રહે. આચાર્ય રૉય માટે આપણને પૂજ્યભાવ થાય છે તેનું કારણ આ છે–તે એક મહાન વિજ્ઞાનશાસ્ત્રી છે અને સાથે જ એક મહાન આત્મા છે. આ ઉપરથી તમે સર્વ ઇતિહાસમાં જે જે મહાપુરુષો લેખાયા છે, અને અત્યારે જે મહાપુરુષો લેખાય છે તેમનાં જીવન તપાસજો. બુદ્ધ, અશોક, કબીર, નાનક, ગાંધીજી આદિ કેમ મહાન આત્માઓ લેખાય છે તે તમને આ ઉપરથી વધુ સારી રીતે સમજાશે.]

* * *

ડૉ. રૉયનું એક વખતે મુંબઈમાં ભાષણ હતું. એમની ખ્યાતિ તો મેં ક્યારની સાંભળી હતી, પણ તેમને સાંભળવાની તક આ પહેલાં કદી મળેલી ન હોઈ હું ભાષણ સાંભળવા અને ખાસ કરીને તો એમનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર્શન કરવા ગયો. સભામાં એક વૃદ્ધ દાઢીવાળો માણસ કંઈક વ્યાખ્યાન કરી રહ્યો હતો. ભીડ બહુ હોવાથી મારે દૂર ઊભા રહેવું પડ્યું અને એ વૃદ્ધનું વ્યાખ્યાન કંઈ સંભળાયું નહિ, પરંતુ મને એમ થયું કે હવે પ્રફુલ્લચંદ્ર રૉય બોલવા ઊભા થાય તો સારું કે એમને જોઇને ચાલ્યો જાઉં. પરંતુ પ્રફુલ્લચંદ્ર રૉય તો આવ્યા નહિ અને સભાનો આખો વખત પેલા ટૂંકી ખાદીની ધોતી અને કફનીથી સજ્જ થયેલા એવા ડોસાએ લઈ લીધો. ડોસો બોલી રહ્યો કે સભા વિખેરાવા માંડી. એક ભાઈને મેં પૂછ્યું: "ભાઈ, પ્રફુલ્લચંદ્ર રૉય કેમ ન આવ્યા?" તે ભાઈ હસી પડ્યા અને બોલ્યા, "સીતાનું હરણ થઈ ગએલું તે હરણનું રસાયણ વડે પાછું માણસ બનાવવા તેમને એકાએક જવું પડ્યું એટલે." આ સાંભળી હું શરમાઈ ગયો. પેલો ગામડીઆ જેવો લાગતો ડોસો તે બીજો કોઈ નહિ પરંતુ ડૉ. પ્રફુલ્લચંદ્ર રૉય! ત્યારે જ મને પ્રતીતિ થઈ કે આવા સાદા પોશાકમાં છુપાયેલા પ્રગલ્ભ વ્યક્તિત્વના તેજને લીધે જ અનેક ભાવભીનાં હૈયાં એ પુરુષના ઉપદેશને સાંભળવા ભેગાં થાય છે. એ ડોસાનું એટલું બધું વ્યક્તિત્વ શું હશે?

ડૉ. રૉય આજે હિંદમાં જ નહિ પરંતુ જગતભરમાં એક વૈજ્ઞાનિક તરીકે જાણીતા છે. બેંગાલ કેમિકલ વર્કર્સના સંસ્થાપક તરીકે, એક મહાન ત્યાગી અને દાનવીર તરીકે ડૉ. રૉયને ઉદ્યોગના ક્ષેત્રમાં કોઈ નહિ ઓળખતું હોય એવું ભાગ્યે જ બને. આચાર્ય રૉયની સાધુતા નિર્મળ ચંદ્રિકાની જેમ આપણા દેશમાં સર્વત્ર તેની સુધાશાન્તિ રેલી રહી છે. અને ગાંધીજીને બાદ કરીએ તો ડૉ. રૉયની નમ્રતાની જોડી અન્યત્ર મળવી મુશ્કેલ છે. હિન્દના લાખો અને કરોડો દરિદ્રનારાયણ અને ભૂખે મરતા કિસાનોના તે નમ્ર સેવક છે. ઘણુંખરું માણસો એક જ વિષયમાં પારંગત બની નામના મેળવે છે, પરંતુ પ્રફુલ્લચંદ્રે રાજકારણ, અર્થશાસ્ત્ર, ઉદ્યોગ, વિજ્ઞાન વગેરે અનેક વિષયમાં પ્રભુત્વ મેળવ્યું છે.

એમનો જન્મ ઈ. સ. ૧૮૬૧ માં થયો હતો. ૧૮૭૯ માં મેટ્રીકની પરીક્ષા પસાર કરી એમણે પરદેશ જવાની શિષ્યવૃત્તિ મેળવી. આથી કરીને જ એ ઇંગ્લેન્ડ જઈ ઊંચી કેળવણી લેવા પામ્યા. ઇંગ્લેન્ડમાં છ વર્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી એમણે ડૉક્ટર ઑફ સાયન્સ. (ડી. એસસી.) ની ઊંચી પદવી પ્રાપ્ત કરી. હિંદમાં પાછા ફરીને બનેલો એક નાનો બનાવ એમના જીવનના કાર્યનો પ્રેરક થઈ પડ્યો. બંગાલના કેળવણીના અધિકારી



પાસે જઈ એમણે નોકરીની માગણી કરી. એમની લાયકાત વગેરે જાણી એ અધિકારીએ કહ્યું; " તમે આટલી લાયકાત ધરાવતા હો તો અહીં નોકરી શોધવા કરતાં શા માટે કોઈ ઉદ્યોગ શરૂ કરતા નથી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદાચ મારા જેવા થોડાકને તમે નોકર પણ રાખી શકશો." આ વાક્ય વ્યંગમાં બોલાયું હોય કે સલાહરૂપે હોય પરંતુ આચાર્ય રૉયે તો હિંદભરમાં નામાંકિત થયેલી બંગાલ કેમિકલ વર્કસની સ્થાપના કરીને એ અક્ષરશઃ સાચું પાડી બતાવ્યું. એ કારખાનાના મેનેજરને બે લાખ રૂપિયાનું કમિશન મળે છે. એ કંપનીની મૂડી પચાસ લાખ રૂપિયાની છે. એમાં ૧૮૦ માઇલ લાંબી સ્વતંત્ર રેલ્વે છે. આજે એશિયામાં મોટામાં મોટું ગંધકના તેજાબનું કારખાનું એમાં છે. એ સર્વ ઉદ્યોગની શરૂઆત પ્રફુલ્લચંદ્રે માત્ર ૭૫૦ રૂપિયામાં કરી હતી. એ કારખાનાને લીધે લગભગ ૨૦૦૦ માણસોને રોજી મળે છે, અને હિંદમાં વીસ લાખ રૂપિયાની દવાઓ વેચાય છે.

ડૉ. રૉય ૧૮૮૯ માં કલકત્તાની પ્રેસીડન્સી કૉલેજમાં પ્રોફેસર નિમાયા; અને ૨૮ વર્ષ નોકરી કરી નિવૃત્ત થયા. વિદ્યાર્થીઓને રસાયણનું જ્ઞાન આપવા ઉપરાંત એમણે શોધખોળ તરફ ધ્યાન દોડાવ્યું. એમના હાથ નીચે હિંદભરના અનેક વૈજ્ઞાનિકોએ કેળવણી લીધી છે, અને તેમાંના કેટલાકે તો વિશ્વભરમાં ખ્યાતિ મેળવી છે. પ્રફુલ્લચંદ્ર રૉયની રસાયણશાસ્ત્રની શોધે એમની તથા એમના વિદ્યાર્થીઓની કીર્તિ જગતભરમાં પ્રસારી છે. ખરેખર, હિંદના રસાયણશાસ્ત્રના પિતા તરીકે જો કોઇને ઓળખાવવા હોય તો ડૉ. પ્રફુલ્લચંદ્ર રૉયનું જ નામ આવે.

ફ્રાન્સના એક રસાયણશાસ્ત્રીએ રસાયણનો ઇતિહાસ લખ્યો, તેમાં હિંદના પ્રાચીન રસાયણવિજ્ઞાનનો ઉલ્લેખ માત્ર પણ ન કર્યો. પ્રફુલ્લચંદ્રે એ વસ્તુ તેમના ધ્યાન પર આણી ત્યારે તેમણે કટાક્ષ કર્યો કે, "હિંદના વિજ્ઞાન વિશે જાણવાનાં સાધનો નથી અને જો એવું વિજ્ઞાન કંઇક હોય તો શા માટે તમે એકાદ પુસ્તક લખતા નથી ?" આ કટાક્ષનો જવાબ વાળવા પ્રફુલ્લચંદ્રે સંસ્કૃત ભાષાનો અભ્યાસ શરૂ કર્યો અને થોડાં જ વર્ષમાં હિંદના પ્રાચીન વિજ્ઞાન વિષે એક અપૂર્વ ગ્રંથ તૈયાર કર્યો. આ ગ્રંથને લીધે હિંદનું ગૌરવ વધ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે પોણોસો વર્ષ પસાર કર્યા છતાં એ ચપળ છે અને હજુ પણ ઘણીવાર પ્રયોગશાળામાં શોધખોળનું કાર્ય કરે છે. અનેક વિદ્યાર્થીને માર્ગદર્શન કરાવવામાં બને એટલી મદદ આપે છે. અત્યારે એમના સમયનો મોટો ભાગ સ્વદેશસેવામાં ગાળે છે. આટલો મોટો ઉદ્યોગ શરૂ કરવા છતાં હાથ-ઉદ્યોગ ઉપર એમની અડગ શ્રદ્ધા છે. દિવસમાં દરરોજ નિયમિત બે કલાક એ કાંતે છે. એમનું માનવું છે કે હિંદના ગરીબોનો ઉદ્ધાર ખાદી જેવા હાથ-ઉદ્યોગમાં જ છે.

એમનો ત્યાગ અને દાન પણ એટલાં જ જાણીતાં છે. જ્યારે બંગાળામાં કેળવણીની પ્રગતિમાં સરકાર વધુ પૈસા ખર્ચી ન શકે એવી સ્થિતિમાં હતી ત્યારે એમણે પોતાને કૉલેજના પ્રોફેસર તરીકે મળતો પગાર ન લેવાનું જાહેર કર્યું નિવૃત્ત થયા પછી પણ એમણે યુનિવર્સિટીની સેવા વિનાવેતને આજસુધી ચાલુ રાખી. એમની સ્વતંત્ર માલિકીનો ઉદ્યોગ એમણે લિમિટેડ કંપની બનાવી તેને સોંપ્યો ત્યારે કંપનીની સ્થાવર મિલકતની કિંમત લીધી નહિ, અને એક ડિરેકટર તરીકે એમને પરાણે અમુક શેરો આપ્યા. એમણે આજ સુધીમાં અનેક સખાવતો કરી છે અને હાલમાં હિંદમાં રસાયણના સંશોધનકાર્ય માટે ૧૧ લાખ રૂપિયાનું દાન કર્યું છે. સાદું અને ઉદ્યોગી જીવન ગાળી છેલ્લાં પચાસ વર્ષથી એ હિંદની અનેક રીતે નિઃસ્વાર્થ સેવા કરતા આવ્યા છે. એ સેવાના માર્ગમાં અવરોધ ન આવે એટલા માટે એમણે જીવનભર અપરિણિત જીવન ગાળ્યું છે. સ્વદેશસેવા, વિજ્ઞાનસેવા અને જનસેવામાટે આજે એ જ ઉત્સાહથી, એ જ પરિશ્રમથી, એ જ ખંતથી અને એકધારી સહૃદયતાથી કાર્ય કરી રહ્યા છે. ગાંધીજીના પરમ ભક્ત હોઇને ગાંધીજીની પેઠે પોતાના જીવનની જરૂરિયાતો બને એટલી ઓછી જ રાખી છે, અને આજે પોતાના સમયનો મોટો ભાગ ખાદીના પ્રચાર દ્વારા દેશની નિર્ધનતા ટાળવામાં અને બીજી ઉદ્યોગોની અભિવૃદ્ધિમાં ગાળી રહ્યા છે. એવા સંતની સેવાથી હિંદની સંસ્કૃતિમાં અને કીર્તિમાં અનેક ગણો વધારો થયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. એક માણસ ચિત્રકાર તરીકે મહાન છે, પણ તેને જૂઠું બોલવાની ટેવ છે; એક માણસ કવિ તરીકે ઘણો મોટો છે, પણ ઘણો જ સ્વાર્થી અને ઈર્ષાખોર તેમ જ ચીડિયો છે; તો આ બન્ને જણ પ્રતિ તમારા મનમાં કેવી કેવી લાગણીઓ થશે તે જણાવો.

૨. મહાત્મા કોણ કહેવાય ? આચાર્ય રૉય મહાત્મા કહેવાય કે નહિ ? તમારા ગામમાં કોઈ એવા પુરુષો છે જે ભલે જાણીતા ન હોય છતાં તેમનામાં અમુક અંશે મહાત્માના ગુણો હોય ? તો એવા એક પુરુષનું તમને અનુકૂળ પડે તે રીતે રેખાચિત્ર દોરો. રેખાચિત્ર એટલે રેખા–લીટી વડે દોરેલું ચિત્ર. દાખલા તરીકે ઝાડ આપણે જોતાં હોઇએ, અને તેની આપણે આપણા મન પર પડેલી છાપ બીજાને દર્શાવવી હોય તો આપણે તે ઝાડના રંગ, તેનાં બધાં પાંદડાં, ડાળી વગેરે ઝટ ન ચીતરી શકીએ : આપણે તો રેખાઓ વડે તેની આકૃતિ બનાવીએ. આ થયું ઝાડનું રેખાચિત્ર. એવી જ રીતે કોઈ માણસને તેનો સ્વભાવ, તેણે મેળવેલી સફળતા, અને તેના ચારિત્ર્ય વગેરે દ્વારા ઓળખાવવા માટે જે લેખ લખાય તે સામાન્ય રીતે રેખાચિત્ર તરીકે ઓળખાય છે. ગૂજરાતીમાં શ્રી લીલાવતી મુનશીએ એ પ્રકારનાં સુન્દર રેખાચિત્ર દોર્યાં છે.

૩. લેખકને આચાર્ય રૉયનું પ્રથમ દર્શન ક્યારે અને કેવી રીતે થયું ? એ ઉપરથી આચાર્ય રૉય વિશે તમારા મનમાં કેવાં ખ્યાલો બંધાયા ?

૪. આચાર્ય રૉયના જીવનનો અને તેમણે કરેલાં કાર્યોનો ટૂંકો પરિચય આપો.

૫. આચાર્ય રૉયનો સ્વભાવ અને દેશપ્રેમ અસાધારણ છે એમ બતાવવા માટે તેમના જીવનમાંથી યોગ્ય પ્રસંગો આપો.

૬. આચાર્ય રૉયની જેમ જાણીતા બીજા હિન્દી વિજ્ઞાનશાસ્ત્રીઓ વિશે તમે જે જાણતાં હો તે લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—૧૮—

શ્રેષ્ઠ દાન

[શ્રી રવીન્દ્રનાથ ઠાકુર (ટાગોર) ના એક કાવ્યનો શ્રી પ્રહ્લાદ પારેખે આ અનુવાદ કર્યો છે. કથાવસ્તુ તદ્દન સાદું છે. બુદ્ધને નામે એક સાધુ કોઈ એક પ્રભાતે શ્રાવસ્તી નગરીમાં ભિક્ષા માગે છે. રાજા, નગરશેઠ, વેપારીઓ, પુરનારીઓ વગેરે તેના માર્ગમાં ખોબેખોબા ભરી સુવર્ણ, હીરામાણેક, મોતી વગેરે ઠાલવે છે, પણ સાધુનું ભિક્ષાપાત્ર અપૂર્ણ જ રહે છે. સાધુ નિરાશ બની પાછો વળે છે અને પછી ગામ બહારના વિજન પથમાં એક ચમત્કાર બને છે. સાધુનું મુખ આનંદથી ખીલી ઊઠે છે, અને તેની ઇચ્છા સફળ થાય છે. એ ચમત્કાર શું હશે ? સોનામહોર અને હીરામાણેકે જેની ભૂખ ન ભાંગી તેની ભૂખ એકાએક શાથી ભાંગી ? એ જાણવા માટે તો તમારે કવિતા જ વાંચવી જોઈએ.]

* * *

૧

ભોરની ભર નિદ્રામાં શ્રાવસ્તી નગરી હતી,
બુદ્ધને કાજ ભિક્ષાની કોની બૂમ નભે ચડી ?

૨

હજુ ન રંગો નભ ઊઘડ્યા'તા,
તારા બધાએ હજુ ના ગયા'તા,
હજુ ન પૂરાં ફૂલડાં ખીલેલ,
ના પંખીએ ગાન હજુ ધરેલ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

પહેલી પળો મંગળ એ પરોઢની,
ટાઢી વહેતી લહરી સમીરની,
પોઢેલ સૌએ જગને નિસર્ગ,
મીઠું મીઠું વહાલ કરી રહેલ

૪

એ સમે બુદ્ધના શિષ્યે સાદ એ પુરમાં કર્યો–
"જાગો છો? આપશો ભિક્ષા બુદ્ધને નરનારીઓ?"

૫

અરણ્યમાં કોઈ તપસ્વી જેમ,
ઓમ્કાર ઉચ્ચારી રહે સુમંગલ,
તેવો, સૂતેલી નગરી મહીં એ,
સાધુ તણો આજ થતો પુકાર.

૬

સ્વપ્નોમાં ભમતાં સૌને સાધુસાદે જગાડિયાં.
બીડેલાં નયનોને સૌ, સાધુએ કરિયાં ખૂલાં

૭

સાધુસાદે નરપતિ તણા અંતરે એમ થાતું–
"સત્તા શી આ પળવિપળની? રાજ્યના ભોગ શા આ?"
ને આવે છે ધનપતિ તણા ચિત્તમાંયે વિચાર—
"આત્મા કેરા ધનવિભવ સૌ ફાંસલાના પ્રકાર,"

૮

સાંભળી બુદ્ધનું નામ જાગી ગૈ નગરી બધી
દેવા કૈં પ્રભુને પાયે ધન્ય આવી ગણી ઘડી.

૯

ભરી મૂઠી માર્ગે રતન ઠલવે રાજરમણી,
અને લક્ષ્મીવંતી શરીર પરના ભૂષણ તણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે વૃષ્ટિ: ને સૌ ગરીબ ગૃહિણી વેણી મહીંના–
બધાં ચૂંટી મોતી પથ ઉપર દે આજ ફગવી

૧૦

પરંતુ સાદ સાધુનો ભિક્ષા કાજ ફરી પડે,
રત્ન, આભૂષણો, મોતી બધાં યે ધૂળમાં રહે.

૧૧

તને શું જોઇએ સાધુ? પ્રભુ શું આજ માગતા?
લક્ષ્મીથી તુષ્ટ થાનારા એ વિચારે ડૂબી જતા.

૧૨

"પ્રભુ ના યાચતો રત્નો; તમારાં ભૂષણો કદી,
વિચારી આજ સંતોષો વાંછા એ અવધૂતની"

૧૩

લક્ષ્મી ભરેલા પથને વટાવી,
ને સ્તબ્ધ મૂગી નગરી મૂકીને,
અરણ્યને માર્ગે પળંત સાધુ,
પુકાર ત્યાં યે કરતો ફરીને.

૧૪

ને આ ક્યાંથી "ઘડીક ખમજો દેવ" એ કોણ બોલ્યું?
ચોંકીને એ વિજન પથમાં સાધુએ શું નિહાળ્યું?
વૃદ્ધા નારી શરીરવીંટિયું વસ્ત્ર કંગાલ એક
બોલે: "મારી પ્રભુચરણમાં આપજો દીન ભેટ"

૧૫

બોલી એમ ગઈ એક વૃક્ષની ઓથમાં સરી.
આપતી વસ્ત્રની ભેટ લંબાવ્યા કરમાં ધરી.

૧૬

નાચિયું ઉર સાધુનું: વસ્ત્ર શીર્ષે ચઢાવિયું–
નગરે રાખિયું ખાલી પાત્ર તે કાનને ભર્યું

– સ્વાધ્યાય –

આ કાવ્ય ઉપર છ સ્વાધ્યાય લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવ કરશો કોઈ શોક

[પોતાના મૃત્યુ પહેલાંનો જગતને સ્વ. કવિ નર્મદાશંકરનો આ એક પ્રકારનો સંદેશ છે. 'વીર નર્મદ' તરીકે આપણા સાહિત્યમાં અમર એવા આ કવિના જીવનને, એના વીર સત્ય ને રસિક ટેકીપણાને સમજવામાં આ કાવ્ય ઘણું મદદકર્તા થઈ પડશે.]

* * *

નવ કરશો કોઈ શોક-રસિકડાં, નવ કરશો કોઈ શોક.—ટેક
યથાશક્તિ રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી. રસિ૦
હતો દુઃખિયો થયો સૂખિયો, સમજો છૂટ્યો રણથી– ,,
હરિકૃપાથી મમ લેખચિત્રથી, જીવતો છઉં હું દમથી. ,,
વીર સત્ય ને રસિક ટેકીપણું, અરિ પણ ગાશે દિલથી ! ,,
જુદાઈ દુઃખ તે નથી જ જવાનું, જાયે માત્ર મરણથી. ,,
મરણ પ્રેમીને ખચિત મોડું છે, દુઃખ વધે જ રુદનથી. ,,
જગતનીમ છે જનન મરણનો, દૃઢ રહેજો હિંમતથી ! ,,
મને વિસારી રામ સમરજો, સુખી થાશો તે લતથી. ,,

સ્વાધ્યાય

૧. કવિ નર્મદ પોતાને કઈ રીતે અમર માને છે ? તેની એ માન્યતા તમને સાચી લાગે છે ?
૨. કવિ પોતાના મિત્રો અને સ્નેહીઓને શી શિખામણ આપે છે ? મૃત્યુ તરફ તેની દૃષ્ટિ કેવી છે ?
૩. કવિ નર્મદના અડક ટેકીપણા વિશે તમે જે જાણતાં હો તે ટૂંકમાં લખો.
૪. નર્મદનો મુદ્રાલેખ શું હતો ?
૫. નર્મદનું ટૂંકમાં જીવનચરિત આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦

નવલરામની અન્તિમ પળો

[સ્વ. નવલરામનો પરિચય 'સાહિત્યપાઠાવલી'ના પહેલા ભાગમાં તમે કરી ગયાં છો. ગૂજરાતના એ આદિ વિવેચકના જીવનની છેલ્લી ગંભીર અને ભવ્ય પળોનું વર્ણન "સરસ્વતીચંદ્ર" નામની એક મોટી નવલકથા લખી હિન્દભરમાં જાણીતા બનેલા અને આપણા સાહિત્યમાં અમર સ્થાન પામેલા આપણા મહાન સાક્ષર સ્વ. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીએ કર્યું છે તે અહીં ઉતાર્યું છે. આપણા સાહિત્યમાં હંમેશનું સ્થાન પ્રાપ્ત કર્યું હોય એવાં બહુ ઓછાં લખાણોમાં ગણના થઈ શકે એવો આ પાઠ છે. એ પાઠની એવા ઊંચા સાહિત્યમાં શાથી ગણના થઈ હશે તે તમે શોધી કાઢજો.]



* * *

નવલરામનું શરીર નાની વયથી જ કંઇક રોગીલું તો હતું. નાનપણમાં બેચાર વાર કંઈ નહિ ને કંઈ મહારોગ થયેલા, અને તેમાંથી બચેલા; પણ રાજકોટ નોકરી થયા પછી શરીર વધારે કથળ્યું. તેમાં એમની કેટલીક ટેવો એવી હતી, કે પ્રકૃતિને બગાડે. રાત્રે જાગવું, સવારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંઘવું, નવ વાગ્યે દાતણ કરી લોટો ભરી પાણી પી જવું, ઇત્યાદિ એવી ટેવો એમને હતી, કે જે સાધારણ રીતે શરીરને હાનિકારક ગણાય છે; પછી વૈદ્યો અને ડૉક્ટરો જુદો અભિપ્રાય આપે તો જુદી વાત. રાજકોટ અને સૂરત ગયા ત્યારે શરીર અસ્વસ્થ હતું ખરું, છતાં કોઇને ભય લાગ્યો ન હતો, પણ સૂરત ગયા પછી પેટ ફૂલ્યું, અને જલંધરનો રોગ કહેવાયો. છેલ્લે દિવસે પુષ્કળ લોહી મુખથી પડ્યું. ડૉક્ટર-વૈદ્યોએ મનુષ્યપ્રયત્ન કરી આખરે હાથ હેઠળ મૂક્યા. જ્યારે નવલરામના મનમાં લાગ્યું, કે હવે આજકાલમાં અંતકાળ નક્કી છે, ત્યારે પોતાના પિતાને પાસે બોલાવ્યા, અને મારા મરણ પછી મારા પુત્ર તથા સ્ત્રી સાથે અણબનાવ થતાં આ વૃદ્ધ પિતાને પરતંત્રપણું ભોગવવું ન પડે એ હેતુથી પાંચ હજાર રૂપીઆની સરકારી નોટો રાખી મૂકી હતી તે દુઃખી ડોસાના હાથમાં મૂકતાં ગદ્‌ગદ્ કંઠે કહ્યું, "પિતાજી! જે વખતે આપણા લોકમાં હાલના જેવી કેળવણીની બૂજ હતી નહિ, તેવે સમયે તમારી ટૂંકી રોજીમાંથી કરકસર કરી મને પૂરો વિદ્યાભ્યાસ કરાવવા ખર્ચ કર્યો, તો હું બે અક્ષર ભણ્યો, અને કંઈ વિદ્વાનમાં ખપ્યો, તેનો બદલો મારાથી વાળી શકાય એમ નથી. એમ છતાં ફૂલ નહિ તો ફૂલની પાંખડી આ હું તમને આપું છું તે સ્વીકારી મને આશીર્વાદ દ્યો કે મારા આત્માનું કલ્યાણ થાય." આમ કહેતાંની સાથે નવલરામ હૃદયાફાટ રોઈ પડ્યા, અને એમના પિતાનું હૃદય પણ ભરાઈ આવ્યું, અને એથી સંબંધીઓએ એમને આઘા લીધા. પછી પુત્રીને બોલાવીને કહ્યું, કે "બેન, તું ડાહી છે, તેં કદી વાંક કર્યો નથી; પણ તારી માએ મારા મંદવાડમાં મારી માવજત કરી છે તે તું સરત રાખજે, અને તારા ધણીને કંઈ પણ દુઃખ થાય એવું બોલીશ કે કરીશ નહિ!" પુત્રને પણ બોલાવીને કહ્યું, કે "ભાઇ! તારે નોકરી ન કરવી પડે એટલો સંચય તો હું કરી જાઉં છું, માટે તેનો સારો ઉપયોગ કરજે. કમાવાની ઉતાવળ કરીશ નહિ; પણ પૂરું ભણી વિદ્વાન થજે, અને સારી સોબતમાં રહેજે." આ પ્રમાણે મરવાની તૈયારી કરી, પણ તે દિવસે કંઈ થયું નહિ. રાત ગઈ, બીજો દિવસ ઊગ્યો, શરીર કંઈ સ્વસ્થ દેખાયું, અને સૌને કંઇક આશા પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો દિવસ પણ ઠીક ગયો; પણ ત્રીજે દિવસે પાછી સુસ્તી લાગવા માંડી. બપોરે પાછું લોહી પડયું. સૌ ગભરાયાં, ને ડૉકટર પ્રાતઃકાળે આવ્યો હતો, છતાં બીજી વાર બોલાવ્યો. ડૉકટરે કહ્યું, "બીજી વાર કેમ બોલાવ્યો?" નવલરામ કહે, "તમારી છેલ્લી મુલાકાત લેવાને વાસ્તે." ડૉકટરે ધીરજ આપી; ઔષધ આપી પાછો ગયો. રાત્રી પડી. સૂવાનો વખત થયો એટલે "મારે શરીરે ઠીક છે," કહી બહારનાં સગાંઓને વિદાય કરી દીધાં. પછી એમના મિત્ર અને જમાઈ નરભેરામને એકાંતમાં બોલાવીને તેમને કહ્યું, કે "મારો અંતકાળ નક્કી આવ્યો છે. છેલ્લે સુધી મારું ભાન કાયમ રહેશે, અને દેવાજ્ઞા થતાં સુધી મારે શાંત રહેવાની ઇચ્છા છે. જો કોઇ પણ રોવાકૂટવાનો ગરબડાટ મારી પાસે કરશે, અથવા જરી પણ બોલશે, તો મારા ઈશ્વરસ્મરણમાં ભંગ પડશે, અને મારી આખરની વખતે મારે મારા ઇશ્વર પ્રત્યે જે ધર્મ બજાવી લેવાનો તેમાં હું ચૂકી જઇશ, માટે મારા રક્ષણને અર્થે તમારે અહીં ઊભા રહેવું—એટલું મારું છેલ્લું કામ મિત્રભાવે કરવું એ માગી લઉં છું. મારો આત્મા આ દેહ છોડી એને માર્ગે પડ્યો, એવી તમારી ખાતરી થાય ત્યારે મરજી પડે તે પ્રમાણે કરજો." આ વાત નરભેરામે સ્વીકારી, અને તે પ્રમાણે કરવા ઘરમાં આજ્ઞા આપી દીધી. સાંભળતાં નવલરામનાં પત્ની મણિ-ગૌરીએ તરત રોવા માંડ્યું. શરીર પરથી અલંકાર દૂર કહાડી નાખ્યા, અને પતિની શય્યા પાસે જઇ બેઠાં. બે દિવસ ઉપર વાત કરી હતી તેમ પાછી સૌની સાથે ફરી છેલવેલી વાતો કરી લીધી, પોતાનો કાંઇ અપ-રાધ થયો હોય, તો તે માટે ક્ષમા માગી, અને સૌને પલંગ આગળ ઊભેલાં જોઇ બોલ્યા કે "કોઇને કાંઈ કહેવું છે?" સર્વની આંખમાં આંસુ આવ્યાં, અને કોઇ બોલ્યું નહિ એટલે પોતે બોલ્યા, "હવે હું પરવારી ચૂકયો, ચાલો! હવે ઇશ્વર સ્મરણ કરીએ—નરભેરામ, Now be on your guard—સચ્ચિદાનંદ! દીનબંધુ! દીનાનાથ!" આ પ્રમાણે બોલતાં બોલતાં રહી જઇ અંતરમાં પ્રાર્થના કરવા માંડી, અને અંતે બોલી ઊઠ્યા, કે "આનંદ! આનંદ! આથી તે વળી બીજો કયો આનંદ? હે પ્રભુ! તું જાણે છે કે મેં મારા જન્મ પર્યંત કંઇ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું કામ નથી કર્યું, કે હું તારી કૃપાને પાત્ર ન થાઉં; માટે ઓ પ્રભુ, આ મારો હાથ પકડ !" વળી એક બે વાર મનમાં સ્તવન કર્યું, અને પાછાં આના આ શબ્દો મોંએથી ઉચ્ચાર્યા. એ સ્તવનમાં ને સ્તવનમાં જમણો હાથ ઊંચો થયો અને પાછો પડ્યો, તેની સાથે ત્રણ આંચકા આવ્યા, અને દેહના બંધ છોડી છૂટનાર અદૃશ્ય થઈ ગયો. વિદેહ પતિની આજ્ઞાને અનુસરનારી મણિગૌરીએ રોવા-કૂટવાનું બંધ રાખી એ દસ દિવસ ગીતા વંચાવી. સંબંધી, મિત્રો, ઓળખનાર સર્વ સ્નેહના પ્રમાણમાં દુઃખી થયાં; મરનારના વિદ્યાર્થીઓએ ગુપ્ત અને પ્રસિદ્ધ શોક કર્યો; કવિઓના ગુણ-મધુકરની પાછળ કવિઓ કવિતામાં રોયા, અને વૃદ્ધ દલપતરામે કવિતાઅંગુલી શોકવીણા ઉપર ફેરવી. ગૂજરાતી વર્તમાનપત્રો અને બીજાં પત્રોએ ખેદ સાથે આ નવો બનાવ નોંધ્યો. નવલરામ આ સંસારમાં યથાશેષ-કીર્તિશેષ-ગ્રંથશેષ-થઇ ગયા. એમનું શરીર હતું ન હતું થઈ ગયું. સંવત ૧૯૪૪ ના આષાઢ વદની અમાવાસ્યા એટલે સને ૧૮૮૮ના ઑગસ્ટની સાતમી તારીખે મંગળવારે મધ્યરાતે આ બનાવ બન્યો.

– સ્વાધ્યાય –

૧. નવલરામનું શરીર વધુ વધુ કથળતું ગયું એને માટે એમની કઈ કઈ ટેવો જવાબદાર હતી ?

૨. "ફૂલ નહિ તો ફૂલની પાંખડી આ હું તમને આપું છું." આ શબ્દો સ્વ. નવલરામે કોની સમક્ષ અને ક્યારે ઉચ્ચાર્યા હતા ? એ શબ્દોની પાછળ રહેલા ભાવો વિસ્તારપૂર્વક જણાવો.

૩. નવલરામને અંતકાળે શાન્તિની ભૂખ હતી એમ તમે કયા પ્રસંગ ઉપ-રથી કહી શકો ?

૪ નવલરામે અંતકાળે ઉચ્ચારેલા શબ્દોમાં રહેલો ભાવ ટૂંકમાં જણાવો.

૫. નવલરામે એમનાં પુત્રપુત્રીને આપેલી શિખામણ તમારા શબ્દોમાં લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. નવલરામનો આત્મા ભક્તિપરાયણ હતો એ તમે શી રીતે કહી શકશો ?

૭. આ પાઠમાં તમને ખૂબ કરુણ લાગ્યો હોય એવા એક પ્રસંગનો ઉલ્લેખ કરો.

૮. નવલરામે ગૂજરાતી સાહિત્યમાં શો ફાળો આપ્યો છે ?



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧

બે ગદ્ય-કાવ્યો

[સામાન્ય રીતે જે ગાઇ શકાય તે કવિતા એવો આપણો ખ્યાલ હોય છે; પણ તે ખ્યાલ સાચો નથી એવું તમે આ પાઠ વાંચી જોઈ શકશો. આ પાઠમાં બે નાનકડી નાટિકાઓ છે. શ્રી મુરલી ઠાકુરે એ લખી છે. એકનું મથાળું છે: 'મુઈ એ ઉષા' અને બીજીનું છે 'તેજ તેજના સંગ્રામ.' એક કવિતા વાચવામાં તમને જેવો રસ પડે તેવો જ રસ આ નાટિકા વાંચતાં તમે અનુભવી શકશો. એથી એને ગદ્ય-કાવ્ય તરીકે ઓળખાવી છે. ગદ્યમાં પણ કવિતા હોઈ શકે છે એટલું જ તમે હાલ તો આ ઉપરથી જાણશો તો પૂરતું છે.]

* * *

[પૃથ્વી પરના અંધારપડદા સંકેલાયા. એકાદ અજાણ આભને ખૂણેથી સોનેરી સાડી સજી, પગલે પગલે કુંકુમ પાથરતી, પસલીએ પસલીએ વિશ્વ પર અણમૂલા રંગ ઉડાડતી હસતીનાચતી ઉષાએ એકાદ ઉદ્યાનમાં ઊતરી, થોભી, જગત પર મીટ માંડી, પોતાનાં અનંત તેજ સર્વત્ર ફેલાવી દીધાં.]

[ચમેલી, માલતી, શેવતી, જાઈ આદિ એ ઉદ્યાનમાં ઊંઘે છે.]

ઉષા : અલી ઓ ચમેલી, હજી ઊંઘે છે? જો હું તો નાહીને પણ આવી.

ચમેલી (જરા હાલી) : હો! બહેન ઉષા! આ પવન તો જો. એનાં તો એવાં લહેરિયાં આવે છે કે ઊંઘ આવી જ જાય. જા ત્યારે તું માલતીને તો જગાડ. એટલામાં હું તૈયાર થઈ જઈશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉષા (જરા દૂર જઈ) : અલી એ માલતી ! અલી, હવે તો ઊઠ. જો પેલી ચમેલી તો આજ તારાથી પહેલી પરવારી. ભૂલી ગઈ આપણે રમવાનાં હતાં એ ?

માલતી : અરે ઉષા, તું આવી ખરી કે ! ઓત્તારી ! તું તો ગઈ કે જાણે આવી. હું તો ધારતી હતી કે હજી રાત છે.

ઉષા : અલી પણ તમને આટલી ઊંઘ શાની ?

[બાજુમાં સૂતેલી શેવતી જાગી ઊઠી]

શેવતી : તને શી ગમ છે ? તું તો ઘડીમાં ગૂમ થઈ જાય છે. ક્યાં ગઈ હતી રાતે ? કેમ માલતી, કાલે ચાંદનીમાં કેવી મઝા આવી હતી ?

માલતી : હા, બહેન ઉષા. કાલે પૂર્ણિમા હતી તે એટલે મોડે સુધી જાગ્યાં ને આ પાછલા પહોરે જ જરા સૂતાં હતાં, એટલે જ મોડું થયું.

ઉષા : અલી જો તો ખરી ! પેલી જાઈ તો હજી ઊંઘે છે. કુમુદિની કેમ દેખાતી નથી ?

શેવતી : બહુ જ જબરી છે એ તો. કેં ખેલે રાતે ! ચંદ્રની કળા જોઈ એ તો ગાંડી જ થઈ ગઇ હતી.

માલતી : એની જ ધૂનમાં તો ક્યાંઈ ઘૂમતી નહિ હોય ?

ઉષા : તમે પાછાં વાતે વળ્યાં. જાવ જલદી તૈયાર થા; એટલામાં હું પેલી કોકિલાને જગાડું.

[ઝાડની ઘટામાં એકાદ ડાળ ઉપર કોકિલા ઝોલાં ખાતી ઊંઘે છે. ઉષા ત્યાં આવી પહોંચે છે.]

ઉષા : કોકિલા, એ બેન કોકિલા, તને યે પૂર્ણિમાનું ઘેન ચઢ્યું કે શું ? ઊઠ તો ખરી ! માલતી, શેવતી, જાઇ બધાં જાગ્યાં છે, તારી જ રાહ જોવાય છે. ચાલને આજ તો તારી જ પાંખે ઊડીએ, તું જરા ગાઇશ ને ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[કોકિલા ને ઉષા ઊડતાં ઊડતાં ઉદ્યાનમાં આવી પહોંચ્યાં. ચમેલી, માલતી, શેવતી, જાઈ સ્વચ્છ થઈ એમની રાહ જોતાં મસ્ત ઊભાં છે.]

ઉષા : કોકિલા, જરા ગા તો ખરી!

[કોકિલા ગાય છે, માલતી, શેવતી, ચમેલી આદિ ડોલે છે. ગાતાં ગાતાં કોકિલા ઓચીંતી થંભે છે.]

ચમેલી : કેમ અલી! થાકી કે શું?

કોકિલા : ના રે ના, પણ ઉષા ક્યાં?

જાઈ : ગભરાઈશ નહિ, તું ગાતી હતી, એટલે 'પેલી ગાયોને જરા જગાડી આવું' એમ કહી હમણાં જ ત્યાં ગઇ છે.

ચમેલી : અલી જાઈ, પેલી ગાયોનું ટોળું તો જો.

જાઈ : અને પેલી પનિહારીઓ તો જો. માથે ચમકતાં બેડલાં મૂકી કેવી મલકાતી મલકાતી મસ્ત આવે છે એ!

માલતી : સાચું. અલી, આપણે યે એમ પાણી ભરવા કદી ન ગયાં!

શેવતી : જુઓ પેલું કોક આવે—ઉષા તો નથી ને!

જાઈ : કોણ જાણે કોણ છે એ, એના હાથમાં તો મોગરો, ચંપો, કમળ આદિ છે.

કોકિલા : ન ઓળખી એ બાઈ! એ તો પેલી માલિની.

[માલિની આવી પહોંચે છે]

ચમેલી : કોકિલા, એ શું કરે છે?

કોકિલા : એ તો ફૂલ્યાંફોર્યાં ફૂલોને ચૂંટી લે છે.

જાઈ : અલી પેલી ગૂલછડી તો ઝડપાઈ.

માલતી : મૂઈ એ ઉષા! શાને જગાડી પ્રફુલ્લિત કર્યાં!

૨

[દૂર દૂર સૃષ્ટિને સિમાડે, પૃથ્વી ને આભની સરહદ ઉપર સંધ્યા ઘૂમતી હતી. કંઈક વખતથી મહાયુદ્ધથી થાકયોપાકયો દી પડું પડું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ રહ્યો હતો; તેના મહાબાહુ હવે થાકયા હતા, તેનાં તેજ હવે ધીમે ધીમે ઓસરતાં હતાં. બીજી બાજુ તારક-સૈન્ય પ્રવેશ કરતું હતું. એક એક ઘસી ઘસી, સૂર્યની હદ વટાવી ભરકદમ કૂચ કરતા હતા. થોડી વારમાં સૂર્ય નમ્યો. દીનો આત્મા ઊડી ગયો ને એનો મૃતદેહ ક્યાંઈ ક્યરાઈ ગયો. સંધ્યા રોતી રોતી, ભભૂકતા આકાશમાંથી દોડતી નાસતી હતી. પોતાના સૈન્યનો વિજય જોઈ શશી ઊભો ઊભો હસતો હતો. મહાપરાક્રમી રવિદેવનો પરાભવ ને વળી તે એના સૈન્યના હાથે! એને મન આનંદની ઘડી હતી. વિજયી વીરની ચાલથી આગળ આવી એ બોલવા માંડ્યો :]

શશી : કેમ! મહારથી, મહાનુભાવ રવિદેવ તમે જ તે! ક્યાં ગયા! કેમ નથી દેખાતાં તમારાં આયુધ! તમારાં સૈન્ય! બહુ જ તપ્યા; પ્રજાઓને તાપી તાપી ત્રાસ દીધા; કેમ હવે?

રવિ : શશી! ગર્વ ન કરશો. જીવન એવાં જ છે. ઘડી પહેલાં મારો મધ્યાહ્ન હતો, દૈવે પરાભવ આપ્યો; તેમાં તમે ન ફુલાશો. આ શિર કોઈ ને નમ્યું નથી, ન તો કદી નમશે. જાણ્યા છે આ નયનના તેજપ્રભાવ? હજુ સુધી કોઈ એ આંખો સામી મીટ માંડી જોઈ શક્યું નથી.

શશી : એમ? ત્યારે ક્યાં વિલાયાં એ તમારાં તેજ? ને એ તેજના મહાપુંજ?

રવિ : એ તેજે તો જગત પ્રફુલ્યાં, એ જ તેજે જીવન જગાડ્યાં, એ જ તેજે પરમાણુ પરમાણુને પ્રાણ આપ્યો.

શશી : રહેવા દો. એ તેજે જ જગત બાળ્યાં, એ જ તેજે પરમાણુ પરમાણુ જુદા કર્યાં; એ જ તેજે જીવન વિહ્વલ બનાવ્યાં...એ જ તેજ ને...! ને એ જ તેજની હજુ બડાઈ કરો છો!...!...!

રવિ : બડાઈ નથી કરતો; સત્ય કહું છું. મેં તો અનુભવ કર્યા છે, તમારે કરવાના છે. મારા અનુભવ જગતની એકેએકે વ્યક્તિએ-મારી પ્રજાએ કર્યા છે. જોઉં છું કેટલાક સંતોષો છો તમે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શશી : ખામોશ, હારેલાને આ હામ! ખબર છે આ મહાસમ્રાટ, આ વિજેતા આગળ તમારા શબ્દોની શી કિમ્મત છે?...!...!

રવિ : હા..., એમ હોય તો ભલે. આ સૃષ્ટિનું સિંહાસન તમારું છે, મેં સંતાપ્યું હોય તો તમે સંતોષજો; મેં પ્રજાળ્યું હોય તો તમે પ્રશાન્ત કરજો; મેં નિર્જીવ કર્યો હોય તો તમે પ્રાણ રેડજો. મેં તો મારા શાસન દરમ્યાન જગતને જગાડયું છે. જોજો તમારા શાસનમાં જગત ઊંઘે નહિ. મેં તો જિતાડ્યું હતું; જો જો તમારા શાસનમાં તે હારે નહિ.

શશી : બસ. તારકસૈન્ય! ઘેરો એ ગર્વિષ્ઠને; પૂરી દો એને પેલી આભ-ગુહામાં!

[તારકસૈન્ય પહેરો ભરે છે. સૂર્ય કેદી અદશ્ય થાય છે. સૃષ્ટિને સિંહાસને આરૂઢ શશી ઝળહળે છે. મહાયુદ્ધ પ્રકોપથી થાકેલી પ્રજા ઉપર અમી ઢોળે છે. યુદ્ધત્રાસ્યું જગત વિલાસે છે, વિલાસમાં વિરામે છે. જગત ઊંઘી જાય છે. આભ-કેદમાં બેઠા બેઠા સૂરજ હસે છે: "વાહ! જગત જગાડ્યું નહિ પણ જાગતું ઊઘાડ્યું.]

– સ્વાધ્યાય –

૧. આવી જાતનાં લખાણો તમે કયાંય વાંચ્યાં છે? કોનાં વાંચ્યાં છે?

૨. આ સંવાદ તમને ગમે એવો છે? આ સંવાદમાં આવતાં ફૂલો સિવાયનાં અન્ય ફૂલોની યાદી કરો-તમને કયું ફૂલ ખૂબ ગમે, શા માટે?

૩. ઉષા ને તે સમયનું વાતાવરણ કેટલું સુંદર હોય છે તે તમે જોયું છે? તેનું વર્ણન લખો.

૪. તમે માળી હો તો શું કરો? ફૂલ ચૂંટો કે ઝૂલતાં જોયાં કરો?

૫. 'તેજ તેજના સંગ્રામ' એટલે શું? એમાં કોના કોના વચ્ચે યુદ્ધ થયું છે? આવાં યુદ્ધ જોવા શકય બને તો તમને ગમે? સૂર્ય, ચંદ્ર, દિવસ, રાત્રી વિષે પાંચ પાંચ લીટી લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨

એકલો

[આ ગીત શ્રી ઝવેરચંદ મેઘાણીનું રચેલું છે. શ્રી મેઘાણીને તમે સારીપેઠે ઓળખો છો. પહેલા ભાગમાં 'ઝાકળનું બિન્દુ' અને બીજા ભાગમાં 'શિવાજીનું હાલરડું' આપણે જોઈ ગયા છીએ. શ્રી મેઘાણીએ નાનાં નાનાં બાળકો માટે 'કિલ્લોલ' અને 'વેણીનાં ફૂલ' માં ખૂબ ખૂબ ગીતો આપ્યાં છે. અત્યાર સુધીમાં એનો આનંદ તમે માણ્યો ન હોય તો વહેલામાં વહેલી તકે એ ગીતોની ચોપડીઓ તમારે જોઈ જવી જોઇએ. શ્રી મેઘાણીએ આપણાં લોકગીતો ખૂણે ખૂણેથી ભેગાં કરીને પ્રગટ કર્યાં છે. લોકોને ગમી જાય એવાં ગીતોનો એમને શોખ છે. એટલે એ પોતે લખે તે ગીત પણ લોકગીત જેવાં મીઠાં, સરળ અને કાનમાં ગુંજ્યા કરે એવાં હોય છે.

'એકલો' ગીત તમે એકલાં એકલાં કોઈવાર સારી ક્ષણે કંઈ વિચારતાં હશો એ જાણે પકડી પાડીને રચ્યું ન હોય એવું છે. જેટલું ખરાબ હોય તેટલું પોતે વેઠી લેવું અને સારું હોય તેટલું બીજાઓને આપી દેવું એ ભાવના વિષે આ ગીત છે. તમે એકવાર વાંચશો એટલે પછી મનમાં મનમાં એકલાં એકલાં ગાયા જ કરવાનાં. અને જેમ જેમ ગાશો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ તેમ એની ભાવના પણ વધારે ને વધારે સ્પષ્ટ રીતે હૃદયમાં ઊતરી જશે.]

* * *

તુજ સુખની મહેફિલમાં તું સહુને નોતરજે,
પણ જમજે અશ્રુની થાળ એકલો.
હોંશીલા જગને હસવા તેડું કરજે,
સંઘરજે ઉરની વરાળ એકલો.
તુજ દ્વારે દીપકમાલા ચેતવજે,
ગોપવજે દિલ-અંધારાં એકલો.
પરને આંગણ અમૃત-ઝરણાં રેલવજે,
પી લેજે વિષ તારાં તું એકલો.
તુજ ગુલશનના ગુલ જે માગે તેને દેજે,
તું સહેજે સર્પોના દંશ એકલો;
કીર્તિની કલગી સહિયારે કર દેજે,
ભોગવજે બદનામી અંશ એકલો.
દિલ દિલની દુઃખવાતો દિલસોજીથી સૂણજે,
ચુપ રહેજે કાપી જબાન એકલો;
કો થાકેલા પગની કાંકર ચૂમી લેજે,
કદમો ભરજે કંટક પર તું એકલો.

– સ્વાધ્યાય –

૧. બીજાઓને માટે શું શું કરવાનું કવિ કહે છે?
૨. પોતાને માટે શું શું કરવાનું કવિ આપણને કહે છે?
૩. બદનામી પોતે વહોરી લેવી એ ભારે હશે કે કીર્તિમાં કોઈની સાથે ભાગ પાડવો પડે એ ભારે હશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩

કસોટી

[મોટા પુરુષોનું જીવન એટલે અગ્નિપરીક્ષામાંથી પાર પડેલું શુદ્ધ સુવર્ણ. ઇશુની અગ્નિપરીક્ષા પેલો ટાંટાળો તાજ અને વધસ્તંભ. ગાંધીજીએ પણ જીવનભર એવો કાંટાળો તાજ એક અથવા બીજી રીતે ધારણ કર્યો છે. તેવા એક પ્રસંગની કથા તેમના જ શબ્દોમાં 'આત્મકથા'માંથી અહીં ઉતારી છે. આ પ્રસંગ તમે ધ્યાનપૂર્વક વાંચજો, એની સરલ નિખાલસ શૈલીનો અભ્યાસ કરજો, અને એમાંથી ગાંધીજીના જીવનનો મર્મ શોધી કાઢજો.]

*　　*　　*

૧

સાતમે કે આઠમે દહાડે હું ડરબનથી રવાના થયો. મારે સારુ પહેલા વર્ગની ટિકિટ કઢાવી. ત્યાં સૂવાની પથારી જોઇએ તો પાંચ શિલિંગની નોખી ટિકિટ કઢાવવી પડતી હતી. અબદુલ્લાશેઠે તે કઢાવવા આગ્રહ કર્યો, પણ મેં હઠમાં, મદમાં ને પાંચ શિલીંગ બચાવવા પથારીની ટિકિટ કઢાવવાની ના પાડી.

અબદુલ્લાશેઠે મને ચેતવ્યો 'જો જો આ મુલક જુદો છે. હિંદુસ્તાન નથી. ખુદાની મહેરબાની છે. તમે પૈસાની કંજુસાઈ ન કરજો, જોઇતી સગવડ મેળવી લેજો.'

મેં આભાર માન્યો. ને તેમને ચિન્તા ન કરવા કહ્યું.

નાતાલની રાજધાની મેરીત્સબર્ગમાં ટ્રેન નવેક વાગે પહોંચી. અહીં પથારી આપવામાં આવતી હતી. કોઇ રેલવેના નોકરે આવી પૂછ્યું: "તમારે પથારી જોઇએ છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં કહ્યું : " મારી પાસે મારી પથારી છે." તે ચાલ્યો ગયો. દરમ્યાન એક ઉતારુ આવ્યો. તેણે મારી સામે જોયું. મને ભાતીગર જોઇ મૂંઝાયો. બહાર નીકળ્યો. એકબે અમલદારોને લઇ આવ્યો. કોઇએ મને કંઈ ન કહ્યું. છેવટે એક અમલદાર આવ્યો. તેણે કહ્યું : " આમ આવો. તમારે છેલ્લા ડબામાં જવાનું છે. "

મેં કહ્યું : " મારી પાસે પહેલા વર્ગની ટિકિટ છે." પેલે જવાબ આપ્યો : " તેની ફિકર નહિ. હું તમને કહું છું કે તમારે છેલ્લા ડબામાં જવાનું છે. "

" હું કહું છું કે, મને આ ડબામાં ડરબનથી બેસાડવામાં આવ્યો છે; ને હું તેમાં જ જવા ધારું છું. "

અમલદાર બોલ્યો : "એમ નહિ બને; તમારે ઊતરવું પડશે, ને નહિ ઊતરો તો સિપાઇ ઉતારશે. "

મેં કહ્યું : " ત્યારે ભલે સિપાઈ ઉતારે, હું મારી મેળે નહિ ઊતરું."

સિપાઈ આવ્યો. તેણે હાથ પકડ્યો ને મને ધક્કો મારીને નીચે ઉતાર્યો. મારો સામાન ઉતારી લીધો. મેં બીજા ડબામાં જવાની ના પાડી. ટ્રેન રવાના થઈ. હું વેટિંગ રૂમમાં બેઠો. મારી હાથપાકીટ સાથે રાખી. બાકીના સામાનને હું ના અડક્યો. રેલ્વેવાળાએ સામાન ક્યાંક મૂક્યો.

આ મોસમ શિયાળાની હતી. દક્ષિણ આફ્રિકાનો શિયાળો ઊંચાણના ભાગોમાં બહુ સખત હોય છે. મેરીત્સબર્ગ ઊંચા પ્રદેશમાં હતું તેથી ટાઢ ખૂબ લાગી. મારો ઓવરકોટ મારા સામાનમાં હતો. સામાન માગવાની હિમ્મત ન ચાલી. ફરી અપમાન થાય તો ? ટાઢે થથર્યો. કોટડીમાં દીવો નહોતો. મધરાતને સુમારે એક ઉતારુ આવેલો તે કંઇ વાત કરવા માગતો હોય એમ લાગ્યું; પણ હું વાત કરવાની મનોદશામાં નહોતો.

મેં મારો ધર્મ વિચાર્યો. કાં તો મારે મારા હકોને સારું લડવું અથવા પાછા જવું. નહિ તો, જે અપમાનો થાય તે સહન કરવાં ને પ્રીટોરિયા પહોંચવું, અને કેસ પૂરો કરીને દેશ જવું. કેસ પડતો મૂકીને ભાગવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ તો નામર્દી ગણાય. મારા ઉપર દુઃખ પડ્યું તે તો ઉપરચોટિયું દરદ હતું: ઊંડે રહેલા મહારોગનું તે લક્ષણ હતું. આ મહારોગ તે રંગદ્વેષ. એ ઊંડો રોગ નાબૂદ કરવાની શક્તિ હોય, તો તે શક્તિનો ઉપયોગ કરવો. તેમ કરતાં જાત ઉપર દુઃખ પડે તે બધાં સહન કરવાં અને તેનો વિરોધ રંગદ્વેષ દૂર કરવા પૂરતો જ કરવો.

આવો નિશ્ચય કરી, બીજી ટ્રેનમાં ગમે તે રીતે પણ આગળ જવું જ એમ નિશ્ચય કર્યો.

સવારના પહોરમાં મેં જનરલ મૅનેજરને ફરિયાદનો લાંબો તાર કર્યો. દાદા અબદુલ્લાને પણ ખબર આપ્યા. અબદુલ્લાશેઠ તુરત જનરલ મૅનેજરને મળ્યા. જનરલ મૅનેજરે પોતાના માણસોના વર્તનનો બચાવ કર્યો. પણ મને વગર હરકતે મારે સ્થળે પહોંચાડવા સ્ટેશન માસ્તરને ભલામણ કરી. અબદુલ્લાશેઠે મૅરીત્સબર્ગના હિંદુ વેપારીઓને પણ મને મળવા ને મારી બરદાસ કરવા તાર કર્યો ને બીજા સ્ટેશનોએ પણ તેવા તારો મોકલ્યા. તેથી વેપારીઓ મને સ્ટેશન ઉપર મળવા આવ્યા. તેમણે પોતાની ઉપર પડતાં દુઃખોનું વર્ણન મારી પાસે કર્યું અને મને કહ્યું કે તમારા ઉપર વીત્યું તે કંઈ નવાઈની વાત નથી. પહેલા બીજા વર્ગમાં હિંદીઓ મુસાફરી કરે તેને અમલદારો તેમ જ મુસાફર તરફથી અડચણ તો પહોંચે જ. આવી વાતો સાંભળવામાં દિવસ ગયો. રાત પડી. ટ્રેન આવી. મારે સારુ જગ્યા તૈયાર જ હતી. જે પથારીની ટિકિટ લેવા મેં ડરબનમાં ના પાડી હતી, તે મૅરીત્સબર્ગમાં લીધી. ટ્રેન મને ચાર્લ્સટાઉન લઇ ચાલી.

ચાર્લ્સટાઉન ટ્રેન સવારે પહોંચે. ચાર્લ્સટાઉનથી જોહાનિસબર્ગ સુધી પહોંચવાને સારુ તે કાળે ટ્રેન નહોતી. પણ ઘોડાની સિગરામ હતી અને વચમાં સ્ટેંડરટનમાં એક રાત રહેવાનું હતું. મારી પાસે સિગરામની ટિકિટ હતી. એ ટિકિટ કાંઇ હું એક દિવસ મોડો પહોંચ્યો તેથી રદ થતી નહોતી. વળી અબુદુલ્લાશેઠે ચાર્લ્સટાઉન સિગરામવાળા ઉપર તાર પણ મોકલ્યો હતો. પણ એને તો બહાનું જ કાઢવું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી મને કેવળ અજાણ્યો જાણી કહ્યું: "તમારી ટિકિટ તો રદ થઈ છે." મેં યોગ્ય જવાબ આપ્યો. ટિકિટ રદ થઈ છે એમ મને કહેવાનું કારણ તો જુદું જ હતું. ઉતારુઓ બધાં સિગરામની અંદર જ બેસે પણ હું તો ફૂલી ગણાઉં, અજાણ્યો લાગું, તેથી મને ગોરા ઉતારુઓની પાસે બેસાડવો ન પડે તો સારું એવી સિગરામવાળાની દાનત. સિગરામની બહાર એટલે હાંકનારને પડખે ડાબી અને જમણી બાજુએ એમ બે બેઠકો હતી. તેમાંની એક બેઠક ઉપર સિગરામની કંપનીનો એક મુખી ગોરો બેસતો એ અંદર બેઠો અને મને હાંકનારની પડખે બેસાડ્યો. હું સમજી ગયો કે આ કેવળ અન્યાય જ છે, અપમાન છે, પણ મેં એ અપમાનને પી જવું યોગ્ય ધાર્યું. મારાથી બળજોરી કરીને અંદર બેસી શકાય એવું તો નહોતું જ. હું તકરારમાં ઊતરું તો સિગરામ જાય અને વળી મારે એક દિવસની ખોટી થાય ને બીજે દિવસે વળી શું થાય એ તો દૈવ જાણે. એટલે હું ડાહ્યો થઇને બહાર બેસી ગયો. મનમાં તો ખૂબ કોચવાયો.

ત્રણેક વાગે સિગરામ પારડીકોપ પહોંચ્યો. હવે પેલા ગોરા મુખીને હું જ્યાં બેઠો હતો ત્યાં બેસવાની ઇચ્છા થઈ. તેને બીડી પીવી હતી. જરા હવા પણ ખાવી હશે. એટલે એણે એક મેલુંસરખું ગુણિયું પડ્યું હતું તે પેલા હાંકનારની પાસેથી લઈ પગ રાખવાના પાટિયા ઉપર પાથર્યું ને મને કહ્યું: "સામી, તું અહીં બેસ, મારે હાંકનારની પાસે બેસવું છે." આ આપમાન સહન કરવા હું અસમર્થ હતો તેથી મેં બીતાં બીતાં તેને કહ્યું: "તમે મને અહીં બેસાડ્યો એ અપમાન મેં સહન કરી લીધું, મારી જગ્યા તો અંદર બેસવાની પણ તમે અંદર બેસીને મને અહીં બેસાડ્યો. હવે તમને બહાર બેસવાની ઇચ્છા થઈ છે અને બીડી પીવી છે તેથી તમે મને તમારા પગ આગળ બેસાડવા ઇચ્છો છો. હું અંદર જવા તૈયાર છું પણ હું તમારા પગની પાસે બેસવા તૈયાર નથી."

આટલું હું માંડ કહી રહું તેટલામાં તો મારા ઉપર તમાચાનો વરસાદ વરસ્યો અને પેલાએ મારું બાવડું ઝાલીને મને નીચે ઘસડવા માંડ્યો. મેં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઠકની પાસેના પીતળના સળિયા હતા તે ઝોડની જેમ પકડી રાખ્યા અને કાંડું ખડે તોયે સળિયા નથી છોડવા એમ નિશ્ચય કર્યો. મારા ઉપર વીતી રહી હતી તે પેલા ઉતારુઓ જોઈ રહ્યા હતા. પેલો મને ગાળો કાઢી રહ્યો હતો, ખેંચી રહ્યો હતો, ને મારી પણ રહ્યો હતો અને હું ચૂપ હતો. પેલો બળવાન ને હું બળહીન. ઉતારુઓમાંના કેટલાકને દયા આવી ને તેમનામાંના કોઇ બોલી ઊઠ્યા : "અલ્યા, એને બિચારાને ત્યાં બેસવા દે. તેને નકામો માર નહિ; તેની વાત સાચી છે. ત્યાં નહિ તો તેને અમારી પાસે અંદર બેસવા દે." પેલો બોલી ઊઠ્યો: "કદી નહિ." પણ જરા ભોંઠો પડ્યો ખરો. તેથી મને તેણે મારવાનું બંધ કર્યું. મારું બાવડું છોડ્યું. બેચાર ગાળો તો વધારે દીધી પણ એક હૉટેન્ટાટ નોકર પેલી બાજુએ હતો તેને પોતાના પગ આગળ બેસાડ્યો અને પોતે બહાર બેઠો. ઉતારુઓ અંદર બેઠા. સીટી વાગી. સિગરામ ચાલ્યો. મારી છાતી તો ધડકતી જ હતી; હું જીવતો મુકામે પહોંચીશ કે નહિ એ વિષે મને શક હતો. પેલો મારી સામે ડોળા કાઢ્યા જ કરે. આંગળી બતાવી બબડ્યા કરે. "યાદ રાખ, સ્ટેંડરટન પહોંચવા દે. પછી તને ખબર પાડી દઉં." હું તો મૂગો જ બેઠો અને મારી વહાર કરવા પ્રભુને અરજી કરતો રહ્યો.

રાત પડી. સ્ટેંડરટન પહોંચ્યા. કેટલાક હિંદી ચહેરા જોયા. મને કંઇક શાન્તિ વળી. નીચે ઊતરતાં જ હિંદીઓએ કહ્યું : "અમે તમને ઇસા શેઠની દુકાને લઈ જવાને જ ઊભા છીએ. અમારા ઉપર દાદા અબદુલ્લાનો તાર છે." હું બહુ રાજી થયો. તેમની સાથે શેઠ ઇસા હાજી સુમારની દુકાને ગયો. મારી આસપાસ શેઠ અને તેમના વાણોતરો વીંટળાઇ વળ્યા. મારા ઉપર જે વીતી હતી તેની વાત કરી. તેઓ બહુ દિલગીર થયા અને પોતાના કડવા અનુભવો વર્ણવી મને આશ્વાસન આપ્યું. મારે તો સિગરામ કંપનીના એજન્ટને મારા ઉપર વીતેલી જણાવવી હતી. મેં એજન્ટ ઉપર ચિઠ્ઠી લખી. પેલા માણસે ધમકી આપી હતી તે પણ જણાવ્યું અને સવારે આગળ મુસાફરી થાય ત્યારે મને અંદર બીજા ઉતારુઓની પડખે જગ્યા મળે એવી ખાતરીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગણી કરી. ચિઠ્ઠી એજન્ટને મોકલી; એજન્ટે મને સંદેશો મોકલ્યો; "સ્ટેંડરટનથી મોટો સિગરામ હોય છે, અને હાંકનારા વગેરે બદલાય છે. જેની સામે તમે ફરિયાદ કરી છે તે માણસ આવતી કાલે નહિ હોય. તમને બીજા ઉતારુઓની પડખે જ જગ્યા મળશે." આ સંદેશાથી મને કંઈક નિરાંત વળી. પેલા મારનારની ઉપર કંઈ પણ કામ ચલાવવાનો વિચાર તો મેં કર્યો જ નહોતો એટલે આ મારનું પ્રકરણ અહીં જ બંધ રહ્યું. સવારે મને ઈસાશેઠના માણસો સિગરામ ઉપર લઈ ગયા. મને યોગ્ય જગ્યા મળી. કોઈ જાતની હાલાકી વિના તે રાત્રે જોહાનિસબર્ગ પહોંચ્યો.

– સ્વાધ્યાય –

૧. ગ્રામસેવક મધ અને ઈશુનું બલિદાન સાથે આ પાઠ સરખાવો. એ ત્રણેમાં કયાં કયાં પાત્રો મળતાં આવે છે ?

૨. મેરિત્સબર્ગમાં ગાંધીજીને જે અનુભવ થયો હતો તે વર્ણવો. એ સંજોગોમાં બીજો કોઈ સામાન્ય પુરુષ હોત તો તે શું કરત ?

૩. જે ગોરાએ ગાંધીજીને માર માર્યો હતો તેના પ્રતિના ગાંધીજીના વર્તનમાં તમને કંઈ નોંધવા જેવું લાગે છે ? શું ?

૪. આ પાઠમાં વર્ણવાયા છે તેવા પ્રસંગોની ગાંધીજીના જીવન પર શી અસર થઈ હશે ?

૫. આફ્રિકામાં ગાંધીજીએ જે જે મહત્ત્વનાં કાર્યો કર્યાં હતાં તેનો પરિચય મેળવી ટૂંકમાં તમારી સ્વાધ્યાય–પોથીમાં તે ઉતારો.

૬. આફ્રિકામાં હિન્દીઓ કયાં કયાં વસે છે, અને હાલ તે દેશમાં તેમની શી સ્થિતિ છે તે જણાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪

આગગાડી

['રંગોળી' તમે વાંચી ગયાં; અને તે ઉપરથી ગમે તે કોઈ એક વિષય ઉપર વ્યવસ્થિત રીતે વિચારો કેવી રીતે દર્શાવવા અને નિબંધો કેમ લખવા તે તમે શીખ્યાં. 'આગગાડી' પણ નિબંધનો એક પ્રકાર જ છે; પણ આપણા સાહિત્યમાં આ રીતે નિબંધો લખવાની હજુ તો શરૂઆત માત્ર જ થઈ છે. 'રંગોળી' અને 'આગગાડી'ની શૈલીમાં મોટો ભેદ રહેલો છે તે જો તમે સમજી શકશો તો નિબંધ-લેખનના જે અનેક જુદા જુદા પ્રકારો છે તે તમને સમજાશે. 'રંગોળી'ની રીતે શ્રીમતી વિજયા દેસાઈ એ 'આગગાડી' ઉપર લખ્યું હોત તો તે શું લખત તેની કલ્પના કરો. આગગાડી કેવી રીતે બની, તે શાથી ચાલે છે, તેનાં યંત્રો કેવાં છે, તેના ફાયદા ગેરફાયદા શા છે વગેરે તેમને લખવું પડત. હવે 'આગગાડી' વાંચો. 'આગગાડી'માં શ્રીમતી વિજયા દેસાઈ એ એવું બધું બહુ ઓછું લખ્યું છે. તેમણે તો 'આગગાડી' જોતાં પોતાને કેવા કેવા વિચારો આવે છે તે વિશે લખ્યું છે. શ્રી રવિશંકર રાવળે 'આગગાડી'ની રીતે 'રંગોળી' વિશે લખ્યું હોત તો કદાચ જુદું જ લખત. એવી જ રીતે ગમે તે વિષય ઉપર જુદી જુદી અનેક રીતે લખી શકાય છે તે તમે જાતે લખવાના પ્રયત્ન કરી શોધી કાઢજો. 'મધુપૂડા'માંથી શ્રી કાકાસાહેબ કાલેલકરનો 'મોટર' ઉપરનો એક નાનકડો લેખ 'આગગાડી' સાથે સરખાવીને જરૂર વાંચજો.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે સવારે અમે ઘર બદલ્યું. નવું ઘર બરોબર રેલ્વે લાઈનની પાસે છે. નાની હતી ત્યારે ગામને પાદરેથી જતા રેલના પાટા પાસે જઇ ગાડીઓને સપાટાજોર પસાર થઈ જતી જોતાં મને ખૂબ આનંદ થતો. મને બરોબર યાદ છે ત્યારે અમે આગગાડીઓના ડબ્બા કેવા કુતૂહલથી ગણતાં તે–અને મને બરોબર યાદ છે એ ગાડીઓના મુસાફરોને સપાટાભેર પસાર થતા જોતાં મારા મનમાં જે અનેક પ્રકારની લાગણીઓ થતી તે. નવા ઘરમાં આવતાં બાલ્યના એ બધા સંસ્કારો તાજા થયા, અને એક અતિ કોમળ સુખદ લાગણી અનુભવી.

દિવસ આખો તો ઘર ગોઠવવામાં ગયો. વચ્ચે વચ્ચે કોઈ કોઈ મિત્રો પણ આવી ગયા. રેલ્વે લાઈન પાસે ઘર છે એ એક રીતે સારું નથી એમ ઘણાએ કહ્યું, અને મારે જરૂર ન હતી છતાં યંત્રોથી થતાં પારાવાર અનિષ્ટો ઉપર લાંબાં લાંબાં ભાષણો પણ તેમનામાંથી કોઈકે તો સંભળાવ્યાં, પણ મને તેની અસર ન થઈ. હું તો ક્યારે રાત પડે ને મારા બાલ્યના તે સુન્દર અનુભવોનો ફરીથી લા'વો લઉં તેની આતુરતાથી રાહ જોવા મંડી.

મને યાદ નથી પહેલવહેલી રેલગાડી મેં ક્યારે જોઈ હશે તે. પણ જ્યારે જ્યારે મેં એને જોઈ છે ત્યારે ત્યારે મને તે હંમેશ નવી ને નવી જ લાગી છે. દરેક વખત મેં તેમાં કંઈ નવું ને નવું જ આકર્ષણ જોયું છે. મેં તેને હસતી જોઈ છે, વિચારમગ્ન જોઈ છે, રડતી જોઈ છે, કૂદતી જોઈ છે. લડાઈના સૈનિકોને લઈ ને એને જતી જોતાં મેં એને કોઈ વખતે એના વીર રૌદ્ર સ્વરૂપમાં તો કોઈ વખતે એના ગમગીન સ્વરૂપમાં જોઈ છે. યાત્રાળુઓને લઈ જતી સ્પેશિયલ તરીકે તો મેં એને મોહક સ્મિત કરતી જોઈ છે. જાનની સ્પેશિયલ તરીકે તો જાણે હાસ્ય અને વિનોદની લહરોથી આખા વાતાવરણને છલકાવી મૂકતી કોઈ તોફાની કિશોરી ન હોય તેવી મેં એને જોઈ છે. અને રાત્રે ગાઢ અન્ધારાના ઉરમાં અજવાળાનાં પૂર છલકાવતી અને પોતાની પાછળ ગાઢતમ તિમિર મૂકી પોતાની સાથે પ્રકાશને લઈ જતી મેં એને જ્યારે જોઈ છે ત્યારે મને ધરતી ઉપરની અગમ્ય કવિતા જેવી એ લાગી છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પોતાના અન્તર ઉપર એ કેવો મોટો બોજો લઈ જતી હશે તે કોણ પૂરેપૂરું જાણી શકશે ? એની વેદનાઓ કે એની ચિન્તાઓ કે એના આનન્દો તો એ જ જીરવી શકે. કોઈ એકલીઅટૂલી વિધવા ડોશીના એક પૂરા પુત્રને પરદેશમાંથી વર્ષો બાદ તેની માતા પાસે લાવતાં તેને કેવા ઊમળકા આવતા હશે, કે તાર મળતાં પોતાના એક પૂરા પુત્રને છેલ્લી વખત માંદગીને બિછાને મળવા જતાં સચિન્ત પિતાને લઈ જતાં એને કેવી વેદનાઓ થતી હશે, કે પરીક્ષા આપવા જતાં વિદ્યાર્થીઓની ચિન્તાઓનો મોટો બોજ પોતાના અન્તર પર ધારણ કરતાં એને શું શું થતું હશે તે કોણ કહી શકશે ?

એ ક્યાંથી આવતી હશે ? ક્યાં જતી હશે ? એની એ અનન્ત યાત્રાનો કંઈ હેતુ હશે ખરો ? આવા આવા અનેક પ્રશ્નો એને પાણીના રેલાની જેમ દૂરદૂરથી ધસી આવતી જોતાં મારા નાનકડા મનને મારા બાલ્યમાં રૂંધી રહેતા. આમ એક બાજુથી એને નસીબે સતત દોડવાનું જ લખાયું છે એવા વિચારે એને માટે સહાનુભૂતિ થતી તો બીજી બાજુએ કેટકેટલાં નગરો, વનો, ઉપવનો, હરિયાળી કુંજો ને નદીનાળાં; કેટકેટલા પહોડો ને કેટકેટલી સુન્દર ખીણોમાંથી નાચતી-કૂદતી, કેટકેટલા રંગોની કવિતાઓ લલકારતી ને કુદરતનું મંજુલ સંગીત સાંભળતી એ સતત દોડી રહી છે એ વિચારે એની અદેખાઈ પણ આવતી.

મારા નવા ઘરમાં આજે એ બધું મન સમક્ષ તાજું થયું. હા, જીવનના અનેક કડવામીઠા અનુભવે, અને કહેવાતા જ્ઞાનના ભારે મારી અગાઉની એ દૃષ્ટિ કદાચ આજે તેના મૂળ સ્વરૂપમાં નથી રહી, છતાં એનું કાવ્ય તો મારા મનમાંથી જરાય ઓછું નથી થયું. મારા નવા ઘરમાં રાત્રે જ્યારે દૂર દૂરથી એની ચીસ મેં સાંભળી ત્યારે પોતાના કોઈ જૂના મિત્રનો પરિચિત સાદ વરસો બાદ કાને પડતો હોય એમ મને લાગ્યું. તરત જ દોડતી હું આંગણામાં આવી ઊભી અને કાજળકાળી રાતનાં અંધારાને અજવાળતી તે પસાર થઈ–સ્મરણોની ચીનગારીઓથી જીવનનિશાને અજવાળતી કોઈ વિદ્યુતરેખા જેવી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યંત્રે અનિષ્ટ કર્યાં હશે પણ તેણે સારું નથી કર્યું એમ કોણ કહી શકશે ? યંત્રે જીવનમાંથી કવિતા છીનવી લીધી છે એમ કહેનારાઓએ માનવમહત્તાની અવગણના જ કરી છે. આગગાડી માનવશક્તિની અદ્‌ભુત જીવન્ત કવિતા નથી તો બીજું શું છે ? આવા ને આવા વિચારમાં મારા નવા ઘરમાં પહેલી રાતે તો મને સ્વપ્નાં પણ આગગાડીનાં જ આવ્યાં ! એ સ્વપ્નાં જેમને માણવાં હોય તે સૌને મારું મારા નવા ઘરમાં નિમંત્રણ છે.

– સ્વાધ્યાય –

૧. લેખિકાને 'આગગાડી' શાથી કોઈ જીવંત વસ્તુ જેવી લાગે છે ?

૨. એવી કોઈ થોડીક જડ વસ્તુઓની યાદી કરો જે જોતાં તમે અનેક પ્રકારની લાગણીઓ અનુભવો.

૩. તમારી બહુ જ પ્રિય એવી બહેન પરદેશમાં હોય, અને તેણે તમારી વર્ષગાંઠ ઉપર તમને એક સુન્દર પેન ભેટ તરીકે મોકલાવી હોય તો એ પેન જોતાં તમને કેવી લાગણીઓ કે કેવા વિચારો થાય તે તમારી સ્વાધ્યાયપોથીમાં, જાણે તમારા અનુભવ બીજા આગળ કહેતાં હો એ રીતે, લખો.

૪. મુસાફરી કરવા માટેનાં વાહનોની યાદી કરો, અને તેમાંથી બને તેટલાંનો ઇતિહાસ આપો.

૫. નીચેના વિષયો ઉપર કઈ જુદી જુદી રીતે લખી શકાય તેની તમારા વર્ગમાં ચર્ચા કરો—

ફૂલ, શાળાનો ઘંટ, દાદાની પાઘડી, તોફાની વિદ્યાર્થીનું ટેબલ, ભાડાની ગાડીનો ઘોડો, ખોવાઈ ગએલા પ્રિય ફૂતરાનો પટો, દર્પણ, ચોપડી.

૬. પાંચમા સ્વાધ્યાયમાં જે વિષયો આપ્યા છે, તે દરેક વિષય પોતે પોતાની કથા કહેતો હોય એ રીતે એક રમત ગોઠવો. તમારામાંથી કોઈ ફૂલ બને, કોઈ દર્પણ બને, કોઈ ચોપડી બને, અને પછી દરેક પોતપોતાની આપવીતી કહે ને તે ઉપરથી બધાં વચ્ચે ચર્ચા ચાલે એવી કંઈક યોજના કરી રમત કરશો તો તમને ખૂબ મઝા પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૌત્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫

પૌત્રી

[ચિત્રપરિચય]

[વિલાયતના એક પૂતળા ઉપરથી આ કાવ્ય લખાયું છે. એ પૂતળાનું ચિત્ર સામે આપ્યું છે. વૃદ્ધ દાદા અને પૌત્રીની અતિ કોમળ કથા આ ચિત્રમાં આલેખાઈ છે. પૌત્રીને મા નથી, બાપ નથી. દુનિયાભરમાં તેનો એક માત્ર આશરો તેના દાદા. તેને બિચારીને શી ખબર કે દાદા તો પાકું પાન–ગમે ત્યારે ખરી પડે! પણ દાદા બિચારા એ જાણે છે. અને એથી તેમને કેટલું બધું દુઃખ રહેતું હશે? સરળ નિર્દોષ એ બાળકી અને સચિન્ત પ્રેમમૂર્તિ દાદાનું ચિત્ર તમે બરોબર ધ્યાનપૂર્વક જોજો. આ કવિતા તમને એની અનેક ખૂબીઓ સારી રીતે સમજાવશે.]

* * * *

ચિંતામઢેલું મુખ વૃદ્ધનું હતું
પૌત્રી તણાં ભાગ્ય ઊંડાં ઉકેલતું.
ને જાણતી ના બચુડી જરીય એ
અનંત સૌખ્યે બસ હીંચતી હતી.

જાણે નિરાશાભર ભૂતકાલની
છાયા નીચે ભાવિની આશ મ્હોરતી.
હશે શું દાદા નહિ જાણતા કે
બચુ લપાઈ હતી હર્ષગોદમાં ?

જાણે, બધું યે વરતે બચુના
શિરે અડેલા લમણાની દ્વારા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ખમ્મા બચુડી, મુજ આંખની કીકી
હું છું પિતા ને તુંજ હું જ માતા.'
દાદા વિચારે: મુજ ખૂટિયા દિન
હું પાન પાકું, ખરી જૈશ કાલ,
ને મારી આ લાડિલીકોડિલીને
સમસ્ત વિશ્વે નહિ આશરો હશે.
મેં તો ગુજારી મુજ જિંદગાની
ફાટ્યાતૂટ્યા અધલિબાસમાં ભલે !–
તૂટેલ જોડા, ખુરસી કઢંગી,
જાડી રહેણી મુજ એથી સૌ નભ્યું.
પરંતુ મારી કુલદીવડી આ,
કંગાલ બુઢ્ઢાતણું સર્વ કાંઈ,
કો હું જતાં સાચવશે ?–વિચારી
ચિંતામહીં ગર્ક દિસંત દાદા.
પરંતુ એ કૈં બચુ તો કળે ના
એ તે ઝુલંતી સુખસ્વપ્ન ઝૂલે.
રખે કંઈ થાય અસુખ, ચિંતવી
દાદા વિંટી રહે બચુને સુરક્ષતા
ચિંતા-હૂંફાળા કરથી, ઝૂલે શો
બચુ તણો તો સુખભાનથી કર !

– સ્વાધ્યાય –

૧. આ ચિત્રને બીજું કોઈ મથાળું આપો.

૨. આ ચિત્રનો પરિચય કરાવો.

૩. આ ચિત્ર ઉપરથી બને તેટલી વાતો લખો, જેમાં આ ચિત્રનો બરોબર ઉપયોગ થઈ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અબ્બૂખાંની બકરી

[શ્રી કીકુભાઈ દેસાઇએ ગૂજરાતીમાં ઉતારેલી આ વાત ટૂંકી વાર્તાના એક સુન્દર નમૂના જેવી છે. એ વાતનું મુખ્ય પાત્ર છે ચાંદની નામની એક બકરી. બકરી કંઈ માણસની જેમ વાત નથી કરી શકતી, છતાં આ વાત એવી ખૂબીથી લખાઈ છે કે વાતમાં બકરીને તમે વાત-ચીત કરતી કે વિચાર કરતી જોશો ત્યારે તમને તે અસ્વાભાવિક નહિ લાગે. ખીલે બધાઈ સુખ અને પ્રેમનો અનુભવ લેવા કરતાં ચાંદનીએ મુક્ત બની જાણી જોઈ મોત સાથે કેમ રમત કરી એવો પ્રશ્ન આ વાત વાંચતાં તમારા મનમાં ઊઠશે. એનો ઉત્તર પણ તમે જ આપજો.]

* * *

હિમાલય પર્વતનું નામ તો તમે સાંભળ્યું જ હશે. એના કરતાં મોટો પર્વત દુનિયામાં બીજો કોઈ નથી. હજારો માઈલ લાંબો, અને ઊંચો તો એટલો કે આજ સુધી હજી એના ઊંચામાં ઊંચા શિખર પર કોઈ પણ માણસ ચઢી શક્યું નથી. હિમાલય પર ઘણાં ગામો આવી રહેલાં છે. અલમોડા પણ એમાંનું જ એક ગામ છે.

અલમોડામાં એક મોટા મિયાં રહેતા હતા. એમનું નામ હતું અબ્બૂખાં. અબ્બૂખાંને બકરીઓ પાળવાનો ખૂબ શૉખ. પોતે હતા એકલા; એક બે બકરીઓ રાખતા અને બધો દહાડો તેમને ચરાવતા ફરતા. તેમનાં નામ પણ કેવાં અજબ તરેહનાં તે રાખતા! કોઈનું નામ કલ્લૂ તો કોઈનું મૂંગિયા, કોઇનું ગુજરી તો કોઈનું હુકમા! એ બકરીઓ જોડે દહાડો બધો કોણ જાણે શેની શેની વાતો અબ્બૂખાં કર્યા કરતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સાંજ પડે એટલે ઘેર લાવી બાંધી દેતા. અલમોડા પહાડી જગ્યા હતી એટલે અબ્બૂખાંની બકરીઓ પણ પહાડી જાતની હતી.

અબ્બૂખાં મૂળે હતા ગરીબ અને પાછા ફૂટેલા નસીબના. એમની બધી બકરીઓ કોઈને કોઈ વખતે રાતે દોરી તોડીને ભાગી જતી. પહાડી બકરીઓ કાંઈ બંધાઈ રહેવાની ઓછી જ હતી! લાગ મળ્યો કે પહાડ પર ભાગી જતી. ત્યાં એક વરુ રહેતું હતું તે તેમને ખાઈ જતું. અજાયબ થવા જેવું તો એ હતું કે અબ્બૂખાંનું વહાલ, સાંજના દાણાની લાલચ, અને વરુની બીક–આમાંનું કાંઈ પણ બકરીઓને ભાગી જતાં રોકી શકતું નહોતું. એનું કારણ એ પણ હોય કે પહાડી પ્રાણીઓને સ્વતંત્રતા ખૂબ પ્રિય હોય છે. તેઓ લાલચને વશ થઈ પોતાની સ્વતંત્રતા ગુમાવવા રાજી નથી હોતાં. તથા આરામ અને આનંદયુક્ત કેદ કરતાં મુસીબત અને ઠોકરો સહન કરીને પણ આઝાદ રહેવાનું તેમને વધારે પસંદ હોય છે.

જ્યારે કોઈ બકરી ભાગી જતી ત્યારે બિચારા અબ્બૂખાં કપાળે હાથ દઈને બેસતા. પોતે લીલું લીલું ઘાસ ખવડાવતા, ચોરીછૂપીથી બકરીઓને પડોશીઓના ખેતરમાં છોડી મૂકતા, સાંજે પાછા દાણા દેતા તો યે બકરીઓ એમને ત્યાં જંપીને ન ઠરતાં પહાડમાં જઈને વરુને પોતાનું લોહી પીવડાવવાનું કેમ પસંદ કરતી હતી તે એમને મુદ્દલ સમજાતું નહોતું.

જ્યારે અબ્બૂખાંની ઘણી બકરીઓ આમ ભાગી ગઈ ત્યારે બિચારા ખૂબ ઉદાસ થઈને કહેવા લાગ્યા: "અબ બકરી ન પાલૂંગા. જિંદગી કે થોડે દિન ઔર હૈં બે-બકરિયોં[1] હી કે કટ જાયેંગે." પણ એકલા રહેવું બહુ મુશ્કેલ બન્યું. થોડા દિન તો અબ્બૂખાં બકરીઓ વિના જ રહ્યા; પણ પછી વધારે રહેવાયું નહિ. એક દિવસ ક્યાંકથી એક બકરી ખરીદી લાવ્યા. બકરી હજી નાની હતી. વરસ સવા વરસની હશે–હજી પહેલી જ વાર વિયાઈ હતી. અબ્બૂખાંએ વિચાર્યું હતું કે નાની

૧ બકરીઓ વિના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉંમરની બકરી લઉં તો કદાચ એ પોતાની જોડે બરાબર હળી જશે અને પહેલેથી જ એને સારોસારો ચારો તથા દાણાની આદત પડી જશે એટલે પછી એ પહાડ તરફ નજર નહિ કરે. બકરી પણ હતી ખુબસૂરત-તદ્દન સફેદ રંગની. લાંબા લાંબા એના વાળ હતા, નાનાં નાનાં કાળાં શિંગડાં એવાં લાગતાં હતાં કે જાણે કોઈએ ખૂબ મહેનત કરીને સીસમની લાકડીમાંથી જ નહિ ઉતાર્યાં હોય ! એની લાલ લાલ આંખો જોઇને જરૂર તમને એમ કહેવાનું મન થઈ જાય કે આ બકરી તો અમે જ લીધી હોત તો સારું. અને બકરી કાંઈ દેખાવમાં જ સારી હતી એમ નહોતું, એનો સ્વભાવ પણ ખૂબ સુંદર હતો. વહાલથી એ અમ્બૂખાંનો હાથ ચાટતી. કોઈ બાળક પણ એને દોહી લઈ શકતું. એ નહિ મારતી લાત કે નહિ ગબડાવી પાડતી દૂધનું વાસણ. અમ્બૂખાં તો બસ એના પર મોહી જ પડ્યા હતા. એનું નામ એમણે ચાંદની રાખ્યું હતું, અને આખો દિવસ તે એની જોડે વાત કરતા રહેતા. કોઈ વખત ઘસીટખાં ચાચાની વાત કરતા તો કોઈ વખત નથ્થુમામાની.

પોતાના નાના સરખા ઘરમાં સાંકડા આંગણામાં બકરીઓ ગુંગળાઈ જતી હશે એમ ધારીને આ ચાંદની બકરીને માટે તો એમણે નવી જોગવાઈ કરી હતી. ઘરની લગોલગ જ એમનું એક નાનું ખેતર હતું. એની ચારે બાજુએ કોણ જાણે ક્યાં ક્યાંથી કાંટા ભેગા કરીને નાખ્યા કે જેથી કોઈ બીજું તેમાં આવી ન શકે. એની બરોબર વચ્ચે પોતે ચાંદનીને બાંધતાં અને દોરી પણ ખૂબ લાંબી રાખી કે જેથી બકરી છૂટથી ફરી શકે. આ પ્રમાણે અમ્બૂખાંને ત્યાં ચાંદનીનો એક જમાનો ખાસ્સો વીતી ગયો. અને અમ્બૂખાંને વિશ્વાસ બેસી ગયો કે આખરે એક બકરી તો હળી ગઈ. હવે એ નહિ ભાગી જાય.

પણ અમ્બૂખાં ખાંડ ખાતા હતા. છુટાપણાની ખાએશ કાંઈ એટલી સહેલાઇથી મટી જતી નથી. પહાડ તથા જંગલમાં રહેનારાં જે સ્વતંત્ર જાનવરોનો શ્વાસ ઘરની ચાર દીવાલો વચ્ચે રૂંધાતો હોય છે તેમને વિશાળ છતાં ફરતે કાંટાવાળા ખેતરમાં પણ ચેન નથી પડતું હોતું. કેદ તે કેદ ! કેદ બધી એક જ જાતની ! થોડા દિવસને માટે ભલે મન હેઠું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડે. પણ પછી પહાડ અને જંગલ યાદ આવે છે અને કેદી દોરી તોડવાનો વિચાર કરવા લાગે છે. ચાંદની પહાડની હવા ભૂલી ગઈ છે એવો અખ્બૂખાંનો ખ્યાલ સાચો નહોતો.

એક દિવસ સવારમાં સૂરજ હજી પહાડની પેલી પાર હતો ત્યારે ચાંદનીની નજર પહાડ પર પડી. વાગોળતી હોવાને લીધે તેનું મોં હાલી રહ્યું હતું તે એકદમ બંધ થયું અને તે વિચારવા લાગી: "પેલા પહાડની ટોચ કેટલી ખુબસૂરત છે! ત્યાંની અને અહીંની હવામાં પણ કેટલો તફાવત! વળી ત્યાં તો નાચવાનું, કૂદવાનું, ઠોકરો ખાવાની અને અહીં તો બધો વખત બંધાઈ જ રહેવાનું–ગરદન પર આઠે પહોર મુઉં આ દોરડું તો ખરું જ! આવા ઘરમાં ગધેડાં તથા ખચ્ચર ભલે પેટ ભરે પણ અમને બકરીઓને તો જરા મોટું મેદાન જોઈએ."

આ વિચાર આવતાંની સાથે જ ચાંદની પહેલાંની ચાંદની મટી ગઈ; હવે એને લીલું લીલું ઘાસ ભાવતું નહોતું, પાણી પીવામાં પણ એને મજા નહોતી આવતી, અખ્બૂખાંની લાંબી લાંબી વાતોમાં પણ એને રસ નહોતો રહ્યો. દિનપ્રતિદિન તે દૂબળી થતી ચાલી. એનું દૂધ ઓછું થતું ગયું. બધો વખત તેનું મુખ પહાડ તરફ જ રહેતું. ગરદન પરનાં દોરડાંને તે ખેંચતી અને કોઈ ગજબ દુઃખીઆરા અવાજથી 'બેં' 'બેં' કરી રહેતી. અખ્બૂખાં સમજી ગયા કે જરૂર આને કાંઈક થયું છે. પણ શું થયું છે તે તેમને સમજાયું નહિ. એક દિવસ સવારમાં અખ્બૂખાં તેને દોહી રહ્યા એટલે ચાંદનીએ તેમના તરફ મોં કરીને પોતાની બકરીની ભાષામાં કહ્યું, "અખ્બૂખાં, હવે જો હું તમારી પાસે વધારે રહીશ તો હું માંદી પડી જઈશ. મને તો હવે તમે પહાડમાં જ ચાલી જવા દો."

અખ્બૂખાં બકરીઓની ભાષા સમજવા લાગ્યા હતા. મોટે સાદે તે બોલી ઊઠ્યા: "યા અલ્લાહ! યહ ભી જાને કો કહતી હૈ; યહ ભી!" તેમનો હાથ ધ્રૂજવા લાગ્યો અને તેમના હાથમાંથી દૂધનું ભરેલું માટીનું વાસણ નીચે પડી ગયું અને તેના ચૂરેચૂરા થઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અબ્બૂખાં ત્યાં જ ઘાસ પર બકરીની પાસે બેસી ગયા અને ઘણા જ ગમગીન અવાજે પૂછવા લાગ્યા: "કયોં બેટી ચાંદની, તૂ ભી મુઝે છોડના ચાહતી હૈ?"

ચાંદનીએ જવાબ આપ્યો: "હા, અબ્બૂખાં મિયાં."

"અરે, કયા તુઝે ચારા નહિ મિલતા, યા દાના પસન્દ નહિ? બનિયેને ઘુને[1] દાને ભિલા દિયે હૈં; મૈં આજહી ઔર દાના લે આઉંગા."

"નહિ-નહિ મિયાં, દાણાની કાંઈ તકલીફ નથી—" ચાંદનીએ જવાબ દીધો.

"તો ફિર કયા હલ્લી[2] છોટી હૈ, મૈં ઔર લમ્બી કર દૂંગા."

ચાંદનીએ કહ્યું: "અરે, એનાથી શો ફાયદો?"

"તો આખિર ફિર કયા બાત હૈ, તૂ ચાહતી કયા હૈ?"

ચાંદનીએ જવાબ આપ્યો: "કાંઈ નહિ, બસ મને પહાડમાં જવા જ દો."

અબ્બૂખાંએ કહ્યું, "અરી કમબખ્ત, તુઝે યહ ખબર હૈ કિ વહાં ભેડિયા[3] રહેતા હૈ, વહ જબ આવેગા, તો કયા કરેગી?"

ચાંદનીએ જવાબ વાળ્યો: "અલ્લાએ બે શિંગડાં આપ્યાં છે તેનાથી એને મારીશ."

"હાં-હાં જરૂર!" અબ્બૂખાં બોલ્યા, "ભેડિયે પર તેરે સિંગોં હી કા તો અસર હોગા! વહ તો મેરી કઈ બકરિયોં હડપ કર ચૂકા હૈ. ઉનકે સિંગ તો તુઝસે બહુત બડે થે, તૂ તો કલ્લૂ કો જાનતી નહિ થી, વહ યહાં પિછલે સાલ થી. બકરી કાહે કો થી, હિરન થી હિરન! કાલા હિરન! રાતભર સિંગોં સે ભેડિયે કે સાથ લડી: મગર ફિર સુબહ હોતે-હોતે ઉસને દબોચ હી લિયા ઔર ખા ગયા."

ચાંદનીએ કહ્યું: "અરર! બિચારી કલ્લૂ! પણ અબ્બૂખાં મિયાં, ગમે તેમ હોય પણ મને તમે પહાડમાં જવા જ દો."

---

૧ સડેલા. ૨ દોરી. ૩ વરુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અબ્બૂખાં જરા ગુસ્સે થઈ બોલ્યા: "યા અલ્લાહ! યહ ભી જાતી હૈ! મેરી એ બકરી ઔર ઉસ કમબખ્ત ભેડિયે કે પેટ મેં જાય; મગર નહિ-નહિ મેં ઇસે તો જરૂર બચાઉંગા. કમબખ્ત, અહસાન *ફરામોશ, તેરી મરજી કે ખિલાફ તુજે બચાઉંગા, અબ તો તેરા ઇરાદા માલૂમ હો ગયા હૈ. અચ્છા, બસ ચલ તુજે કોઠરી મેં બાંધા કરુંગા, નહિ તો મૌકા પાકર ચલ દેગી."

અબ્બૂખાંએ આવીને ચાંદનીને એક ખૂણાની ઓરડીમાં પૂરી દીધી અને ઓરડીને સાંકળ વાસી દીધી. પણ ગુસ્સાના આવેશમાં ઓરડીની બારી બંધ કરવાનું તે ભૂલી ગયા. આ બાજુ તેમણે સાંકળ લગાવી અને પેલી બાજુ ચાંદની બારીમાંથી કૂદકો મારતીકને બહાર નાઠી.

ચાંદની પહાડ પર પહોંચી ત્યારના એના આનંદની તો વાત જ શી કરવી! પહાડ પરનાં ઝાડ એણે પહેલાં પણ જોયાં હતાં; પણ આજનો એ બધાંનો રંગ કોઈ ઔર જ હતો. એને એમ લાગતું હતું કે એ બધાં જાણે ઊભાં થઇને "ફરી પાછી તું અમારા ભેગી થઈ ખરી" એમ કહીને એને મુબારકબાદી નહિ દઈ રહ્યાં હોય! અહીં-તહીં શેવતીનાં ફૂલ આનંદમાં આવી જઇને ખડખડાટ હસી રહ્યાં હતાં. કહીં કહીં ઊંચું ઘાસ ચાંદનીને ગળે ગળું લગાડીને ભેટી રહ્યું હતું. જાણે આખો પહાડ હસી રહ્યો છે અને વિખૂટી પડેલી પોતાની દીકરીને પાછી આવેલી જોઇને તેનો આનંદ માતો નથી. ચાંદનીના આનંદનું વર્ણન તો કરી જ કોણ શકે! ચારે બાજુ આજે કાંટાની વાડ નથી, નથી ખૂંટો કે નથી દોરડું! અને ચારો તો આજે એવી જડીબુટ્ટીઓનો કે આટલું બધું હેત અને મહોબ્બત હોવા છતાં પણ ગરીબ અબ્બૂખાં કોઈ દિવસ એવો ચારો નહોતો લાવી શકતો.

ચાંદની જરામાં અહીં ઊછળતી તો જરામાં અહીંથી કૂદીને ત્યાં પડતી. જરામાં ખડક પર તો જરામાં ખીણમાં. જરા લપસી પડતી તો પાછી સાવધ થઈ ચાલતી. એક ચાંદનીના આવવાથી આખા

*અહસાન ફરામોશ=કૃતઘ્ની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહાડમાં શોભા આવી ગઈ. જાણે અબ્બૂખાંની દસ બાર બકરીઓ છૂટીને અહીં આવી ગઈ હોય નહિ એવું લાગતું હતું!

એકવાર ઘાસમાં મોં નાખી માથું ઊંચું કરતા ચાંદનીની નજર અબ્બૂખાંના મકાન પર તથા પેલા કાંટાવાળા ખેતર પર પડી. તે જોઇને તે ખૂબ હસી અને મનમાં કહેવા લાગી, "અરે ખુદા, કોઈ જુએ તો યે કહે કે કેટલું નાનું સરખું મકાન અને કેટલો નાનો વાડો! યા અલ્લાહ, આટલા દિવસ હું એમાં રહી જ કેવી રીતે? એમાં હું સમાઈ જ કેમ શકતી?" પહાડની ટોચ પરથી આ નાના સરખા જીવને આખી દુનિયા તુચ્છ લાગતી હતી.

ચાંદનીનો આજનો દિવસ અપૂર્વ હતો. આખી જિંદગીમાં જેટલું નાચીકૂદી નહિ હોય તેટલી નાચકૂદ તેણે આજે બપોર સુધીમાં કરી મૂકી. બપોર પછી તેને પહાડી બકરીઓનું એક ટોળું દેખાયું. ટોળાં-માંની બકરીઓએ એને હરખભેર પોતાની પાસે બોલાવી તેની ખબરઅંતર પૂછી. ટોળાંમાં કેટલાક જુવાન બકરા પણ હતા. તેમણે ચાંદનીની સારી આગતસ્વાગત કરી. તેમાં એક જરા કાળા રંગનો હતો તેના શરીર પર સફેદ ટપકાં હતાં–તે ચાંદનીને ખૂબ ગમી ગયો એટલે તે બન્ને ઘણો વખત સુધી ભેગાં અહીંતહીં ફરતાં રહ્યાં. એ બન્નેએ શી શી વાતો કરી તે તો કોણ જાણે? ત્યાં કોઈ હતું પણ નહિ, માત્ર એક પાણીનું ઝરણું પડી રહ્યું હતું, તેણે કદાચ તેમની વાતો સાંભળી હોય! કોઈ ત્યાં જઇને તે ઝરણાંને પૂછે તો કદાચ ખબર પડે. અને કોને ખબર એ ઝરણું પણ કાંઈ પણ કહેવાની ના પાડે!

ખેર, બકરીઓનું ટોળું કોણ જાણે ક્યાં ચાલ્યું ગયું. પેલો જુવાન બકરો પણ થોડી વાર આમતેમ ફરીને પોતાના ટોળા ભેગો થઈ ગયો.

પણ ચાંદનીને તો સ્વતંત્રતાની ઇચ્છા એટલી તો પ્રબળ હતી કે તેણે ટોળાની ભેગાં જઇને અત્યારથી નિયમનમાં રહેવાનું સહન ન કરતાં જુદી જ બાજુએ ચાલવા માંડ્યું. સાંજનો વખત થયો. ઠંડો પવન વાવા લાગ્યો. આખો પહાડ લાલ લાલ થઈ ગયો અને ચાંદનીએ વિચાર્યું, "અરેરે! અત્યારથી સાંજ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચે અબ્બૂખાંનું ઘર તથા પેલો ફરનો કાંટાની વાડવાળો વાડો અંધારામાં અદૃશ્ય થઈ ગયાં. કોઈ ભરવાડ પાતાની બકરીઓને વાડામાં પૂરવા માટે લઈ જતો હતો. તેની બકરીઓની ડોકમાંની ઘંટડીનો અવાજ આવી રહ્યો હતો. ચાંદની એ અવાજને ઓળખતી હતી. એ સાંભળીને તે જરા ઉદાસ થઈ ગઈ. જોતજોતાંમાં અંધારું થવા આવ્યું અને પહાડ પર એક બાજુથી અવાજ આવ્યો, "ખૂ!" "ખૂ!"

એ અવાજ સાંભળીને ચાંદનીને વરુનો ખ્યાલ આવ્યો. દહાડો બધામાં એકવાર પણ એનું ધ્યાન એ તરફ નહોતુ ગયું. પહાડની નીચેથી એક સીસોટી તથા પાવાનો અવાજ આવ્યો. આ અવાજ સાંભળીને પણ ચાંદની પાછી ફરે એવો છેવટનો વ્યર્થ પ્રયત્ન બિચારા અબ્બુખાં કરી રહ્યા હતા. એ બાજુથી તે બોલી રહ્યા હતા: "લૌટ આ, લૌટ આ!" તો પેલી બાજુથી પ્રાણઘાતક વરુનો અવાજ આવી રહ્યો હતો. ચાંદનીને પાછા ફરવાનું જરા મન થઈ ગયું. પણ પાછો એને ખૂટો યાદ આવ્યો, દોરડું યાદ આવ્યું, અને કાંટાની વાડવાળું ખેતર પણ યાદ આવ્યું. આખરે એણે નક્કી કર્યું: "ત્યાંની તે ઝિંદગી કરતાં અહીનું આ મોત સારું!" છેવટે સીસોટી તથા પાવાનો અવાજ બંધ પડ્યો. પાછળથી પાંદડાંનો ખડડાટ સંભળાયો. ચાંદનીએ પાછાં ફરીને જોયું તો બે કાન દેખાયા–ઊભા અને સીધા; અને બે આંખો દેખાઈ અંધકારમાં ચમકી રહેલી–વરુ આવી પહોંચ્યું હતું.

વરુ જમીન પર બેઠું હતું. તની નજર બિચારી બકરી ઉપર ઠરી રહી હતી. એને ઉતાવળ કરવાની જરૂર નહોતી. એને પૂરેપૂરી ખાતરી હતી. એ બરાબર જાણતું હતું કે હવે બકરી ક્યાં જવાની છે? બકરીએ તેની સામે નજર કરી ત્યારે તે હસ્યું અને બોલ્યું: "અરે, વાહ, આ તો અબ્બૂખાંની બકરી છે! ખૂબ ખવડાવીપીવડાવીને હૃષ્ટપુષ્ટ કરી છે!" આટલું કહીને પોતાની લાલ લાલ જીભ પોતાના ભૂરા હોઠ પર ફેરવી. અબ્બૂખાંએ કલ્લૂની વાત ચાંદનીને કહી હતી તે તેને યાદ આવી. ચાંદનીને વિચાર આવ્યો: "કલ્લૂની પેઠે આખી રાત લડી લડીને પછી આખરે સવારે જાન આપવો તેના કરતાં અત્યારથી જ કેમ મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતને સોંપી ન દઉં ?" પણ તરત પાછો તેણે વિચાર બદલ્યો. "ના, એમ નહિ." તેણે પોતાનું માથું નીચું કરીને શિંગડાં આગળ કર્યાં તથા પૈંતરો ભરીને પોતાની બહાદૂરી બતાવતી તે વરુની સામે આવી ઊભી. ચાંદની પોતાની તાકાત નહોતી જાણતી એમ કોઈ માનશો નહિ. તેમ જ વરુની તાકાતનો ખ્યાલ પણ તેને નહોતો એમ નહોતું. તે બરાબર જાણતી હતી કે બકરીઓ વરુને મારી શકતી નથી. પણ એને તો પોતાની તાકાત પ્રમાણે વરુની જોડે લડી લેવું હતું. હારજીત પર તેનો કાબૂ નહોતો; એ તો ઈશ્વરના હાથમાં, પણ સામે તો થવું જ ! મનમાં એમ પણ વિચારતી હતી કે જોઉં તો ખરી કે કલ્લૂની પેઠે હું પણ રાત બધી લડી શકું કે નહિ ?

થોડો વખત વીત્યો એટલે વરુ આગળ વધ્યું. ચાંદનીએ પણ શિંગડાં સંભાળ્યાં અને એવો હુમલો કર્યો કે વરુનો જીવ જ જાણતો હશે. દસેક વખત તેણે વરુને પાછળ હઠાવ્યું. આખી રાત આમ પસાર થઈ. વચ્ચે વચ્ચે ચાંદની ઊંચે આકાશ તરફ જોઈ લેતી અને તારાઓને આંખના ઈસારાથી કહી દેતી–"આમ ને આમ સવાર પડી જાય તો કેવું !"

તારાઓ એક પછી એક અદૃશ્ય થઈ ગયાં. ચાંદનીએ છેવટે છેવટે પોતાનું જોર બમણું કરી દીધું. વરુ પણ થાકી ગયું હતું. એટલામાં દૂરથી કાંઈ ઉજાસ જેવું દેખાયું. એક મરઘાએ 'કૂકરેકૂક' કર્યું. નીચે ગામની મસ્જિદમાંથી 'બાંગ'ની પોકારનો આવાજ સંભળાયો. ચાંદનીએ મનમાં કહ્યું: "અલ્લાહ, તારી મહેરબાની; હું તો મારી તાકાત પ્રમાણે વરુ જોડે લઢી, હવે તારી મરજી." મસ્જિદમાં બાંગ પોકારનાર છેવટે 'અલ્લાહુ અકબર' બોલી રહ્યો હતો ત્યારે ચાંદની મરેલી હાલતમાં જમીન ઉપર પડી ગઈ. એના સફેદ વાળનો પોશાક લોહીને લીધે તદ્દન રાતો બની ગયો હતો. એને ગરદનમાંથી પકડી જમીન પર પટકી વરુ એને ખાઈ ગયું. ઝાડ ઉપર બેઠી બેઠી ચકલીઓ આ બધું જોઈ રહી હતી. 'જીત કોની થઈ ?' તે વિષે તેઓમાં હોંસાતોંસી ચાલી રહી, ઘણીએ કહ્યું: "વરુ જીત્યું." પણ એક ઘરડી ચકલીએ કહ્યું: "ચાંદની જીતી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– સ્વાધ્યાય –

૧. અબ્બૂખાંનો સ્વભાવપરિચય આપતું એક ટૂંકું રેખાચિત્ર દોરો.

૨. 'ચાંદની'ના દેખાવનું અને સ્વભાવનું તમારા શબ્દોમાં વર્ણન કરો.

૩. આ વાર્તાને એની ખૂબીઓ બને તેટલી જળવાઈ રહે તે રીતે ફરીથી ટૂંકમાં લખો.

૪. ઘણી ચકલીઓએ કહ્યું : "વરુ જીત્યું." પણ એ ઘરડી ચકલીએ કહ્યું : "ચાંદની જીતી." તમને શું લાગે છે ? શાથી ?

૫. ચાંદનીની જગ્યાએ તમે હોત તો શું કરત ?

૬. ચાંદનીએ મનમાં કહ્યું : "અલ્લાહ, તારી મહેરબાની; હું તો મારી તાકાત પ્રમાણે વરુ જોડે લડી, હવે તારી મરજી." આ શબ્દો ઉપરથી ચાંદનીની લાગણી તે વખતે કેવી હશે તે તમે કહી શકશો ?

૭. પહાડ ઉપર જવા સંબંધી અબ્બૂખાં અને ચાંદની વચ્ચેનો સંવાદ તમારા શબ્દોમાં આપો.

૮. આ પાઠમાં આવતાં સુન્દર પ્રકૃતિવર્ણનોનો ઉલ્લેખ કરો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭

ખેતી

[આ કાવ્ય વાચતાં પહેલા ભાગમાંનું 'ભવિષ્યવેત્તા' તમને યાદ આવશે. 'ભવિષ્યવેત્તા' જેવું જ સરળ અને નિર્દોષ ભાવવાળું શ્રી ચંદ્રવદન મહેતાનું આ કાવ્ય છે. 'હું પંખી હઉં તો?' 'હું ફૂલ બનું તો?' 'હું વાંદર હોત તો?' કે એવા વિષયો ઉપર નિબંધો તમે લખ્યા કે વાંચ્યા હશે; કદાચ કવિતાઓ પણ વાંચી હશે. તેમ તમે ખેતરમાં જાઓ અને તમને ખેડૂત થવાનું મન થાય તો તમે શું શું કરો તેની કલ્પના કરજો. અને પછી જ આ કાવ્ય વાંચજો. તમે ખેડૂત હો અને ઘેરે તમારે ઘરડાં માબાપ હોય તો શું કરો? અથવા બહેન હોય તો શું કરો? અથવા તો ધોમધખ્યા બપોરે તમારી બહેન તમારે માટે ભાતું લઈ આવતી હોય તો તમે શું કરો? આવી આવી અનેક કલ્પનાઓ કરી તમે ખેડૂત હો તો શું કરો તે સંબંધી બને તો લખજો. તેમ તમે બહેન હો અને તમારે ખેડૂત ભાઈ હોય તો તમે શું કરો તે પણ લખજો.]

*　　*　　*

'ઇલા, કદી હોય સદા રજા જો,
મૂકું ન આ ખેતરની મઝા તો;
જો સ્વર્ગથી આંહીં સર્યું સુવર્ણ,
એથી થયાં શોભિત ઘાસ–પર્ણ.

આવે મઝેને કુમળો પ્રભાત,
વહેલા જવું ખેતર માંહીં સાથ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને ન્યાળવા નિર્મળ દિવ્ય રંગ;
હૈયા મહીં માય નહિ ઉમંગ.

જો ખેતરો ડાંગર શેલડીનાં,
વેલા વીંટેલા ફૂલવેલડીના,
એમાં ઢળે આ મૃદુ તેજધાર,
શોભા અહીં ખેતરની અપાર,

હું તો કરું બેન સદાય ખેતી,
કાને ધરું ના જરી લોકકે'તી,
વાવી લણું તો ધન ધાન્ય સ્હેલ,
જોને પછી થાઉં ધનો પટેલ.'

'હો, હો, તું જો થાય કની પટેલ
તો એક રૂડી નકી માગું વ્હેલ;
ને શેલડી ડાંગર જો ઉગાડે.
તો હું ય વાવું વળી તે જ દા'ડે.

ને શેલડીનો રસ પીલી કાઢું,
ને હું જ પહેલાં મુજ કોલુ માંડું,
ને ગોળ મીઠો જરીમાં બનાવું,
એ સાથ ઘાણા ઘર વ્હેંચડાવું.

બે છોડ ડાંગરના ઉગાડું,
ને એ લણી ભાત પછી ય ખાંડું;
ને રોજ વહેલા ઊગતે પ્રભાત,
તારે કપાળે વળી ચોડું ભાત.

ને સૂર્ય શાં ભાવિ ઉજાળનારાં
ઓવારણા રોજ લઉં હું તારાં;
ને રોજ હું તો ઊજવું ઉજાણી,
એથી વધારે—નહિ ભાઈ જાણી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– સ્વાધ્યાય –

૧. આ કાવ્યને ભાઈ બહેન વચ્ચેના સંવાદ રૂપે ગદ્યમાં ફરીથી લખો.

૨. ખેતી કરવામાં ખૂબ આનંદ રહેલો છે એમ બતાવવું હોય તો આ કવિતામાંથી કયા ભાગનો તમે ઉલ્લેખ કરશો ?

૩. બહેન પણ ખેતીમાં મદદ કરવા ઇચ્છે છે; પણ ભાઈની જેમ બહેનને પટેલ થવાની ઇચ્છા નથી. બહેન તો કોઈ બીજાં જ સ્વપ્નાં સેવે છે. એ કયાં ?

૪. આ કવિતામાં જે ભાઈ બહેન છે તે બેમાંથી તમને વધુ કોણ ગમ્યું ? શાથી ?

૫. બહેનનો ભાઈ પ્રત્યે કેવો પ્રેમ છે ? એ પ્રેમને કોઈ એક જ વિશેષણથી ઓળખાવવો હોય તો તમે કયું વિશેષણ વાપરશો ?



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮

આર્કિમિડિઝ

[આજથી લગભગ બાવીસો વર્ષ ઉપર થઈ ગયેલ જગતના એક મહાન વિજ્ઞાનશાસ્ત્રીના જીવનનો ટૂંક પરિચય શ્રી 'પિપાસુ' તમને આ પાઠમાં કરાવે છે. મનુષ્યની બુદ્ધિમાં કેટલી અસાધારણ શક્તિ રહેલી છે તેનો તમને એ ઉપરથી ખ્યાલ આવશે. દુનિયા જો આર્કિમિડિઝ જેવા પુરુષોને ઉત્પન્ન કરી તેમને સમજી શકે અને તેમને જોઈતી અનુકૂળતાઓ આપે તો ચંદ્ર અને મંગળ ઉપર પહોંચવાનાં આજની દુનિયાનાં સ્વપ્નાં એક દિવસ જરૂર સાચાં પડી શકે એમ તમને આ પાઠ વાંચતાં અવશ્ય લાગશે. દુનિયા અંધકારમાંથી પ્રકાશ તરફ, અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ, જંગલીપણામાંથી સંસ્કારિતા તરફ ગતિ કરી રહી હોય તો તેમાં આર્કિમિડિઝ, ગેલિલિયો, ન્યુટન, એડીસન, બોઝ, રામન કે રોય જેવા મહાન વિજ્ઞાનશાસ્ત્રીઓનો ફાળો નાનોસૂનો નથી. આવા બને તેટલા મહાપુરુષોનાં જીવનચરિતોનો તમે કાળજીપૂર્વક અભ્યાસ કરજો.]

* * *

ઈસ્વીસન પૂર્વેની એ ઘટના છે. વિજ્ઞાન શી ચીજ છે તેનું જગતને કશું યે ભાન ન હતું. એ વેળા સમસ્ત જગત અંધકારમય દશામાં હતું. માત્ર ભારત, ગ્રીસ, મીસર, બેબિલોન કે ચીન જેવા ગણ્યાગાંઠ્યા દેશોમાં જ્ઞાનજ્યોત પ્રકાશતી હતી. તે સમયે ગ્રીસમાં એક અલૌકિક પુરુષ પેદા થયો. જટાધારી અને સાધુડા જેવા લાગતા એ પુરુષે અભિમાનપૂર્વક ઘોષણા કરી : "આ પૃથ્વીના ગોળાની બહાર મને ક્યાંક ઊભા રહેવાની જગા કરી આપો તો હું આ સમસ્ત પૃથ્વીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોળાને હલાવી નાખુ, ઊલટાવી નાખું.” પણ લોકોને તેની વાત દંતકથા કે પુરાણકથા જેવી લાગી. લોકોએ તેને હસી કાઢ્યો, અહંકારી અને ગાંડા જેવો ગણી કાઢ્યો. પણ એ સાધુપુરુષનાં જ્ઞાનચક્ષુ ભારે તેજસ્વી

હોવાથી તે પોતાની અમરવાણીમાં દૃઢ, મક્કમ રહ્યો. રાજાને એ વાતની ખબર થઈ. રાજાએ તેને બોલાવી પૂછયું. રાજા સમક્ષ પણ તેણે ગૌરવભરી રીતે તેની તે જ વાત કહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સાંભળી રાજા હેરોએ કહ્યું: "તું તો મોટો બડાઇખોર લાગે છે. જો તું કોક ભારે વજનદાર વસ્તુ ખસેડી શકે તો હું તારું કહ્યું સત્ય માનું."

એ વાત તે સાધુપુરુષે માન્ય કરી. એ જ પ્રસંગે રાજા હેરોએ એક મોટું વજનદાર વહાણ બંધાવ્યું હતું. તેને દરિયામાં તરતું મૂકવા માટે તેણે ભારે યત્નો કર્યા હતા. આખા સીરેકસ શહેરનાં લોકોને ભેળાં કરી રાજાએ તે વહાણને તરતું મૂકવાનો અંતિમ યત્ન કરી જોયો હતો. પરંતુ બધા લોકોના સમસ્ત બળથી પણ તે વહાણ રજ જેટલું પણ ખસેડી શકાયું નહતું. એટલે તે વહાણને ખસેડી લઈ જઈ દરિયામાં તરતું કરવાનું કપરું કાર્ય રાજા હેરોએ પેલા બડાઈ-ખોરને સોંપ્યું.

પરંતુ "મારે માટે તો એ રમત વાત છે" એમ કહી જ્યારે તેણે એ બીડું ઝડપ્યું ત્યારે પણ રાજા હેરોને તેમ જ તેની પ્રજાને તો તે અજ્ઞાનીનું ગાંડપણ જેવું લાગ્યું હતું. કેમકે તે સમયે રાજાને, પ્રજાને કે સમસ્ત જગતને ખબર નહોતી કે એ ગાંડા જેવો લાગતો જટાધારી તો જગતનો સાચો જાદુગર હતો, ચમત્કારિક પુરુષ હતો, જગતને નવું અજવાળું આપવા અવતરેલો ફ્રિસ્તો હતો.

પણ તે કાળે તો જગતભરમાં માત્ર તે એક અને અદ્વિતીય જાદુગર જ ઉચ્ચાલન અને ગરગડીના નિયમો જાણતો હતો. તેની પહેલાં અને તેના સમયમાં પણ કરોડો લોકોએ ગરગડીએ કૂવામાંથી પાણી કાઢયું હશે. પણ એક સામટી ઘણી ગરગડીઓ ગોઠવવાથી ઓછી શક્તિએ ભારે વજન ઊચકી શકાય છે એવું જ્ઞાન એ જાદુગર સિવાય બીજા કોઇને નહોતું. રેલ્વેના વજન કરવાના કાંટા પરથી જોઈ શકાય છે કે ઓછા વજનથી ભારે વજનદાર વસ્તુનું તોલ સહેલાઈથી થઈ શકે છે. પણ એ જાદુગરે જગતને આપેલા ઉચ્ચાલનના નિયમોના આધારે એ રેલ્વેનાં અને એવાં બીજાં ત્રાજવાંની રચના થઇ છે. કેમકે ત્રાજવું પણ ઉચ્ચાલનનો એક પ્રકાર જ છે. ત્રાજવાંની બંને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાજુની દાંડી એક સરખી હોય ને તે સમતોલે રહે તો બંને પલ્લાંમાંનાં વજનો એક સરખાં હશે. વળી જો બંને બાજુની દાંડીઓ એક સરખી લંબાઈની ન હોય ને તે છતાં તે સમતોલ રહે તો બંને પલ્લાંમાંનાં વજનો એક સરખાં ન હશે. વધારે વજનદાર વસ્તુવાળા પલ્લાંની દાંડીની લંબાઈ ઓછી હશે. આમ ગરગડી અને ઉચ્ચાલનના સિદ્ધાન્તો જગતને આપી તે જાદુગારે યંત્રશાસ્ત્રને જન્મ આપ્યો.

પછી તો તેણે ઉચ્ચાલન અને ગરગડીના નિયમોના આધારે એવી સુંદર રચના ગોઠવી દીધી કે જેથી સહેજ બળ વાપરતાં પેલું ભારે વજનદાર વહાણ હલાવી શકાય. એટલું કર્યા પછી તેણે રાજા હેરોને ખબર કરી. રાજા અને પ્રજા તેનો ચમત્કાર જોવા ઉત્સુકતાથી ભેગા મળ્યાં. ગરગડીઓની રચનાને એક છેડે બાંધેલી દોરીનો બીજો છેડો તેણે રાજાના હાથમાં આપ્યો ને કહ્યું: "તમે હવે એ છેડો સહેજ ખેંચો."

રાજાએ નહિ જેવું જોર વાપરી તે દોરીનો છેડો સહેજ ખેંચ્યો. એટલામાં તો પેલું લોકોના સમસ્ત બળ અને યુક્તિથી પણ ન ડગેલું વહાણ દરિયામાં તરતું થઈ ગયું.

ખરેખર તે રાજાપ્રજાને તેમ સમસ્ત જગતને મન એક અદ્‌ભુત ચમત્કાર હતો. સૌ કોઈને તે જાદુગાર દેવ જેવો લાગ્યો. રાજા હેરોએ તો પ્રજાજોગ એક ઢંઢેરો પીટાવી જાહેર કર્યું કે "હવે પછીથી આ જાદુગર આર્કિમિડિઝ જે કંઈ કહે તે બધાએ સત્ય માનવું. એનું કહેણ એટલે ઈશ્વરી વાક્ય."

પણ એ મહાપુરુષે રાજાના ઢંઢેરાનો ક્યાંય દુરુપયોગ નહોતો કર્યો. એની નમ્રતા, વિવેકબુદ્ધિ અને નિડરતા ભલભલાને નીચું જોવડાવે એવી હતી. એનો જન્મ ઈસ્વીસન પૂર્વે ૨૮૭ માં ગ્રીસના સીસીલી પરગણાના સીરેકસ શહેરમાં થયો હતો. તે કાળમાં સંસ્કૃતિના વિશ્વ-વિખ્યાત ક્ષેત્ર એલેકઝાન્ડ્રીઆ શહેરમાં બાળક આર્કિમિડિઝે વિદ્યાભ્યાસ કર્યો હતો. એ સિવાય એના બચપણ વિષે કશી આધારભૂત વિગતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળી આવતી નથી. આજે તો એમ પણ કહેવાય છે કે એનાં ઘણાંખરાં લખાણો પણ નાશ પામ્યાં છે.

આમ છતાં ઇતિહાસ સાખ પૂરે છે કે એના સારાય જીવન દરમ્યાનમાં ગ્રીસને પરદેશી હુમલાઓ સામે ઝઝમવું પડ્યું હતું, અને એકાન્તપ્રિય ને તત્ત્વચિંતક આર્કિમિડિઝ પણ એ હુમલાઓથી અલિપ્ત નહોતો રહેવા પામ્યો.

આજે દુનિયા આર્કિમિડિઝને એક મહાન ગણિતશાસ્ત્રી તરીકે પણ બહુ જ સારી રીતે પીછાને છે. ભૂમિતિના શાસ્ત્રને અનેક શોધખોળો કરી તેણે ઘણું આગળ વધાર્યું હતું. વર્તુળનાં પરિઘ અને વ્યાસનો સંબંધ આર્કિમિડિઝે શોધ્યો હતો. તમે ગમે તેટલાં નાનાંમોટાં વર્તુળ દોરો, તેના પરિઘ અને વ્યાસનાં માપ લો, તે પરિઘની સંખ્યાને તે વ્યાસની સંખ્યા વતી ભાગો તો દરેક વર્તુળને અંગે ભાજક એક સરખો હશે, એકમૂલ્ય હશે. વર્તુળનું ક્ષેત્રફળ શોધવાની રીત પણ એણે જ પ્રથમ આપણને આપી હતી. આટલું છતાં એ મહાપુરુષને કોઈ ગણિતશાસ્ત્રી તરીકે ઓળખાવતું તો તે મૂંઝાઈ જતો અને કહેતો કે 'મારી નાનકડી શોધો ગણિતશાસ્ત્રીના બિરદને શોભાવે એવી નથી; ગણિતશાસ્ત્રની શોધોના પ્રમાણમાં નજીવી છે; ઊતરતી કક્ષાની છે." આ એની નિરાભિમાનતા અને નમ્રતાનો પુરાવો.

જ્યારે જ્યારે રાજા સમક્ષ કોક મહાપ્રશ્ન આવી પડતો અને તેનો ઉકેલ કેમે કર્યો ન મળતો ત્યારે તેની નજર આર્કિમિડિઝ પર જ પડતી. એમ થતાં જાદુગર આર્કિમિડિઝ નવો ચમત્કાર કરી દુનિયાને નવો પ્રકાશ આપતો. એક વેળા રાજાએ સોનીને રાજમુગટ તૈયાર કરવા સોનું તોળીને આપ્યું. સોનીએ રાજમુગટ તૈયાર કર્યો. પણ રાજાને સંદેહ પડ્યો કે એમાં કંઈ મિશ્રણ તો નથી કર્યું ને! એ સંદેહનું નિવારણ કરવા તેણે બધા યત્નો કર્યા. પરંતુ કંઈ નક્કી થઈ શકયું નહિ એટલે આખરે તેણે આર્કિમિડિઝને બોલાવી બધી વાતો કરી. રાજમુગટને ખંડિત કર્યા વિના તેમાં બીજી ધાતુનું મિશ્રણ કરવામાં આવ્યું છે કે નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે શોધી કાઢવાનું મહાકાર્ય આર્કિમિડિઝને સોંપાયું. પહેલાં તો તે પણ વિચારમાં પડી ગયો, મૂંઝાયો, તેને કોઈ માર્ગ ન સૂઝયો. પણ જ્યારે તેને લાગ્યું કે એ કાર્ય હવે થઈ શકે એમ નથી એવું રાજાને સ્પષ્ટ કહી દેવું. તે જ ક્ષણે તે નહાવા માટે પાણીના હોજમાં-કુંડમાં ઊતર્યો. તેણે પાણીની સપાટી ઊંચી થતી જતી જોઈ. જ્યારે તે હોજમાં બેઠો ત્યારે તો તેણે પાળ પરથી પાણી ઊભરાઈ જતું જોયું. વળી તે જ ક્ષણે તેને લાગ્યું કે જેમ જેમ તે પાણીમાં પોતાનું શરીર ડુબાવતો ગયો તેમ તેમ તેને તેના શરીરનું વજન ઓછું ઓછું થતું જતું લાગ્યું. એટલું જોતાં તો તે "બસ મેં શોધી કાઢ્યું, મેં શોધી કાઢ્યું" ની બૂમો પાડી ઊઠ્યો અને હોજમાંથી બહાર કૂદી આવ્યો. તેને કપડાં બદલવાનું પણ ભાન ન રહ્યું. આમ પાણીમાં રાજમુગટ તોળવાનો કોક અદ્‌ભુત માર્ગ તેને સૂઝી આવ્યો, અને તે પ્રયોગ દ્વારા દુનિયાને બતાવવાના વિચારમાં ગૂંથાઈ ગયો. પછી તરત જ તે રાજા પાસે દોડી ગયો.

હજારો બલકે કરોડો વર્ષો થયાં લોકોએ પાણીમાં પ્રવેશતાં પાણીની સપાટી ઊંચી જતી જોઈ હશે અને વળી પાણીમાં પદાર્થને ડુબાવતાં તેનું વજન ઓછું લાગ્યું હશે. તદુપરાંત કૂવામાંથી બાલદીવતી પાણી કાઢતાં સૌ કોઇએ જોયું હશે કે જ્યાંસુધી બાલદી પાણીની સપાટીની નીચે હોય છે, ત્યાંસુધી તેનું વજન ઓછું લાગે છે. મતલબ કે પાણીમાં વસ્તુ હલકી લાગે છે. પણ આ બંને સત્યોની લોકોને મન કશી કિંમત ન હતી. જાદુગર આર્કિમિડિઝને મન તો કુદરતના એ મહાન સત્યોની અદકી કિંમત હતી. પાણીથી છલાછલ ભરેલા વાસણમાં આર્કિમિડિઝે રાજમુગટને ડુબાવ્યો અને જોયું કે રાજમુગટના કદ જેટલું પાણી ઊભરાઈ ગયું હતું. પછી તેણે ઊભરાઈ ગયેલા પાણીનું વજન કર્યું. ત્યાર બાદ સોનીને જેટલું સોનું આપ્યું હતું તેટલા તોલના સોનાને પહેલાંની જેમ પાણીમાં ડુબાવ્યું અને ઊભરાઈ ગયેલાં પાણીનું વજન કર્યું. તેણે બંને સમયનાં ઊભરાયલાં પાણીના વજનમાં તફાવત જોયો. એટલે તરત જ તેણે રાજાને કહ્યું કે "રાજમુગટમાં બીજી હલકી ધાતુનું મિશ્રણ કરવામાં આવ્યું છે." આખરે તપાસમાં એ વાત સોનીને પણ કબૂલવી પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એથી રાજા અને પ્રજા પોતાના મહાપુરુષની અનુપમ શક્તિ જોઈ હર્ષઘેલી બની.

એ પરથી મહાન આર્કિમિડિઝે જગતને પાણીમાં ડૂબતી અને તરતી વસ્તુઓના કુદરતના ગહન અને છૂપા કાનૂનો આપ્યા. એથી જ જગત આજે સમુદ્રમાં સ્ટીમર અને હવામાં વિમાન મારફતે વિચરી શકે છે; તેમ જ એક વસ્તુ બીજી વસ્તુ કરતાં કેટલા ગણી ભારે કે હલકી છે તે સમજતું થયું છે.

* * *

આર્કિમિડિઝના જીવનવ્યવહારમાં જ્યારે ને ત્યારે જગતે ચમત્કારો ભાળ્યા. રોમન લોકો સીરેકસ પર ચઢી આવ્યા. તેમના શક્તિશાળી હુમલા સામે સીરેકસની પ્રજાને ટકી રહેવું ભારે લાગ્યું. રાજાપ્રજાએ આર્કિમિડિઝ પર નજર નાખી. એ સાધુપુરુષ તત્ત્વચિંતન છોડી દેશબાંધવોની વહારે ધાયો. આજે વીસમી સદીમાં પણ આપણને આશ્ચર્યમુગ્ધ કરી નાખે એવી રીતે ઈસ્વીસન પૂર્વે બસો વર્ષ પહેલા એ રોમનો સામે યાંત્રિક લડાઈ લડ્યો હતો. અત્યારના જેવા ઊંટડા અને આજના રેલ્વેના એન્જીનો ઊંચકવાની સાંકળો શોધી કાઢી રોમના ઈજનેરોને તેણે હાથ કરડતા કરી મૂક્યા હતા. પૃથ્વીના ગોળાને પણ હલાવી નાખવા તત્પર રહેલા આર્કિમિડિઝ આગળ રોમના ભલભલા ઈજનેરો તો નાનાં બાળકો જેવા લાગતા હતા. ઊંટડા અને મજબૂત સાંકળો ખડી કરી તેણે રોમના વહાણોને હવામાં ઊંચકી લઈ જોરથી દરિયામાં પછાડ્યાં અને તેનાં ભાંગીને ભૂકા કર્યા. વળી દીવાલના કાણાંમાંથી દૂર દૂર પથ્થરો ફેંકવાના યંત્રો શોધી કાઢી રોમન લશ્કરને તેણે પાછું હઠાવ્યું હતું. વળી કંઈક બાકી રહી ગયું હોય તેમ તેણે મોટા મોટા અંતરગોળ કાચના અરીસાઓ એવી રીતે ગોઠવ્યા કે જેથી કરીને સૂર્યનાં કિરણો પરાવર્ત થઈ એક જગાએ ભેગાં મળીને વસ્તુને ગરમ કરી નાખે, બાળી નાખે. આથી રોમન લશ્કર ત્રાસી ઊઠ્યું.

એટલે રોમના નાયક મરસીલસે પોતાના માણસોને બોલાવી કહ્યું: "દરિયા કિનારે તદ્દન શાન્તિપૂર્વક બેઠેલા અને આપણા વહાણો જોડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાના બાળકની જેમ કોડીની રમત રમતા આ મહાન ગણિતશાસ્ત્રીની સાથે લડતાં લડતનો અંત આવે એમ નથી. આ તો દંતકથા ને પુરાણ-કથાઓમાં આવતા સહસ્રહસ્તધારી રાક્ષસોને પણ ભોંયભેગા કરી દે એવી રીતે અવનવાં અને અદ્‌ભુત યંત્રો શોધી લડી રહ્યો છે."

આથી રોમનોએ શસ્ત્રયુદ્ધ પડતું મૂક્યું. છેવટે તેમણે સીરેકસની પ્રજાને ભૂખે મારવાના ઇરાદાથી દૂરથી ઘેરો ઘાલી બહારના બધા માર્ગો બંધ કર્યા, ને બહારથી આવતું અનાજ અટકાવ્યું. આમ થતાં બે વર્ષ પછી ઇ. સ. પૂર્વે ૨૧૨ માં સીરેકસ રોમન પ્રજાને શરણે ગયું.

તે દરમ્યાનમાં આપણો મહાપુરુષ આર્કિમિડિઝ ગણિતશાસ્ત્ર અને ખગોળશાસ્ત્રમાં પાછો તન્મય બન્યો. તેણે સૂર્ય, ચંદ્ર, પૃથ્વી અને તારાની ગતિ બતાવતું એક અદ્‌ભુત યંત્ર શોધી કાઢ્યું કે જેમાંથી સૂર્ય-ગ્રહણ અને ચંદ્રગ્રહણ પણ બતાવી શકાય.

સીરેકસની પ્રજા જ્યારે રોમને શરણે ગઈ અને હાર કબૂલી ત્યારે રોમના નાયક મરસીલસે પોતાના લશ્કરને કહ્યું હતું કે "કોઇએ પેલા ગણિતશાસ્ત્રીનો વાંકો વાળ ન કરવો, હજી તો એ જગતને અવનવાં અજવાળાં આપશે." પણ રોમન લશ્કર તો ભૂખ્યા વરુ જેવું હતું. એટલે રેતીથી ભરેલી થાળીમાં ભૂમિતિની આકૃતિઓ દોરતા એ સાધુ-પુરુષનું પાછળથી દોડી આવી એક રોમન સિપાઈએ ખૂન કર્યું. તે ભૂખ્યા વરુને ખ્યાલ ન હતો કે તે પોતે એ મહાપુરુષને મારી નાખી સમસ્ત જગતનો રોશ વહોરી રહ્યો છે, જગતનો દ્રોહ કરી રહ્યો છે.

અંતકાળે પણ એ કર્મયોગી એટલું જ કહે છે કે "મારું વર્તુળ ભૂસીશ નહિ." આમ એક રોમન સિપાઈના હાથે એ કર્મયોગીનો દેહ પડ્યો સાંભળી રોમન મરસીલસ રોયો હતો, જગત રોયું હતું. આર્કિમિડિઝ વધુ જીવ્યો હોત તો તે સમયના અંધાર જગતને શું શું ન આપત ?

આજે પણ આર્કિમિડિઝ મહાન ગણિતશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી તરીકે, વિજ્ઞાનના આદ્યપિતા તરીકે, જગતમાં અમર તપે છે, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવિષ્યમાં પણ આ પૃથ્વીનો ગોળો ગતિમાન હશે ત્યાં સુધી તો તે અમર તપશે.

– સ્વાધ્યાય –

૧. આ પાઠ વાંચ્યા પછી તમારા મનમાં આર્કિમિડિઝ વિષે કેવા કેવા વિચારો આવ્યા તે જણાવો.

૨. તમે આ પાઠને જીવનકથા કહેશો કે વિજ્ઞાનનો પાઠ કહેશો ? આ પ્રશ્નનો ઉત્તર તમારાં કારણો સાથે આપો.

૩. રાજા હેરોએ બંધાવેલા વજનદાર વહાણને દરિયામાં તરતું કરવાનું સૌને મન કપરું કાર્ય આર્કિમિડિઝને મન રમત વાત હતી એમ તમે શી રીતે કહી શકશો ?

૪. તમે ત્રાજવું તો જોયું હશે. એનાથી પદાર્થનું વજન પણ કર્યું હશે. ત્રાજવાંની દાંડી જેવી એક સરખા આકારની લાકડી અગર તો પછી લાંબી ફૂટપટી જેવી લાકડાંની એક પાતળી પટી લો. તેની મધ્યમાં કાણું પરોવી સરખાં વજન લટકાવો અને લાકડી સમતોલ રહે છે કે નહિ તે જુઓ. એના પરથી તમે શું કહી શકશો ? વળી બંને છેડા તરફ સરખું અંતર ન લેતાં જુદું અંતર લઈ કાણાં પાડો ને પહેલાંની જેમ દોરી પરોવી બે સરખાં વજન ટાંગો. તે પછી લાકડી–દાંડી સમતોલ રહે છે કે નહિ તે જુઓ. દાંડી સમતોલ ન રહે તો તમે શું કરશો ? આ પ્રયોગ તમે ઘરે જરૂર કરજો ને જ્યારે પણ તક મળે ત્યારે નજીકના રેલ્વે સ્ટેશન પરનો વજન કરવાનો કાંટો જોઈ આવજો.

૫. સોનાના રાજમુગટમાં બીજી ધાતુનું મિશ્રણ કરવામાં આવ્યું છે તે આર્કિમિડિઝને કેવી રીતે સમજાયું તે ટૂંકમાં જણાવો.

૬. તમે ઘર આગળ જુદાજુદા પદાર્થો લઈ પાણીમાં ડુબાવવાનો પ્રયોગ કરજો. હવામાં તે તે પદાર્થોનું વજન કરી તેને પાણીમાં ડુબાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વજન કરી જોજો. એમ કરતાં તમને ઘણી મઝા પડશે. એ પ્રયોગ કરતાં તમને શું શું જાણવાનું મળે છે તે તમારી નોટમાં લખો.

૭. આર્કિમિડિઝે દુશ્મનો સાથેની લડતમાં કઈકિઈ યુક્તિઓ વાપરી તેમને પાછા હઠાવ્યા? સીરેકસની પ્રજા સામે લડાઈમાં હારેલા રોમનોએ કયો રસ્તો લઈ આર્કિમિડિઝને અને તેના દેશબાંધવોને લાચાર બનાવ્યા?

૮. મરસીલસનો આર્કિમિડિઝ વિશેનો અભિપ્રાય તમારા શબ્દોમાં આપો.

૯. તમે સૌએ દાઢી કરવાનો અરીસો તો જોયો હશે. એનું જ નામ અંતર્ગોળ અરીસો. એ અરીસો લઈ ચોગાનમાં ઊભા રહી તેના પર સૂર્યનાં કિરણો પડવા દો એટલે તમે પરાવર્ત થતાં સૂર્યનાં કિરણો જોઈ શકશો. એ બધાં પરાવર્ત થતાં કિરણોના માર્ગમાં તમે તમારો હાથ અગર તો આંગળી રાખો તો શું થાય છે તે જણાવો. હાથને બદલે એક કાગળ ધરો. કાગળ એવી રીતે રાખો કે જેથી તેના પર સૂર્યનું નાનામાં નાનું પ્રતિબિંબ દેખાય. એમ થોડી વાર પકડી રાખી શું થાય છે તે જણાવો. આ પ્રયોગ તમે ઘરે જઈ કરી જોજો. તમને ઘણી મઝા પડશે.

૧૦. આર્કિમિડિઝની જીવનકથા ટૂંકમાં તમારા શબ્દોમાં લખો.

૧૧. આ પાઠમાં લેખકે આર્કિમિડિઝ માટે જટાધારી, જાદુગર, સાધુપુરુષ, ચમત્કારિક પુરુષ, ફિરસ્તો, વિજ્ઞાનનો આદ્યપિતા, કર્મયોગી વગેરે શબ્દો વાપર્યા છે તે તમને કઈકિઈ રીતે યોગ્ય ને બંધબેસતા લાગે છે તે વિસ્તારપૂર્વક જણાવો.

૧૨. ઉપર જણાવેલ પ્રયોગોમાં સમાયલા બધા સિદ્ધાંતો વિષે તમે ઉપલા ધોરણોમાં ઘણું જાણશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯

વાઘની માશી

[શ્રી કાકાસાહેબ કાલેલકર]

સામાન્ય છોકરાંઓ કરતાં મારામાં પશુપક્ષીઓ તરફ કંઈક વધારે હેત હતું. પણ મને અત્યંત પ્રિય જનાવર તો બિલાડી. બિલાડી ખુશામત કરે પણ કોઈ કાળે સ્વમાન ખુએ નહિ. કૂતરાંને અનાર્ય થયેલાં તમે જોશો, પણ બિલાડી તો હમેશાં પોતાની સંસ્કૃતિ ને પોતાનો મોભો જાળવીને જ રહેવાની. એકાદ દિવસ પીવાનું દૂધ ઓછું હોય તો પણ તેમાંથી થોડું બિલાડીને પાયા વગર પીવું આપણને ભાવે નહિ. નાનપણમાં મેં ખૂબ મુસાફરી કરેલી. જ્યાં ગયા ત્યાં આઠદસ દિવસની અંદર આસ-પાસ કેટલી બિલાડીઓ છે અને કોની કોની છે, એની આપણને તરત ખબર પડે. બિલાડી પ્રતિનો મારો પક્ષપાત એકાંતિક ન હતો. જ્યાં જઈને રહું ત્યાંની બિલાડીઓને મારા રાગદ્વેષ ઉભયનો અનુભવ ચાખવો પડતો. બિલાડીને ઘેરો કેમ ઘાલવો, એને માર કેમ મારવો, ખાડામાં ખૂબ કાંટા વાળી ઉપર કાગળ કે લૂગડું પાથરી બિલાડીને ખાડામાં કેમ પાડવી, એ બધી કળામાં હું પારંગત હતો. બિલાડીને ઠાર મારવાથી બાર બ્રાહ્મણ માર્યાનું પાપ લાગે છે, કેમકે બિલાડીની પૂછડીમાં બાર ચટાપટા હોય છે, એ વાત હું જાણતો ન હોત તો મારે હાથે બિલાડીઓની હત્યા પણ થાત.

હું કારવારમાં હતો ત્યારે મેં એક બિલાડી પાળેલી. બહુ રૂપાળી હતી. મેં એનું નામ વ્યંકટેશ પાડ્યું હતું. એકાદ વરસ સુધી એ મારી સાથે રહ્યો હતો. આખરે એક કોળે એને મારી નાખ્યો. પછી તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને બિલાડી વિના ચેન ન પડે, એટલે આખું કારવાર ફરી જ્યાં સરસ બિલાડી જોવામાં આવે ત્યાં એનું માગું કરતો. પણ બધા જ કંઈ આવી રીતે માગું સ્વીકારે ? કેટલાક તો તિરસ્કારથી મને કાઢી મૂકતા. એટલે અમે એક ઘરની આસપાસ ત્રણ ત્રણ દિવસ પહેરો ભરતા બેસતા. અને લાગ મળે કે પિશાચપદ્ધતિએ બિલાડીનું હરણ કરતા.

બિલાડી પકડવી એ કંઈ જેવીતેવી વાત નથી. એના નખ અને દાંત સામે હજુ હથિયારબંધીનો કાયદો પસાર થયો નથી. પહેલું તો બિલાડી હાથમાં આવવી જ મુશ્કેલ છે. તમે એને પકડી કે તરત જ 'ઘુર્‌ર્‌ર્‌ મ્યાંઉં' કરીને એ તમને કરડવાની અથવા નહોર વતી ઘા કરવાની. અમે સાથે એક કોથળો રાખતા. બે ત્રણ જણા બે ત્રણ ઠેકાણે ઊભા રહેતા. બિલાડી લાગમાં આવે કે એના પર તરાપ મારી એની ડોક પકડતા. બિલાડીને ડોક વતી પકડીએ તો એને દુઃખ નથી થતું, અને છતાં એ પૂરેપૂરી કબજે થાય છે. ડોકની ચામડી આપણા હાથમાં હોય એટલે આપણે સુરક્ષિત. ત્યાં ન પહોંચે એના દાંત કે ન પહોંચે એનાં નહોર. પાછલા પગ ઉપાડીને નહોર મારવાનો એ પ્રયત્ન કરે; આખા શરીરને બધી દિશાએ આમળી જુએ. નવો માણસ હોય તો એને થાય કે હમણાં નહોર મારશે, અને પછી બીને એ બિલાડીને છોડી દે. એક વાર છૂટી એટલે ફરી બિલ્લીબાઈ હાથમાં ન આવે.

અમે બિલાડીને પકડીએ કે એક હાથ વતી એની ડોક ને બીજા હાથ વતી એના પાછળના પગ બરાબર ઝાલી રાખીએ, અને એને કોથળામાં નાખી ઝટ કોથળાનું મોઢું બંધ કરી દઈએ. બિલાડી અંદર પુરાઈ કે તરત બંગાળી ઈલાજ અખત્યાર કરવાની. ખૂબ અવાજ કરે, અને જાણે કોથળો ફાડી નાખતી હોય એટલી હિલચાલ કરી મૂકે. બિલાડીને પકડતાં કેટલીએ વાર મારા હાથપગ લોહીલોહાણ થયા છે. પણ જે બિલાડીને પકડવાનો નિશ્ચય કર્યો તેને કોઈ કાળે છટકવા દીધી નથી. બિલાડીને ઘેર લઈ જઈએ એટલે અમારું પહેલું કામ એ કે એનાં નાકકાન ચૂલા પર ઘસી કાઢવાં. માન્યતા એવી કે, આમ કરવાથી બિલાડી એ ચૂલાને છોડીને જાય નહિ; ત્યાં જ રહે અને એ ચૂલામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ સૂએ. કારણ ગમે તો હો, પણ અમારી બિલાડીઓ અમારા ચૂલામાં સૂઈ જતી.

એક દિવસ એક સાવ ધોળી બિલાડી મેં જોઈ લીધી. એને પૂછડે પણ ચટાપટા ન હતા. એ જે બાઈની હતી તે બાઈ પાસે માગવા જવાય એમ ન હતું. એટલે અમે ત્રણચાર દિવસની તપશ્ચર્યાથી એ બિલાડીનો કબજો લીધો. એને ઘેર આણ્યા પછી, એને રહેવા માટે એક લાકડાની મોટી પેટીનું ઘર બનાવ્યું. એને સૂવા માટે ગાદી બનાવી. સુતાર પાસે જઇને એ પેટીને નાનાંનાનાં બારણાં બનાવડાવ્યાં. એમાં લાલ, લીલા અને પીળા કાચના કકડા બેસાડ્યા. બિલાડીને પણ પોતાનું ઘર ખૂબ પસંદ પડ્યું. પણ બિલ્લીબાઈ દહાડે દહાડે સુકાવા લાગ્યાં, એટલે આઇએ કહ્યું: 'બેવકૂફો, આ બિલાડીને જ્યાંથી આણી હોય ત્યાં પાછી મૂકી આવો, નહિ તો એની હત્યા તમને ચોંટશે. એ તો માછલીના આહારને ટેવાયેલી છે, એને આપણાં દૂધભાત કામનાં નથી.'

આટલી સુંદર બિલાડી છોડી દેતાં અમારો જીવ ચાલ્યો નહિ. એટલે અમારા ઘરનાં વાસણ માંજનાર એક ચાકરડી હતી એને અમે કહ્યું: 'અમે તને રોજ એક પૈસો આપીશું. તારે ઘેરથી લાવીને રોજ આ બિલાડીને માછલીનો ખોરાક ખવડાવવો.' બસ. માછલીનો ખોરાક મળ્યો કે ગોરી પહેલાં જેવી રૂષ્ટપુષ્ટ થઈ ગઈ. અમે પણ રાજી થયા. પણ થોડા દિવસમાં એ વાત પિતાશ્રીને કાને ગઈ. તેઓ ચિડાયા: 'આ છોકરાઓને શું કહેવું? બિલાડી પાછળ ગાંડા થયા છે ને બ્રાહ્મણના ઘરમાં બિલાડીને માછલી ખવડાવે છે!' પિતાશ્રી આગળ અમારું કંઈ ચાલે એમ ન હતું, એટલે તે જ દિવસે અમે એ બિલાડીને તેના મૂળ રહેઠાણ આગળ મૂકી આવ્યા. પછી તો એનું સૂનું સૂનું લાકડાનું ઘર જોઈ અમને ખૂબ માઠું લાગતું.

એ બિલાડી ગઈ એટલે બીજી લઈ આવ્યા. એ તો સરગવાની શીંગના કૂચા થાળી પાસે નાખ્યા હોય એ જ ચાવી ચાવીને ખાતી. આઇએ કહ્યું: 'આ પણ એના માંસાહારનું જ લક્ષણ છે.' પણ અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આઇને સાફ કહી દીધું: 'ગમે તેમ હોય, આ બિલાડીને અમે રાખવાના જ. જુઓ તો, કેવી રૂપાળી છે!' આઇએ પરવાનગી આપી. પણ એ બિલાડીનું અન્નજળ અમારા ઘરમાં ન હતું. થોડા જ દિવસમાં એ માંદી પડી અને મરી ગઈ. એની અંતકાળની વેદનાઓ જોઇને મારા મન પર ભારે અસર થઈ. એના પહેલાં મેં મડદાં જોયાં હતાં, પણ કોઈ પણ પ્રાણીનો અંતકાળ જોયો ન હતો.

કારવારથી અમે થોડા દિવસને માટે સાવંતવાડી ગયા. ત્યાં એક બિલાડી રોજ અમારે ત્યાં આવતી. અમે મોડા જમીએ કે વહેલા, જમવા ટાણે એ હાજર. હું એને ધરાય એટલાં દૂધભાત આપતો. ઘરના લોકોને થયું કે દત્તુનો આ બિલાડીનો શોખ બહુ વધી પડ્યો છે. એનો કંઈક ઇલાજ કરવો જોઇએ. એટલે વિષ્ણુએ કે અણુએ એ બિલાડીનું નામ પાડ્યું, 'દત્તુચી બાયકો (દત્તુની વહુ).' એ ઘરમાં આવે એટલે બધાં કહે, 'જુઓ, દત્તની વહુ આવી.' હું એને ખવડાવું એટલે કહે, 'જુઓ, વહુને કેટલા હેતથી ખવડાવે છે!' હું શરમાવા લાગ્યો. સીધી નજરે બિલાડી તરફ જોઉં જ નહિ. જોઉં તો કતરાતી નજરે જ. બિલાડીને બિચારીને શી ખબર? એ તો જમવા ટાણે મારી જોડે આવીને બેસે,–સામે પણ નહિ. હું જો વખતસર એને ભાત ન આપું તો મારા મોઢા તરફ જોઈને માથું હલાવીને મ્યાંઉં મ્યાંઉં કરે. લોકો એની પણ મશ્કરી કરે. એટલે બિલાડી તરફ જોયા વગર જ એક કોળિયો એના તરફ હું નાખી દઉં. લોકો એની મશ્કરી કરે. હું ન આપું તો બિલાડી હેરાન કરે; એની પણ ચેષ્ટા થાય. બિલાડીને હાંકી કાઢવાનો પ્રયત્ન કરી જોયો, પણ એમાંયે હું ફાવ્યો નહિ. સાચું પૂછો તો તેમ કરવાની મારી હિંમત પણ ચાલતી નહિ.

ઘણા દિવસ સુધી આવી પજવણી સહન કર્યા પછી મેં મન સાથે નક્કી કર્યું કે લોકો ગમે તે કરે, શરણ આવેલાને મરણ અપાય નહિ. અને બિલાડીનો શો ગુનો? પછી તો મેં બધી શરમ કાઢી નાખી. એક દિવસ બધાંના સાંભળતાં કહ્યું: 'હા હા, બિલાડી અમારી વહુ છે. અમે એને ખવડાવવાના, રોજ હેતથી ખવડાવવાના, ખવડાવવાના; હવે કંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યું છે? હવે કોઈને કંઈ કહેવું છે? આવ બિલાડી, આવ; બેસ મારી પાસે.' માણસ વીફર્યો એટલે બધા જ એનાથી બીએ. તે દિવસથી કોઈએ મારું કે બિલાડીનું નામ ન લીધું.

– સ્વાધ્યાય –

૧. શ્રી કાકાસાહેબ કાલેલકરે પોતાના બાલ્યના કેટલાક પ્રસંગો "સ્મરણયાત્રા" માં ગૂંથ્યા છે તેમાંથી એક અહીં ઉતાર્યો છે. સ્મરણયાત્રા અને ગાંધીજીની આત્મકથા જેવાં પુસ્તકોમાંથી ઘણો ભાગ તમે હવે તો સહેજે સમજી શકશો. આ પાઠમાં તમે કાકાસાહેબનો પ્રાણીઓ તરફનો પ્રેમ જોઈ શકશો. 'ઓતરાતી દીવાલ' નામના તેમના એક બીજા નાનકડા પુસ્તકમાંથી તમને કાકાસાહેબ આજે પ્રાણીઓ તરફ કેવો ભાવ રાખતા હશે તેનો અતિ રસિક પરિચય મળશે. આ બધાં પુસ્તકો તો તમારે વાંચવા જ જોઈએ.

૨. કાકાસાહેબના બિલાડી પ્રત્યેના પ્રેમનું ટૂંક વર્ણન તમારા શબ્દોમાં આપો.

૩. નીચેનાં વાક્યોનો અભ્યાસ કરો. એ પ્રકારનાં બીજાં કોઈ વાક્યો તમે બનાવી શકશો?

(ક) બિલાડીઓ હમેશાં પોતાની સંસ્કૃતિ અને પોતાનો મોભો જાળવીને જ રહેવાની.

(ખ) બિલાડી પ્રતિનો મારો પક્ષપાત એકાંતિક ન હતો. જ્યાં જઈને રહું ત્યાંની બિલાડીઓને મારા રાગદ્વેષ ઊભયનો પક્ષપાત ચાખવો પડતો.

(ગ) બિલાડીના નખ અને દાંત સામે હજુ હથિયારબંધીનો કાયદો પસાર થયો નથી.

(ઘ) માણસ વીફર્યો એટલે બધા જ એનાથી બીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. સામાન્યરીતે બિલાડી માંસાહારી કે શાકાહારી પ્રાણી કહેવાય ? આ પ્રશ્નનો ઉત્તર તમારા પાઠમાંથી પ્રમાણો આપી લખો.

૫. આ પાઠનું મથાળું કાકાસાહેબને શા ઉપરથી સૂઝયું હશે ?

૬. તમને તમારા બાલ્યના સંઘરવા જેવા કોઈ પ્રસંગો યાદ છે ? તેવા પ્રસંગોમાંથી બને તેટલા તમને ફુરસદ મળે ત્યારે એક જુદી સ્વાધ્યાય–પોથીમાં ઉતારજો. એ સ્વાધ્યાય–પોથી તમે જેમજેમ મોટાં થતાં જાઓ તેમ તેમ મોટી બનતી જશે, અને આપણા બાલ્યની છબીઓ જોતાં આપણને જેવી મઝા પડે છે તેથી પણ વિશેષ મઝા તમને તમારી એ 'સ્મરણયાત્રા' વાંચતાં મળશે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનની

[સ્વ. દામોદર ખુશાલદાસ બોટાદકરની ખૂબ જાણીતી કવિતાઓમાંની આ એક છે. સ્વ. બોટાદકરે આપણાં કુટુમ્બજીવનનાં અનેક કાવ્યો લખ્યાં છે. 'રાસતરંગિણી' નામના તેમના એક સંગ્રહમાંથી 'જનની' જેવાં બીજાં અનેક કાવ્યો તમને મળશે.]

* * *

[મહીડાંનાં દાણ અમે નહિ દઈ રે લોલ—એ ઢાળ.]

મીઠાં મધુ ને મીઠા મેહુલા રે લોલ,
એથી મીઠી તે મોરી માત રે,
જનનીની જોડ જગે! નહિ જડે રે લોલ. (ટેક.)
પ્રભુના એ પ્રેમ તણી પૂતળી રે લોલ,
જગથી જુદેરી એની જાત રે.—જનનીની૦
અમીની ભરેલ એની આંખડી રે લોલ,
વહાલનાં ભરેલાં એનાં વેણ રે.—જનનીની૦
હાથ ગૂંથેલ એના હીરના રે લોલ,
હૈયું હેમંત કેરી હેલ રે.—જનનીની૦
દેવોને દૂધ એનાં દોહ્યલાં રે લોલ,
શશીએ સિંચેલ એની સોડ્ય રે.—જનનીની૦
જગનો આધાર એની આંગળી રે લોલ,
કાળજામાં કૈંક ભર્યા કોડ રે.—જનનીની૦
ચિત્તડું ચઢેલ એનું ચાકડે રે લોલ,
પળના બાંધેલ એના પ્રાણ રે.—જનનીની૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂગી આશિષ ઉરે મલકતી રે લોલ,
લેતાં ખૂટે ન એની લ્હાણ રે.—જનનીની૦
ધરણીમાતા યે હશે ધ્રૂજતી રે લોલ,
અચળા અચૂક એક માય રે.—જનનીની૦
ગંગાનાં નીર તો વધે-ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે.—જનનીની૦
વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ,
માડીનો મેઘ બારે માસ રે.—જનનીની૦
ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
એનો નહિ આથમે ઉજાસ રે.
જનનીની જોડ જગે નહિ જડે રે લોલ.

– સ્વાધ્યાય –

૧. માતાના હેતને વ્યક્ત કરવા માટે કવિ કઈ જુદી જુદી ઉપમાઓ વાપરે છે તે જણાવો.

૨. ધરણી, ગંગા–નીર, વ્યોમ–વાદળી અને ચંદાની ચાંદનીનો માતાના પ્રેમનો મહિમા બતાવવા કવિ કેવી રીતે ઉપયોગ કરે છે તે બતાવો.

૩. 'જગનો આધાર એની આંગળી રે લોલ' એટલે શું ?

૪. 'જનની' જેવાં માતા પ્રત્યેના પ્રેમનાં બીજાં કોઈ કાવ્યો તમે વાંચ્યાં હોય તો જણાવો અને તેની જોડે આ કાવ્યની સરખામણી કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧

કલાની કદર

[શ્રી રમણલાલ દેસાઈ આપણા એક પ્રસિદ્ધ નવલકથાલેખક છે. દિવ્યચક્ષુ, ગ્રામલક્ષ્મી આદિ તેમની અનેક નવલકથાઓ ખૂબ લોકપ્રિય થઈ છે. સ્વ. ગોવર્ધનરામ ત્રિપાઠી અને શ્રી કનૈયાલાલ મુનશી જેવા આપણા પ્રખ્યાત નવલકથાલેખકોની કક્ષામાં શ્રી રમણલાલની ગણના થઈ છે. 'શિરીષ' નામની તેમની એક નવલકથામાંથી એક પ્રસંગ અહીં ઉતાર્યો છે. એ પ્રસંગમાંના 'મોહનશેઠ'ને જોતાં દલપતરામની 'સાંભેલું' કવિતામાંનો કંજૂસ શેઠ તમને જરૂર યાદ આવશે.]

* * *

એકાએક ભૈયો એક યુવકને લઇને મોહનશેઠની સમક્ષ આવ્યો.

"યહ જુવાનકા કિરાયા બાકી હય." ભૈયાએ યુવકનું ઓળખાણ કરાવ્યું. યુવકે મોહનશેઠને સલામ કરી. 'કેમ ? તમે રંગરેજ છો કે ?' શેઠે પૂછ્યું.

"ના, જી. હું રંગરેજ નથી, ચિતારો છું." પેલા યુવકે જણાવ્યું.

"ઠીક હવે. રંગનું કામ તો ખરું જ કેની ?" શેઠને રંગરેજ ને ચિતારા વચ્ચેના સૂક્ષ્મ ભેદ જાણવાની ભાગ્યે જ ફુરસદ હતી.

યુવકની આંખમાંથી તિરસ્કાર વરસી રહ્યો. શેઠાણી ખૂબ હસ્યાં. શેઠની નજર તેમની પત્ની તરફ વળી, અને બેઠેલી મંડળીને આવા સુંદર હાસ્યનો લાભ પોતાના પત્ની તરફથી મળે છે એ ખ્યાલ આવતાં તેઓ પ્રસન્ન થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



"કેમ ! તમે અંગ્રેજ છો ?" મેં પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમે હજી ભાડું કેમ ભર્યું નથી ?" શેઠે પૂછ્યું. યુવકની તિરસ્કાર-ભરી આંખમાં હવે લાચારી દેખાઈ આવી. રંગરેજ ને ચિતારા વચ્ચેનો તફાવત ન સમજનાર મોહનશેઠનો તે દેવાદાર છે એ વાત તેને સાંભરી આવી.

"શેઠસાહેબ, આટલો મહિનો મેહરબાની રાખો તો હું બહુ આભારી થઈશ. આ વખતે મારો હાથ બહુ ભીડમાં છે." યુવકે ગરીબીથી જણાવ્યું.

"દરેક મહિને તમારી તકરાર આવવાની. હવે એમ બિલકુલ ચાલવાનું નથી. આજ ને આજ ભાડું આપી દો, નહિ તો ઓરડીઓ ખાલી કરી નાખો. મને ઘણા ભાડૂતો મળે છે."

"શેઠસાહેબ, મારાં ચિત્રો વેચાયાં છે પણ હજી તેના પૈસા મળ્યા નથી એટલે હું લાચાર બની ગયો છું; પૈસા આવશે કે તરત હું ભરી દઈશ." યુવકની વાણીમાં આર્જવ હતો.

સુકુમારનું ધ્યાન તેના તરફ ખેંચાયું, તેણે પૂછ્યું:

"તમારું નામ શું ?"

"જી, મારું નામ વિભાકર."

"તમે તો બહુ જાણીતા ચિત્રકાર છો." વિભાકરે વિષાદમય સ્મિત કર્યું. તેમાં ગર્વ ને ગ્લાનિ બંને સમાયાં હતાં.

"એમ રમકડાં ચીતર્યે કંઈ પૈસા મળે ?" શેઠે ચિત્રકળા ઉપરનો પોતાનો અભિપ્રાય આપી દીધો. "કાંઈ સીધો ધંધો કરો, ધંધો. નહિ તો બાર મહિના મથશો ને ચાર દોઢીઆં પણ મળશે નહિ."

શેઠાણીને ખૂબ હસવું આવ્યું. કનકે હસીને ચાનો પ્યાલો પૂરો કર્યો.

"શેઠસાહેબ, એક ખાસ ચિત્ર આપને ભેટ કરવા લાવ્યો છું; હુકમ હોય તો બતાવું." ખુશામતના શેરડા ચિત્રકારના મુખ પર પડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ ચિત્ર આપશો એટલે ભાડું માગવાનું બંધ નહિ રહે, શું સમજ્યાં?" શેઠે ચોખ્ખો જવાબ આપ્યો; પરંતુ આગળ ધરાયેલું ચિત્ર હાથમાં લીધું. હાથમાં લેતાં તેમના મુખ પર આનંદ છવાઈ રહ્યો. એ પટ પર તેમનાં પત્નીની છબી આલેખાયલી હતી. ઉપરાંત પોતે પણ તેમાં ચીતરાયા હતા.

"લ્યો આ રંગરેજ.....ચિતારા ભાઇએ તો તમારી છબી ચીતરી છે!"

એ વાક્યમાં ખડખડાટ હસવા જેવું શું હતું તે તો શેઠાણી જાણે; પણ ગમે તેમ, તેઓ ખૂબ હસ્યાં, અને અત્યંત લાડમાં ઠમક ઠમક કરતાં શેઠ પાસે આવી છબી લઈ જોવા લાગ્યાં.

"જોઉં, લાવો જોઈએ." કનકે છબી માગી.

"બળ્યું, એમાં શું જોવું છે? મૂઈ મને ચીતરી છે એમાં!" અડધો અણગમો અને અડધો આનંદ એમ પરસ્પર વિરુદ્ધ ભાવ દર્શાવી શેઠાણીએ છબી કનકના હાથમાં મૂકી.

"ઓ-હો! તમે તો અર્ધચંદ્ર પર બેઠાં છો અને શેઠ વાદળાંમાંથી નીકળે છે! બહુ સારી છબી છે: એની કિંમત શી થાય? હું શેઠાણીને આ છબી ભેટ આપવા માગું છું." કનકે જણાવ્યું.

"ના, જી. એની કાંઈ કિંમત નથી. હું એ ભેટ આપવાનો છું." વિભાકરે જણાવ્યું.

"ના, ના. એ તો હું જ ભેટ આપીશ. તમે વ્યાજબી કિંમત જણાવો. તમારી સ્થિતિ પણ સારી નથી અને છબી વેચાતી આપશો તો ભાડામાં પણ ખપ લાગશે." કનકે જણાવ્યું.

"સાહેબ, કલાની કિંમત જ નથી. આપનાર હોય તો લાખ રૂપિયા પણ ઓછો પડે; ન હોય તો કોઈ મફત પણ ન રાખે. મેં મારા દિલથી છબી બનાવી છે એટલે કાંઈ પણ કિંમત લેવી નથી." વિભાકરે જવાબ આપ્યો. ગરીબ ચિતરાનો ગર્વ બધાને ખૂંચ્યો.

"ઠીક, આજનો દિવસ જવા દઉં છું. કાલ સાંજ પહેલાં ભાડું નહિ આવે તો ભૈયો તમારો સરસમાન ઉઠાવી બહાર ફેંકી દેશે, શું સમજ્યા?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિભાકરે કંઈ પણ જવાબ ન આપતાં મોં ફેરવી ચાલવા માંડ્યું. વીસેક વર્ષની તેની ઉંમર લાગતી હતી. તેનું મુખ મોહક હતું. એક વખત નજરે પડતાં તે મુખ ભૂલી શકાય એવું નહોતું. વિશાળ અણીઆળાં નેત્રમાં જગતનું સૌંદર્ય પી જવાનું સામર્થ્ય હતું. છતાં તેમાં કોઈ અગમ્ય વિષાદ ભર્યો જણાતો. સુરેખ નાક, નાનુ મોં, પાતળા હોઠ, અણિયાળી હડપચી એ સઘળું એવું પ્રમાણસર ગોઠવાયું હતું કે ગોઠવણી મનોહર બની જતી. છતાં તેનો ગર્વ ને ગરીબી એ બંનેની ખેંચાખેંચીનાં ચિહ્નો દેખાવાં શરૂ થયાં હતાં. એક સ્વચ્છ ધોતિયું ને એક સ્વચ્છ પહેરણ એટલું તેણે પહેર્યું હતું. પહેરણમાંથી તેનો વિશાળ સીનો દેખાઈ આવતો. અદબથી ઊભો રહ્યા છતાં તે અક્કડ લાગતો. જગતના હથોડા વાગી તેનો વાંસો ક્યારે વળશે એ કહી શકાય એમ ન હતું. પણ તેના કાળા વાળમાં ભુખરાપણું જણાવા માંડ્યું હતું.

– સ્વાધ્યાય –

૧. મોહનશેઠને મન ચિતારા અને રંગરેજ વચ્ચે કંઈ ભેદ ન હતો; પણ એ બે વચ્ચે તમને કઈ ભેદ લાગે છે ? કયો ?

૨. "તમે તો બહુ જાણીતા ચિત્રકાર છો." આ વાકય સાંભળી વિભાકરે વિષાદમય સ્મિત કર્યું. તેમાં ગર્વ અને ગ્લાનિ બન્ને સમાયાં હતાં. –આ વાકયો ઉપરથી વિભાકરના મનની સ્થિતિનું વર્ણન કરો. વિભાકરના સ્મિતમાં ગર્વ અને ગ્લાનિ શાથી હતાં ?

૩. મોહનશેઠ, શેઠાણી અને વિભાકર વિષે તમારા મનમાં કેવી લાગણીઓ થઈ તે જણાવો. આવાં કોઈ જીવન્ત પાત્રો તમે જોયાં છે ? તો તેમનો પરિચય આપો.

૪. વિભાકર શાથી અકાળે વૃદ્ધત્વને પામ્યો હતો ?

૫. કલા શબ્દમાં સામાન્ય રીતે શાનો સમાવેશ થાય છે તે જણાવો.

૬. પ્રખ્યાત હિન્દી ચિત્રકારો, સંગીતવિશારદો, નટનટીઓ અને નર્તકોમાંથી તમને યાદ હોય તેટલાંના નામ લખો.

૭. 'કલાની કદર' શીર્ષકમાં લેખકે 'કદર' શબ્દ કયા અર્થમાં વાપર્યો છે ? આ પાઠનું બીજું કોઈ મથાળું તમે સૂચવશો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨

એક સવાર

[શ્રી પૂજાલાલનું એક કાવ્ય 'પાવાગઢ' તમે બીજા ભાગમાં શીખી ગયાં. 'એક સવાર' પણ તેમનું જ તેવું એક કાવ્ય છે. પ્રભાતનું મનોહર અને પ્રસન્ન વર્ણન તમને એમાંથી મળશે. કવિતામાં કેટલીક વખત એક બે અક્ષરો એવી સરસ રીતે ગોઠવાઈ જાય છે કે તેથી કવિતાનું સંગીત એકદમ ખીલી ઊઠે છે. દાખલા તરીકે આ કવિતાની એક પંક્તિ 'લ' અને 'ળ' ના ઉપયોગથી ખૂબ મધુર બની છે: 'ખૂલે દળ દળ કમળ સકળનાં, હૃદય દળો ઉન્મિલિત થાય.' વારંવાર ગાવાનું મન થાય એવી એ પંક્તિ છે. આવા અક્ષરોના વિવેકભર્યા ઉપયોગથી મધુર બનેલી બીજી પંક્તિઓ આ કાવ્યમાંથી તમને મળશે. જેમકે: 'ગુલાબ ફૂલની ઝલમલ ઝૂલ' 'ગોરજમાં રજ ભળી ગુલાબી' 'ગોવણ ચરવા જાય ગોચરે' 'સળવળ સળવળ થાય સકળ જગ.' વગેરે. તમે આ કવિતા સારી રીતે વારંવાર ગાશો તો એની અનેક ખૂબીઓ તમને સમજાશે, અને તમને તેથી આનંદ થશે.]

* * *

– સવૈયા –

સૂરજદેવે આંખ ઉઘાડી હિંગળોક શી ઊગતે પ્હોર,
બિવડાવીને રાત ભગાડી મૂકી કાજળકાળી ઘોર,
ઝળહળ રંગે ખીલ્યાં પૂર્વે મનહર હસતાં મધુર ગુલાબ,
ઉષા ઉમંગે આવી વીણવા લઈ સુન્દર સોનાની છાબ!

છાબ ભરે ને ખોબે ખોબે વિશ્વ ઉપર વરસાવે ફૂલ,
નદી સરોવર સાગરહૈયે ગુલાબફૂલની ઝલમલ ઝૂલ.
ગોરજમાં રજ ભળી ગુલાબી, ઝીલે તરુઓ, ઝીલે વેલ,
પર્વત પર પણ ગઈ પ્હોંચી રંગગુલાબી કરવા સે'લ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદ્‌ભુત રજ એ પડી જહીં ત્યાં ચેતનનો આનંદ છવાય,
ખૂલે દળ દળ કમળ સકળનાં, હૃદયદળો ઉન્મિલિત થાય.
અણુકુંઠિત કંઠે પંખીડાં કલરવ કરતાં ડાળે ડાળ,
ગોધણ ચરવા જાય ગોચરે, ખેડૂત લે ખેતરની ભાળ.
સળવળ સળવળ થાય સકળ જગ, ચડી કામ પર લોકો જાય,
સૂરજનાં સોનાચેતનમાં વિશ્વ ચરાચર દિનભર ના'ય.

– સ્વાધ્યાય –

૧. તમારા પોતાના શબ્દોમાં કોઈ એક પ્રભાતનું વર્ણન કરો.
૨. તમે 'કરણઘેલો' વાંચ્યું છે? તેમાં એક જગ્યાએ પ્રભાતનું સુંદર વર્ણન આવે છે. 'કરણઘેલો' મેળવી તે વર્ણન વાંચજો.
૩. રાતને કોણે ભગાડી મૂકી? કેવી રીતે?
૪. 'ઉષા'ને કવિ કઈ રીતે વર્ણવે છે? ઉષા માટે તેમના મનમાં કેવા ભાવો છે?
૫. સૂરજના ચેતનને કવિ 'સોનાચેતન' શા માટે કહે છે? 'ચરાચર' શબ્દનો અર્થ સારી રીતે સમજી લો.
૬. થોડી પંક્તિઓમાં કવિએ આમાં કેટલી બધી વિગતો ઘટાવી દીધી છે તે તપાસો. સૂરજ, રાત, ઉષા, ફૂલ, નદી, સરોવર, સાગર, ગોરજ, તરુઓ, પર્વત, કમળ, પંખીડાં, ગોધણ, ખેડૂત વગેરે પ્રભાતના વર્ણન સાથે જડાયેલી સકળ ચરાચર સૃષ્ટિને કવિએ આ નાની કવિતામાં ગૂંથી દીધી છે એ આ કવિતાની એક નોંધવા યોગ્ય વિશેષતા છે. પદ્યમાં ન બને તો ગદ્યમાં એવી રીતે થોડા શબ્દોમાં ઘણું કહેવાની તમે ટેવ પાડજો.
૭. આ વર્ણનને હજુ આગળ લંબાવવું હોય તો તેમાં બીજી કઈ નવી વિગતો તમે ઉમેરશો?
૮. આ કવિતામાં વપરાયેલા પ્રાસવાળા શબ્દોનાં જોડકાં કરો, અને તે દરેક જોડકાં સાથે ભળે એવો એક એક નવો શબ્દ ઉમેરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાપણ

[શ્રી રામનારાયણ વિ. પાઠક]

[આ ચિત્ર શ્રી સોમાલાલ શાહના 'રંગરેખા' નામના ચિત્રસંગ્રહમાંથી લીધેલું છે. આ ચિત્રનો ટૂંકો પરિચય એ ચિત્રકારે જ પોતાના સંગ્રહમાં નીચે પ્રમાણે આપેલો છે :

'પોતાના માલિકના એકના એક બાળકને બચાવીને નાસી છૂટેલો કોઈ નિમકહલાલ નોકર તે બાળકને હાથમાં સાચવી ટેકરાની પાછળ રહ્યો રહ્યો સાવચેતીથી દૂર નજર નાખી રહ્યો છે.']

* * *

આવા બનાવો મધ્યકાલીન ઇતિહાસમાં બહુ બનતા. અનેક રજપૂત રાજકુટુંબમાં એવું બનેલું છે કે એક રાજા ઉપર બીજો રાજા ચડી જાય, એ રાજકુટુંબના બધા પુરુષો લડાઈમાં ખપી જાય, ઘણીવાર તો રાજકુટુંબની સ્ત્રીઓ પણ જૌહર કરી દેહાંત કરે, અને એ વખતે રાજકુટુંબના નિમકહલાલ નોકરો પોતાના માલિકના કુટુંબનો કોઈ નબીરો જીવતો રહેશે તો કોઈ દિવસ પોતાનું વંશપરંપરાનું રાજ હાથ કરી શકશે, એવી આશાથી એ નાના બાળકને લઈ અનેક સંકટોમાંથી પસાર થતાં તેને બચાવે. રજપૂત ઇતિહાસમાં તો આવા નોકરોએ મોટામાં મોટા ભોગો આપીને, કશા જ બદલાની આશા વિના, માત્ર એક ફરજ તરીકે, રાજબાળકોને બચાવ્યાં છે. રજપૂત ઇતિહાસ જેમ રજપૂતોના શૌર્યથી ઉજ્જ્વળ છે, તેમ જ આવા નિમકહલાલ નોકરોની સ્વામિભક્તિથી પણ ઉજ્જ્વળ છે. એ ઇતિહાસપ્રસિદ્ધ સ્વામિભક્તિનું આ એક કાલ્પનિક ચિત્ર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે આ બાબત ચિત્રકારે કેવી ખૂબીથી બતાવી છે તે જોઈ એ. ખડકની પછવાડે અજવાળું દેખાય છે તે સૂર્યોદય બતાવે છે. આખી રાત કદાચ આ રાજસેવક પોતાની થાપણ સાથે આ કાળા ખડક પછવાડે સંતાઈ રહ્યો હશે. આખી રાત તેણે ઉજાગરામાં, ચિંતામાં આ બાળકનું રક્ષણ કરતાં ગાળી હશે. નાસભાગનો થાક અને ચિંતા તેના મોં પર દેખાય છે. તે સાથે જ આ બધાં સંકટો સહન કરવાનું ખડતલપણું પણ તેના મોં પર અને આખા શરીર પર દેખાય છે. રાજબાલને બને તેટલી રાહત આપવા તેણે ખડક પછવાડે સૂકા પોચા ઘાસવાળી જગા પસંદ કરી હોય એવું જણાય છે. તે બેઠો છે તેની સામે પોચું એવું ઘાસ પડેલું છે. બાળકને રાત્રે સારી ઊંઘ પણ આવી ગઈ હશે, તે વિના આટલી સ્ફૂર્તિ તેનામાં ન દેખાય. સવારની તાજગી તેના એકેએક અંગમાં તરવરતી દેખાય છે. હવે સવાર પડી એટલે એ રાજસેવક કઈ બાજુ જવું તેનો વિચાર કરે છે. તેને જવું છે તે બાજુ કંઈ ભય જેવું છે કે કેમ તે જાણવા તે આંખો તાણી તાણીને દૂરમાં દૂર સુધી જુએ છે.

ચિત્રની એક ખૂબી એ છે કે આમાં દેખાતી બન્ને વ્યક્તિની લાગણીઓમાં બહુ મોટો તફાવત છે. રાજસેવક ઘણી ચિન્તામાં છે, થાકેલો છે, કદાચ ઓચિન્તા નાસવું પડેલું હશે એટલે રક્ષણનાં કશાં સાધનો પણ તેની પાસે નથી, માત્ર એક લાકડી તેની પાસે પડેલી છે, અને તેના ઉપર તેનો હાથ છે તે બતાવે છે કે રાજસેવકને એ બાળકને માટે ઘણો જ ભય છે, અને રક્ષણ કરવાને માટે તે ઘણો જ ચેતતો રહે છે. ત્યારે બીજી તરફ એ જેને માટે આટલો ચિન્તાતુર છે તે બાળકને કશી જ ચિન્તા નથી, ભય નથી, ફિકર નથી, થાક નથી. તે તો પોતાની રમતમાં મસ્ત છે. અને આટલી ભિન્ન લાગણીવાળી બે વ્યક્તિઓ એક જ પરિસ્થિતિમાં આવી જગાએ ભેગી થઈ ગઈ છે એ જીવનની કેવી અજાયબી છે!

અને આ અજાયબી, આ લાગણીનો આવો મોટો ભેદ, ચિત્રકારે એક બીજી રીતે સૂચવ્યો છે. કલાની ખૂબી અને ખરી શક્તિ તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચનામાં હોય છે. જેમ કવિ ઉપમા આપીને અથવા બનાવનું વર્ણન કરીને ઘણું સૂચવી દે છે, તેમ ચિત્રકાર પણ કરે છે. દરેક કલાની સૂચના કરવાની રીત જુદી જુદી હોય છે. અહીં ચિત્રકાર આ લાગણીનો ભેદ વસ્તુઓ અને રંગોથી બતાવે છે. બે વ્યક્તિઓમાં ચિન્તાતુર રાજ-સેવક પછવાડે છે અને નિશ્ચિંત આશાજનક બાળક આગળ છે, તેવી જ રીતે કાળો બિહામણો કઘાટો ખડક પાછળ છે અને તેની આગળ અનેક રંગોવાળું સવારના ભુશનુમા પવનમાં રમતું નાજુક ઘાસ છે. આ પદાર્થો ચિત્રમાં મૂકીને ચિત્રકાર બેવડો હેતુ પાર પાડે છે. ખડક રાજસેવકને સંતાવાને માટે અને ઘાસ બાળકને સુવાડવા અને રમાડવાને માટે યોગ્ય જગા બની રહે છે, તેમ જ એ ખડક અને ઘાસનો દેખાવ અને તેના રંગો રાજસેવક અને રાજબાળકની લાગણીઓ સૂચવવાને માટે પણ ઉચિત વસ્તુઓ બની રહે છે. એ ખડકની અડગતાથી જેમ આ નાજુક ઘાસનું રક્ષણ થયું છે તેમ આપણને આશા બંધાય છે કે આ અડગ નિમકહલાલ રાજસેવકથી આ બાળકનું રક્ષણ થશે. અને સવા-રનો સૂર્ય અને સવારનું વાતાવરણ ચિત્ર જોનારમાં પણ એક પ્રકારની આશા પૂરે છે. એવી રીતે આ ચિત્ર અંદરની વ્યક્તિઓથી, તેમની પરિસ્થિતિના પદાર્થોથી અને સમસ્ત વાતાવરણથી આપણને જીવનની એક અદ્ભુત અજાયબી બતાવે છે. અને જીવનની અજાયબી બતાવવી, તેને પ્રત્યક્ષ કરી આપવી, એ જ સાચી કલાનું કામ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૪

'અહો ! અહીં ધમાલ શી ?'



[શ્રી मित्रावरुणौ નું આ કાવ્ય તમારા અભ્યાસમાં આવતાં બીજાં કાવ્યોથી જુદા પ્રકારનું છે એમ એ વાંચતાં તમે સહેજે જોઈ શકશો. એ કવિતાનો વિષય, એ કાવ્ય વાંચ્યું ન હોય તો, આપણી કલ્પનામાં સહેજે આવે એમ નથી. કોઈ 'સુઘડ કુંવારાઓના' ઘરમાં કબૂતરોએ મચાવેલી ધમાલ અને કરેલી ભાંગફોડ આ કવિતાનો વિષય છે. ગદ્યમાં હાસ્યનાં લખાણો તો અનેક વાર વાંચવાનાં મળે છે. તે પ્રમાણમાં કવિતામાં હાસ્ય આપણને કવચિત જ મળે છે. આ કવિતાની સમગ્ર અસર હાસ્ય ઉત્પન્ન કરવાની છે. છન્દની બાબતમાં પણ તમારી બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિતાઓ કરતાં આ જુદી પડતી તમને દેખાશે. આ કવિતાના છંદને પૃથ્વીછંદ કહે છે. તે વિશે તમે આગળ ઉપર શીખશો. અત્યારે તો એને સારી રીતે વાંચવાનો જ તમે પ્રયત્ન કરજો. આ કવિતાના લેખકનું નામ વાંચતાં, જો તમને સંસ્કૃત આવડતું હોત તો, તમે જાણી શકત કે એ બે જણાનું લખેલું છે. એ બે જણ તે શ્રી સુન્દરજી બેટાઈ અને શ્રી ભાનુશંકર વ્યાસ. શ્રી બેટાઇનો પરિચય બીજા ભાગમાં "બન્ને અજાણ્યાં" નામની કવિતા શીખતી વખતે અને શ્રી ભાનુશંકર વ્યાસનો પરિચય તમને પહેલા ભાગમાં કવિ નર્મદાનો પાઠ વાંચતાં થયો હતો.]

* * *

પૃથ્વી

અહો ! અહીં ધમાલ શી ? અહીં તુફાન શું આવડું ?
અહીં ખડખડાટ ને ફડફડાટ શો આ બધો ?
ફૂટેલ અહીં આમ કેમ બરણી પડી, કાચની
અસંખ્ય કરચો ભળી છણુંવણું થઈ ખાંડમાં,
ગણ્યું નવ ગણાય એવું દલ કીડિયોનું ચઢ્યું.
રકાબી પડીને ફૂટી, કપ ગયાં બચી કૈં વળી,
તપેલી ઢળી દૂધની, સ્પિરિટની તૂટી બાટલી.
નથી જ ઘરમાં તુફાન કરનાર કો બાળકાં,
નથી અહીં પડોશનાં ફરકતાં કદી છોકરાં,
નથી અહીં પ્રવેશ કોઈ દિન કોઈ માર્જારનો,
નહિ નહિ નહિ કદી અહીં ધમાલિયા મૂષકો,
નથી કુવડ નાર કોઈ ધણિયાણી આ મન્દિરે,
નિવાસ અહીં તો ભલા સુઘડ કો કુંવારાતણો.
બન્યું તદપિ કેમ આ ? બસ; નકી હવે એ જ એ;
લપ્યાં નફટ માળિયે અકલહીન એ કબૂતરાં—
પુરાઈ ઘરમાં રહ્યાં, અહીં નકામ કામે કર્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– સ્વાધ્યાય –

૧. ઘરમાં ખડખડાટ અને ફડફડાટનાં ચિહ્નો કયાં કયાં છે ?

૨. આવી અવ્યવસ્થા ઘરમાં કયા કયા સંજોગોમાં સંભવે ? એ સંજોગો આ ઘરમાં કેટલા પ્રમાણમાં મોજૂદ છે અથવા ગેરહાજર છે તે કારણો સહિત જણાવો.

૩. 'સુઘડ કો કુંવારાતણો' એવું કવિ શા માટે કહે છે ?

૪. આ કવિતામાં હાસ્ય પ્રેરે એવું શું છે તે જણાવો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામઠી નિશાળો



[છેલ્લા ત્રણ ચાર દાયકામાં જે નિશાળોની જગ્યા આપણી નવી નિશાળોએ લીધી તે નિશાળોનું એક જીવન્ત રેખાચિત્ર જેમણે એ નિશાળોનો પ્રત્યક્ષ પરિચય મેળવ્યો હતો એવા આપણા એક વયોવૃદ્ધ વિદ્વાન શ્રી ડાહ્યાભાઈ દેરાસરીએ આ પાઠમાં દોર્યું છે. એ રેખાચિત્ર ઉપરથી અત્યારની આપણી નિશાળોનું રેખાચિત્ર દોરવા તમે પ્રયત્ન કરી જોશો તો આ પાઠની ખૂબી તમને વધુ સારી રીતે સમજાશે. શ્રી દેરાસરીએ 'બુલબુલ' તખલ્લુસથી ઘણા પ્રસિદ્ધ લેખો અને કાવ્યો લખેલાં છે.]

* * *

લોકોની કેળવણી સાધારણ રીતે ગામઠી નિશાળે શરૂ થઈ ત્યાં જ પૂરી થતી. મહેતાજીઓ લીંપેલી ઓટલી કે પાટ ઉપર બેસતા. છોકરાઓ પોતાથી વધારે શિખેલા છોકરાઓના જોડિયા થઈને ધૂળ ઉપર સામસામે બેસતા.

મહેતાજીની અગાડી વળગણી ઉપર પાંચપચ્ચીશ કોયડા લટકેલા રહેતા. રંગીત હાથા અને લાંબી લાંબી સટોથી ઉત્પન્ન થતી શોભા છોકરાના હૃદયમાં મહેતાજીની મહત્તાનો ઉદ્ભવ કરતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેતાજીના હાથમાં કોયડો અગર તેમનું શક્તિદર્શક ચિહ્ન–તેમની પાતળી સોટી, બિરાજી રહેતી. જરૂર વગર પણ એ સોટી હાલ્યા કરતી અને એ હાલવાથી, નજરબંદીની પેઠે છોકરાઓની નજર પણ છૂપી છૂપી હાલતી !

સાધારણ માન્યતા જ એવી હતી કે 'સોટી વાગે ચમચમ, ને વિદ્યા આવે રમઝમ–' જુદું જુદું ભણનાર અને જુદી જુદી ઉમ્મરના દરેક છોક-



રાના જુદા જુદા સૂરના ઘાંટાથી નિશાળમાં કાનપડ્યું સંભળાતું નહિ. છેક નવા અને જેમનાથી સારા પૈસા મળે એવા વિદ્યાર્થીઓ ખાસ મહેતાજીની પાસે થોડા દિવસ ઓટલી પર બેસતા.

નાનાં છોકરાંને યાદ રાખવામાં મદદગાર થઈ પડે અને રમૂજ પડે એવાં જોડકણાં કોઈ કોઈવાર વપરાતાં. જેવાં કે :

"બાવીઆ કા બાવીઆ, ઘઉંની રોટલી ચાવીઆ :
"ઘઉંની રોટલી સુંવાળી, બાવી દ ચુંવાળી" વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા આવા ટૂચકા આંકના નીરસ વિષયમાં સહેજ ચટણીરૂપ થઈ પડતા. શરૂઆતમાં પાટી ઉપર ગાર ચોપડી, તેમાં એકડો બગડો લખીને તેને સૂકવી દેતા, જેથી છેક આરંભ કરનારને માત્ર અક્ષરના સુકાઈ ગયેલા ખાડામાં વતરણું ફેરવી જવાનું જ રહેતું. આથી વાંકુચૂંકુ ન જતાં નિયમસર વતરણું ઝાલતાં ને ફેરવતાં આવડતું.

ત્યારબાદ ખડીથી રંગીને ધોળી કરેલી પાટી ઉપર ધૂળ કે ગેસાળી પાથરીને વતરણાવતી લખતા. અગાડી ભણેલા છોકરાઓ કાળી પાટી ઉપર અથવા ટીનનાં પતરાં ઉપર પલાળેલી ખડીથી લેખણવતી લખતા.

સવારના પહોરમાંથી નિશાળના અભ્યાસક્રમનો આરંભ થતો. મોડા થનાર છોકરાઓને તેડવાને મહોલ્લાવાર બખ્ખે છોકરા જતા. સમજાવીને, ધમકાવીને, અને છેલ્લે ટાંગાટોળી કરીને પણ નિશાળે લઈ જતા!

બપોરે જમવાની છુટ્ટી મળતી. છુટ્ટી મળે તેની થોડીવાર પહેલાં છોકરાઓ લાંબી હારમાં મહેતાજી સામા ઊભા રહીને આંકનો મુખ-પાઠ લેતા. મહેતાજી ઘાંટો કાઢીને નામ દઈને હારમાંથી છોકરાને બોલાવતા કે તે તે છોકરા હાર બહાર નીકળી હારની સામે ઊભા રહીને આંક બોલાવતા.

આ પછી મહેતાજી લેખાં, કોયડા અને જોડણી પૂછતા કાગળ લખ-વાની, ખત લખવાની, હૂંડી લખવાની વગેરે રીતો મોઢે બોલાવતા.

આળસુ દેખાતા અગર વાતચીત કરતા છોકરા તરફ મહેતાજી નામ દઇને દડી ફેંકતા કે બિચારા છોકરાના મોતીઆ મરી જતા. દડી લઇને મહેતાજીને આપવા જવી પડતી; અને મહેતાજી પોતાના તે વખતના મિજાજ પ્રમાણે વધતીઓછી સજા કરતા.

નિશાળનું કામ મંદ ચાલતું હોય તો મહેતાજી સોટી લઇને આખી નિશાળમાં ફરી વળી, પાંચપચ્ચીશ છોકરાઓને શિક્ષા કરી દેતા કે તરત નિશાળનું કામ તેજ થઈ જતું. શરીર-શિક્ષામાં પાટલા ખડકતા, અંગૂઠા પકડાવતા, તેમ જ સોટીઓ અને ચાબખા પડતા. જબરા ગુને-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગારોને તો વખતે ખુરસી કરાવતા અને 'ગોળ લાકડી' (ગુડાલાકડી) નામની સખત સજા યે થતી.

બારસ, અમાસ, પૂનમ વગેરે દિવસે છુટ્ટી મળતી. કોઈ મોટો વરઘોડો જતો હોય ત્યારે બધા છોકરા હારબંધ ઊભા રહીને 'છુટ્ટી બાઈ છોડ દો, રૂપૈયા ઉછાળ દો' એ પ્રમાણે ઘાંટા કાઢતા.

આવી છુટ્ટી ઘણી વાર મળતી અને છુટ્ટી અપાવતાં બંદીવાનના બંધ છોડાવ્યા જેટલું પુણ્ય થતું એમ ઘણા માનતા. છુટ્ટી મળતાં છોકરાઓની મુખમુદ્રા ઉપર આનંદ છવાઈ રહેતો.

શોરબકોર અને માથાઝીકના પ્રમાણમાં મહેતાજીને ઘણું થોડું મળતું. દરેક છોકરો દાણા, પૈ પૈસો વગેરે લાવે; કેરીગાળામાં કેરી, રાયણ વગેરે ફળફળાદિ લાવે; કણુક એટલે દાણા લાવે, ચોમાસામાં છોકરાં દીઠ અકકેકું નળિયું લઈ જતા જેથી મહેતાજીને પોતાના છાપરા સારુ નેવાં વેચાતાં લેવાં ન પડે! છોકરાઓને ઘેર નાતપ્રસંગે મહેતાજીને સહકુટુમ્બ જમવાનું ઠરતું. નિશાળે બેસતી વખત, આંક મંડાવતી વખત, નામું વગેરે શરૂ કરતી વખત અને નિશાળેથી ઊઠતાં મહેતાજીને રૂપિયો મળતો.

બારસે બારસે મહેતાજી છોકરાનું ટોળું લઈને આંક બોલાવતા બોલાવતા બારસ માગવા જતા. તે વખત છોકરાઓએ પોતાને ઘેર પાટી ઉપર લખ્યું હોય તો જોતા, વખતે માબાપને ખુશ રાખવાને બે આંકડા પૂછતા અને બોલતા બંધ પડ્યા હોય ત્યાંથી ફરી આંકની ધૂન મચાવતા બીજે જતા.

ધનતેરસના દિવસ પહેલાં મહેતાજી બધા છોકરાની પાટીઓ એકઠી કરતા અને ચિતારા પાસે પાટી ઉપર સરસ્વતી, ગણપતિ, વાઘ, અગર કમળનાં રંગિત ચિત્ર પડાવતા. છોકરા દીઠ બે ત્રણ પૈસા લઇને ધનતેરસને દહાડે પાટી પાછી આપતા.

નિશાળો નિશાળોમાં સ્પર્ધા હતી. એક નિશાળના નિશાળિયા બીજીનાને મળતા ત્યારે સામા મહેતાજીનું નામ દઇને મશ્કરીભરી જોડકણાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવી કવિતા બોલતા. પોતપોતાના મહેતાજીની વિદ્યા વખાણતા અને વખતે મારામારી યે કરતા.

પોતાની નિશાળને માટે બધાના મનમાં મમત્વ હતું. પિતા, પુત્ર અને પૌત્ર પણ એની એ જ નિશાળે ભણેલા મળી આવતા. હાલ જેમ સહેજ કારણસર વલોણાવારે નિશાળો બદલાય છે તેમ તે વખતે નહોતું બનતું. હાલ જેમ ગુરુભાવ પચ્ચીસ અથવા એથી યે વધારે શિક્ષકોમાં વહેંચાઈ જવાથી સમૂળગો રહેતો નથી તેમ તે વખતે નહોતું. 'મારી નિશાળ અને મારા મહેતાજી' એવી લાગણી સાધારણ રીતે સર્વત્ર હતી.

અથડાતેકુટાતે અમુક વર્ષે આંક, નામું, ગણિતનાં મૂળતત્ત્વો જેવી બાબતોમાં પાવરધા થઇને નિશાળેથી ઊઠતા. ગામઠી નિશાળમાં લેખન-કળા ઉપર વિશેષ ધ્યાન અપાતું. છોકરાઓ શિયાળામાં સવારના પહોરમાં ઊઠીને દો પિસ્તાં ઘૂંટતા. શિયાળાની ટાઢ, વહેલું ઊઠવું ને તેમાં યે વળી કેટલીક વખત તો ટાઢા પાણીમાં હાથ બોળીને પછી લખવું: આથી હાથ ઘણો ઠરતો અને અક્ષર સારા મરોડદાર થતા.

હાલ અક્ષરના મરોડવાર ભાગ પાડી નાખીને જુદી જુદી જાતની લેખનકળાની ચોપડીઓ–કૉપીઓ–લખ્યાં છતાં પણ ઘણાના અક્ષર મંકોડાના પગ જેવા હોય છે તેમ પહેલાં ઘણેભાગે નહોતું. છેક પચ્ચીસ ત્રીશ વર્ષ પહેલાં અમદાવાદની પહેલા નંબરની તુલજારામ મહેતાજીની સરકારી ગૂજરાતી નિશાળના એક શિક્ષક રામશંકર એમના છાપેલા જેવા અને મરોડદાર અક્ષરને માટે પ્રસિદ્ધ હતા.

પ્રથમ આ આપણો કેળવણીનો ક્રમ હતો. નિશાળેથી ઊઠ્યા પછી અમુક ધંધે લાગવાની જ જરૂર હતી.

– સ્વાધ્યાય –

૧. હાલની નિશાળના વિદ્યાર્થી જોડે ગામઠી નિશાળના વિદ્યાર્થીની સરખામણી કરો.

૨. ગામઠી નિશાળમાં મહેતાજી કેવી રીતે ભણાવતા હતા તેનું ટૂંક વર્ણન કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. ગામડી નિશાળના મહેતાજીને છોકરાંઓ તથા તેમનાં માબાપો તરફથી શું શું મળતું હતું અને તે કવારે કયારે ?

૪. "મારી નિશાળ અને મારા મહેતાજી" ની પાછળ રહેલી ગામડી નિશાળના વિદ્યાર્થીની ભાવના વિશે ટૂંકી નોંધ લખો. એ ભાવના આજના વિદ્યાર્થીમાં કેમ જોવામાં નથી આવતી ?

૫. ગામડી નિશાળની જેમ હાલની નિશાળોમાં અક્ષરના મરોડ પર ધ્યાન અપાય છે કે નહિ ? જો ન અપાતું હોય તો તેનાં શા પરિણામ આવ્યાં છે તે જણાવો.

૬. જેમ ગામડી નિશાળની કેળવણી વિદ્યાર્થીને ધંધાને લાયક બનાવતી તેમ હાલની નિશાળની કેળવણી ધંધાને લાયક કેમ બનાવતી નથી તે ટૂંકમાં જણાવો.

૭. "સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે રમઝમ" એટલે શું ? એની પાછળ છુપાયલું રહસ્ય જણાવો.

૮. ગામડી નિશાળમાં કેવી કેવી રીતની સજાઓ વિદ્યાર્થીઓને સહેવી પડતી ? તે સમયની સજામાં અને આજની સજામાં તમને જણાતો ભેદ વર્ણવો.

૯. તમે આદર્શ શાળા કોને કહો ? એવી શાળામાં તમે કઈ કઈ વસ્તુઓ અનિવાર્ય લેખો ? એવી કોઈ શાળા તમે જોઈ છે ? તો તેનો પરિચય આપો.

૧૦ નીચેના શબ્દો સમજી તેના પરથી વાકયો બનાવો—

ટાંગાટોળી, મુખમુદ્રા, સરસ્વતી, મમત્વ અને ગુરુભાવ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૬

કેમ્બ્રિજની એક શાળા

['ગામડી નિશાળો'નો પાઠ વાંચતાં તમને મઝા પડી હશે. તેની સાથે સરખાવીને આ પાઠ વાંચતાં તમને વળી વિશેષ મઝા પડશે, ઉપરાંત તમને નવું જાણવાનું પણ ખૂબ મળશે. આ કોઈ પાઠ્ય પુસ્તક માટે કે વર્તમાનપત્ર માટે લખાયેલો પાઠ કે લેખ નથી. આ તો એક પત્ર છે. આપણા એક પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રી, નવયુગ વાચનમાળાના એક કર્તા શ્રી લાલભાઈ દેસાઈ જ્યારે શિક્ષણશાસ્ત્રના અભ્યાસ માટે વિલાયત ગયા હતા ત્યારે તેમણે ત્યાં જે જે જોયું અને અનુભવ્યું તે જુદા જુદા મિત્રો ઉપર પત્ર દ્વારા લખ્યું હતું. આ પત્ર તેમણે લંડનથી તા. ૧૪–૩–૨૮ ના રોજ લખ્યો હતો. પત્રને અનુરૂપ સાદી સરળ ભાષા તમે એમાં જોઈ શકશો. આ પત્રમાં જે વસ્તુ છે તે લેખના રૂપમાં તેમણે લખી હોત તો જુદી જ રીતે એ આખો પત્ર લખાયો હોત. ભાષા કદાચ વધુ શણગારવાળી બની હોત, વર્ણન કદાચ વધુ લાંબાં અને કાવ્યમય બન્યાં હોત. પણ પત્રમાં તો આપણે જાણે વાતચીત કરી રહ્યાં હોઈએ એવી શૈલી વપરાય. આ પાઠમાં તમે એ જોઈ શકશો. જે શાળાનું એમાં વર્ણન છે તે શાળાનાં બાળકો જાતે નવી નવી વસ્તુઓ શીખી લેતાં. આ પાઠમાં નવીન શું છે તે તમે એ બાળકોની જેમ જ "ગામડી શાળાઓ," આ શાળા અને તમારી શાળાની સરખામણી કરી શોધી કાઢજો.]

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

.....ગયા બુધવારે હું કેમ્બ્રીજ ગયો હતો. એ શહેર બહુ મોટું નથી. પણ માત્ર વિદ્યાર્થીઓનું જ એ શહેર છે. જ્યાં જુઓ ત્યાં ઝભ્ભા-(gown) વાળા વિદ્યાર્થીઓ જ નજરે આવે. ત્યાં દરેક વિદ્યાર્થીને ઝભ્ભો પહેરીને જ જવું પડે છે. જો ઝભ્ભો ન હોય તો દંડ થાય. એટલે જૂનીપુરાણી સાઈકલ પર આગળ એક ટોપલી ગોઠવેલી હોય તેમાં ચોપડીઓ અને કાળા ફરફરતા ઝભ્ભાવાળા સવારો દેખાય. અને કૉલેજો ? કૉલેજો સંખ્યાબંધ પણ કોઈ કૉલેજ તો જોવા ન મળી–માત્ર મકાનો જોયાં. બહુ જ સુંદર મકાનો. રમતગમતનાં સાધનો પણ તેવાં જ. ક્રીડાંગણ વગેરે બધું બહુ જ સુંદર. ખરેખર, કેમ્બ્રીજનું ક્રીડાંગણ પણ ત્યાં ભણતા વિદ્યાર્થીઓમાં કાંઈક નવો જ જુસ્સો પ્રેરે છે. હોડી ફેરવવા માટેની સવડ–નદી તદ્દન સ્વચ્છ, નિર્મળ પાણીની. તેના પર ઠેકઠેકાણે સંભાળ રાખવા માટે તથા હોડીઓ ભાડે આપવા માટે ચોકીદારો. ત્યાં પણ બસ–સર્વિસ તો ખરી જ. પણ જવાનો ખર્ચ બહુ થાય છે. સવારમાં જઈ સાંજે પાછા ફર્યા. ૧૯ શિલિંગ ખર્ચ થયો.

ત્યાં જવાનો ઉદ્દેશ તો 'માલ્ટીંગ હાઉસ સ્કૂલ' નામની એક પ્રયોગ-શાળા જોવાનો હતો. એ શાળાનું વર્ણન ડૉક્ટર નન્ને વર્ગમાં કર્યું જેથી ત્યાં જવાની સ્વાભાવિક ઇંતેજારી થઇ. એ શાળામાં પૂર્ણ સ્વતંત્રતા અપાય છે. ત્રણથી માંડીને બધી ઉંમર સુધીનાં છોકરાં દાખલ કરવાનો વિચાર છે. હજી તો શરુઆત છે. એક મિ. જ્યોફ્રી પાઈક નામના પૈસાદાર માણસને લડાઈમાંથી પાછા ફરતાં વિચાર થયો કે આપણાં બાળકોને આપણે દમનને લીધે તદ્દન નમાલાં બનાવી દઇએ છીએ, તો એને પૂર્ણ સ્વતંત્રતા સાથે ખીલવા દેવાં. તેણે અમેરિકાથી મિ. સ્લેવસન નામના એક માણસને બોલાવ્યા, અને શાળા ખોલી. પ્રથમ ત્રણ છોકરાથી શરુઆત કરી. ત્રણ વરસ થયાં છે. હાલ શાળામાં અઢાર છોકરાં છે. પાંચ શિક્ષકો છે. મિ. સ્લેવસનને વાર્ષિક ૮૦૦ પૌંડનો પગાર તે ઉપરાંત બીજાઓને પણ સારો પગાર મળે છે. હવે એ શાળાનું વર્ણન કરું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળામાં દાખલ થતાં તમને શાળા જેવું નહિ પણ એક સારા ગૃહસ્થનું મકાન હોય એમ જણાય. દરેક ઓરડામાં સાધારણ ફરનીચર–ટેબલ, ખુરસી, સોફા વગેરે: બેન્ચ અને ડેસ્ક ન મળે. એક ઓરડામાં વિજ્ઞાનને લગતાં સાધનો અને લક્કડ-કામનાં હથિયારો; બીજા એક ઓરડામાં ગોદડાં વગેરે અને પીઆનો; એકમાં ડ્રોઇંગને લગતો સામાન, પુસ્તકો વગેરે. શાળાને એક બગીચો છે. એ બગીચાની અંદર, નાનકડાં ઘરોમાં, થોડાં સસલાં તથા ગીનીપેગ છે.

અઢાર છોકરાંઓમાં આઠ છોકરીઓ અને દસ છોકરાઓ. ચાર મોટા છોકરાઓ તો સાતથી નવ વરસના, અને બાકીનાં સાતથી ઓછી ઉંમરનાં. એ અઢારમાંથી સાત છાત્રો તરીકે દિવસ-રાત શાળામાં જ રહે છે અને બાકીનાં અગિયાર બહારથી ભણવા આવે છે. શાળાનો સમય સવારે નવથી બપોરે એક સુધીનો. બપોરે નાસ્તો શાળામાં મળે છે. સમયપત્રક છે જ નહિ.

શાળાની વ્યવસ્થા પણ અપૂર્વ જ ! છોકરાંઓ પોતાને ફાવે તે કાર્ય કરે, ફાવે ત્યાં ફરે અને ફાવે તેમ મઝા કરે. શિક્ષકો જરા પણ કહે નહિ. જ્યારે હું ગયો ત્યારે ચાર છોકરાં બગીચામાં હતાં. ત્યાં શિક્ષિકા બેઠી હતી. એ છોકરાંપૈકીમાં ચાર વર્ષની ઉંમરનો એક છોકરો કોદાળી વતી ખોદતો હતો, અને બીજું એક છોકરું પાણી રેડતું હતું; બીજો એક છોકરો એક છાપરા પર નીસરણી વતી ચઢી જઈ ધમાધમ કરી રહ્યો હતો તો એક છોકરો થોડો કચરો ભેગો કરી સળગાવવા પ્રયત્ન કરી રહ્યો હતો. શિક્ષિકા આ બધાં છોકરાં શું કરે છે તે સંબંધી કાગળ પર લખ્યા કરતી હતી. એને કશું કરવાનું નહિ; ફક્ત મૂગા બેસી રહી ટપકાવ્યા કરવાનું. ત્યાર બાદ એક છોકરો સસલાના પાંજરા પાસે જઈ, તેને ખોલી, અંદરથી સસલું બહાર કાઢી તેની સાથે રમવા લાગ્યો. બીજાં છોકરાં પોતાનું કામ કર્યે ગયાં. થોડો સમય વહી ગયા પછી તે છોકરો સસલાંને પાંજરામાં પૂરી, ધડાક દઇને બારણું બંધ કરી, બીજી જગાએ દોડી ગયો. ત્યારબાદ હું ચિત્રકામના ઓરડામાં ગયો. ત્યાં પાંચેક છોકરાં એક બાઈ સાથે હતાં. દરેક છોકરું કાગળ પર ગમે એમ રંગનાં લપેડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઢતું હતું; અને બાઈ પાસે જઈ આ ફલાણું ચિત્ર છે, આમાં ફલાણી ચીજ છે, ફલાણાં અમુક કામ કરે છે, એવી એવી વાતો કરતું હતું. છોકરાંની સાંકેતિક ડ્રોઈંગની ભાષા વળી કેવી હોય! એવાં બધાં ચિત્રો દીવાલ પર ચોંટેલાં હતાં. છોકરાંઓ બાઈને જે શબ્દો લખવા કહે તે શબ્દો ઉપર લખાતા હતા. જો કોઈ છોકરું અક્ષર લખવાની જિજ્ઞાસા બતાવે તો, તેને અક્ષરો લખી બતાવે. પછી છોકરું પોતાની મેળે એ અક્ષરો શીખી લે. જો કે જરા પણ શીખવવાનો પ્રયત્ન ન હતો છતાં ઘણાંખરાં છોકરાં અક્ષરો વગેરે ફક્ત સહવાસથી જ જાણી શકતાં હતાં.

પછી હું ઉદ્યોગગૃહ (વર્કશોપ) માં ગયો. અહીં ખરી સ્વતંત્રતાનો ખ્યાલ આવ્યો. એક છોકરો એક બરણી પડેલી હતી તેમાં મીણબત્તી બાળવા પ્રયત્ન કરી રહ્યો હતો. મીણબત્તી બાળતાં બાળતાં ગરમીને લીધે ઉપરનું ઢાંકણું ફાટી ગયું. એટલે છોકરો શિક્ષક પાસે જઈ કહેવા લાગ્યો કે 'કેમ તૂટી ગયું?' શિક્ષક કહે 'કોણ જાણે; ખોળી કાઢો.' ત્યારબાદ છોકરાએ ભાંગેલા ટુકડા લઈ બુનસન બરનર સળગાવી તે ઉપર તપાવવા માંડ્યા. એમ કરતાં વધુ ટુકડા થયા. પછી આખી બરણી લઈ તપાવવા માંડી. તેના પણ ટુકડા થયા; ત્યારબાદ બેત્રણ 'ટેસ્ટ ટ્યૂબ' પડેલી હતી તે લીધી, તેના પણ ટુકડા થયા. શિક્ષક ફક્ત જોયા જ કરતો હતો. છોકરાની બધી પ્રવૃત્તિ નોંધ્યે જતો હતો. આ પ્રમાણે પા કલાક કામ કર્યા પછી છોકરો કંટાળીને ચાલી જવા માંડ્યો ત્યારે શિક્ષકે એને પૂછયું: 'કેમ જોન, ખોળી કાઢ્યું?' 'ના, મિ. સ્લેવસન, હું કંટાળી ગયો છું!' કહી ચાલી ગયો. વળી પાંચ મિનિટ પછી પાછો આવી તપાવવા બેઠો અને એ પ્રમાણે પા કલાક બીજો ગુમાવ્યા બાદ ઉષ્ણતા વસ્તુના કદમાં વધારો કરે છે તેથી અણુઓ વધુ ગતિમાન થાય છે; જાડા કાચમાં એક બાજુએ અણુઓ ગતિમાન થાય છે, બીજી બાજુએ નથી થતા તેથી કાચ ભાંગી જાય છે. એ બધું એણે જાતે જ ખોળી કાઢ્યું. નુકસાન તો ઘણું થયું, પણ સિદ્ધાંત તો એણે જાતે જ ખોળી કાઢ્યો.

ત્યારબાદ એક છોકરો બહારથી દોડતો દોડતો આવી એક પાટિયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈ તેને બાંકડા જોડે રાખી વહેરવા લાગ્યો. એમ કરતાં કરતાં ટુકડા કરી રહ્યા પછી એકદમ ખીજાઈ જઈ ઓરડામાં એક સુંદર કેમિકલ બેલન્સ હતું તેને લાત મારી ગબડાવી પાડ્યું, અને પછી આમતેમ ધમપછાડ કરી ચાલી ગયો. શિક્ષકે કશું જ કહ્યું નહિ. ઉદ્યોગગૃહમાં દરેક ચીજ ગમે એમ પડેલી હતી. એને ઉપાડીને કોઈ ગોઠવતું નથી, તેમ સાફ કરવા કહેતું પણ નથી. આ પ્રમાણે તદ્દન સ્વતંત્રતાનું જ રાજ છે. શિક્ષક કહેતા હતા કે એક ચાર વર્ષના છોકરાએ વીજળીના ઘંટનું જોડાણ કેવી રીતે કરવું અને શું કરવાથી ઘંટ વાગે એ પોતે ખોળી કાઢયું. આપણી માન્યતા છે કે છોકરાંને ફાવે તેમ કરવાની છૂટ આપવાથી તે આળસુ અને ઉદ્ધત બને છે એ વાત તો કેવળ ખોટી છે એમ મને પણ લાગ્યું. દરેક છોકરું ગમે તે વ્યવસાયમાં મંડી રહેલું હતું. આપણા મનથી એ નકામી ચેષ્ટા હતી, પણ એના મનથી તો મહત્ત્વનું કાર્ય ! ને એમાં ખરી મૌલિકતા સમાયલી છે. તમે કહેશો કે અફાળ-ઝીક કરી, ભાંગફોડ કરી, એનું શું ? એને માટે એ જ ભુલાસો કે દરેક થોડે થોડે વખતે જ્યારે છોકરાંની ઇચ્છા સંતુષ્ટ ન થાય ત્યારે ઉશ્કેરણીનો સમય આવે છે. જો એ અટકાવવામાં આવે, દબાવી દેવામાં આવે તો દમનને લઇને મગજમાં એક જાતની ગ્રંથીઓ બંધાય છે એ ભવિષ્યમાં વધારે ખરાબ પરિણામ લાવે છે એવું માનસશાસ્ત્રે પુરવાર કર્યું છે. શિક્ષકના કહેવા પ્રમાણે એક છોકરાએ એક સુંદર ઘડિઆળ હતું તેનો હથોડાવતી રોટલો બનાવ્યો અને તે તે સ્થિતિમાં ત્યાં પડેલું જ હતું. હવે ટાઇમ જાણવાની અડચણ પડે છે પણ નવું ઘડિયાળ મૂકવામાં નથી આવતું. ફરીથી છોકરો એવી ચીજ ભાંગતાં વિચાર કરશે.

પણ ત્યારે શિક્ષકને તો મઝા પડે ખરું ને ? નહિ. શિક્ષકને આખો સમય લખ્યા જ કરવાનું; ન બોલવાનું કે ન ચાલવાનું. મુલાકાતે આવનારાઓને સખત ચેતવણી આપવામાં આવે છે કે કોઇપણ છોકરા અગર શિક્ષકની સાથે વાત ન કરવી. બધા શિક્ષકો એઈ વાગે ભેગા થઈ પોતાની નોંધ ટાઇપ કરનારને આપે છે. એ ટાઇપ કરીને એ બાબતની નોંધ (Record) રાખે છે. હવે આ નોંધ બીજે દિવસે બધા શિક્ષકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભેગા થઈ વાંચે અને તે ઉપરથી છોકરાં કેવી પ્રગતિ કરે છે અગર કેવી દિશામાં વિચરે છે એ બાબતનો ખ્યાલ કરે છે. એનું પરિણામ શું આવશે એ કહી શકાતું નથી. 'તમારી શાળાનો ઉદ્દેશ શું?' જવાબ: 'હાલ કશું જ કહી શકીએ નહિ.' 'અભ્યાસક્રમ છે કે?' જવાબ: 'નહિ.' 'એ છોકરાંઓ ભવિષ્યમાં શું કરશે?' 'વિદ્યાપીઠમાં જશે. આ શાળામાં અઢાર વર્ષની ઉંમર સુધી રાખવા વિચાર છે.' ખરેખર વિચાર તો ઉત્તમ છે. કૃત્રિમ શિક્ષણ કરતાં આ તદ્દન સ્વાભાવિક શિક્ષણને લીધે બુદ્ધિ તો જરૂર બહુ જ ખીલે અને તે ઉપરાંત કેટલાક સિદ્ધાંતો વગેરે પોતાની જાતે જ ખોળી કાઢવાથી સારી અસર થાય.

એક વાત બહુ અજાયબ જેવી હતી. અમે ત્રણ હિન્દીઓ ત્યાં ગયા પણ કોઈપણ છોકરાંએ અમે કોણ છીએ, કેમ આવ્યા છીએ, શું કરીએ છીએ વગેરે જાણવાની ઇંતેજારી બતાવી નથી. તેમ બધાં છોકરાં સાધારણ રીતે પોતાનું કામ કર્યે ગયાં હતાં.

માત્ર દિવસે ભણવા આવનાર દરેક વિદ્યાર્થી પાસે વાર્ષિક ત્રીસ પૌંડ અને છાત્ર તરીકે રહેનાર વિદ્યાર્થી પાસે વાર્ષિક ૧૪૦ પૌંડ ફી લેવામાં આવે છે. હજી મારે એ વિશે તો ઘણું કહેવાનું છે પણ એ તો રૂબરૂમાં વાત કરીશ. મારા લખાણ ઉપરથી તમને શાળા માટે વિચિત્ર વિચાર આવશે. કદાચ એમ પણ લાગશે કે કોઈ ગાંડા માણસના મનનો એક તરંગ છે. પણ એવું નથી. કદાચ આવા પ્રયોગો દુનિયામાં મહાન ફેરફાર કરી આખી શિક્ષણપદ્ધતિ ફેરવે તો નવાઈ નહિ. આપણે ત્યાં આમાંનું એક હજારમા ભાગે પણ બનવાનો સંભવ નથી. કારણ જે કોઈ અહીંનો અનુભવ લે છે તે આવી બાબતો જોવા પ્રયત્ન કરતો નથી; પ્રયત્ન કરે તો તેને અમલમાં મૂકવાનો વિચાર હોતો નથી. જો વિચાર હોય તો તેને તક મળતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– સ્વાધ્યાય –

૧. લેખકે કેમ્બ્રિજ શહેરનું જે વર્ણન આપ્યું છે તે ઉપરથી કેમ્બ્રિજ વિશે તમારા મનમાં જે જે વિચારો આવ્યા હોય તે જણાવો.

૨. કેમ્બ્રિજ જેવાં શહેરો હિન્દમાં છે? ક્યાં?

૩. હિન્દની પ્રાચીન અને આધુનિક વિદ્યાપીઠોમાંથી પ્રખ્યાત એવી વિદ્યાપીઠોનાં નામ લખો.

૪. 'માલ્ટીંગ હાઉસ સ્કૂલ'નો પરિચય આપો.

૫. 'માલ્ટીંગ હાઉસ સ્કૂલ'ની સ્થાપના કયા સિદ્ધાન્ત ઉપર થઈ હતી? તમારી શાળા સાથે એ શાળાની તુલના કરો.

૬. આ પ્રકારની શાળા આપણે ત્યાં ચલાવવી હોય તો કઈ કઈ મુશ્કેલીઓ નડે?

૭. આદર્શ શાળા માટે તમે કઈ કઈ વસ્તુઓ જરૂરી લેખો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેડકાં હસતાં હતાં

(શ્રી સુન્દરમ્)

દેડકાં હસતાં હતાં
હાથીને જોઈને ભાઈ,
દેડકાં હસતાં હતાં.

એક કહે, ભાઈ, આવડું શરીર સાવ નકામું ભાઈ,
આવડી મોટી કોઠી રાખવી કિયા ખાબડામાંહીં ?
ભગવાનની મહેનત ફોગટ ભાઈ.–હાથીને૦

એક કહે, ભાઈ, હાથીઆને જો, ચાલતાં આવડે નાહિ,
ડગગ ડગગ ચાલે, એ તો કૂદી ન જાણે કાંઈ.
એની રે ફાંદ તો ફાટી જાય.–હાથીને૦

એક કહે, ભાઈ, હાથીઆને જો બોલતાં આવડે નાહિ,
બોંઘાડ એની બોદલી, આપણી ડ્રાંવની તોલે નાંઈ.
મઝા ના ડ્રાંવની જાણે ભાઈ.–હાથીને૦

એક કહે, એનો હોઠ ઉપરનો લટકયો દોરડા જેવો,
બૂચા મોઢે મીઠડા ખાવો માખીઓ કેરો મેવો,
એ શું જાણે તૂમડા જેવો ?–હાથીને૦

એક કહે, એના પગ જુઓને થાંભલા મોટા જાણે,
આપણા પગ તો પાતળા કેવા, પાણી કાપતા માણે,
એ તો ચાલે માંડ પરાણે.–હાથીને૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક કહે, એની આવડી દેહમાં આંખ છે છેક લગાર,
ગોળ ફૂટાળી આપણી આંખમાં કેવા તેજ અંબાર?
એનો ભાઈ આંધળીઓ અવતાર.–હાથીને૦

એક કહે, એના સૂપડા જેવા કાનનો ફોગટ ભાર,
કાન વગરના આપણે કેવા રૂપતણા ભંડાર!
નથી એની કદરૂપીનો પાર.–હાથીને૦

એક કહે, ભાઈ, દુઃખડાં એનાં ભગવાને નહિ જાણે,
મારું ચાલતું હોય તો એને દેડકો કરું અટાણે.
એના દુઃખનો અંત કો આણે?–હાથીને૦

– સ્વાધ્યાય –

૧. શ્રી સુન્દરમ્‌ની ઘણી કવિતાઓ તમે શીખ્યાં. એ બધી કવિતાઓ કરતાં આ કંઈક જુદા પ્રકારની છે એવું તમને લાગે છે? કઈ રીતે?

૨. દેડકાંઓ હાથીને કઈ રીતે હસતાં હતાં? આ કવિતા લખવામાં કવિનો શો હેતુ હશે?

૩. આ કાવ્ય 'કોયા ભગતની કડવી વાણી' નામના શ્રી સુન્દરમ્‌ના એક કાવ્યસંગ્રહમાંથી લીધું છે. તે સંગ્રહ તમે અવશ્ય વાંચજો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૮

પરાજય

(લેખક : શ્રી યશવંત પંડ્યા)

ચિત્ર પહેલું

[જેવો સુબંધુ સાદો છે તેવો સાદો તેનો ઓરડો છે. એક દીવાલની મધ્યમાં મોટો અરીસો લટકે છે. તેની નજીકના તાકામાં કસરતનાં નાનાં સાધનો પડ્યાં છે. મગદળ વગેરેને એક ખૂણામાં ગોઠવેલાં છે.

આજે તારીખ તેવીસમી છે. સુબંધુ કંઈક વાંચતો હોય છે. અરુણ, જયમણિ અને મહાદેવ તેને મળવા આવે છે.]

સુબંધુ (ઊભો થઈ) : પધારો, મહેરબાનો.

મહાદેવ : પધાર્યા જ છીએ. અમને તો રજા મળી કે રમતારામ.

જયમણિ : હા વળી. રજાને દિવસે ભણવાનું હોત તો નિશાળે જ ન જાત ?

અરુણ : સારું છે કે આપણા હેડમાસ્તર મૂરખા નથી.

જયમણિ : હોત તો ?

અરુણ : આવે દિવસે પણ–અને રવિવારે પણ—નિશાળના દરવાજા જો ઉઘાડા રખાવત તો જરૂર સુબંધુભાઈ એકલાએકલા ભણવા જાત.

મહાદેવ : અને પછી પહેલો નંબર પુરાવત.

[ત્રણે જણ જોરથી હસે છે.]

સુબંધુ (અદબ વાળી) : બોલો; બીજું કાંઈ ?

[કોઈ કાંઈ કહેતું નથી]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બસ? આટલું જ કહેવું હતું અને આટલા બધા ધમપછાડા? જરા વધારે તૈયારી કરીને આવવું હતું ને? તમારી ત્રણે જણની અક્કલનો સરવાળો બહુ થોડો થયો.

[સુબંધુના હોઠ પર હાસ્ય આવી વસે છે.]

મહાદેવ (તોછડાઈથી) : હવે જાણ્યાં તારાં સરવાળા ને બાદબાકી; ડાહ્યો થા મા.

અરુણ : હંઅ. વાતવાતમાં વળી મોં શું ચડાવવું? આપણે તે કાંઈ છોકરીઓ છીએ?

જયમણિ (ટોળથી) : ના રે. અને સુબંધુ તો આપણી નિશાળનો નાનોસરખો પહેલવાન છે. ભલભલા માસ્તરોને ગુલાંટ ખવડાવી દે. કેટલાક તો એનાથી મનમાં બીતા યે હશે.

[વળી ત્રણે ખડખડાટ હસે છે. સુબંધુ માત્ર મરકે છે.]

સુબંધુ (કંટાળો દેખાડી) : પણ તમે પધાર્યા છો કેમ, એ કહેશો?

અરુણ (સરલતાથી) : મળવા વાસ્તે.

સુબંધુ : પણ મહિના પછી પરીક્ષા.....

જયમણિ : પણ કાલે રમતગમતનો મેળાવડો.....

અરુણ (વિચારપૂર્વક) : પણ હેડમાસ્તર મૂરખા તો ખરા. પરીક્ષા પાસે આવે ત્યારે જ આવાં અમનચમન રાખે.

મહાદેવ : અને આપણા સુબંધુભાઈ પછી સુકાઈ જાય!

સુબંધુ (રૂઆબથી) : કચકચ બંધ કરો. આજે તમે કયા નિર્ણયથી અહીં આવ્યા છો?

અરુણ : તને ચીડવવાના.

સુબંધુ : અને ધારો કે હું ચિડાયો, પછી મારી ચીડ સહન કરવા માટે કોનાં હાડકાં તૈયાર છે?

[ત્રણે ચુપ]

તમે જાણો છો કે તમારા જેવા ત્રણને શું, તેરને હું સીધા કરી શકું એમ છું. છતાં મારી ભલમનસાઈનો લાભ તમે લીધે જાઓ છો.

[ત્રણે નરમ.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે એટલું પણ જાણવાની પરવા ન કરી કે હું શું વાંચતો હતો. લ્યો, જુઓ. પરીક્ષાને અને આને શી લેવાદેવા ?

[ત્રણે એ માસિક ઝડપે છે અને પોતાની આંખોને અંદર પરોવી દે છે.]

મેં પરીક્ષાનું નામ લીધું ત્યાં મારા પર ગાળોનો વરસાદ વહેવડાવ્યો ! તમે તે કેટલા વિચિત્ર છો !

મહાદેવ (ગરમ બની) : તો સાચું બોલીએ. જૂઠું બોલવાના ગેરફાયદા જાણતો નથી ?

અરુણ : ગણાવીએ ?

સુબંધુ : મૂગા રહો, મૂગા.

જયમણિ : ઈશ્વરે અમને જીભ મૂગા રહેવા માટે આપી હશે ?

[સુબંધુથી હસી જવાય છે.]

(સુબંધુનો ખભો ઝાલી) દોસ્ત, આમ ગુસ્સો ન કર.

મહાદેવ : અમારાથી ગભરાઈ જવાય છે.

અરુણ : અને મને તો દુર્વાસાદાદા સાંભરી આવે છે.

[પળભર ચારે ચૂપ]

જયમણિ : સુબંધુ, આ માસિકમાં શું જોતો હતો ?

સુબંધુ : કુસ્તીના દાવ વિષે એમાં એક લેખ છે એ જરા જોઈ જતો હતો. કાલે કદાચ કામમાં આવે.

જયમણિ : તે તને કોની બીક છે? કોને એવી ચરબી ચડી છે કે કમી કરાવવા તારી સામે ઊતરે ?

સુબંધુ : કોને ખબર! કોઈક એવો યે નીકળી પડે કે આપણું ગૌરવ ઉતારી નાખે.

મહાદેવ : બે વરસથી તો કોઈ દીઠો નથી !

સુબંધુ : તો યે ચેતીને ચાલવું સારું.

અરુણ : સુબંધુની વાત સાચી છે. વળી ઉપરાઉપરી આ ત્રીજી સાલ એ અજીત રહે તો કપ કાયમ માટે તેનો બને. એટલે આ વખતે તો તેણે જીતવું જ જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાદેવ : જરૂર.

જયમણિ : અને એ જીત્યો એટલે આપણે માટે મિજબાની ઊભી જ જાણો. કેમ, અરુણ ?

અરુણ : જરૂર જ.

મહાદેવ : સુબંધુ, એ દિવસે શું શું ચખાડીશ ?

સુબંધુ : ત્યારની વાત ત્યારે. હાલ તરત તો ત્રણે મળીને ઈશ્વરની પ્રાર્થના કરો કે તમારી ઈચ્છા પાર પાડે.

[ત્રણે એકમેકની સામું જુએ છે.]

અને કૃપા કરીને મને અત્યારે એકલો રહેવા દો. તમારે જે જોવાનું છે તે મારે જોવડાવવાનું છે. તેની તૈયારી માટે મને સમય આપો. નહિતર કાલે જો કાંઈ ઊંધુંચત્તું થયું તો તમારી તો માત્ર મિજબાની જશે, પણ મારા તો મનોરથ મરશે.

જયમણિ : અરે એવું કદી બનનાર નથી. ઈશ્વરમાં—અને અમારામાં પણ—શ્રદ્ધા રાખ !

અરુણ
મહાદેવ } : બરાબર.

[અરુણ, જયમણિ ને મહાદેવ જવા માંડે છે.]

સુબંધુ : પધારજો, મહેરબાનો.

મહાદેવ : ધક્કા મારીને તો બહાર કાઢ્યા જેવું કર્યું.

અરુણ : ને તો ય વિવેકમાં વાંકો વળી જાય છે !

[ત્રણે જાય છે.]

સુબંધુ : હાશ ! ગયા ! કાન કાણા કરી મૂકે એવી ત્રિપુટી છે. વર્ગમાં સીસોટીઓ બજાવશે, રસ્તે જતાં સાઈકલની ઘંટડીઓ વગાડશે અને કોઈક વાર મસ્તીએ ચડ્યા તો સારું ગામ ગજવશે ! વરસમાં એકાદ વાર પોલીસ-ચોકીએ પણ એમની મુલાકાત ખરી. પણ ત્યાંથી તો આબરુદારના દીકરા તરીકે છૂટી જવાના અને વળી પાછા હતા એવા ને એવા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[સુબંધુ વાંચવા લાગે છે. લીટીથી આગળ વધે એ પહેલાં તો રસેશ આવે છે.]

આવ, રસેશ. અત્યારે ક્યાંથી ? સાંજના આવવાનો હતો ને ?

રસેશ : અહીંથી જતો હતો ત્યાં અરુણ વગેરે મળ્યા. તેમણે ખબર દીધા કે તું નવરો બેઠો છે. મને થયું કે લાવને સાંજનું કામ અત્યારે જ પતાવી આવું.

સુબંધુ (મીઠાશથી) : સારું કર્યું; મને એ ગમ્યું.

[રસેશ કંઈક વિચારમાં પડ્યો હોય એવું દેખાડે છે.]

બોલ, રસેશ. મારું શું કામ હતું ?

રસેશ : ઘણું જ જરૂરનું . . . .

સુબંધુ : પણ કર્યું ?

રસેશ : અને ખૂબ જ ખાનગી.

સુબંધુ (મશ્કરીથી) : કોઈની સામે કાંઈ કાવતરું...

રસેશ : ના, ભાઈ ! ના.

સુબંધુ : ત્યારે સીધી વાત કર ને ?

રસેશ (હળવે હળવે) : જો સુબંધુ, સાંભળ. હું વિચાર કરું છું કે કાલે મારે તારી સામે કુસ્તીમાં ઊતરવું.

સુબંધુ : જરૂર ઊતરવું.

રસેશ : પણ એ શા માટે તેની તને ખબર નથી. જો જીતવાની મને હોંશ નથી; મારે જીતવું યે નથી. પણ મારે આપણા મિત્રોને દેખાડવું છે કે હું કુસ્તી કરી જાણું છું.

સુબંધુ : એ તો ઊતરીશ એટલે જાણશે જ.

રસેશ : પણ જો તું મને પહેલી પળે પછાડી દે તો મારી કિંમત કોડીની થઈ જાય. એટલે મિત્રના દાવે હું તારી પાસે માગું છું કે જરા વાર મને ટક્કર ઝીલવા દેજે. પછીથી તારે કરવું હોય તેમ કરજે. બોલ, આટલું કહ્યું કરીશ કે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુબંધુ : બસ? હું તો ધારતો હતો કે કાંઈ ખરેખર જબરું કામ હશે! આમાં શું?

રસેશ : શાબાસ દોસ્ત! [સુબંધુ શાંત રહે છે.] અને સુબંધુ, ભૂલેચૂકે પણ કોઇને ય આ કહેવાનું નહિ, હોં.

સુબંધુ : ભલા, એવી ભૂલ તે કોઈ કરે, રસેશ? લે વચન આપું છું. આ વિષે રજ જેટલી ચિંતા ન રાખીશ.

રસેશ : તો તો આભાર.

સુબંધુ : બોલ, બીજું કાંઈ?

રસેશ : ના; બસ, એટલું જ.

[રસેશ ઊભો થાય છે અને ઉત્સાહપૂર્ણ પગલે પાછો ફરે છે.]

સુબંધુ : રસેશ, આવજે.

રસેશ : આવીશ, અવશ્ય આવીશ.

[રસેશ જાય છે. સુબંધુ આગળ વાંચવા લાગે છે.]

ચિત્ર બીજું

[જેવો રસેશ શૌખીન છે તેવો શૌખીન તેનો ઓરડો છે. લાંબા આયનાવાળું નકસીદાર કબાટ, પોતાની પ્રતિકૃતિ દેખાય એટલું ઊજળું ટેબલ, એની આસપાસ ગોઠવેલી ભપકાભરી ખુરશીઓ, આસ્માની રંગના પડદાવાળી બારીઓ,—આ ને આવું બધું આપણને ખાતરી આપે છે કે રસેશ શ્રીમંત હશે અને શૌખીન છે. ચારે દીવાલ પર લટકાવેલાં ચિત્રો પણ આપણી પાસેથી પ્રશંસા માગે એવાં છે. રાણા પ્રતાપ અને નેપોલિયનનાં ચિત્રો પ્રત્યે રસેશને ખાસ પક્ષપાત લાગે છે : કારણ કે એ બેને આજુબાજુ ગોઠવીને પોતાની છબીને તેણે વચ્ચે મૂકેલી છે.

આજે તારીખ પચીસમી છે.

રસેશ અત્યારે હર્ષોન્માદમાં જણાય છે.]

રસેશ : ફાવ્યો! મેં નહોતું કલ્પ્યું કે સુબંધુ આવો ભોટ નીકળશે! લાગ લઈ મેં એને ચિત્ત કરી નાખ્યો. એકઠાં થયેલાં સૌ તો એ જોઈ જ રહ્યાં!

[અરુણ, જયમણિ અને મહાદેવ આવે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાદેવ : વાહ રસેશ ! કાલે તો તેં કમાલ કરી !

જયમણિ : અરે ! કોઈ સ્વપ્ને યે ન માને એવું તેં તો કરી દેખાડ્યું !

અરુણ : સાવ સાચી વાત. એ બાબત માનતાં પહેલાં તો મારે મને પોતાને ચૂંટી ખણવી પડેલી.

રસેશ : કારણ ?

અરુણ : ખાતરી કરવા કે હું તે જાગું છું કે ઊંઘું છું !

[ચારે હસે છે]

રસેશ (ખચકાતો) : મેં નહોતું ધાર્યું કે સુબંધુ મારાથી હારી જશે.

મહાદેવ : ભાઈ, એની તો વાત જવા દે ને. બબ્બે વરસથી તારા જેવો કોઈ માથાનો નહોતો મળ્યો એટલે મદ ચડ્યો હતો.

રસેશ : ખરેખર ?

જયમણિ : ત્યારે ? એના મનમાં તો એમ જ રમી રહ્યું હશે કે આ સાલ જીતે એટલે કપ ઘરમાં આવે.

રસેશ : એમ ?

અરુણ : એમ જ. જાણે કે લાડવા ખાવાના ખેલ હશે ?

[રસેશ સિવાય દરેકના મોં પર તિરસ્કારનું હાસ્ય છવાય છે.]

રસેશ (ગંભીરતાથી) : પણ અજબ જેવું તો એ કે સુબંધુ હાર્યો તો યે મને અભિનંદન આપવાનું ન ભૂલ્યો. એટલી એની ખાનદાની આપણે વખાણવી જોઇએ.

મહાદેવ : એ તો ઠીક છે હવે. શું જોઈને એણે તારા સામે હાથ લંબાવ્યો હશે ?

જયમણિ : અરે ! એમ કરતાં એને શરમ ન નડી ?

અરુણ : એણે ડૂબી મરવું જોઇએ.

જયમણિ : હંઅ. શા મેળનું શરીર ફુલાવ્યે જાય છે ?

મહાદેવ : અને પૃથ્વી ઉપર નાહકનો ભાર વધારે છે !

અરુણ : બિચારા શેષનાગની શી વલે ?

[ચારે આનંદ અનુભવે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જયમણિ : અને રસેશ, એવી આશ્ચર્યભરી એક બીજી હકીકત કહું?

મહાદેવ : તે એમાં રજા લેવાની કેવી ?

અરુણ : કહી નાખ, જલદી કહી નાખ. ધર્મના કામમાં ઢીલ શી !

જયમણિ : સાંભળો ત્યારે. સુબંધુ હાર્યો તે ખાતે જ્યારે હેડમાસ્તર દિલગીરી દેખાડવા લાગ્યા. . . .

રસેશ (એકદમ): ત્યારે ?

જયમણિ : ભાઈ કહે કે એમાં પોતાનો જ વાંક હતો.

રસેશ (ચિંતાપૂર્વક) : કઈ રીતે ?

જયમણિ : એણે બુલાસો કર્યો કે તું તેનાથી ખરેખર બળિયો છે.

રસેશ (નિરાંતથી) : જુઓ, હું કહેતો હતો તેમ તેનામાં મોટાઈ તો છે જ.

મહાદેવ : ઊંહ. આમ કહેવું એ તારી મોટાઈ છે.

અરુણ : હુંઅ. બાકી પહેલાં પોતે હારે અને પછી પોતાને બળિયો ગણાવે તો કોઈ એનું માનવાનું હતું ?

જયમણિ : અરે ! લોક ગાંડો ગણે.

મહાદેવ : એટલે જયમણિ, ભાઈ બધું મેળમાં બોલેલા.

અરુણ : એમ જ, એમ જ.

[ચારે જણ જરા વાર ચુપ રહે છે.]

પણ રસેશ, તારો ચન્દ્રક તો જોવા દે.

[તરત રસેશ ખમીસના ખીસામાંથી ચન્દ્રક કાઢી આપે છે.]

સુંદર !

જયમણિ : મજાનો !

મહાદેવ : છાતીએ શોભે એવો.

જયમણિ : અરે ! છાતી શોભાવે એવો.

અરુણ (કરડાઈથી) : સુબંધુને આ મેળવવાના મનોરથ હતા.

જયમણિ }
મહાદેવ } : હોયસ્તો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસેશ (ફિક્કાશથી) : પણ એની પાસે તો આવા અનેક હશે.

મહાદેવ : પણ રસેશ, લોભ બહુ બૂરી ચીજ છે.

અરુણ : કહેવત છે, લોભિયા હોય ત્યાં ધુતારા ફાવે.

[ધુતારા શબ્દથી રસેશનું દિલ ડંખ્યું જણાય છે. એ બીજી બાજુ ફરી જાય છે.]

રસેશ (મનમાં) : ધુ ત્તા રા ! હું યે એક રીતે...

અરુણ : રસેશ !

[રસેશ તેમના તરફ ફરે છે.]

મહાદેવ : અરુણે તને ધુતારો નથી કહ્યો, હોં !

જયમણિ : ફક્ત સુબંધુને લોભિયો ગણ્યો છે.

[રસેશ જરા સ્વસ્થ થાય છે.]

મહાદેવ : પણ હવે આ સુબંધુ-પુરાણ પડતું મૂકીએ.

અરુણ : બીજી કઈ વાત કરીશું ? આટલો રસ કઈ વાતમાં આવશે ?

જયમણિ : (એક આંખ મચકાવી) : ભૂલી ગયો ?

અરુણ (હસતાં) : હા, હા. યાદ આવ્યું ખરું.

રસેશ : શું ?

મહાદેવ : એ તો એમ કે તને ચન્દ્રક મળ્યો એનો અમને શો લાભ ?

જયમણિ : બરાબર. ગળ્યું મોં કર્યા વિના અમે ઓછા જ પાછા ફરવાના છીએ ?

અરુણ : અને ગળ્યું મોં એટલે મોંમાં ગોળ એટલું જ નહિ, હોં.

રસેશ : એટલું તો હું સમજું છું.

મહાદેવ : બોલ, ત્યારે. શું શું ચખાડીશ ?

રસેશ : મહાદેવ, હૈયે ટાઢક રાખજે. તમને કોઇને હું નિરાશ નહિ કરું.

અરુણ
મહાદેવ } : શાબાસ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસેશ : પણ મારું એક કહ્યું કરશો ? હું અહીં તૈયારી કરાવું તે દરમિયાન તમે સુબંધુને તેડી આવો. ગમે તેમ તો યે મને તેને માટે માન રહ્યા કરે છે.

અરુણ : જોયું, મહાદેવ ? આનું નામ દાનો દુશ્મન.

જયમણિ : સુબંધુ અને રસેશમાં ફેર એટલો ફેર.

[રસેશના દિલમાં ડંખ લાગે છે.]

રસેશ (મનમાં) : પણ કેટલો ફેર ? એક આકાશ તો બીજો પૃથ્વી !

મહાદેવ : કેમ રસેશ, વળી શા વિચારમાં પડ્યો ?

રસેશ : તમે બધા સુબંધુને બોલાવવા જાઓ છો ને ?

અરુણ
જયમણિ
મહાદેવ } : હા, હા.

રસેશ : તો જાઓ. એને જરૂર લાવજો. કદાચ હા–ના કરે તો મારી વતી આગ્રહ કરજો. પણ એના વિના ન આવશો.

[ત્રણેનાં મોં જરાતરા બગડે છે.]

તમે મોં ન બગાડો. મારો કહેવાનો અર્થ એવો છે કે સુબંધુ સિવાય મને ગોઠશે નહિ. આપણે એકબીજાને ઓળખતા નહોતા ત્યારે અમે મિત્રો હતા.

મહાદેવ : રસેશ, બસ કર. ભાષણ સાંભળવાની નવરાશ નથી. અમે તો આ ચાલ્યા સુબંધુને બોલાવવા.

રસેશ : મારે એ જ જોઇએ છે.

[અરુણ, જયમણિ અને મહાદેવ જાય છે. રસેશ એકલો પડે છે. ઓરડામાં એ આમતેમ આંટા મારવા લાગે છે: પણ એનાં પગલાંમાં જોર જણાતું નથી. એના વદન ઉપર નિરાશાની વાદળી આવી વસી છે.]

આ લોકોને સુબંધુની સાચી કિંમત સમજાઈ નથી. મને પણ નહોતી ખબર કે એ આટલા વિશાળ હૃદયનો અને ઉદાર હશે. એની ઓળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાણુનો એણે મને લાભ આપ્યો. મેં ગેરલાભ લીધો! અને તે યે કેવો!

[રસેશ બોલતો અટકી પડે છે. હથેળીમાં આંખો ઢાંકી દે છે. પછી વળી—]

અને તો યે એ વીર મને અભિનંદન આપે છે! બીજાને યે મારી વિરુદ્ધ એક અક્ષર કહેતો નથી. કહ્યું ત્યારે ઊલટું એમ કહ્યું કે હું ખરેખર બળવાન છું! અવધિ!

[વિચારપ્રવાહમાં ફરી ઓટ આવે છે.]

આવા સ્વાર્થત્યાગીને મૂરખ માણસો લોભી કહી નિંદે છે! અને એ જ લોકો મારા જેવા મિત્રદ્રોહીને ધુતારો ગણી શકતા નથી! આશ્ચર્ય!

[રસેશની નજર પ્રતાપ–નેપોલિયનનાં ચિત્રો પર ઠરે છે. પળવાર તેમનું મનન કરતો જણાય છે.]

આ મહાયોદ્ધાઓને મેં ઓળખ્યા નહિ. પ્રતાપ કોણ? અકબરને સાચી રજપૂતીનો સ્વાદ ચખાડનાર અમર રાણો. અકબરની કૈંક જીતો કરતાં આની હાર ગૌરવભરી છે. અને નેપોલિયન? વેલિંગ્ટને એને હરાવ્યો તો યે અમર નરકેસરીઓની હારમાળામાં વેલિંગ્ટન શોધ્યો જડતો નથી અને નેપોલિયનને શોધવો પડે એમ નથી! આમની વચ્ચે હું શોભતો નથી, લજવાઉં છું.

[પોતાની છબી ત્યાંથી કાઢી લઈ, ટેબલ પર ઊંધી મૂકી દે છે. ઘડીક વાર વિચારશૂન્ય જણાય છે. પણ એટલામાં—]

(ગભરાતો હોય તેમ) સુબંધુ હમણાં અહીં આવશે, કઈ જીભે હું એને આવકાર આપીશ?

[ઊકળાટ પામે છે.]

ત્યારે હું શું કરું? એની માફી માગું? ચંદ્રક એને આપી દઉં?

[વિચારમાં પડી જાય છે.]

પણ સુબંધુ તે સુબંધુ. એની યે એ ચોખ્ખી ના પાડવાનો.

[અસહાયતા અનુભવે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવાને અહીં આવવાનું ન હોય. મારે જ એને ત્યાં જવું જોઈએ. આવા અધમ વિજયને વળી આનંદના ઉત્સવ શા ?

[મનમાં કંઈકિંઈ ગણગણ્યે જતો રસેશ બહાર જવાની તૈયારીમાં ગૂંથાય છે. એના વદન ઉપરથી નિરાશાની વાદળી ખસી ગઈ છે.]

– સ્વાધ્યાય –

૧. આ નાટિકા ઉપર પરિચયદર્શી નોંધ લખો, અને એના લેખકની ઓળખાણ આપો.

૨. " પરાજય " મથાળું શા માટે રાખવામાં આવ્યું હશે ? એ પરાજય કોનો ? સુબંધુનો કે રસેશનો ?

૩. આ નાટિકાના પાત્રોમાંથી તમને કયાં ગમ્યાં ? શાથી ?

૪. સુબંધુ અને રસેશના સ્વભાવ, ઉદારતા, ખાનદાની, શકિત વગેરે ઉપર ટૂંકમાં લખો, અને એ બેમાંથી તમે કોને વધુ મોટો લેખો છો તે જણાવો.

૫. સુબંધુ શાથી હાર્યો એ સંબંધી તમે કંઈ અટકળ કરી શકશો ?

૬. રસેશની જગ્યાએ તમે હોત અને રસેશની જેમ તમારી જીત થઈ હોત તો તમને કેવી લાગણીઓ થાત ? રસેશને કેવી લાગણી થઈ ?

૭. આ નાટિકાને અંતે લેખક કહે છે કે રસેશના 'વદન ઉપરથી નિરાશાની વાદળી ખસી ગઈ છે.' શાથી ?

૮. તમારી શાળામાં થએલી કોઈએક કુસ્તીની હરીફાઈનું વર્ણન કરો.

૯. પ્રખ્યાત હિન્દી મલ્લોની તમારાથી બને તેવડી મોટી એક નામાવલી તૈયાર કરો.

૧૦. નેપોલિયન અને વેલિંગ્ટન વિશે જાણી લઈ ટૂંકમાં લખો.

૧૧. નેપોલિયન હાર્યો અને વેલિંગ્ટન જીત્યો છતાં રસેશના મત મુજબ દુનિયા નેપોલિયનને જ શા માટે શ્રેષ્ઠ લેખે છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધન્ય સૌરાષ્ટ્ર ધરણી

[શ્રી ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ]

–છંદ ઝૂલણા–

પ્રૌઢ સિંધુપરે ઝૂકતી પશ્ચિમે મધ્યમાં એશિયાની અટારી,
હિંદદેવીતણી કમર પર ચમકતી દૃઢ કસી તીક્ષ્ણ જાણે કટારી !
પ્હાડ ઉન્નત મુખે કીર્તિ ઉચ્ચારતા ગર્જતી જલનિધિ–ગાનસરણી,
ભારતીભોમની વંદુ તનયા વડી, ધન્ય ! હો ધન્ય ! સૌરાષ્ટ્રધરણી !

હૃદય ગૌરવભર્યો રુધિરથી ધબકતાં હબકીને ના કદી હામ તજતાં,
નોકને કારણે શૂર નરનારીઓ હર્ષથી મૃત્યુના સાજ સજતાં :
શિર સાટે મળે મૈત્રી મોંઘી, જહાં પૂર્ણ આતિથ્યની પ્રેમઝરણી–
ભારતીભોમની વંદુ તનયા વડી, ધન્ય ! હો ધન્ય ! સૌરાષ્ટ્રધરણી !

ભગર ભેંસો વડી હાથણી જેવડી, ધેનુ જ્યાં સિંહ સન્મુખ ધસતી :
ઘોડીઓ માણકી,તીખી તાજણસમી જાતવંતી ઘણી જ્યાં નિપજતી
યુદ્ધમાં અડગ, ત્રમજૂટમાં ના હઠે, વેગવંતી દીસે ચપલ હરણી–
ભારતીભોમની વંદુ તનયા વડી, ધન્ય ! હો ધન્ય ! સૌરાષ્ટ્રધરણી !

કાઠી, ખસિયા વસ્યા શૂર રજપૂત જ્યાં મીર આહીર ગોહીલ વંકા,
ખડગના ખેલની રંગભૂમિ મહીં જંગના વાગતા નિત્ય ડંકા
સિંધૂડો સૂર જ્યાં ભીરુને ભડ કરે ધડુકતા ઢોલ ત્રાંબાળુ ઘણણી–
ભારતીભોમની વંદુ તનયા વડી, ધન્ય ! હો ધન્ય ! સૌરાષ્ટ્રધરણી !

યુદ્ધધમસાણ જ્યાં કૈંક જામ્યાં અહા ! મરદનાં વચનની ટેક માટે,
નિત્ય તૈયાર જમદૂત શા જંગમાં જન્મભૂમિ તસુ એક સાટે :
શત્રુ હો મિત્ર કે બંધુ સંગાથ પણ ક્ષત્રિવટ ઊજળી એકવરણી–
ભારતીભોમની વંદુ તનયા વડી, ધન્ય ! હો ધન્ય ! સૌરાષ્ટ્રધરણી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કડક ધરતી જ્યહાં ખડકની આકરી, ડુંગરા ડુંગરી ને કરાડો,
મુકુટ શાં મંદિરો ગાજતાં શિરધરી ગજવતા ગગન-ઊંચા પહાડો:
ગિર ગોરંભતી ગાંડી જ્યાં નેસમાં ખળકતી દૂધ પીયૂષઝરણી-
ભારતીભોમની વંદુ તનયા વડી, ધન્ય! હો ધન્ય! સૌરાષ્ટ્રધરણી!
ધાવીને દૂધ મજબૂત ધરતીતણાં પાકે પૌષ્ટિક જ્યાં વિવિધ પાકે,
મધમધે પુષ્પ, મકરંદ ભમરા પીયે, કોયલો ગાન ગાતી ન થાકે:
લીલી કુંજાર નાઘેર શી ભૂમિકા, લહેર જ્યાં સિંધુની શાંતિકરણી-
ભારતીભોમની વંદુ તનયા વડી, ધન્ય! હો ધન્ય! સૌરાષ્ટ્રધરણી!
આવી શત્રુંજયે જાય ગિરનાર પર અનલ પંખી સમો સૂર્ય વ્યોમે,
ગહનતલ ઘુમટથી ઝળકતાં એહનાં પિચ્છ વેરાય અગણિત ભોમે:
ઉદય ને અસ્તમાં શોભતી ક્ષિતિજશી! ચાંદલો ચોડીને ભાલ તરણી-
ભારતીભોમની વંદુ તનયા વડી, ધન્ય! હો ધન્ય! સૌરાષ્ટ્રધરણી!
દ્વારિકા કનકની દુર્ગપુરી જહાં કૃષ્ણની કીર્તિ દીપ્તિ પ્રકાશે,
યાદવી યુદ્ધનાં સ્મરણ પ્રાચીન જ્યાં સંઘર્યાં સિંધુતટમાં પ્રભાસે:
સ્વામીનારાયણે ધર્મ સંસ્થાપિને શીખવી ભક્તિ નિષ્કામકરણી-
ભારતીભોમની વંદુ તનયા વડી, ધન્ય! હો ધન્ય! સૌરાષ્ટ્રધરણી!
ભક્ત નરસિંહ જ્યાં નાચિયો નેહમાં સંપદા પામિયો જ્યાં સુદામો,
વીર ગાંધી દયાનંદ જ્યાં નીપજ્યા, સતી અને સંતનો જ્યાં વિસામો:
ગામગામે ઊભા સ્થંભ પોકારતા શૂરના ગુણની ગાથ વરણી-
ભારતીભોમની વંદુ તનયા વડી, ધન્ય! હો ધન્ય! સૌરાષ્ટ્રધરણી!
ભક્તિ ને શૌર્યને રંગ રોળાઈ જ્યાં ગૂર્જર ગુણગંભીર ગિરા,
ગીતસાગરમહીં મસ્ત એ મલપતી અલપતી અધુર આલાપ ધીરા:
ભાટ ને ચારણો ભભકતા કવિત જ્યાં પંચમો વેદ દૂહો સુચરણી-
ભારતીભોમની વંદુ તનયા વડી, ધન્ય! હો ધન્ય! સૌરાષ્ટ્રધરણી!

– સ્વાધ્યાય –

૧. આ કવિતાના લેખકનો પરિચય આપો.
૨. આ કાવ્ય ઉપર પરિચયદર્શી નોંધ લખો.
૩. આ કાવ્ય ઉપર પાંચ સ્વાધ્યાય લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૦

કલાદર્શન

[શ્રી ઉમાશંકર જોષી]

[આપણે 'સાહિત્યપાઠાવલી'ના ત્રીજા ભાગના છેડા સુધી આવી પહોંચ્યા. જુદા જુદા પાઠો ઉપરથી તમને જુદી જુદી જાતના આનંદ મળ્યો હશે. એ આનંદ દરેક પાઠના લેખકે શબ્દો દ્વારા તમને પહોંચાડ્યો. લેખકને કોઈપણ કારણે ચિત્તમાં કંઈ સંવેદનો જાગ્યાં તેમાં આપણી સાથે ભાગીદારી કરવાનું મન થયું, અને પોતાને જે કંઈ સૂઝયું હતું તે એણે શબ્દોની મદદથી આપણા સુધી પહોંચાડ્યું.

શબ્દોની મદદથી ચિત્તનાં સંવેદનો પ્રગટ કરવાની કલાને સાહિત્ય-કલા કહે છે. સાહિત્યકલાના નમૂનાઓ 'સાહિત્યપાઠાવલી'માં આપણને મળ્યા.

પણ શબ્દની મદદ સિવાય પણ ચિત્તનાં સંવેદનો પ્રગટ કરી શકાય છે. દાખલા તરીકે અંગનાં હલનચલન વડે, સૂર વડે, રંગો અને રેખાંઓ વડે, પથ્થરમાંથી મૂર્તિઓ કોતરી કાઢીને અને મોટી મોટી ઈમારતો ચણીને, આ બધી કલાઓને અનુક્રમે નૃત્યકલા, સંગીતકલા, ચિત્રકલા, શિલ્પકલા અને સ્થાપત્યકલા કહે છે. આ કલાઓની મદદથી મનુષ્ય પોતાના આત્માના અનુભવોને ઉત્તમરૂપે રજૂ કરી શકે છે. કલાઓ લલિતકલાઓ તરીકે ઓળખાય છે. આ કલાઓમાંની કેટલીક ઘણી વાર જોડાજોડ પણ હોય છે. દાખલા તરીકે નૃત્ય સાથે સંગીત, સ્થાપત્ય સાથે શિલ્પ. આપણી 'સાહિત્યપાઠાવલી'માં સાહિત્યકલાના નમૂનાઓનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કૈલાસ [ફોટો]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[શ્રી. વિનાયક મસોજી

કૈલાસ

ચિત્રકાર]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહસ્ય સ્પષ્ટ કરવા ખાતર ચિત્રકલાની મદદ લીધી છે એ તમે જોયું. પણ કેટલેક ઠેકાણે ફોટોગ્રાફથી પણ એ કામ સરે. ધારો કે તાજમહાલ વિષે પાઠ હોય તો આપણને એની બરોબર સમજ પડે એ માટે એનો ફોટોગ્રાફ સાથે સાથે આપેલો હોય તો ઠીક પડે. ફોટોગ્રાફી તો હમણાં હમણાં આવી. પણ બહુ જૂના વખતથી ચાલતી આવેલી રીત તો ચિત્ર તૈયાર કરવાની છે. પણ ચિત્રકારે તાજમહાલનું ચિત્ર કરી આપ્યું હોય તો એ સાવ ફોટોગ્રાફ જેવું તો ન જ હોય. કેમકે ફોટોગ્રાફના કેમેરા પેઠે મૂળ વસ્તુની માત્ર નકલ જ એ લેશે નહિ. એની કૃતિ નિર્જીવ યંત્રે ઝડપેલી પ્રતિકૃતિ (નકલ) નહિ, પણ એના ચેતનમય આત્મામાં ઊપસી આવેલી જીવંત છબી હશે.

ફોટોગ્રાફી અને ચિત્રકલા વચ્ચે શો ફેર છે તે 'પાહાવલી'માં આપેલા કૈલાસના ફોટોગ્રાફ અને ચિત્ર ઉપરથી હવે તમને સમજાશે. અને મૂર્તિ ઘડીને પોતાની ચિત્તસૃષ્ટિને જાહેર આગળ કેમ પ્રગટ કરી શકાય છે તે 'કોળીનો દીકરો' એ મૂર્તિવિધાન ઉપરથી સમજાશે.]

ફોટોગ્રાફ અને ચિત્ર

કૈલાસ પર્વતનો ધોળે દિવસે કેવો દેખાવ હોય છે તે બતાવવા આ ફોટોગ્રાફ છે. પર્વત કેવી હારમાળા વચ્ચે આવેલો છે તે બતાવવાનો જાણે નકશો જ જોઈ લો. કૈલાસ પર્વત હિમાલયની પર્વતમાલાની પેલી બાજુ માનસસરોવરની ઉત્તરે આવેલો છે. એની ઊંચાઈ ૨૧૮૩૦ ફૂટ છે. આકાર સ્તૂપ જેવો છે, અથવા કહો કે શિવલિંગ જેવો છે. તેથી તો આપણા ધર્મિષ્ઠ લોકો કોઈ માણસ મરી જાય ત્યારે એ કૈલાસવાસી થયો એમ કહે છે—શિવપાર્વતીના નિવાસસ્થાન કૈલાસ પવત જેવું અંતિમસ્થાન એને મૃત્યુ પછી મળે એવી શુભેચ્છાથી. કૈલાસના મધ્ય ભાગની આસપાસ કમલદલ પ્રમાણે પર્વતનાં વિધવિધ આકારનાં શિખરો આવેલાં છે. એ મધ્ય ભાગને પુરાણોમાં મેરુપવત તરીકે ઓળખાવવામાં આવ્યો છે. ફોટોગ્રાફમાં દેખાય છે તે ભાવિક યાત્રિકોને પ્રદક્ષિણા કરવાનો માર્ગ ૨૮ માઈલ લાંબો છે. પગે પ્રદક્ષિણા કરતાં ત્રણ દિવસ લાગે અને વધારે ભાવિક યાત્રાળુ દંડવત કરતા કરતા જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો ત્રણ અઠવાડિયાં લાગે. રસ્તે શિલાઓના ગંજ ખડકાયેલા છે. ફોટોગ્રાફ ઉત્તર બાજુથી લીધેલો છે. દડતા ધોધવાઓ અને લિંગના મધ્ય ભાગ ઉપરનો બરફ, બધું કેવું સ્પષ્ટ દેખાય છે! બધું જ બુદ્ધિને આંજી દે એવું છે. પણ ભાવના કંઈ જાગે છે ખરી? કંઈ દર્શન થાય છે ખરું?

ભાવના અને દર્શન તો ચિત્રકારની કૃતિમાં આબેહૂબ વરતાશે. મહારાષ્ટ્રીય ચિત્રકાર મસોજીએ કૈલાસની યાત્રા કરેલી. સંધ્યાકાળ પછી પ્રદક્ષિણાની વાટ ઉપર અનેક રમણીય દેખાવો દેખાતા હતા તે પોતે ધરાઈને જોઈ લીધા અને પછી ચિત્ર કર્યું. કોઈ એક ક્ષણે કૈલાસ કેવો દેખાય છે એ એમણે કેમેરાની માફક એ ક્ષણોનો જ દેખાવ ઝડપી લઈને બતાવ્યું નહિ; પણ કૈલાસને રાત્રિ અને દિવસ જોયાં જ કરીએ પછી બીજે ક્યાંય, કૈલાસથી હજારો માઈલ દૂર, રખડતાંઆખડતાં એ જોયેલી છબીને જાગતાં ને ઊંઘતાં સંભાર્યા કરીએ ત્યારે ચિત્તમાં જે આપણો પોતાનો કૈલાસ દેખાઈ દેખાઈને નાસી જાય એને પકડી પાડીને ચિત્રકારે પીંછી અને રંગોની મદદથી હમેશ માટે કાગળ ઉપર ઉતાર્યો છે. જે કૈલાસને હજારો વરસોથી યાત્રિકો જોતા આવ્યા છે, અને હવે પછી યે જશે અને જોશે એ સૌને, કૈલાસનું, કેવું દર્શન થયું હશે અથવા થશે એનો કંઈક ખ્યાલ આવા ચિત્ર મારફત જ આપણને મળી શકે. કેમકે ચિત્રકારે કૈલાસના ખૂણાખાંચા કે ચોક્કસ આકાર જ રજૂ કરવાને બદલે કૈલાસનું કૈલાસપણું શેમાં છે તે જ પોતાના જાતઅનુભવથી બતાવ્યું છે. અને એનું આ દર્શન આપણી ભાવનાસૃષ્ટિમાં નિરંતર રમ્યાં કરે એવું છે. એક બાજુ ભીંત, બીજી બાજુ અનેક આકારનાં પર્વત, શિખરો, તેની ઉપરથી દૂધની ધાર જેવા આઠસો આઠસો ફૂટથી પડતા હિમતુષારમય ધોધવા, બધું જ ચિત્તમાં પ્રસન્નતાની છાપ પાડી રહે એવું છે. અને અંકોરા છે તે તો જાણે રાવણે કૈલાસને દોરીથી બાંધીને ઊંચકેલો ત્યારના જ ન હોય! કૈલાસ જેવા દુર્ગમ પવિત્ર સ્થળ માટે આપણાં મનમાં આદર પણ ચિત્રકારે કેવો ઉપજાવ્યો છે! ફોટોગ્રાફરની ચોકસાઈ છોડી દઈને કલાકારને છાજે એટલું નિરંકુશત્વ વાપરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

કોળીનો દીકરો

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે કૈલાસની માત્ર ભવ્યતા જ બતાવવા ઉપરાંત પ્રસન્ન મંગલમયતા પણ પ્રગટાવી છે. એમાં જ એની ચિત્રકલાનો આગવો વિજય છે.

કોળીનો દીકરો

રંગ, રેખા, છાયા, પ્રકાશ વગેરેની સહાયથી કાગળ કે કપડા ઉપર ચિત્ર તૈયાર થાય અને કલાકારની ચિત્રસૃષ્ટિમાં આપણને ડોકિયું કરવા મળે. પણ સૌ સામાન્ય માણસને પણ, કહો કે આંધળાને પણ, સમજાઈ જાય એવી કલા તો પૂતળાં બનાવવાની કળા જ ગણાય. આ મૂર્તિવિધાનની કળામાં વ્યક્તિની મૂર્તિ આબેહૂબ આપણી નજર સમક્ષ હોય છે, જ્યારે ચિત્રકાળમાં તો વ્યક્તિનો ભાસ માત્ર કાગળ ઉપરના ચિત્રકામથી થાય છે. ચીકણી માટી અથવા પ્લાસ્ટરના પૂતળાં બનાવી તેના સાંચામાં પ્લાસ્ટર ઑફ પૅરિસનું મિશ્રણ રેડીને પૂતળાં તૈયાર કરે છે. અથવા બીજી રીત એવી પણ છે કે અંદરના અને બહારના એમ બે સાંચા બનાવીને વચગાળાના પોલાણમાં ધાતુનો રસ રેડીને પંચરસી (બ્રોન્ઝ) ધાતુનાં પૂતળાં તૈયાર કરે છે. શિવાજી, પંચમ જ્યૉર્જ વગેરેનાં ધાતુનાં પૂતળાં છે. સંગમરમર (આરસ) નાં પૂતળાં થયા છે તે બનાવવામાં સારી પેઠે કૌશલ્ય દાખવવું પડે છે. એ ટકાઉ પણ સારાં હોય છે. માઈકલ એન્જેલો નામે ઈટાલિયન મૂર્તિકારે ઉત્તમ આરસ-મૂર્તિઓ ઘડેલી છે. એ તો સીધો જ આરસ પર કામ કરવા માંડતો. સામાન્ય રીતે પહેલાં ચીકણી માટી કે પ્લાસ્ટરના પૂતળાં તૈયાર કરી તેની ઉપરથી આરસમૂર્તિ બનાવે છે. તમે શહેરમાં ગયા હો તો અમદાબાદમાં રસ ચીનુભાઈ માધવલાલનું અને મુંબઈમાં ચોપાટી ઉપર લોકમાન્ય તિલકનું પૂતળું જોયું હશે. સંગમરમરની મૂર્તિઓની માંગ ઝાઝી નહિ, અને ખર્ચ થાય પુષ્કળ. એટલે ઘણીખરી મૂર્તિઓ તો પ્લાસ્ટરની પ્રાથમિક બનાવટની અવસ્થામાં જ રહે છે. રાવબહાદૂર મહાત્રે અને તેમના પુત્ર કરમરકર, ફડકે, વગેરેનું મૂર્તિકામ હિંદભરમાં પ્રખ્યાત છે. 'કોળીનો દીકરો' એ પૂતળું ૧૯૩૦ માં શ્રી કામતે તૈયાર કર્યું હતું, અને તે માટે બોમ્બે આર્ટ સોસાયટીએ શ્રી કામતને ચંદ્રક બક્ષ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો તે પછી ૧૯૩૧-૩૫ દરમ્યાન કામત ઇંગ્લંડમાં અભ્યાસ કરતા હતા ત્યારે ત્યાં રૉયલ ઍકેડેમી ઑફ આર્ટ્સ તરફથી એમને સુવર્ણ ચંદ્રક મળ્યો હતો. આવું માન મેળવનાર એ પહેલા જ હિંદી ગૃહસ્થ છે. એમનું શિલ્પકલામાં કેટલું કૌશલ્ય છે તે આ પ્લાસ્ટરના પૂતળા પરથી જ સમજાય છે.

નવ-દસ વરસનો આ છોકરડો ખડક ઉપર ઊભો ઊભો પાણીમાં ગલ નાખીને માછલાં પકડી રહ્યો છે. તેની ગલમાં એક માછલું સપડાયું છે. એના શિકારી સોબતી કૂતરાએ માછલાને મોંઢામાં ઝડપ્યું પણ છે. ખડકના આકાર વચ્ચે માછલું જોવામાં મુશ્કેલી પડે, પણ મૂર્તિકારના ચાતુર્યથી એ અડચણ ન જેવી થાય છે. કેમકે આપણું લક્ષ ખેંચનારી સર્વ રેખાઓ આખરે તો માછલા પાસે જ એકત્રિત થાય છે.

કૂતરાનું મોઢું, છોકરાનો જમણો પગ એ એક રેખા. બીજી ડાબા ખભાથી શરૂ થઈ જમણા પગ ભણી જ જાય છે. સોટીના છેડા પરથી દોરી ઉપર લપસીને ત્રીજી પણ માછલા તરફ જ વળે છે. છોકરાની નજરનો ઢોળાવ જુઓ તો યે માછલું જ દેખાશે. અને જેવું છોકરાનું છે તેવું જ કૂતરાનું પણ. કૂતરાને લીધે છોકરાની આકૃતિનો ઉઠાવ કેટલો મઝાનો આવ્યો છે! બન્નેની ઊભા રહેવાની ઢબ તો જુઓ. એક બાજુ શૌર્યથી, તન્મયતાથી કૂતરાએ ઉછાળેલું પૂછડું તો બીજી બાજુ ચિત્રની સમતોલતા જાળવી લેનાર લાંબી સોટી. કૂતરાનો પાછલો પગ અને છોકરાનો ડાબો પગ એક જ રેખામાં ગોઠવાયાથી મૂર્તિમાં રમ્યતા આવી છે. છોકરાએ સોટી પકડવા મૂઠી કેવી વાળી છે! એના હોઠ અને આંખ તો જુઓ. કેવી નિશ્ચય, કેવો તન્મયતા, કેવો શિકાર પકડ્યાનો આનંદ! મૂર્તિકારે એના સ્નાયુ તાલીમબાજના જેવા ઘાટદાર ઘડ્યા નથી, પણ ટાઢતડકામાં અને વરસાદમાં રાતદિવસ કામ કરનાર ખડતલ છોકરાના હોય તેવા ઘડ્યા છે.

કોઈ કહેશે કે મૂર્તિકારે છોકરાને સુંદર કેમ ઘડ્યો નહિ. પણ એ જ તો એની ખરી કલા છે. એને તો વાસ્તવિક જીવનમાં જોવામાં આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ઘોધ
[લાકડા પર કોરેલું ચિત્ર]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તેવો જ છોકરો આપણને બતાવવો છે એટલે આબેહૂબ કોળીનો દીકરો જ આપણી આગળ ઊભો કર્યો છે. જીવન પ્રત્યેની વફાદારીમાં એની કલાની સુંદરતા છે. માથાપરની ટોપી, ગળાની દોરી અને ચાર આંગળાની લંગોટી. આ કોળીનો છોકરો છે એ આપણા મનમાં ઠસાવવા માટે આટલું બસ છે. આ છોકરાની મૂર્તિ ઘડીને મૂર્તિકારે આપણને આનંદ આપવાની ઇચ્છા રાખી છે; અને તે તો આપણને છોકરાના ચહેરાના નૂર ઉપરથી, મસ્તકના ઘાટ ઉપરથી અને આખા દેહના વળોટ ઉપરથી પૂરતો મળી રહે છે.

ધોધ

પશ્ચિમના દેશોમાં કેટલાક નામાંકિત ચિત્રકારોએ પોતાની સર્વ કળા લાકડામાં કોતરકામ કરીને ચિત્રો (woodcuts વૂડકટ્સ્) ઉપજાવવામાં વાપરી છે. મૂળ ચિત્ર કાગળ ઉપર કાઢીને અથવા તો ચિત્રનો ફોટોગ્રાફ લઇને તેનો બ્લૉક બનાવીને તે પ્રમાણે કોતરકામ કરે તો તો સહેલું પડે. પણ મનમાં હોય તે ચિત્ર, લાકડાને કાગળ ઉપર દબાવવાથી ઊઠી આવે એવી જ રીતે ધારદાર ચપ્પુ વડે સીધું જ કોતરકામ કરે એ કેટલું ભારે હશે તે તમે સમજી શકશો.

'ધોધ' એ ચિત્ર જુઓ. સૂર્યકિરણ, દૂરના ડુંગર, ધોધના પાણીના ભિન્નભિન્ન પ્રવાહ અને ધુમ્મસ બધું જ કેટલું સ્પષ્ટ છે, કેવું મનોરમ છે!

– સ્વાધ્યાય –

૧. પાઠ વાચ્યાં પછી તે દૃષ્ટિથી તમારી શાળામાં, 'મૉડર્ન રિવ્યુ,' 'સચિત્ર ટાઇમ્સ,' 'કુમાર' વગેરેમાં આવતા ફોટોગ્રાફ અને ચિત્રનો અભ્યાસ કરો.

૨. વડોદરા કે મુંબઈ જાઓ ત્યારે ત્યાંના સંગ્રહાલયો જોઈ અભ્યાસ વધારવાનું ભૂલશો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

66 ग / 93 (ग)

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. તમે નાના હતા ત્યારે માટી કે રેતીમાંથી પૂતળાં બનાવવાનું મન થતું ? શેની અને કેવી મૂર્તિઓ બનાવવા તમે પ્રયત્ન કરતાં તેની યાદી કરો.

૪. તાજમહાલનો એક ફોટોગ્રાફ મેળવો. પછી શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરનું શાહજહાનના અંતકાળ વખતનું ચિત્ર મેળવી એમાં દોરેલો તાજ જુઓ. તાજની નાની નાની આરસની અને પ્લાસ્ટરની પ્રતિકૃતિઓ મળે છે તેવી જો બની શકે તો મેળવો. પછી ત્રણેની સરખામણી કરો.

૫. લલિતકળાઓમાંથી તમને કઈ વધુ ગમે છે ? શા માટે તમે એકકે કળા પાછળ જીવન ખરચવા માગો છો ? તેને માટે શી તૈયારી કરશો ?

LIBRARY
GURUKULA KANGRI



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

LIBRARY,
GURUKULA KANGRI.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar